
કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ
તંત્રી
ધીરુ પરીખ

પૂરા પરિવારનું સર્વલક્ષી
સુરુચિપૂર્ણ સામયિક
દીપોત્સવી અંક
ઑક્ટોબર • ઈ. ૧૯૯૭
૭૦ મું વર્ષ • સળંગ અંક ૮૩૭



ફોટો
પ્રતાપકુમાર કટ્રેચા



ગોવાળ] [હકુ શાહ

સ્થાનસમર્પિત
એક 'કુમાર' પ્રેમીના સૌજન્યથી

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૦મું | અંક ૧૦

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

ઑક્ટોબર ૧૯૯૭

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૩૭

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ

પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)

પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫.૦૦

વાચકો લખે છે

'કુમાર'નો ૮૩૫મો અંક મળ્યો. શ્રી પીયૂષ ચૌધરી તથા શ્રી શાંતિ પટેલનાં નામનો ઉલ્લેખ પાન ૪૬૬ ઉપર છે. તે ગ્રૂપનું સંકલન અને સંચાલન આ પત્ર-લેખકના હાથમાં હતું. મુખ્ય ભાર શ્રી પીયૂષ ચૌધરીએ ઉપાડેલો. શ્રી પીયૂષ ચૌધરી તથા શ્રી શાંતિ પટેલના અકસ્માત અને પકડાયા પછી અમારું એ ગ્રૂપ તૂટી ગયું હતું. ત્યાર બાદ આ પત્રલેખકે બીજું ગ્રૂપ તૈયાર કર્યું હતું, જેનો મુખ્ય સૂત્રધાર આ પત્રલેખક હતો.

અમોએ મહિપતરામ રૂપરામ અનાથ આશ્રમ સામે આવેલા સરકારી ડેપો કમ વર્ક-શૉપને ઉડાવવાનું નક્કી કર્યું હતું. સ્વ. શ્રી અશ્વિન હેગિસ્ટે મને તેને માટેના જરૂરી સ્ફોટક પદાર્થો મુંબઈથી મંગાવી આપ્યા હતા. આ પદાર્થોમાંથી ટાઈમ બૉમ્બ અમે શાહપુર ચુનારાના ખાંચામાં શ્રી ચીનુભાઈ સોમચંદ શાહના મકાનમાં સ્વ. શ્રી વાસુદેવ ત્રિપાઠીની મદદથી બનાવેલા. આ બૉમ્બ કુલ ૧૮ હતા, જેને ડેપોની નજીક લઈ જવાના હતા. આ બૉમ્બ ડેપોના ચોકીદાર શ્રી કેહરસીંગ ધીલોનની ઓરડીમાં આ પત્રલેખકે લાવીને મૂક્યા હતા અને તે જ રાત્રે ઍક્શન કરવાનું નક્કી કર્યું હતું.

પ્રથમ ડેપો લૂંટ્યો. પછી આ પત્રલેખકે શ્રી કેહરસિંગ ધીલોન તથા શ્રી મગનભાઈની મદદથી એ ટાઈમ બૉમ્બ ગોઠવેલા. તેમાં છેલ્લો બૉમ્બ ફાટ્યો હતો. બન્ને મિત્રોની સમય-સૂચકતાથી સહેજસાજ ઈજા સાથે આ પત્રલેખક બચી ગયો હતો. ડેપો સામે જ પોલીસ ચોકી હતી. ત્યાંથી ગોળીબાર શરૂ થયેલો. શ્રી કેહરસિંગ, શ્રી મગનભાઈ અને આ પત્રલેખક ડેપોના પાછલા ભાગમાંથી નાઠા હતા.

બીજે દિવસે આ પત્રલેખક શહેરકોટડા પોલીસચોકી ઉપર ગયેલો ત્યાં ઈન્સ્પેક્ટર શ્રી ભરૂચાએ આ પત્રલેખક આગળ બળાપો કરેલો અને વણફૂટેલા બે બૉમ્બ પણ બતાવેલા.

૧૯૪૭માં મારા પિતાના ફૂઆ સ્વ. શ્રી નટવરલાલ ભગવતીને ત્યાં મુંબઈમાં મળવા ગયો હતો. ત્યાં સ્વ. શ્રી બાબુરાવ શાહ પણ હાજર હતા. તેમણે મને પૂછેલું કે સરકારી ડેપો ઉડાવવાનું પરાક્રમ તારું હતું? સ્વ. શ્રી બાબુરાવને આની ગંધ ઘણી મોડી આવેલી. તેમજ પ્રશ્ન પૂછતી વખતે પણ તેઓ માત્ર સાશંક જ હતા. મને ત્યારે 'હા' કહેવામાં વાંધો નહોતો.

ત્યાર બાદ આ પત્રલેખકે બીજા ઍક્શન કરવા પ્રયત્ન કરેલા, પણ લડત મંદ પડતી હતી. પૈસાનો પણ અભાવ હતો. આ બધા કારણે કશું થઈ શકેલું નહીં.

શ્રી જયકુમાર ર. શુક્લના આ માહિતીસભર લેખમાં આટલી પૂરક માહિતી મોકલું છું.- ઈન્દુભાઈ અમીન (અમદાવાદ)

*

'કુમાર'ના એપ્રિલ, ૧૯૯૭ના અંકમાં શ્રી મુનીકુમાર પંડ્યાએ 'કોઈનો લાડકવાયો' શીર્ષકવાળા લેખમાં ૧૯૪મા પાન પર એક ઘટનાનું વર્ણન કર્યું છે, જેમાં એમ લખ્યું છે કે મેઘાણીનાં પ્રથમ પત્ની દમયંતીબહેનનું સળગી જવાથી મૃત્યુ થયું ત્યારે મેઘાણી રસ્તા પર દોડી આવ્યા ને બૂમો મારવા લાગ્યા કે 'હું ગુનેગાર છું. મેં મારી સ્ત્રીની હત્યા કરી છે. મને પકડી લ્યો...'

આ વિશે લેખક પાસેથી એ જાણવા માગું છું કે એમણે આ ઘટના વિશે કોની પાસેથી સાંભળ્યું અને તે વખતે જે લોકો ત્યાં હાજર હતા તેમાંથી અત્યારે કોઈ હયાત છે અને હોય તો તેમનું સરનામું લેખક જાણે છે? - હિમાંશુ વ્હોરા (અમદવાદ)

*

જુલાઈ ૧૯૯૭, અંક ૮૩૪ના 'કુમાર'માં પ્રકટ થયેલો પં. ઓમકારનાથ ઠાકુરનો વિગતવાર લેખ વાંચ્યો. તેમાં શ્રી બળવંત ભટ્ટના નામનો ઉલ્લેખ ન જોઈ ઘણા આશ્ચર્ય સાથે દુઃખ થયું. બળવંત ભટ્ટ અંધ હતા અને પંડિતજીના પટ્ટશિષ્ય હતા. તેમની સાથે સારંગીમાં સંગત આપતા. 'પગ ઘૂંઘરું બાંધ મીરાં નાચી'માં બળવંત ભટ્ટે સારંગીમાં સંગત આપી છે. તેમનો અવાજ પણ પંડિતજી જેવો જ હતો. - હારિતભાઈ પાઠક (ભાવનગર)

*

અમારી કૉલેજમાં 'કુમાર' માસિક આવે છે. એમાં ઘણા લેખો ખૂબ જ વાંચવા જેવા હોય છે. જૂન '૯૭નો અંક વાંચ્યો. ખૂબ જ મજા આવી. 'કુમાર'માં આપેલું કૅલેન્ડર તો ખૂબ જ ગમ્યું. ખરેખર માધવજી દેવળીઆની મહેનતને દાદ આપવી પડશે. કલાવાર્તા, પ્રસંગપરાગ, સાહિત્યસંપર્ક, માધુકરી, આ વિભાગો તો ખૂબ જ સુંદર અને વાંચવા જેવા હતા. શ્રી ભરતકુમાર તેમજ સંજય પી. ઠાકરનો પોસ્ટકાર્ડનો લેખ ખૂબ જ સુંદર હતો.

- રમેશ કોટડિયા (ગોંડલ)

*

'કુમાર' સામયિક વાંચતા જે માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય છે તે અવર્ણનીય છે. એપ્રિલ ૧૯૯૭નો 'કુમાર'નો અંક વાંચતાં જ આ પત્ર લખવા પ્રેરાઈ છું.

આપના આ અંકમાંનો 'કંકાવટી' વિભાગ મને અત્યંત સ્પર્શી ગયો. શ્રીમતી શેનન લ્યુસિડની અવકાશયાત્રાના અનુભવો વાંચી રોમાંચિત થઈ જવાયું. આ લેખ મહિલાને સાહસ કરવા પ્રોત્સાહિત કરે છે. તેમાંય મહત્ત્વાકાંક્ષી મહિલાઓ માટે શ્રીમતી શેનનની શિખામણ કાર્ય સફળતા માટે જીવનમાં વણી લેવા જેવી છે.

'કલાવાર્તા'ના વિભાગમાં પણ શ્રી હેમેન્દ્ર શાહની વાત ઘણી જ રસપ્રદ અને માહિતીપ્રદ રહી.

આપનું આ સામયિક સંસ્કાર-ઘડતરની સાથે આત્મોન્નતિ તરફ લઈ જનારું છે. આવા માહિતીપ્રચુર લેખો વાચક-વર્ગ સુધી પહોંચાડવા બદલ આપનો હાર્દિક આભાર.

- ડૉ. નલિની ત્રિવેદી (બીલીમોરા)

(અનુસંધાન પૃ. ૬૬૨ પર)

અડધી તે રાતના અન્ધારમાં / રાજેન્દ્ર શાહ

(ભજન)

અડધી તે રાતના અન્ધારમાં
નીરવ નીંદરને દેશ,
સોણલે આવીને ભીતર ભાવમાં
કોમલ ધરિયો ઉજેશ :
- અવની ને આભ છે સોહામણાં.

સાહ્યબો ઊભો ઓ સામે કાંઠડે,
એનો નીરખું સંકેત.
આકુડો આવેગ ઊઠે કાળજે
હેલે ચડતું છે હેત.
- ઊભરી આવેલ છે સંભારણાં.

પાણીની પીઠે હું જાઉં દોડતી,
નયને નીતરન્ત નીર,
કંઈ રે ઈતર નહીં લોચતી,
મૂકું પાય પેલે તીર;
- નહીં રે પલક એવી વારમાં.

અહીંયાં જોયેલ તે અહીં નહીં,
એનો અવ ક્યાં વિહાર?
કોઈ રે એંધાણી એની ના કહીં,
મ્હારે કાઢવી ક્યાં ભાળ?
- ટહુકું રે નામથી હુલામણાં.

આમથી શીતળ આવ્યા વાયરે
આણી ફૂલની સુગન્ધ,
ડાળીએ ડાળે ને ઊંચા અમ્બરે
ખેલત લહું રે વિહંગ;
- એથી યે અફળ મ્હારી ધારણા.

કુંજમાં એકલ થાકી બેસતી
મનથી મૂળગી ઉદાસ;
તૃણની સળીથી ધૂળે આંકતી
એના અંગની પાસ
કહું રે શે કાજ આ રિબાવણાં?

કહીંથી ત્યાં આવી પાછળ કેશમાં
ગૂંથી રહેલ કદમ્બ;
એ જ તે અણસારે હુંયે હોંશમાં
અંગે અંગને ઉમંગ
લેતી રે આરતનાં ઓવારણાં.

દોસ્તીદમામ / ભાનુપ્રસાદ પંડ્યા

(વસંતતિલકા • સૉનેટ)

લેવા કશી ઘરની ચીજ ગયો, ત્વરાથી
ત્યાં હાટહાટ ભમતો કરયાદી જોતો,
ઝોળી હતી ફૂલ-શી, ભારવતી થઈ તે
ધીમે પડે ડગ, શ્રમિત હું વ્યસ્તચિત્ત!
એકાકી યંત્ર સરખો ભલી ભીડમાંહી!
ઘૂમે સૂની નજર - ઓથ મળે ક્યહીંથી?

'કાં કેમ છો?' - શબદ કે ત્રણ ઓસબિન્દુ?
મસ્તીભર્યાં દગ - સમીપ સર્યો સુબન્ધુ!
સ્કન્ધે પડ્યો તરત હસ્ત, બીજો ધસીને
સાહી રહે દ્વિતીયને - ગૂંથી સ્નેહગાંઠે!
વાતો થઈ? - નહીં! વસંતની મંજરીથી
બ્હેકી બજાર છલકાઈ સુગંધવંતી!

છૂટા પડ્યા! પગ પ્રફુલ્લ ઘરે વળે છે,
દોસ્તીદમામ હજીયે કર આમળે છે!

જાણે / ગુલામ અબ્બાસ 'અબ્બાસ'

(ગઝલ)

અતૃપ્તિનો દરિયો સતત છલકે જાણે,
પથારીમાં મારી બરફ સળગે જાણે.

પ્રયાસો ને હિંમત મળે આજે ક્યાંથી,
વિચારોથી થાકીને ઘર હાંફે જાણે.

નિરાંતે ન ઊંઘી શકું એક પળ પણ,
દીવાલો ખરે, ક્યાંક છત વરસે જાણે.

ઘૃણા અવગણી ભીડ સાથે હું રઝળ્યો,
ઉદાસીમાં રસ્તો ન કંઈ સૂઝે જાણે.

ખરે ટાણે મારો હતો હું જ સાથી,
ને ધાર્યું હતું કે જગત પડખે જાણે.

નવો કોઈ ફતવો ફરી હાથ લાગ્યો,
ઉતાવળમાં કોઈ મને શોધે જાણે.

ન જોવાનું 'અબ્બાસ' જોયું જ શાને,
અનુભવ હવે આંખમાં ખૂંચે જાણે.

શિખરટોચ / જગદીશ ત્રિવેદી

(વસંતતિલકા)

કૈલાસની શિખરટોચ પરે ચઢીને
તાક્યા કરું નભ અનંત અપાર પાર;
જાણું નહીં, ન સમજું, પણ નિત્યનો શો
મારો અતૂટ ક્રમ આ : નહિ ફેરફાર.
ન્યાળી અનંત નભ નીલ પ્રશાંત ઊંડું
નાચી ઊઠે ઉર પ્રસન્ન પ્રસન્ન કેવું!


'ભલાઈ દુનિયા કી જો સુબહ-શામ કરતે હૈં;
ફલક મેં ઉસકો ફરિશ્તે સલામ કરતે હૈં.'

આવી કેટલીક વ્યક્તિઓ ઉચ્ચ ઉદ્દેશ લઈને જાણે પૃથ્વી પર અવતરે છે, કે જેમની ભલાઈ અને કાર્ય જોઈને આસમાનમાં દેવદૂતોને સલામ કરવાનું મન થાય છે. આવાં એક નારીરત્ને તા. ૫મી સપ્ટેમ્બરે ધરતી પરથી આસમાન તરફ પ્રયાણ કર્યું. આ હતાં મધર ટેરીઝા, જેઓના અવસાનનો કારમો ઘા સમગ્ર વિશ્વને લાગ્યો છે.

દેવીનાં કેટલાંક સ્વરૂપો આપણે ત્યાં સ્તુતિમાં વર્ણવ્યાં છે, જેમાં શક્તિ, દયા, ક્ષમા, શાંતિ, તુષ્ટિ, શ્રદ્ધા દ્વારા માતૃસ્વરૂપનો મહિમા ગાયો છે. આ બધાં સ્વરૂપોનો સંગમ એટલે મધર ટેરીઝા શાંતિનાં દૂત, કરુણાનાં દેવી, ગરીબોનાં હામી, માતૃહીનોનાં માતા, ત્યજાયેલાંઓનો સહારો, શ્રદ્ધાનો અખૂટ ખજાનો, તૃષ્ટિથી તરબતર, ક્ષમાનાં સાક્ષાત્ દેવી, શક્તિનો ભંડાર એવાં દેવી-સ્વરૂપ મધર ટેરીઝા ફૂલની જેમ કરમાઈ ગયાં, પણ માનવતા ભર્યાં કાર્યોની મઘમઘતી સુવાસ મૂકતાં ગયાં જે કદી વિસરાશે નહીં.

આવો, સૌપ્રથમ આપણે તેમનાં દર્શન કરીએ. Face is the reflection of mind, એ ઉક્તિ પ્રમાણે તેમના ચહેરા પર હૃદયમાં રહેલી કરુણા પ્રગટતી હતી. સમયની રફતારે ચહેરા પર પાડેલા ચાસ સમી અસંખ્ય કરચલીઓ, કપાળ સુધી આચ્છાદિત બે ભૂરી પટ્ટીવાળી શ્વેત સાડી, અને એ ચહેરામાં કરુણાથી છલકતી પેલી બે આંખો તેમના સમગ્ર વ્યક્તિત્વને છતું કરે છે. કેવી સ્વચ્છ, પારદર્શક, નિષ્પાપી એ આંખો હતી! આ આંખોમાંથી છલકાતા પ્રેમના પ્રવાહે અનાથ અને અપંગ બાળકોને સડક પરથી ઊંચકી લઈ છાતી સરસાં ચાંપ્યાં.એ આંખો જોતાં જ લાગતું કે, 'મા તું પ્યાર કા સાગર હૈ.'

તેમનો જન્મ ૨૬મી ઓગસ્ટ ૧૯૧૦માં ત્યારે અવિભક્ત યુગેસ્લાવિયામાં સ્કોપ્જેમાં થયો હતો. પિતા કોન્ટ્રાક્ટર હતા. ત્રણ બાળકોમાં સૌથી નાનાં મધર ટેરીઝા તેમનું મૂળ નામ ઍગ્નિસ હતું. ૧૯૧૭માં સાત વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી. ૧૨ વર્ષની વયે સાધ્વી થવાનો નિર્ણય કર્યો. ગરીબોની સેવા કરવાની લગન આ વયથી તેમને લાગી હતી. ૧૮ વર્ષની વયે આયર્લૅન્ડમાં લૉરેટ સાધ્વીઓના સંઘમાં તેઓ જોડાયાં અને પરિવારનો ત્યાગ કર્યો. આ સમયે તેમણે પોતાનું મૂળ નામ ઍગ્નિસ ત્યજી નવું નામ ટેરીઝા ધારણ કર્યું. આ નામની પસંદગી તેમણે સોળમી સદીના ફ્રાન્સના સેન્ટ Theresa (થેરેસા) જેઓ પોતાની સારપ, કરુણા, પવિત્રતા તથા અવિચલ હિંમત માટે જાણીતા હતા, તેમના નામ પરથી કરી. જોકે તેમના આ નામની જોડણી તેમણે Teresa રાખી, જેથી કોઈ ગૂંચવાડો ઊભો ના



માનવધર્મને વરેલાં, ગરીબગુરબાં, દીનદુઃખિયાં, ત્યજાયેલાં-તરછોડાયેલાંનાં માતા બની ભારતમાં રહી માનવજાતની નિરપેક્ષ સેવા કરનાર

મધર ટેરીઝા

— કમલા પરીખ —

થાય. ટેઝાનો અર્થ થાય છે 'નાનકડું', અને આ નામ ટેરીઝાએ, નાનકડી 'મા' એ, મહાન બની વિશ્વભરમાં વિખ્યાત કર્યું. જીવનમાં તેમણે માતૃત્વ તો પ્રાપ્ત નહોતું કર્યું, પણ અનાથો, વિકલાંગો, પીડિતો, ત્યજાયેલાંઓ અને ગરીબોની સાચી માતા બની માતૃત્વનો સાચો અર્થ સચોટ રીતે સમગ્ર વિશ્વમાં સાકાર કરી બતાવ્યો. ઈ. ૧૯૨૮માં કલકત્તામાં તેઓ આવ્યાં અને ૧૯૨૯માં કલકત્તાની લૉરેટ શાળામાં શિક્ષિકા તરીકે જોડાયાં. તેમનો વિષય ભૂગોળ હતો. ત્યાર બાદ સેન્ટ મેરી હાઈસ્કૂલમાં રહ્યાં, જ્યાં પ્રથમ તેમણે શિક્ષિકા તથા ત્યાર બાદ આચાર્યા તરીકે

સેવાઓ આપી. આ હાઇસ્કૂલની નજીક આવેલી મોતીઝીલની ઝૂંપડપટ્ટીનાં દૃશ્યો જોઈને તેમના હૈયામાં ઉલ્કાપાત મચી ગયો. ત્યાંની ગરીબાઈ તેમના હૃદયને હચમચાવી ગઈ અને પેલી શાળાની દીવાલોમાં તેઓનો આત્મા ગૂંગળામણ અનુભવવા લાગ્યો. આ દીવાલો તેમના માટે જાણે જેલની દીવાલો બની જતી લાગી; અને એ દીવાલો તોડી ઝૂંપડપટ્ટીમાં જઈ કંઈક કરવા માટેનો મનસૂબો હૈયામાં આકાર લેવા લાગ્યો.

૧૯૪૬ના સપ્ટેમ્બર માસની ૧૦મી તારીખે ટ્રેનમાં દાર્જિલિંગ જતાં તેમને જાણે કે અંતરાત્માનો આદેશ સંભળાયો કે શાળા છોડી હવે ગરીબો તરફ દૃષ્ટિ દોડાવવાનો સમય આવી ગયો છે. આ સાદને તેમણે આનંદપૂર્વક વધાવ્યો. જેમ શ્રી અરવિંદને જેલની કોટડીમાં અંતરાત્માનો અવાજ સંભળાયેલો તેવું જ મધરને થયું. ૧૭ વર્ષની શાળાની નોકરીને તિલાંજલિ આપી તેમણે નવા પંથે પ્રયાણ આદર્યું. શરૂઆતમાં તો તેમના આ નિર્ધાર માટે રોમન કેથોલિકસંઘ તરફથી વિરોધ થયો પણ બાદમાં પોપ તરફથી મંજૂરીની મહોર વાગી. પછીથી તો આ દયાની દેવીએ પોતાનાં સેવાકાર્યમાં ક્યારેય પાછું વાળીને જોયું નથી. આ ભેખ ધારણ કર્યો ત્યારે તેમની પાસે બેત્રણ સાડી, પાંચ રૂપિયાની નોટ, પગમાં સ્લીપર અને થોડીક સાધ્વીઓ આટલું જ હતું; પણ જ્યાં મન મક્કમ હોય, પ્રયાસ પવિત્ર હોય, ત્યાં કોઈ વસ્તુ આડે આવે તેમ નહોતું. તેમને તો ગરીબોની સેવા કરવી હતી અને દીનદુઃખી, દર્દી, નિરાધાર, એકલવાયાં લોકોને પ્રેમ અને સહાનુભૂતિની અનુભૂતિ કરાવવી હતી. હવે સિસ્ટસર ટેરીઝામાંથી તેઓ મધર ટેરીઝા બની ગયાં. પરંતુ આ પરિવર્તન પામતાં તેમણે ઘણાં કષ્ટો વેઠ્યાં. હવે તેઓ શિક્ષિકા મટી સેવિકા બની ગયાં. તેમણે ૧૯૫૦માં પોપની મંજૂરી મેળવીને નિઃસહાય સ્ત્રીપુરુષોની સેવાર્થે 'ધ મિશનરીઝ ઓવ્ ચેરિટી' નામે સંસ્થાની સ્થાપના કરી. જોતજોતામાં આ સંસ્થાની શાખાઓ વેનિઝુએલાના કારાકાસ, શ્રીલંકાના કોલંબો, ઇટાલીના રોમ, તાન્ઝાનિયાના ટાબોરા, ઑસ્ટ્રેલિયાના મેલબોર્ન અને જોર્ડનના અમાન સુધી વિસ્તરી.

શરૂઆતમાં કલકત્તાની એક ગંદી વસ્તીમાં તેમની મુખ્ય ઑફિસ હતી જે આજે 'મેન મિશન બિલ્ડિંગ' તરીકે ઓળખાય છે. એક વર્ષ તો તેમણે ભારે કષ્ટમાં વિતાવ્યું. ઉકરડામાં ફેંકી દીધેલાં બે-ત્રણ બાળકોને પણ લાવ્યાં હતાં. કોઈ દિવસ ચણા-મમરા તો કોઈ વખત માત્ર દૂધ જે મળે તે બાળકોને આપતાં. કેટલાક દિવસો તો ભૂખમાં વિતાવવા પડેલા. આ બાળકો માટે તેઓ ભીખ પણ માગતાં. કેટલીક અણછતી વિગતો જે મધરે બહાર કહેવાની ના પાડેલી તે આજે છતી થઈ છે. ફેબ્રુઆરી ૧૯૪૯માં માઈકલ ગોમેજ નામની એક વ્યક્તિનો પરિચય તેમને થયો, જેણે પોતાના આલીશાન મકાનનો એક ઓરડો મધરને રહેવા માટે આપ્યો. આ ગોમેજ આજે હયાત છે. મધર પોતાના એ દુઃખદાયક દિવસોની વાત જગજાહેર કરવા માગતાં નહોતાં, પણ જ્યારે મધર મૃત્યુ પામ્યાં ત્યારે વચનબદ્ધ હોવા છતાં ગોમેજની પુત્રીએ તેમના કેટલાક પ્રસંગો પ્રગટ કર્યા છે.

એક વાર મધરે ધોધમાર વરસાદમાં ગોમેજનું બારણું

મધર : યુવાનવયે





← ડાયેના સાથે શુશ્રૂષારત

ઉત્તરાધિકારી સિસ્ટર નિર્મળા સાથે



ઇંદિરા ગાંધી સાથે] મધર ટેરીઝા [સત્યજિત રાય સાથે

ખખડાવી બે મહેમાનો માટે ચોખા ઉધાર માગ્યા હતા, કારણ મહેમાનો ત્રણ ટંકથી ભૂખ્યા હતા. ગોમેજ આવી રીતે અવારનવાર મધરને મદદ કરતા. મધરે પોતાના આત્મકથાનકમાં લખ્યું છે કે, ગોમેજની મદદથી તેઓ ઊંચાઈનાં આટલાં કામ કરી શક્યાં હતાં. તંગીનાં વર્ષોમાં ગોમેજે તેમની પાસેથી ભાડું પણ લીધું નહોતું. મધર ગરીબ, દુઃખી માણસોને લઈ આવતાં ત્યારે ગોમેજ મદદગાર થતા. આટઆટલાં કષ્ટો વેઠી તેમણે સેવા આદરી હતી. જે થોડી સાધ્વીઓ તેમની સાથે હતી તેઓને લઈ કલકત્તાના રસ્તા પર દુઃખીઓની ભાળમાં નીકળી પડતાં. સાધ્વીઓને નિર્વાહ માટે ઘણીવાર ભીખ માગવી પડતી. આમ, મધરે કેટલીયે અવગણના અને અપશબ્દો સહન કર્યાં હતાં, પણ મક્કમ નિર્ધારથી તેઓ પોતાનું કાર્ય આગળ વધારતાં જ ગયાં.

૧૯૫૨માં તેમણે કલકત્તામાં કાલીઘાટ પાસે 'નિર્મલ હૃદયનું' નિર્માણ કર્યું. એક બાજુ મા કાલીનું મંદિર, બીજી બાજુ મધર ટેરીઝાનું 'નિર્મલ હૃદય.' ત્યારે ધર્મઝનૂની લોકોએ આનો સખત વિરોધ કર્યો, મકાનની બહાર તોફાનો શરૂ થયાં, મધરના ચહેરા પર કીચડ ફેંકવામાં આવ્યો અને તોફાનો વધતાં પોલીસ આવી પહોંચી. પોલીસ અધિકારીને મધરે અંદર બોલાવી 'નિર્મલ હૃદય'માં છેલ્લા શ્વાસ લઈ રહેલા અશક્ત અને નિરાધાર લોકોની સેવા કરતી સાધ્વીઓ બતાવી. તે સમયે મધર પણ એક વ્યક્તિના ચહેરા પરના સડેલા ઘામાંથી જીવાત સાફ કરતાં હતાં. આ દૃશ્ય જોઈ પોલીસ અધિકારી ગદ્‌ગદિત થઈ ગયો અને તેની આંખોમાંથી અશ્રુ વહેવાં લાગ્યાં. તેણે લોકોને બહાર આવી કહ્યું કે, મધર ટેરીઝાને પોતે એક શરતે આ મંદિરમાંથી કાઢશે જો એકઠા થયેલાં લોકોની માતાઓ અને બહેનો આ મંદિરમાં આવી અશક્ત અને નિરાધાર લોકોની આવી રીતે સેવા કરે. આ સાંભળી લોકોને સમજાયું તો ખરું પણ એક બીજા બનાવની લોકો પર ઘેરી અસર થઈ.

એક વાર કોલેરાથી પીડાતા કાલીમંદિરના પૂજારીને સડક પરથી ઉઠાવી મધર પોતાના આ કેન્દ્રમાં લઈ ગયાં અને તેની સેવા કરી, જોકે પૂજારી મૃત્યુ પામ્યો પણ મધરે મૃત્યુની ગરિમા સાચવી. તેમણે તેના મૃતદેહને હિંદુવિધિ પ્રમાણે અંત્યેષ્ટિ કરવા પાછો સોંપ્યો. લોકોની આંખો ખૂલી ગઈ અને ત્યાર બાદ પેલાં તોફાનો બંધ થઈ ગયાં. આમ, 'નિર્મલ હૃદય' રક્તપિત્ત, કુષ્ઠરોગ, ક્ષય આદિથી પીડિતોનું શુશ્રૂષાભવન અને આશ્રયસ્થાન બન્યું.

તેમણે સ્કૂલ ખોલવા વિચાર કર્યો. એક દિવસ રસ્તાની ધૂળ પર લાકડીથી બંગાળી મૂળાક્ષરો તેમણે લખવા માંડ્યા ત્યારે લોકોને કેવી લાગણી થઈ? તેમની સારપ અને સેવાની ધગશ લોકોને સ્પર્શી ગઈ અને તેમને માટે એક ખુરશી, એક પાટિયું અને સ્વેચ્છાથી ભણાવવા ઇચ્છતી વ્યક્તિઓ મળી ગઈ. છેવટે મ્યુનિસિપાલિટીની મદદથી સાળા અસ્તિત્વમાં આવી. આજે ૧૨૦ દેશોમાં ૧૬૯ શૈક્ષણિક સંસ્થાઓ, ૩૭૫ ગૃહો અને કેટલાંયે દવાખાનાંઓ છે. હિંદુસ્તાનને તેમણે પોતાની સેવાભૂમિ બનાવી હતી.

૧૯૪૮માં તેઓ ભારતનાં નાગરિક બન્યાં હતાં. તેઓ કહેતાં કે ભારત મારો દેશ છે અને હું ભારતની છું. અલ્બેનિયા જેવા દેશના એક નાનકડા ગામમાં જન્મેલ ઍગ્નિસે પોતાનાં અમૂલ્ય ૬૮ વર્ષો ભારતને આપી માનવધર્મ સૌથી શિરમોર ધર્મ છે તે પુરવાર કરી બતાવ્યું અને એટલે જ એ વંદનીય બની ગયાં.

સવારે વહેલાં ઊઠી, પ્રભુપ્રાર્થના કરી, સહુ સાથે જલપાન કરી તેઓ દીનદુખિયાંને બ્રેડ, દૂધ, ચા, વગેરે આપતાં અને ત્યાંથી કાલીઘાટના પેલા આશ્રમમાં પહોંચી જઈ અસાધ્ય રોગથી પીડાતા, મરણોન્મુખ જનોની મુલાકાત લેતાં. એમની સ્નેહમયી હૂંફની છત્રછાયામાં કેટલાય રોગીઓએ તેમના ખોળામાં છેલ્લા

શ્વાસ લીધા હતા. આવા દર્દીઓને જાતે નવડાવી, સાફ કરી તેમની અંતિમ ક્રિયા કરતાં. જુદા જુદા દેશોમાં તેમની સ્કૂલોમાં ૩૦૦૦ જેટલી સાધ્વીઓ, ૪૦૦ જેટલા સેવકો આવી અવિરત સેવામાં જોડાયેલાં છે. કલકત્તામાં રક્તપિત્તના કેટલાય દર્દીઓ સારવાર લે છે, 'શિશુભવન'માં અનાથ બાળકો ઊછરી રહ્યાં છે, 'પ્રેમદાન'માં કેટલાંય વૃદ્ધો રહે છે, 'શાંતિદાન'માં ડ્રગ્ઝના બંધાણીઓની સારવાર થાય છે અને આ બધાં સેવાકાર્યો માટે દેશપરદેશથી કરોડો રૂપિયાનું દાન મળે છે. અત્યાર સુધી ૧૫૦ કરોડનું ભંડોળ મળી ચૂક્યું છે. રસ્તામાં ભટકતાં અર્ધનગ્ન અને ભૂખ્યાં બાળકોને લાવવાં, તેમને નવડાવવાં, જમાડવાં અને ભણાવવાં, રક્તપિત્તિયાંની સેવા કરવી, આ સહેલી વાત નથી. એક વખત તેઓએ રસ્તા પર ખૂણામાં પડેલી, કોઈએ ફેંકી દીધેલી એક મૂર્છિત સ્ત્રીને જોઈ, જેનો અડધો ચહેરો ઉંદરે કરડી ખાધેલો હતો. સિસ્ટરની મદદથી મધર તેને ઊંચકી હૉસ્પિટલમાં લઈ ગયાં. તે સ્ત્રીને ડૉક્ટરે દાખલ કરવાની પરવાનગી ન આપી, પણ મધર તો એ અર્ધી સડેલી સ્ત્રીને લઈને હૉસ્પિટલના દરવાજે બેસી જ રહ્યાં. અંતે થોડા કલાકમાં તે સ્ત્રી મૃત્યુ પામી. આવા બનાવોથી પ્રેરાયેલાં મધરે 'નિર્મલ હૃદય'ની સ્થાપના કરી હતી. મૃત્યુનો મહિમા કરી ગરિમા વધારી, તેમણે તેને મંગલમય બનાવવું એવો મનસૂબો કર્યો હતો. આ સેવાકાર્યમાં તેમણે કોઈ ધર્મને અગ્રિમતા નહોતી આપી. સર્વધર્મ સમભાવથી સેવા કરી હતી. દયામયને તેમણે જાણે વિનવ્યા હતા કે આ મરણોન્મુખ - માનવો માટે 'મંગલ મંદિર ખોલો'.

ભારત સિવાય અન્ય દેશોમાં જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે તેમણે મદદ અને સેવા કરી હતી. ૧૯૮૫માં ઇથોપિયામાં ભીષણ દુષ્કાળ પડ્યો અને અનેક લોકો મરવા લાગ્યાં. 'લાઈફ' નામના મૅગેઝીને તરસથી તરફડતા લોકો રણમાં ભટકી રહેલાં ઊંટનો પેશાબ ખોબો ભરીને પીતાં હતાં, એવી તસ્વીર પ્રગટ કરી. મધરનો આત્મા દ્રવી ઊઠ્યો. અમેરિકામાં તે સમયે રેગન પ્રેસિડેન્ટ હતા. તેમની કૅબિનેટે દુષ્કાળગ્રસ્ત ઇથોપિયાને મદદ કરવાનો ઇન્કાર કર્યો. તે સમયે મધર ટેરીઝા અમેરિકામાં હતાં. વ્હાઈટ હાઉસમાં તેમની મુલાકાત પ્રેસિડેન્ટ રેગન સાથે થઈ, જેમાં પ્રેસિડેન્ટ તથા મધર સંયુક્ત રીતે પત્રકાર પરિષદને સંબોધે તેવું આયોજન થયું. મધરે ભૂખમરાથી પીડાતાં અને મૃત્યુને ભેટતાં લોકોને મદદ કરવા વિનંતી કરી. તે સમયે રેગન ચૂપ રહ્યા, પણ આ પ્રેસ કૉન્ફરન્સના ૨૪ કલાકમાં જ ૧૩૦ વિમાનો લાખો ટન અનાજ લઈ ઇથોપિયા ઊપડી ગયાં. સત્તાના પ્રમુખને તેમની ફરજ પ્રત્યે દર્દભરી વિનંતીથી આ સત્કાર્ય કરવા તેમણે તૈયાર કર્યા. પોતાની આવડતથી લોકોને શરમમાં નાખીને, સમાજ માટે તેઓ કામ કરાવતાં. થોડાં વર્ષો પહેલાં કલકત્તામાં બિસ્કિટની એક જાણીતી ફૅક્ટરીના મૅનેજરે તેમને બોલાવ્યાં અને પોતાની એ મુલાકાતમાં આવડતથી એમણે અનાથો માટે બિસ્કિટના ૪૦ ડબ્બા મેળવ્યા હતા. તેમની અંતિમ ઇચ્છા ચીનમાં દુઃખિયાંઓની સેવા કરી સેવાશ્રમ ખોલવાની હતી, પણ તે ફળીભૂત થાય તે પહેલાં તેઓ પરલોકે સીધાવ્યાં : ૧૯૬૮માં B.B.C. પર તેમનો ઇન્ટર્વ્યૂ લીધો અને એ જોનારાં એટલાં તો પ્રભાવિત થયાં કે દાનની કોઈ પણ જાતની અપીલ વગર એ કાર્યક્રમના ૧૯૦૦૦ ડૉલર મળ્યા હતા.

ગુજરાતને પણ તમની સેવાનો લાભ મળ્યો છે. ઓઢવમાં તેમણે મૃત્યુને આરે ઊભેલાં અને તરછોડાયેલાંઓ માટે ભવન નિર્માણ કર્યું છે. અનાથ બાળકો માટે અમદાવાદ, રાજકોટ, સુરત, મોરબી, વડોદરા જેવાં સ્થળોએ અનાથાલયો ખોલ્યાં છે. સુરતમાં કુષ્ઠરોગથી પીડિતો માટે કેન્દ્ર ખોલ્યું છે. તેઓ એવું માનતાં હતાં કે એચ.આઈ.વી.થી પીડાતાં લોકોને સમાજમાં સરખો

દર્દીઓની સારવાર કરતાં મધર ટેરીઝા



પોપ સાથે ૧૯૮૮માં



દરજ્જો મળવો જોઈએ, કારણ કે તેમને વંચિત રાખવાથી તો તેઓ માનસિક રીતે પણ વધારે હેરાનગતિ અને હતાશા અનુભવે છે. છેલ્લે તેઓ અમદાવાદમાં આવ્યાં હતાં ત્યારે તેમના શબ્દો હતા કે, 'લોકોને ફક્ત ઘર હોય છે જ્યારે મારે તો વિશ્વમાં ૫૬૦ ઘર છે.' આ સુકલકડી કાયા ધરાવતી નારીનું બળ હતું સહુ પ્રત્યેનો પ્રેમ અને આમ Love begets love (પ્રેમથી પ્રેમ મળે) એ ન્યાયે તેઓ વિશ્વનો પ્રેમ સંપાદન કરી વિદાય થયાં. મુંબઈના આર્ચ બિશપે તો તેમને અંજલિ આપતાં કહ્યું કે, મોભો અને માન ધરતી પર તો તેમને મળ્યાં છે પણ સ્વર્ગમાંય તેઓ માતા જ બની રહેશે.

એમનું જીવનચરિત્ર લખનાર નવીન ચાવલાએ તેમને પ્રશ્ન પૂછ્યો હતો કે, સમાજનાં શંકાસ્પદ પાત્રો પાસેથી તેઓ પૈસા સ્વીકારે છે તે યોગ્ય ગણાય? અને ટૂંકો ટચ જવાબ મળ્યો કે, તેમણે કોઈની પાસે પૈસાની માગણી કરી નથી, તેઓ પગાર લેતાં નથી, સરકારી ગ્રાંટ પણ લેતાં નથી, ચર્ચની મદદ લેતાં નથી, છતાં દરેકને આપવા માટેનો હક્ક છે, કોણ કેવું છે તેનો ન્યાય કરવાનો તેમને અધિકારી નથી, તે અધિકાર ફક્ત ઈશ્વરનો છે. તેમની પર હિંદુઓને ખ્રિસ્તી બનાવવાનો આરોપ મૂકવામાં આવ્યો ત્યારે તેમનો જવાબ કેટલો સરળ અને સરસ હતો કે, તેઓ સહુને પોતપોતાના ધર્મમાં રહીને સારા હિંદુ, સારા મુસ્લિમ, સારા બૌદ્ધ સારા ખ્રિસ્તી બનાવવા પ્રયત્ન કરે છે. એટલે કે ધર્મના ભેદભાવ વગર સારા ઇન્સાન બનાવવા પ્રયત્ન કરે છે.

આવાં સેવારત નારીને કેટકેટલા ઍવૉર્ડઝથી નવાજવામાં આવ્યાં છે! તેમણે ક્યારેય ઍવૉર્ડઝની અપેક્ષા રાખી નહોતી, પરંતુ તેમનું સેવાકાર્ય ઍવૉર્ડઝ જીતી જતું હતું. ૧૯૬૨માં તેમને પદ્મશ્રી અને મેગસે એમ બે ઍવૉર્ડઝ મળ્યા. આ નાણાંનો ઉપયોગ તેમણે આગ્રામાં કુષ્ઠરોગીનું ગૃહનિર્માણ કરવામાં કર્યો. ૧૯૬૪માં પોપ પોલ છઠ્ઠા ભારતની મુલાકાતે આવ્યા. તેમણે મધરને લિંકન કાર ભેટમાં આપી, જેની મધરે હરાજી કરી ૪૬,૦૦,૦૦૦ રૂપિયા મેળવ્યા અને તે પૈસામાંથી કુષ્ઠરોગીઓ માટે સંસ્થાન ખોલ્યું. ૧૯૭૧ના જાન્યુઆરીમાં પોપ જ્હોન ૧૩માનું શાંતિનું ઇનામ મેળવવા તે સદ્ભાગી બન્યાં. વળી, ૧૯૭૧ના સપ્ટેમ્બરમાં ગૂડ સૅમેરિટનનો ઍવૉર્ડ મળ્યો, અને એ જ વર્ષે ઑક્ટોબરમાં જોસફ કેનેડી ફાઉન્ડેશનનો ઍવૉર્ડ પણ તેમને જ મળ્યો. આમ, એક જ વર્ષમાં ત્રણ ત્રણ ઍવૉર્ડ્ઝ મેળવનાર મધર ટેરીઝા હતાં. ૧૯૭૨માં ટેમ્પલટન ઍવૉર્ડથી તેમને સન્માન્યાં. ૧૯૭૯માં શાંતિ માટેનું નોબેલ પારિતોષિક પણ તેઓને મળ્યું. આ પુરસ્કારના માનમાં રાખવામાં આવેલો ભોજન-સમારંભ તેમણે રદ કરાવી એ ખર્ચના ૩,૦૦૦ ડૉલર તેમણે અનાથોની સેવા માટે વાપરવાની જાહેરાત કરી. આ પુરસ્કારરૂપે ૯૦,૦૦૦ પાઉન્ડ તેમને મળ્યા. આ પુરસ્કાર મેળવતાં બી.બી.સી.ના એક પ્રશ્નના ઉત્તરમાં તેઓએ કહ્યું હતું કે, આ માટે તે યોગ્ય નથી. કેટલી નમ્રતા આ નારીમાં હતી તે સમજાય છે. ૧૯૮૦માં 'ભારતરત્ન'નો શ્રેષ્ઠ ખિતાબ ભારત સરકાર તરફથી પ્રાપ્ત થયો. ૧૯૯૩માં રાજીવ ગાંધી સદ્ભાવના એવૉર્ડ પણ તેમને જ પ્રાપ્ત થયો. આટલા બધા ઍવૉર્ડ્ઝ મેળવનાર મધર ક્યારેય ગર્વિષ્ઠ બન્યાં નહોતાં. તેઓ તો સદાય નમ્ર અને નિરાભિમાની રહ્યાં હતાં.

નરસિંહ મહેતાના વૈષ્ણવજનનાં ઘણાં બધાં લક્ષણો આ ખ્રિસ્તી સાધ્વીમાં સમાયેલાં હતાં. તેઓ માનતાં કે, તીવ્ર પ્રેમ કશું માગતો નથી પણ આપે છે. તેમના મતે કાંઈ પણ બોલતાં પહેલાં અંતરાત્મામાં રહેલા ઈશ્વરનો સાદ સાંભળવો જોઈએ. જો ખરેખર આપણે પ્રેમ કરવા ચાહતાં હોઈએ તો ક્ષમા કરતાં પણ શીખવું જોઈએ. તેમનું મંતવ્ય હતું કે, સમગ્ર વિશ્વ માત્ર રોટી માટે જ ભૂખ્યું નથી, પણ પરસ્પર પ્રેમનું ભૂખ્યું છે. નમ્રતા, ક્ષમા, સેવા, સ્નેહ, સદ્ભાવ - આ તેમના જીવનમંત્રો હતા. દીનદુઃખિયા, નિરાધાર, રક્તપિત્તિયાં લાચાર, તરછોડાયેલાં, આબાલવૃદ્ધ અનાથ એ બધાંનો આશરો એટલે મધર ટેરીઝા.

૧૯૮૭માં તેમને હૃદયની તકલીફ થતાં પેસમેકર મૂકવું પડ્યું. પણ આ સ્ત્રીની ગતિ એટલી તીવ્ર હતી કે ૧૯૮૯માં આર્મેનિયામાં ધરતીકંપ થતાં ત્યાં પહોંચી ગયાં. રોમમાં પડી જતાં છાતીની ત્રણ પાંસળીઓ તૂટી ગયેલી.

૧૯૯૧માં ટેક્સાસમાં તેમને ઓપન હાર્ટ સર્જરી કરવામાં આવી. ૧૯૯૩માં બલૂન એન્જિઓગ્રાફીનું ઑપરેશન કલકત્તામાં બીરલા સેન્ટરમાં કરવામાં આવ્યું. આમ, આ કોમળ હૃદયનાં નારીને હૃદયની જ બીમારી થઈ. છતાં છેલ્લા શ્વાસ સુધી અવિરત નિઃસ્વાર્થપૂર્ણ સેવા તેમણે કરી. ધૈર્ય, પ્રબળ ઇચ્છાશક્તિ અને દીનદુઃખિયાંઓની સેવા કરવાની અદમ્ય આકાંક્ષાથી તેઓ મૃત્યુના દ્વારેથી અનેક વાર પાછાં ફર્યાં. છેવટે આ સત્યમ્ શિવમ્ સુંદરમની મૂર્તિ સમાં મધરને મૃત્યુએ પોતાના અંકમાં લઈ લીધાં.

તેમના વિષે ઘણા વાદવિવાદ થયા છે અને થાય છે. પરંતુ આપણે એ વાદવિવાદથી પર રહી જેમ અર્જુને પક્ષીની એક આંખ પર નજર સ્થિર કરી હતી તેમ મધરે આપણા દેશમાં આવી જે સેવાકાર્ય કર્યાં છે તે તરફ જ દૃષ્ટિ દોડાવવી જોઈએ. આપણે સહુ ગુણ-અવગુણ અને સારા-નરસાના મિશ્રણથી યુક્ત છીએ, કારણ આપણે માનવી છીએ. માટે અન્યનાં છિદ્રો જોતાં પહેલાં આપણી જાતને તપાસીએ કે મધરની જેમ ૮૭ વર્ષે, આટઆટલો ઑપરેશન થયાં પછી, શરીરની તાકાત ઘટી ગયા છતાં, બેવડી વળી ગયેલી કાયા સાથે તેમણે માનવીની જે સેવા કરી છે તે

(અનુસંધાન પૃ. ૬૬૫ પર)

જ્ઞાનપીઠ ઍવૉર્ડ વિજેતા મહાશ્વેતાદેવીની બંગાળી ટૂંકી વાર્તા

પરવાસી

અનુવાદ : ચંદ્રકાન્ત મહેતા

એકમાત્ર સંતાન જો છોકરો હોય, એ છોકરો જો વિદેશ-નિવાસી થઈ જાય, તેનું જો સ્વદેશમાં આવવાનું અનિયમિત બની જાય, તો એનાં માબાપની દશા કેવી થઈ જાય, તેની અજિત તથા કુમકુમને ખબર નહોતી. હવે ખબર પડી.

એટલે જ તો અનમિત્રના કાગળે એમને ચોંકાવી દીધાં. આવે છે, અનમિત્ર આવે છે. ફક્ત અનમિત્ર જ નહિ, સાથે લીઝા પણ આવે છે ને એનાં છોકરો અને છોકરી પણ આવે છે. જેરિક અને શાર્લિ. લીઝાને જોડિયાં બાળકો જન્મ્યાં હતાં. કુમકુમે હિસાબ કરીને જોયું કે સોળ વર્ષનાં થઈ ગયાં હતાં.

- અનમિત્રને કેટલાં થયાં?

- ચાલીશ.

- તો તો લીઝાની ઉંમર ચુમાલીશની હોવી જોઈએ. એ અનમિત્ર કરતાં મોટી છે.

ભણવા ગયેલો દીકરો, ત્યાં જ ઠરીઠામ થઈ જશે, ત્યાં જ પરણી જશે, એવો વિચાર કુમકુમને આવેલો જ નહીં. હવે એ વિચાર આવ્યો.

કાગળ હાથમાં લઈને કુમકુમે તે ઘણી વાર વાંચ્યો. કાગળ લખવાની એની ટેવ પણ છૂટી ગઈ છે. વરસમાં કેટલી વાર ચિત્રવાળાં કાર્ડ એના તરફથી મળતાં. અજિત કહેતો, એટલાથી જ રાજી રહેવાનું; સમયને અનુકૂળ ન રહીએ તો દુઃખી થઈ જઈએ.

- દીપાનો છોકરો તો નિયમિત પત્ર લખતો હોય છે.

- અનુ તો પહેલેથી જ થોડું લખતો. કૉલેજમાં ભણતી વખતે, તે પહેલાં નિશાળમાંથી પૂરી ગયો હતો, કાશ્મીર ગયો હતો, ત્યારે એણે એક પણ કાગળ લખ્યો હતો?

- હા, એ વાત સાચી.

- બધા કંઈ કાગળના રસિયા થોડા હોય! મેં તને કેટલા કાગળ લખ્યા હતા, કહે તો?

- તમે તો વધારે પડતું કરતા હતા. બહેરામપુર જાઓ તો ત્યાંથી પણ કાગળ લખતા. મને તો શરમ આવતી.

- આપણાં લગનને તેંતાલીસ વર્ષો થયાં. પણ શું હું તારો કહ્યાગરો કંથ નથી?

- રહેવા દો એવી બધી વાતો.

- છોકરાને મારો પત્રલેખનનો વારસો મળ્યે નથી. પણ એને વારસામાં શું મળ્યું છે, તે કહે તો તને ઇનામ આપું.

- ઇનામ? કોણ જાણે કેવી વાત કરો છો.

- અજિતે કહ્યું, એ દેશમાં, ને હવે આપણા દેશમાં છૂટાછેડાનો વાયરો ચાલે છે. અનુ તથા લીઝાનાં લગ્ન ટકી રહ્યાં છે એ કેવી ખુશ થવા જેવી વાત છે! પત્નીપ્રેમ અનુને મારી પાસેથી વારસામાં મળ્યો છે.

- તમારી વાતને થાબડ્યાં કરો.

- તને પણ થાબડું છું. લે ઇનામ આપું.

અજિતે હાથની મુઠ્ઠી ઉઘાડી. હથેલીમાં વીંટી હતી.

- ખોવાઈ ગઈ તેથી તું રઘવાઈ ગયેલી, ખરુંને?

- ક્યાંથી મળી?

- બાથરૂમમાંથી.

- એ વખતે મેં બહુ શોધી, પણ મને ન જડી.

ખોવાયેલી વીંટી પાછી મળતાં કુમકુમ બહુ રાજી થઈ ગઈ. એ એને અજિતે ભેટ આપી હતી. ન જડી હોત તો બેચેનીનો પાર ન રહેત.

- ફક્ત કાગળ જ નહીં, બીજી પણ ખુશખબર છે - હવે આપણે ઘર લીધું તે લેખે લાગશે.

ત્યાં બીજો પણ એક કાગળ નજરે પડ્યો. જેઠ લખતા હતા : ભાઈ અજિત,

તને અને તારી પત્નીને આશીર્વાદ. અનુને પણ કાગળ લખ્યો છે. મારા શાળાનો જમાઈ સિતાંશુ પશ્ચિમ જર્મની થઈને અહીં આવ્યો છે. એ અનુને મળ્યો હતો. એણે કહ્યું કે અનુ દેશમાં આવવાનો છે. એ આવે એટલે એને જરૂર અહીં લઈ આવજે. એને જરાય અગવડ નહીં પડે. મારો પગ ભાંગ્યો ત્યાર પછી મારે માટે કમોડની સગવડ કરી છે. મારી હવે અવસ્થા થઈ. તારી ભાભી તો તારી જ ઉંમરની છે. છોકરાંઓ, છોકરાઓની વહુઓ, એમનાં છોકરાંઓ બધાં તમને મળવા બહુ આતુર છે. નીલિમા માટે ચિંતા થાય છે. અમે ન હોઈએ ત્યારે એનું શું થશે એ વિચાર ઉદ્વેગ કરાવે છે. તમે લોકોએ તો અહીં આવવાનું તદ્દન બંધ કરી દીધું છે, તેનું મને ઘણું દુઃખ છે. તમે એક વાર આવો તો મન જરા હળવું થાય. તમે બધા કુશળ રહો એવી પ્રભુને પ્રાર્થના.

સુજિતમોહન ભટ્ટાચાર્યનાં આશિષ

આ કાગળ વાંચીને પણ કુમકુમને ઘણો આનંદ થયો.

બહેરામપુરમાં ગોરાબજારની પાછળ એનું સાસરું હતું. કુમકુમ ત્યાં આવી ત્યારે સત્તર વર્ષની, ને અજિત એકવીસ વર્ષનો. સુજિતમોહન, અજિતમોહન, અનિલમોહન, તપતમોહન, લિમાયા, સુરમા, સરમા, સાસુસસરા, વડસાસુ, તથા વડસસરા ફોઈજી એમ ભર્યુંભર્યું કુટુંબ હતું.

તેંતાલીસ વર્ષમાં બધું પલટાઈ ગયું. અનિલ તથા તપન કુચબિહારમાં નોકરીધંધા માટે ગયા, ને ત્યાં જ ઘરબાર વસાવી

ઠરીઠામ થઈ ગયા હતા. એ લોકોએ તો રાજકારણમાં પણ ઝંપલાવ્યું હતું. સાસુસસરા છબી બની ગયાં હતાં. સુરમા નાગપુરમાં હતી ને સરમા હરિયાણામાં. નીલિમા અને કુમકુમ સમવયસ્ક હતાં. નીલિમા વિધવા થયાં પછી પિયર પાછી ફરી હતી અને મોટા ભાઈને ત્યાં રહેતી હતી. એ વાતને પણ બાવીસ વર્ષ થયાં હતાં.

સંસારના નિયમ પ્રમાણે જ સંસાર ભાગતો હોય છે. એ સુજિતમોહન સમજતા હતા. તેથી જ સ્થાવરજંગમ મિલકતના ભાગ ભાઈઓને વહેંચી આપ્યા હતા. ફક્ત અજિતમોહને એનો ભાગ મોટા ભાઈને આપી દીધો હતો. એણે કહ્યું હતું, 'હું રિઝર્વ બેન્કમાં કામ કરું છું. મારે એક જ છોકરો છે. તમે આ ઘરમાં જ રહ્યા અને અમે પાછળ દોટ મૂકી. તમે જ એ ઘરમાં રહો. હું તો ત્યાં રહેવાનો નથી. તમે ઘરમાં રહેતા હશો તો અમે પણ ક્યારેક આવીને રહી શકીશું.'

અજિત જ્યાં સુધી નિવૃત્ત થયો નહોતો ત્યાં સુધી મોટા ભાઈને ત્યાં આવી જતો. પણ નિવૃત્ત થયાં પછી એ નવા ફ્લેટમાં આવીને રહ્યો. એ એણે ઘણા વખત પહેલાં ખરીદ્યો હતો. એ પણ પંદર વર્ષ પહેલાંની વાત છે. એણે સરકારી મકાન છોડ્યું ને પોતાના ફ્લેટમાં રહેવા ગયો ત્યારે મોટા ભાઈ એને ઘેર આવ્યા હતા.

નિવૃત્ત થયા પછી અજિતે એક ખાનગી ઑફિસમાં નોકરી લીધી હતી. પગાર થોડો, પણ કામમાં રહેવાતું. ઘણા વખતથી મોટા ભાઈને ત્યાં ગયા નહોતા.

અજિતે ઘેર આવીને બન્ને કાગળો વાંચ્યા - કેવું સરસ! અનુ એની જગ્યામાં આવે છે. પછી આપણે પણ બહરામપુર જશું. અનુને માટે તો કલકત્તા જ દેશ. અહીં જ એ નિશાળમાં અને કૉલેજમાં ભણ્યો. વળી, અહીં જ થોડો વખત રાજકારણમાં પણ ઝંપલાવેલું. આપણે માટે તો 'ફરીદપુર' નામનો કશો અર્થ નથી. દાદા જ દેશ છોડીને ચાલી આવ્યા હતા. બહરામપુરમાં નિશાળમાં અને કૉલેજમાં ભણ્યો. બહરામપુર જ આપણો દેશ.

- દેશાન્તરનો ઇતિહાસ.

- એક જ કુટુંબના કેટલાય જણનું શું નું શું થઈ ગયું. દાદા, પિતાજી, આપણે, બધા માટે બહરામપુર જ આપણો દેશ. અનુનો દેશ કલકત્તા. એની છોકરી અને એના છોકરાનો દેશ બર્લિન.

- એ બધી વાત પછી. એમને આજે જ કાગળ લખી દો કે આપણે આવીશું. એ લોકો તો એમ ઇચ્છે કે અનુ પણ આવે. તો જોઈ લેવાશે. અનુ વહુછોકરાં જોડે ચાલી જાય પછી જરૂર જઈશું. ઘણાં વર્ષોથી જવાયું જ નથી.

- ઠીક છે.

- હવે એમને માટે ઘરની સાફસૂફી કરીએ ને સજાવીએ.

- હાં, હાં, અરે, સોળસો સ્કવેરફૂટ, ત્રણ સૂવાના ઓરડા, ત્રણેમાં બાથરૂમ! એ ત્રણે ઓરડા એમને સોંપી દો. આપણે દીવાનખાનામાં સૂઈશું.

અજિતે સંતોષથી કહ્યું. તું આખો વખત કહેતી હતી ને કે આવું મોટું ઘર ખાવા ધાય છે - હવે એ જ ઘર ભર્યુંભર્યું લાગશે.

કુમકુમે નિસાસો નાખતાં કહ્યું. બધું કેવું વેરવિખેર થઈ ગયું, નહીં? અનિલ, તપન, કલકત્તા આવે તોયે સાસરે ઊતરે. સુરમા આવી હતી, તે પણ ત્રણ દિવસ જ રહી. મોટા ભાઈના છોકરા પણ અહીં રહે નહીં.

- નીલિમા તો આવતી જ નથી.

- બહુ મરજાદી થઈ ગઈ છે.

- જવા દો એ બધી વાતો. સારું થયું કે હમણાં જ રંગરોગાન કરાવ્યાં છે.

- જો ચાદર, પરદા, વાસણકુંસણ બધું પૂરતું છે ને? એ બધી જવાબદારી તારી.

- બધું પૂરતું છે અને ઠીકઠાક છે. આપણે દીપાને બોલાવી લઈશું. ઘર ગોઠવવામાં અને સજાવટમાં એ ખૂબ હોશિયાર છે. એનો છોકરો ને વહુ હમણાં જ રહી ગયાં. કેવાં ખુશ હતાં!

કુમકુમની બહેન દીપા આવી. પતિપત્ની કોચિંગ ક્લાસ ચલાવતાં હતાં. દીપા ઘણી કામગરી. એણે કહ્યું દક્ષિણાપણથી જે ગુજરાતી બેડકવર, પરદા, ખરીદ્યાં તેનાથી જ સજાવટ કર. એમને ભારતીય ચીજો બહુ ગમતી હોય છે. દીપા એમ કહી શકે. એમનો છોકરો રોમમાં ભારતીય કલાકારીગરીની ચીજો, પોશાક, ઘરેણાં વગેરેનો વેપાર કરતો હતો.

- એ લોકો બધું જ ખાશેને?

- મારી વહુ તો બધું જ ખાય છે. તારી વહુ જર્મન છે, મારી વહુ ઇટાલીની છે. ફળો લાવી રાખજે. ખાસ કરીને આપણાં ચીકુ, કેરી, એવાં ખાસ અહીંનાં. એ લોકોને બહુ ગમે. એ જે કહે તે રાંધી આપજે, તારી નજીકમાં જ સુપર માર્કેટ ખૂલી છે.

તે પછી જેની એ રાહ જોતી હતી, તે દિવસ આવી પહોંચ્યો.

દમદમ હવાઈ અડ્ડામાંથી અનમિત્રને હાથમાં બેગ લઈને એકલો આવતો જોતાં, કુમકુમે કહ્યું, 'આ શું? એકલો કેમ આવ્યો? એ લોકો ક્યાં છે?'

- લીઝા ને છોકરાંઓને કેમ ન લઈ આવ્યો?

- સિતાંશુએ જે કહ્યું, તે પછી એ લોકો આવે ખરાં?

- શું કહ્યું એણે?

- ભેળસેળવાળું તેલ ખાઈને લોકો મરે છે. ચેપ લાગે તેથી છોકરાંઓ મરે છે. રસ્તામાં ઉકરડાના પહાડ હોય છે. લીઝાને તો આવવું જ નથી, આવું બધું સાંભળ્યા પછી એ આવે ખરી?

કુમકુમે ક્ષીણ સ્વરે કહ્યું, 'પણ અમે તો અહીં સાજાં રહીએ છીએને?'

- તમે તો ટેવાઈ ગયાં છો.

ઘેર આવ્યાં પછી અનમિત્રે કહ્યું, 'એ લોકો આવત તો હેરાન પણ ઘણાં થાત.'

- 'શી રીતે?'

- 'જગ્યા બહુ નાની છે ને. મેં તો મકાન ખરીદ્યું છે.' તે થોડો વખત શાંત બેઠો રહ્યો. પછી એકદમ ઊભો થયો. એક હાથ માના ખભા પર અને બીજો બાપના ખભા પર.

- મને જરાય ચેન પડતું નથી.

- સાચેસાચ!

- ચેન પડે શી રીતે?

- સિતાંશુએ આવી વાત શા માટે કરી?

- એણે કંઈ બૂરી દાનતથી કહ્યું નહોતું. એણે તો એવું વિચારીને કહ્યું હતું કે આવી વાતો કલકત્તા વિશે ફેલાવવામાં આવે છે. પણ કલકત્તા આવીને તમે જુઓ કે શહેર કેવું પ્રેમથી નવડાવી દે એવું છે! પણ લીઝાને કોણ સમજાવે?'

અનમિત્રે ખૂબ આરામથી ન્હાઈ લીધું. એણે રસોઈનાં વખાણ કરતાં કરતાં જમી લીધું.

અજિતે કહ્યું, 'તો અમારે એમને મળવું હોય તો અમારે જ ત્યાં આવવું પડે, ખરું?'

- તમે જરૂર ત્યાં આવો. પણ આવીને નિરાંતે રહેવાનું. જલદી પાછા જવાની વાત નહિ કરવાની.

- લીઝા નોકરી કરે છે?

- વિમેન્સ લિબરેશનની ઑફિસ ચલાવે છે.

- ખૂબ કામમાં રહેતી હશે?

- ખૂબ જ.

- છોકરો ને છોકરી?

- એ લોકો પણ ખૂબ કામમાં. ભણવાનું. રમતગમત, દોસ્તદાર-બહેનપણી જોડે હરવા-ફરવાનું. એ લોકોનું એ ગાયનવાદનનું મંડળ છે.

અજિતે કહ્યું, 'બહુ સરસ.'

કુમકુમે કહ્યું, 'દહીં ખા.'

- તમે શું રોજ ભાત ખાઓ છો?

- હા. રાતના તારે માટે પૂરી તળી દઈશ.

અનમિત્રને ચીડ ચઢી. એણે કહ્યું, 'ના, ના, રાત્રે તળેલી ચીજ નહીં ખાવાની. રાતની વાત પછી કરીશું. હવે મારે સૂઈ જવું છે. લાંબી વિમાનની મુસાફરીનો બહુ થાક લાગ્યો છે.'

ચાલ, તારો રૂમ બતાવું. તને પસંદ પડે એવો સજાવ્યો છે. લવલી.

અનમિત્ર ઊંઘી ગયો.

અજિતે કુમકુમને કહ્યું, 'તું જરાય દુઃખી ન થતી?

'તમને ચોસઠ થયાં, મને સાઠ. આપણાથી કંઈ ત્યાં જઈ શકાવાનું નથી, એટલે એ લોકોને મળાશે જ નહિ.'

પછી કહે, 'એક જ બૅગ લઈને આવ્યો છે, એ કેટલા દિવસ રહેવાનો છે? થોડા દહાડામાં પાછો જશે એમ લાગે છે.'

- જોઈશું.

જે થાય તે જોયા કરો.

દીપાને તથા મોટીબહેનને સાંજે આવવાનું ન કહ્યું હોત તો ચાલત.

- એ લોકો સમજી જશે. આપણે કશું કહેવું નહીં પડે. બપોરે કુમકુમ ચા લઈને આવી ત્યારે અનમિત્ર પાછો ગુસ્સે થયો. 'દૂધ, ખાંડ એ બધું કશું નહીં. હલકો લીકર આપવાનો. આમ તો બપોરે જરા અમસ્તું જ ખાવાનું. હા જ્યાં મેં ઘર લીધું છે, ત્યાં ચાલતો જઈ આવું. ઉનાળામાં અમે ત્યાં સાત દિવસ ખૂબ ચાલીએ. શરીર ફિટ રાખવું જોઈએને? ઊભી રહે. હું તો ભૂલી ગયો હતો.

બાપને માટે ખાવાની તમાકુની પાઈપ. તમાકું, ને મોજાં, કુમકુમ માટે બૅગ. કોઈ રીતે ભાંગે નહિ એવો ફલાસ્ક બધું બહાર કાઢીને અનમિત્ર એને માટે ખાસ સિવડાવેલ કફની તથા પાયજાઓ પહેરીને બહાર આવ્યો. પાઈપ પીવાનું અજિતે ઘણા વખતથી છોડી દીધું હતું. તો પણ એણે એ ભેટને હસતાં હસતાં સ્વીકારી.

સાંજે બધાં આવ્યાં. અનમિત્ર પણ પાછો ફર્યો. એ રીતસરનો અકળાયલો હતો. જરા ગુસ્સામાં પણ હતો. લેકનું પાણી જોઈને હું હેરાન થઈ ગયો. ચાલવાની જરાય મજા ન આવી. ઘેરથી નીકળ્યો ત્યાં રેલવે ફાટક બંધ. ગાડીઓની લંગાર લાગેલી, ટ્રાફિક જામ, ને વાતાવરણ કેટલું બધું ગંદું.

દીપાએ કહ્યું, 'તું ક્યાં કલકત્તા જોવાને આવ્યો છે? તું તો અમને મળવા આવ્યો છે. મારે ત્યાં આવશેને?'

'ના, દીપામાસી! તમારે ત્યાં આવું એટલે જમવાનું... મને થાય છે. એક વાર કૉફીહાઉસ... નંદન એ બધું કેવું થઈ ગયું છે! ને પેલી અંડર ગ્રાઉન્ડ રેલવે - એ બધું જોઈ આવું. દીપાની દીકરી રૂમી કલકત્તાપ્રેમી હતી.

- કલકત્તા જીવતુંજાગતું છે, અનુ.

- શી રીતે આ ધૂળ, ધુમાડો.. લેક પર ખૂબ ભીડ. આવું શહેર જીવતું જાગતું રહી શકે? મા, તેં સારું કર્યું ટ્યૂબવેલ નંખાવ્યો તે. પણ પાણીમાંથી જ...

તું આવવાનો હતો એટલે તો અમે પાતાળમાંથી પાણી કાઢ્યું.

- તમે લોકો જંતુ પીઓ છો?

- ના, ટ્યૂબવેલનું પાણી પીએ છીએ.

- કલકત્તાનો ટ્યૂબવેલ. કેટલા ફૂટ ઊંડો પાઈપ! વળી જે માટીમાંથી પાણી ખેંચવામાં આવે છે તે માટી તદ્દન સડેલી હોય છે. કલકત્તા કેવું રહી ન શકાય એવું રોગનું ઘર બની ગયું છે! જવા દે. રૂપા! તું અહીં શું કરે છે?

- અહીં એક કૉલેજમાં બંગાળી ભણાવું છું.

- તને અહીં કામ કરવું ગમે છે?

- મેં ક્યાં કોઈ બીજે ઠેકાણે કામ કર્યું છે?

- એ જ તો વાત છે. કલકત્તાના લોકોને, કલકત્તાની બહાર શું હોય છે તેની ખબર જ નથી હોતી.

અજિતે કહ્યું, કેટલાં છોકરાછોકરી વિદેશ જતાં હોય છે.

ન જાય તો શું કરે? આ જુઓને હું કલકત્તાનાં ગુણગાન કરીને હાંફી જતો હતો. પણ દમદમ વિમાન ઘરની દશા જોઈ મારો તો શ્વાસ થંભી ગયો. કલકત્તામાં વખાણવા જેવું છે શું? વિદેશનું કોઈ વિમાન અહીંથી ઊપડે છે? ના રૂપા! દિલ્હીનો વાંક ન કાઢતી. કલકત્તા જ પોતાની પરવા કરતું નથી. નહીં તો નાગરિક સગવડો આવી હોય!

મોટી માસીએ કહ્યું, 'એ બધી વાત રહેવા દે, અનુ! તારી વાત કર. તું તો બહુ કામગરો થઈ ગયો છે ને. ત્યાં પરણ્યો છે. સત્યેનની પાસે જ તું રહે છે. ઘરની પાસે મોટો બગીચો છે. બે તો ગાડીઓ.

- હમણાં તો બે છે. થોડા વખતમાં ચાર થઈ જશે. છોકરો-છોકરી પોતે જ ગાડી લેશે.

- 'બાપ રે! જર્મનીમાં પણ આવી બોલબાલા છે.'

કુમકુમે કહ્યું, 'હવે ચા-નાસ્તો લઈ આવું. તમે મોડા આવ્યા.'

- મા, જિંદગીમાં ખાવાની જ વાતો કર્યા કરવાની છે? હું અહીં આવ્યો ત્યારથી જોઉં છું કે આ દેશમાં અખૂટ અન્નનો ભંડાર છે.

અજિતે જરા હસીને કહ્યું, આજે ખાસ દિવસ છે. તું તો આટલાં વર્ષે મળ્યો. કેરીની મોસમમાં તારા મોટા કાકા તને બહુ યાદ કરે.

- એ લોકો અહીં જ છે?

- એ ક્યાં જાય?

- નવાઈ જેવું! એ જ ઘર. એ જ તળાવ. જાણે વાર્તાનો રાજમહેલ.

- હવે એ ઘર પહેલાં જેવું નથી.

- હા સિતાંશુ એવું કંઈ કહેતો હતો.

અજિત તથા કુમકુમ સમજી ગયાં હતાં કે અનુનું કેમે કરીને અહીં મન માનતું નથી. કશી વાતથી એનું મન હળવું થતું નથી. એને જ્યાં ત્યાં અગવડ જ લાગ્યાં કરે છે.

રાતે વીજળી ચાલી ગઈ. તેથી બહુ હેરાનગતિ ન થઈ. ઈન્વેન્ટર હતું. પણ મચ્છરદાની જોઈને અનમિત્રનું માથું ફરી ગયું.

- હજી અહીં મચ્છર છે?

- બહુ નથી, પણ છે ખરા.

- સારું થયું કે એ લોકો ન આવ્યાં. મચ્છર એટલે તો...

- જોને મચ્છરદાની કેવી પાતળી છે?

મા, બાપુજી! બે દિવસથી છાપાનાં પાનાં ફેરવીને જોઉં છું. મલેરિયા નહીં તો કમળો, નહીં તો કાળો તાવ કલકત્તા બહુ બિનસલામત થઈ ગયું છે. ડગલે ને પગલે રોગનાં જંતુ શરીરમાં ઘૂસી જશે એવો ડર લાગે છે.

- આટલાં વર્ષો તો તું અહીં જ હતો.

- હતો. પણ તમે જાણો છો, એ કલકત્તા તો ખોવાઈ ગયું છે.

- બહુ વિચાર ન કર. ને સૂઈ જા.

- તમે એરકંડિશનર કેમ લગાડતાં નથી? મેં તો...

- હા, તેં પૈસા મોકલ્યા હતા, એ પૈસામાંથી ઘરની પાછળ બાથરૂમ... ઝરૂખો...

- છોડો એ વાત. હવે સૂઈ જઈએ.

અજિત અને કુમકુમ શયનખંડમાં ગયાં.

- અનુ બહુ બદલાઈ ગયો છે.

- સાંકળ તૂટી ગઈ છે.

- ત્યાં પણ શું આવું...

અજિતે કહ્યું, એ પણ એક સમસ્યા છે.

- કશું જ એને લગરીક પણ ખુશ કરી શકતું નથી.

અનમિત્રને કશું જ ખુશ કરી શકતું નથી. કશાથી એ રીઝતો નથી. રવીન્દ્રસદનમાં રવીન્દ્રસંગીતનો સમારંભ સારો હતો. પણ રસ્તામાં પાર વગરની ભીડ હતી. કૉફી હાઉસમાં એ ગયો, ત્યારે એને લાગ્યું કે સારી રીતે પ્યાલારકાબી ધોવાતાં નથી. મેટ્રો રેલવે ખરાબ નહોતી, પણ કલકત્તાની લીલોતરી નાશ પામી હતી. માણસ શ્વાસ શી રીતે લઈ શકે? બધા કરતાં અકળાવનારું તો પથઘાટની દુર્દશા, વાહનવ્યવહાર ઠપ થઈ જાય તે હતું.

સાત દિવસ પછી અનમિત્રનો પાછા ફરવાનો સમય થયો. અજિતે કહ્યું, અમારી તો હવે અવસ્થા થઈ, અનુ!

હા. તમને ચોસઠ થયાં. એ તો કંઈ ઉમર થઈ ન કહેવાય બાપા! લીઝાની મા હજી ય દોડાદોડ કરતી હોય છે. એને સિત્તેર થયાં.

- ઘર હું ન હોઉં ત્યારે...

- મા રહેશે એ ઘરમાં.

તો તું પાછો નહીં આવે?

ખબર નથી, બાપા! પણ હું ચોક્ખી વાત કરું છું કે પાછો

આવીશ તોયે દિલ્હીમાં રહીશ. કલકત્તામાં તો નહીં જ.

- પણ ઘર?

અનમિત્રે બાપના ખભા પર હાથ મૂક્યો. એણે ધીમે સાદે કહ્યું. તમને ઠીક લાગે તેમ કરજો. ઘર માનું જ રહેશે. મા ઘર વેચીને અમારી સાથે રહેવા આવી શકે. ઘર કશા સારા કામને માટે દાનમાં આપી શકે.

- અમારાં પછી એ ઘર તારું.

- નૉટ બૅડ. એ વેચીને દિલ્હીમાં.

- એ લોકો આવશે જ નહીં?

- કદાચ એક વાર આવે કાશ્મીર, દક્ષિણ ભારત, રાજસ્થાન. એમ કદાચ કલકત્તા પણ આવે.

જરા અપરાધભાવ અનુભવતો હોય એમ એણે કહ્યું. તમે એમ ન માનતા કે લીઝા ભારતવિરોધી છે કે એને કલકત્તાનો અણગમો છે... કલકત્તા વિશેની એની જાણકારી છાપામાં અને ચોપડીઓમાંથી મળેલી હોય છે તે જ છે. તમે સમજ્યાને?

માબાપનું મન ખરાબ કરીને, અનમિત્રે પોતાનું મન ખરાબ કર્યું, ને ચાલ્યો ગયો.

આંતરિક દુઃખથી એ બોલતો હતો. કદાચ મારું કલકત્તા ખોવાઈ ગયું છે. હું પણ ખોવાઈ ગયો હોઉં. એ દેશને પણ પોતાનો માનતાં ખટકો લાગે છે... પણ અહીં આવીને પણ...

કુમકુમે રુદન અંદર દબાવી દીધું હતું. હવે એણે કહ્યું, જ્યાં રહે ત્યાં સુખી રહે. આ વીંટી લીઝાની. ને આ બુટ્ટી છોકરીની. ખમીસનું રેશમી, કપડું છોકરા માટે.

- એ લોકો બહુ રાજી થશે.

અનમિત્ર ગયા પછી કેવી અસહ્ય શૂન્યતા! કેવી કારમી વેદના! કુમકુમે કહ્યું, ચાલો, બહેરામપુર જઈએ. જઈએ જઈએ કરતાં - મોટા ભાઈ ગયા પછી કોણ આપણને બોલાવવાનું હતું?

- તો ચાલો જઈએ.

કુમકુમે નીલિમા માટે રેશમી સાડી, જેઠાણી માટે મોંઘું ઢાકાનું લૂગડું, જેઠને માટે સરસ ધોતિયું, જેઠની પુત્રવધૂ માટે સાડી વગેરે ખૂબ ખરચો કરી ખરીદ્યાં. પૈસો બચાવી બચાવીને ભેગો કરવો કેવો નિરર્થક છે, તે અનમિત્ર સમજાવી ગયો. એમને કશું જોઈતું નથી. એમની પાસે બધું જ છે. એ 'બધું' જ શી રીતે એક જણ પાસે રહી શકતું હશે?

બહેરામપુર જવા માટે ઘણી ટ્રેનો હતી. ઘણી બસો હતી. તો પણ એમણે બાર વાગ્યાની ગાડી પકડી. ટ્રેનનો ફર્સ્ટક્લાસ હવે સાર્વજનિક થઈ ગયો છે, તેની અજિતને ખબર નહોતી. એને એ પણ યાદ નહોતું કે રસ્તામાં કેટલાં સ્ટેશનો આવે છે. કરમંડલ, ધૌલિ. એ કંઈ રાજધાની ઍક્સપ્રેસ નહોતી કે વેગભર દોડતી ચાલી જાય.

એમને એ પણ ખબર નહોતી કે બહેરામપુર ઊતરશે ત્યારે અંધારું હશે અને રિક્ષા એમને ખાડાખબડાવાળે રસ્તે નાચતીકૂદતી લઈ જશે.

ઘર આગળની ગલી જાણે નાની થઈ ગઈ હતી અને બજારની પાસેનો મહોલ્લો ફાલ્યો હોય એમ લાગતું હતું.

એ સાચું હતું કે સુજિતમોહન અને એની વહુના આગ્રહમાં કશી બનાવટ નહોતી. નવેન્દુ, શોભેન્દુ, તેમની બહુઓ તથા છોકરાઓએ આવીને એમનો ચરણસ્પર્શ કર્યો. સુજિતે કહ્યું, 'એમને દખણાદા ખંડમાં લઈ જાઓ. એ ખંડમાં જ અજિત રહેતો.'

એમણે કહ્યું, 'જ્યાં સુધી વીજળી ન આવે ત્યાં સુધી તમે ત્યાં જ બેસજો. ઇન્વેન્ટર છે.

ઉપર જવાનાં પગથિયાં બહુ ઊંચા ઊંચા હતા અને ખંડ રાચરચીલાથી ઠસાઠસ ભર્યો હતો.

જેઠાણીએ કહ્યું, 'આ બધો તો તમારો જ સામાન છે. તમે લઈ ન ગયાં એટલે...'

- માનો કબાટ નથી?

- કબાટ, વગેરે છોકરાંઓને નવી તરેહનું પસંદ છે, એટલે વધારાનું બધું અહીં ઠાંસ્યું છે.

- બેસ બહેન! તું હાંફી ગઈ છે... જ્યાં સુધી અમે છીએ ત્યાં સુધી. પછી એ લોકો અહીંથી ચાલી જશે. આ ઘર નહિ રાખે. એમ લાગે છે કે સ્ટેશન પાસે જમીન ખરીદી છે. ઉપર બાથરૂમ નથી. તેથી વહુઓને બહુ અગવડ પડે છે. દાદરો ઊતરીને નીચે જઈ, ઓસરી પાર કરીને જતાં કુમકુમને બહુ ત્રાસ પડે છે. ફેરફાર તો આ ઘરમાં પણ થયો છે. રસોડામાં ગૅસ, ભોજનખંડમાં ફ્રીજ, દીવાનખાનામાં ટેલિવિઝન. ચા પીતાં પીતાં અજિતે કહ્યું, 'આટલા બધા મચ્છર પહેલાં નહોતા.'

સુજિતે કહ્યું, 'ક્યારે નહોતા? પહેલાં પણ આટલા જ હતા.

- ગંગાની આટલી નજીક.

- શહેર બહુ ફાલ્યું છે.

નવેન્દુની વહુ વિપાશાએ કહ્યું, 'કાકા! રાતે રોટલી ખાશો કે ભાત? અમારે ત્યાં બન્ને રંધાય છે.

રોટલી જ આપજે. મોટાભાઈ, તમે શું ખાઓ છો? સુજિતે નિસાસો નાંખ્યો.

- બપોરે બે રોટલી. ને રાતે પણ એ જ. નિવૃત્ત થઈને ઘેર બેઠો એટલે મીઠી પેશાબના રોગે મને ઝાલ્યો.

કુમકુમે કહ્યું, 'તમે તથા ભાભી કલકત્તા ચાલો. સારા ડૉક્ટરની પાસે તપાસ કરાવીશું. થોડા મહિના રહો.'

જેઠાણીએ હસતાં હસતાં કહ્યું, 'વિપાશા ટેલિફોન ઑફિસમાં નોકરી કરે છે. માલિની નિશાળમાં ભણાવે છે.

બન્નેનાં છોકરાં નિશાળે જાય. નવું અને શોભન આખો દિવસ કામમાં હોય. આજકાલ બહેરામપુરમાં ચોરીચપાટી પણ ઘણી થાય છે. એટલે કોઈએ ઘરમાં રહેવું જ પડે.

- હજીય તમે રાંધો છો, ભાભી?

- તું રાંધે છે?

- હા

- મારાથી હવે નથી રંધાતું. ભુવન હતો. તેથી છોકરી રાત-દિવસ રહે છે. એ બે જણ છે એટલે નભે છે. હા, અનુ એક વાર પણ ન આવ્યો?

- એને વખત જ ક્યાં હતો?

- વહુ, છોકરો, છોકરી દેખાવડાં છે?

- એ લોકો આવી જ શક્યાં નહિ, ભાભી!

- મળાયું નહિ.

- નીલિમા ક્યાં છે?

- અગાસીમાં.

વિપાશાએ હસતાં હસતાં કહ્યું, 'પૂજાની ઓરડીની પાસેની ઓરડીમાં જ રહે છે. વહેલા મળસ્કે ગંગાસ્નાન કરીને માળ પર ચઢી જાય, તે પછી બીજે દિવસે જ નીચે ઊતરે. એનું રાંધવાનું-જમવાનું બધું ઉપર.'

જેઠાણીએ કહ્યું, 'પંચાંગ જોઈને વર્ષમાં સાઠસિત્તેર દિવસ ઉપવાસ કરે. બીજે માળથી પહેલે માળે આવીને ઊભાં ન રહે. કહે, બધાં નાસ્તિક થઈ ગયાં છે. અગાસીના ખૂણામાં નળ અને બાથરૂમ છે. શું કરીએ? દિવસમાં દસબાર વાર તો નહાય.'

સુજિતે કહ્યું, 'એક સમસ્યા છે.'

નવેન્દુએ કહ્યું, 'કશી સમસ્યા નથી. એમને આશ્રમમાં મૂકી આવો. ત્યાં પૈસા લઈને રહેવાની વ્યવસ્થા કરી આપતા હોય છે.'

કુમકુમે કહ્યું, 'કાલે ઉપર જઈશ.'

- ના, કાકીમા, એ ભૂલ તો કરતાં જ નહીં. ફોઈ છે ને બાપુજી, મા, અમારી કોઈની જોડે બોલતાં નથી.

- બધાં નાસ્તિક.

- બધાં જ.

રાતે સૂવા આવી ત્યારે કુમકુમે વિપાશાને કહ્યું, 'રાતે બાથરૂમની વ્યવસ્થા ક્યાં છે?'

- ઓસરીમાં, કાકીમા.

- પણ...

- ઉપર બાથરૂમ બાંધવા માટે જગ્યા નથી. આખરે બહુ પહેલાંના વખતનું ઘર છે ને. આ જગ્યામાં કેટલા સારા ફ્લૅટ બંધાવી શકાય! ચાર ફ્લૅટ તો થઈ જ શકે.

કુમકુમને થયું. આવા મોટા મોટા થાંભલા, આટલી પહોળી ઓસરી, જગ્યા ઘણી વેડફી દીધી છે.

- જરા, મચ્છરદાની દબાવી આપ.

- હાં. હાં.

જાડા નાયલોનની ઘટ્ટ મચ્છરદાની, પંખો ધીમેધીમે ફરે.

અજિતે કહ્યું, 'પહેલાં સૂતરની મચ્છરદાનીમાં સૂતો.'

- એ વખતે એ જ મચ્છરદાની હતી.

- સવારે બેડ ટી તો મળશે નહીં.

- ના... નીચે જઈને ચા પીવાની.

- આ ઓરડાને કબર જેવો બનાવી દીધો છે.

- બારીમાંથી પણ પવન આવતો નથી.

- એ બધી વાત રહેવા દો. સૂઈ જાવ. સવારે શહેરમાં ટહેલવા જઈશ. પ્રણવને એક વાર મળી આવું.

- જજો. કાલે બજારમાં ખરીદી માટે જજો. અજિતે ખરીદી કરવાની વાત કરી એટલે બધા હા, હા, કહેવા લાગ્યા.

સુજિતે કહ્યું, 'છોકરાના છોકરા માંસી ખાય છે. વહુઓ નાની માછલીને અડકે નહિ. નબૂ તથા શોભનને બારે મહિના રાત-દિવસ સમારેલી માછલી જોઈએ. હું અને તારી ભાભી કેટલાંક વર્ષોથી શાકાહારી થઈ ગયાં છીએ.

- બન્ને જાતની રસોઈ થાય છે?

- કરવી જ પડેને.

કુમકુમે કહ્યું, 'જાઓ, બજારમાં જઈ આવો. હું જ રસોઈ કરીશ. ચાખી જોજો, મારી રસોઈ.'

અજિત બજારમાં ગયો. કુમકુમે બૅગ ઉઘાડી. બન્ને પૌત્રોને એકસો એકસો એમ બસો રૂપિયા આપ્યા. જેઠાણીએ સાડી હાથમાં લઈને કહ્યું, 'ચાલ, આટલે વર્ષે છોકરાના લગ્નની પહેરામણી મળી.'

- તમે એમ માનો તો એમ.

- તે વખતે આવી તે આવી. કાલીપૂજા વખતે આવી હોત તો -

- તમે હજીય કાલીપૂજા કરો છો?

- આપણા કુળનો નિયમ છે. બીજા કોઈએ તો એ નિયમ-પાલન જાળવી રાખ્યું નથી. અમે જીવીએ છીએ ત્યાં સુધી કાલીપૂજા કરતાં રહેશું.

- તમે માંસાહાર કેમ છોડ્યો? જેઠજીને તો માંસ વિના ચાલતું જ નહોતું.

- ગુરુ પાસેથી મંત્ર લીધો છે ને તેથી.

- એમને તો મીઠી પેશાબનો વ્યાધિ છે, એટલે પ્રોટિનની જરૂર.

- દૂધ, દૂધ ફાડીને કરેલો માવો (છેના), સોયાબીન, એ બધું એ લે છે. તમે લોકોએ ગુરુમંત્ર ન લીધો?

- ના, ભાભી.

- પણ તું માંસ ન રાંધતી. મેનિ આપણી જાતની છે એટલે એને રાખી છે. મેનિને પણ ગુરુમંત્ર આપ્યો છે. કલકત્તામાં તો આવું બધું સચવાય નહીં એટલે એ ત્યાં આવવા રાજી નથી.

કુમકુમને લાગ્યું કે એ પોતે બીજા ગ્રહનો જીવ છે.

- વાસી કપડાં બદલ્યાંને?

- આ બદલી આવું.

અજિત જાણે આખું બજાર ઉપાડી લાવ્યો. કુમકુમ મેનિને રસોઈમાં મદદ કરે તો ભ્રષ્ટ થાય, આવું સખત મરજાદીપણું, રાંધવાની બાબતમાં આવા આકરા નિયમ પહેલાં તો આ ઘરમાં નહોતા, કુમકુમને એ બરાબર યાદ હતું.

મેનિએ કહ્યું, 'કુમકુમભાભીને પહેલાં જોયાં હોય તેવું યાદ નથી.'

- ઘણાં વર્ષોથી આવી નથી એટલે.

- કલકત્તામાં ખૂબ મોટું ઘર બંધાવ્યું છે?

- એક વાર આવ.

- પેલી તરફના તાકામાંથી વાસણકુસણ લેતાં નહીં.

- એ ભાભીની રસોઈ માટે છે?

- હા. આ વ્યવસ્થા જુઓ છોને?

મોટા રસોડામાં આ તરફ શાકાહારી, પેલી તરફ માંસાહારી રસોઈ થાય, એથી તો ભાભી એ તરફ જવા નહોતાં દેતાં.

મેનિએ નિસાસો નાખ્યો, ને કહ્યું, 'બધું મારે જ સાચવવાનું, ને ધ્યાન રાખવાનું. આ તરફ સાંધું તો પેલી તરફ તૂટે. અહીંનું પતાવીને નહાવાનું, કપડાં બદલવાનાં, પછી ત્યાં જવાનું.'

રાતે અજિતે કુમકુમને કહ્યું, 'બાપાજીના વખતમાં જે બધા વિધિનિષેધો હતા, તે બધા મોટાભાઈએ સખ્તાઈથી જાળવી રાખ્યા છે.'

- હા. ઘરમાં ક્યાંય મુક્ત વાતાવરણ નથી.

- નીલિમાને સખ્ત બ્રહ્મચર્યનું પાલન કરાવવાનો આ નતીજો. રોગે ઘર ઘાલ્યું.

- તમારે કોઈને મળવું કરવું હોય તો પતાવો.

- કંઈ ચેન નથી પડતું.

- ઘર છોડીને ક્યાંય જવું સલામત નથી.

અજિત ઓળખીતા-પાળખીતાને મળવા ઊપડી ગયો. ફરતાં ફરતાં નાનપણનો સહાધ્યાયી ને હમણાં ટ્યુટોરિયલ હોમનો સંચાલક અનિઉર રહેમાનને ઘેર ચાનાસ્તો કરીને આવ્યો. એથી સુજિતમોહનને ભારે આઘાત લાગ્યો.

ભણતા હોઈએ ત્યારે બધું થઈ શકે અજિત. પણ હવે ? એ વખતે આપણે એને ત્યાં જતા. હવે કોઈ વાર એને ઘરમાં લાવ્યો છું?

પણ મોટાભાઈ! આ હવે એટલે શું વળી?

આ વખતે એમણે નીલિમાને પહેલી વાર જોઈ. સુકાયલું મોઢું, વાળ વિનાનું માથું, આ ડોસી તે નીલિમા. એ અજિત માની જ શક્યો નહીં. એ ઓળખાય એવી રહી જ નહોતી. ગયું. બધું જ ગયું. ઘર ભ્રષ્ટ થઈ ગયું. તમે શી વાત કરો છો, મોટાભાઈ! ઘર ધોવડાવો, ગંગાજળ છંટાવો - ધ્રૂજતી ધ્રૂજતી નીલિમા પાછી ગંગા તરફ ચાલી ગઈ. નવુએ કહ્યું, 'છી, છી; કાકા આટલા વખત પછી આવ્યા ને તમે રજનું ગજ કર્યું?

સુજિતમોહને કહ્યું, 'હું જાણતો હતો કે તમે લોકો શું કહેશો. પણ મારાથી સંસ્કાર છોડી શકાતા નથી. ચારે તરફ બધું જ ઊજળું છે.

બાપદાદાની પરંપરા એક જણે તો જાળવવી જોઈએ. અજિતે ધીરેથી કહ્યું, 'મોટાભાઈ! એ કંઈ એક જણ એકલો થોડો કરી શકે? જે ત્યારે થઈ શકે, તે હવે આજે ન થઈ શકે.

નવુએ કહ્યું, 'આટલું બધું નહોતું. આ મંત્ર લીધા પછી...'

જેઠાણીએ રડવા માંડ્યું.

બીજે દિવસે એ બન્ને ભાગિરથી એક્સપ્રેસ આગળ દેખાયાં. કલકત્તાનું ઘર બંધ કરીને આવ્યાં છીએ, અજિતની ઑફિસ છે. એ બધું સાંભળતાં સાંભળતાં પાછા આવશોને?'

શા માટે નહિ આવીએ, મોટાભાઈ!

કુમકુમે જેઠાણીને દૂરથી જ પ્રણામ કર્યા. એમને વળાવવા આવેલા નવુએ કહ્યું, 'તમે રહેમાનસાહેબનું નામ દીધું હોત તો કશી ધાંધલ ન થાત. હું ક્યાંય જતો નથી. એમને કશું કહેતો નથી.'

હા. મને ખબર નહીં. હવે મને સમજાયું કે મોટાભાઈ તથા ભાભીની કડકાઈને લીધે નીલિમા... ટ્રેન ચાલવા લાગી.

કુમકુમ ભવાં ચઢાવીને બેઠી હતી.


શું વિચાર કરે છે?

કુમકુમે આછું સ્મિત કર્યું.

જો અનુને કલકત્તામાં એને બાંધી રાખે એવું કશું જડ્યું નહિ. તું કહેતી હતી, કે એ બંગાળની બહાર રહેતા બંગાળીનું માનસ છે. બહેરામપુર જવા છતાં આપણે બન્ને ત્યાં હાંફી ગયાં.

હા... આપણને પણ ત્યાંનું કશું બંધન જડ્યું નહીં. બર્લિન અને કલકત્તા. બન્ને એકબીજાંથી ઘણાં દૂર. કલકત્તા અને બહેરામપુર પણ એકબીજાંથી ઘણાં દૂર છે. આપણે પણ જાણે લાંબી મુસાફરી કરીને જ ત્યાં ગયાં હતાં.

બહાર ઝડપથી પસાર થતાં ખેતરોને જોતાં જોતાં કુમકુમે કહ્યું, 'આ વાત અનુને જણાવવી પડશે. છોકરો બિચારો પોતાને ગુનેગાર માનતો અહીંથી ગયો.' □



આપણો પડોશી ગ્રહ મંગળ જેને આવકારે છે તે –

પાથ-ફાઈન્ડર

સુરેશ ર. શાહ

જેવી રીતે પ્રત્યેક ભારતીય માટે ૧૫મી ઑગસ્ટ એક મહાન રાષ્ટ્રિય પર્વ છે એવી જ રીતે અમેરિકામાં પ્રતિવર્ષે ૪થી જુલાઈના રોજ સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી થાય છે. દેશભરમાં જાહેર રજા તો હોય છે જ, ઉપરાંત લોકો પણ તેમનાં મકાનો ઉપર તેમનો રાષ્ટ્રધ્વજ ફરકાવે છે. સંધ્યાટાણે નદીકિનારે કે નગરના ખુલ્લા મેદાનમાં દારૂખાનું ફોડવામાં આવે છે અને તેને જોવા અને માણવા નાનાંમોટાં નગરજનો એકત્ર થાય છે. આ વર્ષે તેમના આનંદમાં એક અદ્ભુત સમાચારે અત્યાધિક વધારો કર્યો.

અમેરિકાના પશ્ચિમ કાંઠાના કેલિફોર્નિયા રાજ્યમાં પસાડેના નામનું એક નગર આવેલું છે, જ્યાં તેમના અંતરિક્ષ વિભાગ - નાસાની એક પ્રયોગશાળા - જેટ પ્રોપ્લશન લેબોરેટરી આવેલી છે. આ લેબોરેટરીમાં તેમના ટોચના વિજ્ઞાનીઓ લગભગ ૬ા કલાકથી કમ્પ્યૂટરોના પડદા ઉપર આતુરતાથી કોઈ સમાચારની રાહ જોઈને બેસી રહ્યા હતા. ત્યાં જ કમ્પ્યૂટરોના પડદા ઉપર પ્રકાશ ફેલાયો અને એક અદ્ભુત અને આનંદદાયક સમાચાર ચમક્યા :

'અમે મંગળની ધરતી ઉપર સફળતાપૂર્વક ઉતરાણ કરી ચૂક્યા છીએ.' અને થોડી જ વારમાં મંગળની ધરતીનું એક અદ્ભુત ચિત્ર પડદા ઉપર ઊપસી આવ્યું. આ પહેલાં લગભગ ૨૧ વર્ષો પૂર્વે ૧૯૭૬માં મંગળ ઉપરના વાઇકિંગ મિશને મંગળનાં ચિત્રો મોકલ્યાં હતાં, પણ આ વેળાનું આ સૌપ્રથમ ચિત્ર વધુ સ્પષ્ટ અને માહિતીસભર હતું. સૌ વિજ્ઞાનીઓ ખુશીના માર્યા નાચી ઊઠ્યા. તેમની ચિંતા અને આતુરતાનો અંત આવ્યો હતો. મળેલી અદ્ભુત અને સચોટ સફળતાના સમાચાર દેશભરમાં ફેલાઈ ગયા અને લોકોમાં પણ આનંદનું એક નવું મોજું ફરી વળ્યું.

નાનકડું અને અદ્ભુત પથશોધક (પાથ-ફાઈન્ડર)

સામાન્ય રીતે કોઈ પણ અંતરિક્ષયાનને અવકાશમાં મોકલવાનો પ્રોજેક્ટ ૧ બિલ્યન ડૉલરથી ઓછો ખર્ચાળ હોતો નથી. (૧ બિલ્યન = ૧૦૦૦ મિલ્યન = એકસો કરોડ) આ પહેલાંયે મંગળ ઉપર ૧૯૭૬માં મોકલાયેલાં વાઈકિંગ મિશનનો ખર્ચ પણ ૩ બિલ્યન ડૉલરનો થયો હતો. વીસ વર્ષ પછીની આર્થિક પરિસ્થિતિ પ્રમાણે તો આજે એ ખર્ચ તેના કરતાં અનેકગણો થાય. પણ આ વેળા નાસાના યુવાન તજ્જ્ઞો અને વિજ્ઞાનીઓએ ઘણી મથામણો, ચર્ચાવિચારણા અને પ્રયોગો પછી મંગળ ઉપરના આ નવા પ્રોજેક્ટ - પથશોધકને ઓછો ખર્ચાળ તેમજ અદ્વિતીય બનાવ્યો અને તેનો ખર્ચ ૨૬૬ મિલ્યન ડૉલરનો સીમિત રાખ્યો.

તેનાં બે મુખ્ય ઘટકો એટલે કે ૧૭૧ મિલ્યન ડૉલરનું લેન્ડર અને ૨૨ મિલ્યન ડૉલરનું હરતુંફરતું અને સરકતું રોવર છ પૈડાંવાળું અને ૨૨ પાઉન્ડ એટલે કે ૧૦ કિલોગ્રામ વજન ધરાવતું આ નાનકડું રોવર એક સ્વયંસંચાલિત રોબૉટ છે. તેમાં નાની ઈલેક્ટ્રિક મોટરો છે, ઉપરાંત કમ્પ્યૂટર આધારિત ઈલેક્ટ્રોનિક મગજ પણ ગોઠવ્યું છે. તેમાં ૬૫૦૦ જેટલાં નાનકડાં ટ્રાન્ઝિસ્ટરો ગોઠવ્યાં છે. આ પહેલાં આવાં કાર્યો કરાવવા માટે તેમાં ઓછામાં ઓછાં ૫૫ લાખ ટ્રાન્ઝિસ્ટરો ગોઠવવાં પડતાં હતાં. આ વેળા તેમણે તૈયાર કરેલું રોવર જો એકાદ અઠવાડિયું પણ મંગળની ધરતી ઉપર ખેડાણ કરી શકે તો તેનાથી અનેકવિધ જાણકારી પ્રાપ્ત થાય અને એ રીતે ખર્ચેલાં નાણાં વસૂલ થયેલાં લાગે. પણ આ રોવરે તો ધાર્યા કરતાં અનેકગણું અધિક અને

અદ્વિતીય કાર્ય કરી બતાવ્યું છે.


અમેરિકામાંથી કાળા અને ગોરા લોકો વચ્ચેનો ભેદભાવ દૂર કરવાની ચળવળના નેતા સોર્જાનર ટ્રુથના નામ ઉપરથી આ રોવરનું નામ સોર્જાનર રખાયું છે. એક ફૂટ વ્યાસનાં છ પૈડાં ધરાવતું અને એક નાના માઈક્રોઓવન જેવા આ નાનકડા સાધન ઉપર સૌર બૅટરીઓ ગોઠવી છે. સૌર ઊર્જાથી ચાલતું આ વાહન મંગળની ખાડાટેકરાવાળી ખડકાળ ભૂમિ ઉપર ધીરે ધીરે સરકે છે. તેનો મહત્તમ વેગ પ્રતિમિનિટે બે ફૂટ જેટલો છે. તેને વધુ ઊર્જા ના મળે તો પણ એકાદ અઠવાડિયા માટે તો તે કાર્યશીલ રહે તેવું તે બનાવાયું છે. બીજા ગ્રહની ધરતી ઉપર ખેડાણ કરનાર આ સૌપ્રથમ રોવર છે. તેમાં જોખમ ટાળવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, જેથી તે પડવા-આથડવાનું ટાળી શકે.

પૃથ્વી ઉપરથી શરૂ કરેલી યાત્રા

ફ્લોરિડાના કેપ કાર્નિવરલ અંતરિક્ષ મથકેથી ડેલ્ટા રોકેટની સહાય વડે ૪થી ડિસેમ્બર ૧૯૯૬ના રોજ આ પથશોધકને અંતરિક્ષમાં મોકલાયું હતું. આ પથશોધકે પ્રતિકલાકે ૧૬૦૦૦ માઈલ એટલે કે ૨૫૬૦૦ કિલોમીટરની ઝંઝાવાતી ઝડપથી મુસાફરી કરીને ૧૧.૯ કરોડ માઈલ દૂર મંગળની ધરતી ઉપર ૪ જુલાઈ ૧૯૯૭ ને શુક્રવારના રોજ બપોરના ૧૧ વાગે ઉતરાણ કર્યું હતું.

આપણો પડોશી ગ્રહ મંગળ ઝંઝાવાતી વાતાવરણ ધરાવે છે. સૂર્યમંડળમાં મંગળ જ એક એવો ગ્રહ છે, જે ઘણી રીતે પૃથ્વી સાથે સામ્ય ધરાવે છે. જોકે તેનું તાપમાન ૨૦૦° જેટલી વધઘટ ધરાવે છે. હાલમાં ઠરી ગયેલો રણવિસ્તાર પહેલાં કોઈ વાર ઘણો ઉષ્ણ હશે અને ઘણો જ ભેજ ધરાવતો હશે. મંગળનું હવામાન ઋતુચક્ર પ્રમાણે બદલાય છે. તેમજ વૈશ્વિક ચક્ર પ્રમાણે પણ

વિરાટ કામે લાગેલું વામન પાથ - ફાઈન્ડર



બદલાય છે. તેથી ત્યાંની આ અંગેની જાણકારી પૃથ્વી ઉપરના આવા ફેરફારો અંગે માહિતી આપી શકે છે.

પૃથ્વીની ધરતી ઉપર લાગતા વાતાવરણના દબાણની સરખામણીમાં મંગળ ઉપરનું વાતાવરણનું દબાણ એક ટકા કરતાં પણ ઓછું છે. પૃથ્વી ઉપરના દિવસ કરતાં મંગળ ઉપર દિવસ માત્ર ૩૭ મિનિટ મોટો છે. પૃથ્વીની ધરી જેવી રીતે થોડીક ત્રાંસી છે એવી જ રીતે મંગળની ભ્રમણાક્ષ પણ થોડી ત્રાંસી છે.

પથશોધકના મંગળ ઉપરના ઉતરાણ માટેનું મેદાન પ્રાચીન ફ્લડ પ્લેન એટલે કે પ્રાચીન નદી સુકાઈ જવાથી બનેલું મેદાન છે. વિજ્ઞાનીઓની માહિતી પ્રમાણે પહેલાં ત્યાં પાણીનાં વહેણ હતાં જે સમય જતાં સુકાઈ ગયાં છે, અને તેથી ત્યાં વિજ્ઞાનની ભાષામાં જેમને સેડિમેન્ટરી ખડકો કે અવસાદી ખડકો કહે છે તે બાકી રહ્યા હોવાની માન્યતા છે. ૧૦૦ માઈલ × ૪૦ માઈલનું આ મેદાન લગભગ સમતોલ જેવું છે, જેથી ઉતરાણ વેળા બીજાં કોઈ વિઘ્નો નડે નહીં.

વિજ્ઞાનીઓના મત પ્રમાણે મંગળ ઉપર ભૂતકાળમાં જીવન હોવાની કે હાલમાં ધરતીની સપાટી હેઠળ અતિસૂક્ષ્મ જીવાણુઓ હોવાની સૌથી અધિક શક્યતા રહેલી છે. આથી ત્યાંના જીવાશ્મીઓનો અભ્યાસ ઘણો ઉપયોગી નીવડી શકે તેમ છે.

પથશોધકનું ભવ્ય ઉતરાણ

આ પથશોધકે યાત્રાના પહેલા દિવસથી જ પ્રતિ કલાકે સોળ હજાર માઈલની ઝડપે તેની યાત્રા આગળ ધપાવી હતી. સામાન્ય રીતે બીજાં યાનો તેમના અંતિમ તબક્કામાં ઉતરાણની પૂર્વ તૈયારી રૂપે ગ્રહ કે ઉપગ્રહની આસપાસ એક કે બે આંટા મારી તેમની ઝડપ ઘટાડતાં હોય છે. આ પથશોધકે તેની ઝડપ ઘટાડવા માટે મંગળની આસપાસ એક પણ આંટો માર્યો નથી, પણ તેની વિશિષ્ટ રચનાથી સીધું જ ઝડપ ઘટાડીને મંગળના વાતાવરણમાં દાખલ થયું અને ઉતરાણ શરૂ કર્યું હતું. ઉતરાણના ૪૮ કલાક પહેલાં મંગળ ઉપરનાં ગુરુત્વાકર્ષણ બળે તેના ઉપર ખેંચાણ-બળ લગાડવું શરૂ કર્યું હતું.

મંગળની ધરતી પર ઊતર્યાની ૩૦ મિનિટ પહેલાં એટલે કે જ્યારે તે ધરતીથી લગભગ ૫૨૦૦ માઈલ દૂર હતું ત્યારે તે તેના મુખ્ય વાહનથી છૂટું પડ્યું અને પથશોધકે હવે તેની મંગળની ધરતી તરફની યાત્રા આગળ ધપાવી અને વધારાનો બોજો દૂર કરી તેનું વજન ઘટાડ્યું.

ઉતરાણની હવે સાત મિનિટ બાકી હતી અને તે મંગળની ધરતીથી લગભગ ૮૦ માઈલ દૂર હતું ત્યારે તે મંગળના વાતાવરણમાં દાખલ થઈ ચૂક્યું હતું. આ વેળાએ તે ૧૪.૮ અંશના કોણે વાતાવરણમાં ઊતરતું હતું, પણ તે શંકુ આકારના ઉષ્માકવચથી રક્ષાયેલું હતું. આ ઉષ્માકવચ મહત્તમ ૧૦૦

મેગાવૉટ ઉષ્મીય ઊર્જાનું શોષણ કરી શકે તેવું બનાવાયું હતું, જેથી વાતાવરણના ઘર્ષણથી ઉત્પન્ન થતી ઉષ્મા સામે તેને રક્ષણ મળી રહે. આ ઉષ્માકવચને ઍરોશેલ તરીકે ઓળખાવાય છે.

હવે જ્યારે મંગળની ધરતી ઉપર ડગ મૂકવાની બે મિનિટ બાકી હતી અને તે ધરતીથી ૩ થી ૪ માઈલ જેટલે ઊંચે હતું ત્યારે તેની ૨૪ ફૂટ વ્યાસની છત્રી-પેરાશૂટ ખૂલી ગઈ અને બીજી ૨૦ સેકન્ડમાં તો તેણે તેનું ઍરોશેલ કવચ પણ દૂર કરી દીધું. હવે તેની મંગળની ધરતીને સ્પર્શવાની ઘડીઓ ગણાતી હતી. લૅન્ડર ઉપરના રડારે મંગળની ધરતીનું બરાબર નિરીક્ષણ કરી લીધું અને ઉતરાણ માટેનું મેદાન પણ નિર્વિઘ્ન હોવાનું નક્કી થઈ ગયું હતું. લૅન્ડર ઉપર વિશિષ્ટ પ્રકારનો કૅમેરા (IMP-કૅમેરા-Imager on Mars Pathfinder) ગોઠવ્યો છે. તેમાં ૨૪ રંગીન ફિલ્ટરો ગોઠવ્યાં છે, જેથી આ કૅમેરા વડે મળતી તસવીરો આ પહેલાં મેળવાયેલી મંગળની ધરતી અને ખડકોની તસવીરો કરતાં અધિક સૂક્ષ્મ બાબતોની નોંધ લે છે.

અદ્ભુત કરામતો

આ વેળાનું ઉતરાણ ઉચ્ચ કક્ષાનું અને અદ્વિતીય હતું. તેની ૨૪ ફૂટની છત્રી ખૂલતાં જ પથશોધકની ઝડપ ૮૦ ટકા જેટલી ઘટી ગઈ. તેની ઉપરના રડારે જ્યારે તેની ઊંચાઈ મંગળની ધરતીથી અંદાજે એક હજાર ફૂટ દર્શાવી ત્યારે તેની છએ બાજુએ વિશાળ હવાના ફુગ્ગાઓ અત્યંત ઝડપતી ફૂલી ગયા અને સમગ્ર પથશોધકને બધી જ બાજુએથી વીંટળાઈ ગયા, જાણે કે આખું ઉપકરણ ફુગ્ગાઓમાં છુપાઈ ગયું હોય! આવી વ્યવસ્થાથી જ્યારે હવે ૮ સેકન્ડ પછી પથશોધક મંગળની ધરતી ઉપર પડે ત્યારે તેને કોઈ નુકસાન ના થાય. હવે તેને સીમામાં રાખતું એક લાંબું દોરડું ખૂલતું જાય છે.

હવે ધરતી ઉપર ડગ મૂકવાની કેવળ ચાર સેકન્ડ બાકી છે અને અંતર ૨૫૦ ફૂટથી પણ ઓછું છે. ત્યારે ઉતરાણની ઝડપ વધુ ઘટાડવા તેમાં રાખેલાં ત્રણ રૉકેટો ફૂટે છે. આથી તેની નીચે ઊતરવાની ઝડપમાં યોગ્ય મર્યાદામાં ઘટાડો થાય છે. આમ, આ નાનકડાં રૉકેટો તેને પ્રતિપ્રવેગ આપે છે એટલે કે તેની ઝડપને વધુ ઘટાડે છે.

અંતે તે જ્યારે ધરતીથી ૬૫ ફૂટ દૂર છે ત્યારે તેનું દોરડું કપાઈ જાય છે. પથશોધક ધરતી ઉપર ભૂસકો મારે છે. આ વેળા તેની ઝડપ પ્રતિ કલાકે ૨૩ા માઈલ જેટલી છે. ધરતી ઉપર અફળાઈને તે ૪૭ ફૂટ ઊંચે સુધી ગયું અને ફરીથી ધરતી ઉપર આવ્યું. આ બીજી વેળા તે ફરીથી ઊછળ્યું અને ૨૩ ફૂટ ઊંચે ગયું અને ત્રીજી વાર તે ધરતી ઉપર આવી શાંત થયું. આમ, જમીન ઉપર પછડાઈ તે ત્રણ વાર ઊછળે છે અને પછી સ્થિર થાય છે.

આ દરમિયાન ફુગ્ગાઓને થયેલા જખમોને લીધે સ્વયં તેમાંથી હવા નીકળી જાય છે. હવે થોડી વારમાં જ સ્થિર થયેલા પથશોધકની ત્રણેય બાજુઓ ખૂલી જાય છે. હવે તેમાંથી શક્તિશાળી કૅમેરા, ઍન્ટિના અને સૌર બૅટરીની પેનલો ખુલ્લી થાય છે અને આળસ મરડીને ઊભાં થતાં હોય તેમ પ્રત્યેક પોતાના સ્થાને ગોઠવાઈ જાય છે, જાણે કે સૂતેલી બિલાડી તેના ઉપર તડકો પડતા તેના પગ સંકોચીને ધીમેધીમે ઊભી થાય તેમ. હવે ૨ ફૂટ લાંબી અને ૧ ફૂટ ઊંચી નાના માઈક્રોવેવ ઓવન કદની રોવરની બગી ધીમે ધીમે સરકતી બહાર આવે છે. અહીંથી પ્રતિ સેકન્ડે ૨૨૫૦ સંકેતો (બીટ્સ) મોકલી શકાય છે.

રોવર એક કહ્યાગરા સહાયક જેટલું જ સ્માર્ટ-શીઘ્રબુદ્ધિ છે. માર્ગમાં અવરોધ આવે ત્યારે તે અવરોધ કેવી રીતે પાર કરવો વગેરે અંગે જાતે જ નિર્ણય લઈ આગળ વધે છે. અવરોધ જો નાનો હોય તો સાર્જોનર તેના ઉપર ચઢીને તેની બીજી બાજુએ ઊતરી જાય છે અને પછી આગળ વધે છે. તેને ખબર છે કે તેનાં પૈડાંની ઊંચાઈ કરતાં બમણી ઊંચાઈને તે આવી રીતે પાર કરી શકે છે. જો અવરોધ બે ફૂટથી મોટો હોય તો તે તેની બાજુએ થઈને આગળ વધે છે.

(આવતે અંકે પૂરું)

બચુભાઈ રાવત જન્મશતાબ્દી

'કુમાર'ના ઘડતરમાં જેમણે પોતાના સમગ્ર અસ્તિત્વને અંત સુધી ઓતપ્રોત રાખ્યું હતું તે 'કુમાર'ના ભૂતપૂર્વ તંત્રી બચુભાઈ રાવતની જન્મશતાબ્દીનું આ વર્ષ છે. ૧૯૯૮ના ફેબ્રુઆરી માસનો 'કુમાર'નો અંક તેમને સમર્પિત હશે.

તેમાં બચુભાઈ રાવતનાં લખાણો એકત્ર કરી પ્રસિદ્ધ કરવાનો ઉપક્રમ રાખ્યો છે. આથી જે કોઈની પાસે કોઈ વિશિષ્ટ મુદ્દાની છણાવટ કરતા બચુભાઈના પત્રો કે અન્ય લખાણો હોય તેમને તે કુમાર કાર્યાલયના સરનામે ઝેરોક્ષ કરીને નવેમ્બર ૧૯૯૭ના અંત સુધીમાં મેકલી આપવાનો અનુરોધ કરીએ છીએ. સ્વ. બચુભાઈના લેખો 'કુમાર' સિવાય અન્યત્ર પ્રકટ થયા હોય અને તેની વિગત જેમની પાસે હોય તેમણે તે પણ મોકલી આપવા વિનંતી કરીએ છીએ.

- તંત્રી

ગઈ કાલ द्वारका આવતી કાલ આજ

— ગોકુલેશ સી. વોરા —

હાલના તબક્કે દેશ અને દેશબહાર એવો પ્રશ્ન ઊઠ્યો છે કે શ્રીકૃષ્ણના સમયની દ્વારકા હાલ ક્યાં છે?

એ વાત સુવિદિત છે કે કૃષ્ણના દેહોત્સર્ગ બાદ દ્વારકા સમુદ્રમાં ગરકાવ થઈ ગઈ. છતાં પણ માનવ-જિજ્ઞાસા જે રીતે માનવીને ભૂતકાળ તરફ ખેંચી જાય છે તે રીતે આપણે પણ જિજ્ઞાસાથી પ્રેરાઈને આ નગરી વિશે માહિતી મેળવવા તત્પર થઈએ છીએ. પરિણામે માનવી ભૂતકાળને શોધવા તરફ દોરવાય છે, જેને કારણે ઇતિહાસ રચાય છે. એ જ રીતે આ નગરી વિશે માહિતી મેળવવા પાછલાં કેટલાંક વર્ષોમાં ઉત્ખનનો-સંશોધનો થતાં રહ્યાં છે.

તાજેતરમાં થયેલાં સંશોધનોથી એવી આશા બંધાઈ છે કે દ્વારકા સૌરાષ્ટ્રમાં હોય તો આ દિશામાં જ હોય. આથી જ આ લેખમાં પ્રાચીન આધારો, તવારીખો અને અન્ય વિદ્વાન લેખકોનાં ઇતિહાસ-સંશોધન, લખાણોને આધારે દ્વારકા વિશે કેટલીક વિશેષ માહિતી અને તારણો આપવાનો પ્રયત્ન કર્યો છે.

શ્રીકૃષ્ણનો ઉપલબ્ધ સમયગાળો

જ્યારે દ્વારકા વિશે કોઈ લેખ લખાતો હોય અને તેમાં દ્વારકા સાથે જોડાયેલા અવિસ્મરણીય નામ શ્રીકૃષ્ણ વિશે વાત ન કરીએ તો દ્વારકા બાબતે કોઈ પણ લેખ અધૂરો જ રહે; અને વળી આ તો ઐતિહાસિક લેખ છે એટલે તેમાં સમયને વિશેષ મહત્ત્વ અપાય તે સ્વાભાવિક છે.

શ્રીકૃષ્ણની ઉપલબ્ધ માહિતીને આધારે એમના જીવનનો ખ્યાલ કરતાં મનમાં અનેક પ્રશ્નો ઉદ્ભવે છે. આ માહિતીઓમાં ક્યાંક ભિન્નતા તો ક્યાંક પરસ્પર વિરોધાભાસ જણાય છે. આથી કોઈ પણ માહિતીમાં સાતત્ય જળવાય તે માટે માહિતી તૈયાર કરનારનો દૃષ્ટિકોણ અતિ મહત્ત્વનો બની રહે છે.


શ્રીકૃષ્ણના સમય વિશે વિચારીએ ત્યારે માહિતી મેળવવા માટે કંઈક અંશે સંશોધનમાં જે સાધનોને દ્વિતીય કક્ષાનાં સાધનો કહે છે તેવાં વૈદિક, બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન સાહિત્યો અને ગ્રીક આધારોને ધ્યાનમાં લેવાં પડે છે. આ બધાં સાહિત્યોમાં કૃષ્ણની માહિતી ક્યાં સાંપડે છે તેનો વિચાર કરીએ તો - **વૈદિક સાહિત્યમાં** ઋગ્વેદ, **બ્રાહ્મણ સાહિત્યમાં** ઉપનિષદ્, પાણિનિ, પતંજલિ, મહાભારત અને પુરાણ, **બૌદ્ધ સાહિત્યમાં** જાતક કથાઓ, **જૈન સાહિત્યમાં** ઉત્તરાધ્યયન સૂત્રો તથા **ગ્રીક આધારોમાં** મેગેસ્થીનીસ અને એરિઅનની નોંધોમાં શ્રીકૃષ્ણની માહિતી સાંપડે છે.

પરંતુ, આ તમામ માહિતીઓ દ્વિતીય કક્ષાનાં સાધનોમાંથી મળી છે; અને જ્યારે ઐતિહાસિક લખાણ તૈયાર થતું હોય ત્યારે જ્યાં સુધી ઐતિહાસિક દૃષ્ટિએ તર્કબદ્ધ દલીલો ન કરવામાં આવે, તર્કયુક્ત વિધાન ન મળે ત્યાં સુધી ઐતિહાસિક દૃષ્ટિએ કોઈ યથાર્થ નિષ્કર્ષ નિષ્પન્ન થતો નથી તથા ઉપરોક્ત તમામ આધારો પરથી જો સમયગાળા વિશે કોઈ નિવેદન કરવાનો પ્રયાસ કરીએ તો નિવેદનમાં વિરોધાભાસ અને ભિન્નતા દેખાય તેવી શક્યતાઓ રહેલી છે. છતાં ઐતિહાસિક દૃષ્ટિએ કોઈ પણ વ્યક્તિ - ખાસ કરીને રાજવી પેઢીઓ વચ્ચેનો કોઈ સરાસરી સમયગાળો ન મૂકીએ ત્યાં સુધી નિશ્ચિત સમય મેળવવો શક્ય નથી. આમ છતાં વિવિધ ઇતિહાસકારોએ, ઇતિહાસ-લેખકોએ અંદાજિત સમયગાળા આપી આપણો આ પ્રશ્ન હલ કર્યો છે. એ સમયગાળા જોઈએ તો, **પાર્જિટર આ સમયગાળો** ('Studies in Epics and Purans'ના આધારે) ૧૮ વર્ષનો આપે છે અને **હાલનાં**

સાગરપેટાળમાંની દ્વારકાની દીવાલ



સમુદ્રનારાયણનું દ્વારકા



મૂર્ધન્ય વિદ્વાન પુષ્કરભાઈ ગોકાણી પોતાના પુસ્તક 'દ્વારકા'માં આ સમયગાળો ૨૨ વર્ષનો આપે છે. આમ, આપણે જો શ્રી પુષ્કરભાઈ ગોકાણીના મતને અનુસરીએ તો શ્રી ગોકાણી વિષ્ણુપુરાણને આધાર માની યુધિષ્ઠિરનો અનુગામી રાજા પરીક્ષિત નંદના રાજ્યાભિષેક સુધીના સમયને અંદાજે ૧૦૧૫ વર્ષ ગણે છે. વળી, **વિષ્ણુપુરાણનાં ૪-૨૪-૩૨મા અધ્યાય** અનુસાર નંદનો રાજ્યકાળ ૧૦૦ વર્ષનો દર્શાવાયો છે અને ઐતિહાસિક રીતે આધારભૂત તથ્યો દ્વારા સિદ્ધ થયું છે કે મહાપદ્માનંદનો સમય ઈ.સ. પૂ. ૩૮૨નો હતો. હવે જો આ તમામ આંકડાઓને આધારે વિચારીએ તો ૧૦૧૫ વર્ષ + ૧૦૦ વર્ષ નંદનું શાસન + ઈ.સ. પૂ. ૩૮૨ મહાપદ્માનંદનો સમય = ઈ.સ. પૂર્વે ૧૪૯૭નો સમયગાળો આપણને મળે છે.

દ્વારિકાનો સંભવતઃ સમયગાળો

ઉપરોક્ત મુદ્દાના અંતે જે નિષ્કર્ષ મળ્યો તેને આધારે ચર્ચાને આગળ વધારીએ તો ઈ.સ. પૂર્વે ૧૪૯૭ની આસપાસ શ્રીકૃષ્ણનો જન્મ થયો હશે અને જ્યારે શ્રીકૃષ્ણે મથુરા છોડ્યું ત્યારે તેમની ઉંમર ૨૪ વર્ષની હતી. એટલે કે **ઈ.સ. પૂ. ૧૪૯૭ - ૨૪ વર્ષ કૃષ્ણની ઉંમર = ઈ.સ. પૂ. ૧૪૭૩ની** આસપાસ દ્વારકાની રચના થઈ હશે તેમ લાગે છે.

પ્રાચીન દ્વારકા માટે થયેલાં ઉત્ખનનો

દ્વારકાને પ્રાચીન સમયમાં કુશસ્થલી, દ્વારાવતી, ઉષામંડ કે ઓખામંડળના નામે ઓળખતા હતા. આવી આ પ્રાચીન નગરી વિશે અનેક ઉત્ખનનો ચાલે છે, જે દ્વારા ગુજરાતમાં, ગુજરાત બહાર, ભારતમાં અને ભારત બહાર પણ વિવિધ સ્થળોને દ્વારકા તરીકે ઓળખાવવાના પ્રયત્નો થયા છે. કોઈ સ્થાન વિશે, જ્યાં સુધી કોઈ નિશ્ચિત નિષ્કર્ષ ન આવે ત્યાં સુધી જે તે સ્થાને, સંશોધન સફળ થવાની આશા જીવંત રહે છે. એટલે આ સ્થાનોને આપણે અવગણી શકતા નથી. પણ જ્યાં સંશોધનની સળંગ કડી મળતી હોય તે વિસ્તારને આપણે નિશ્ચિતપણે ધ્યાનમાં લેવો જોઈએ. આથી, સૌરાષ્ટ્રમાં હાલની દ્વારકાની આસપાસનો પ્રદેશ આપણને સળંગ કડી મેળવી આપવામાં મદદરૂપ થાય છે. તેથી ઉત્ખનનોનું વિશેષ પ્રમાણ તેની આસપાસ જ રાખવું જોઈએ અને એ દિશાને પકડી રાખવા ડૉ. એસ. આર. રાવ પુરુષાર્થ કરી રહ્યા છે અને **તેમણે જે અવશેષો સમુદ્રમાંથી મેળવ્યા છે, તેની વિશેષતા એ છે કે આ અવશેષો દ્વારકાને કિનારે આવેલા સમુદ્રનારાયણ મંદિરની આસપાસ મળ્યા છે. વળી, વર્ષોથી સચવાયેલા સમુદ્રનારાયણ મંદિરનું નામ પણ એ વાતને સમર્થન આપે છે કે ભારતના ઈતિહાસમાં એવાં કેટલાંય સ્થળો અને નામો છે કે જે તે પ્રદેશના સંદર્ભને પુષ્ટિ આપતા હોય. આ મંદિરની રચના પણ એવી છે કે, એના પરથી લાગે છે કે અહીં બંદરીય નગર હતું અને એટલે જ વિશાળ પથ્થરોની દીવાલ ગોમતી નદીને કિનારે બાંધવામાં આવી હતી.**

ડૉ. રાવ માને છે કે દ્વારકા એક નગરરાજ્ય હશે, જે ઉત્તર તરફ છેક બેટદ્વારકા અને દક્ષિણ તરફ ઓખામઢી સુધી ફેલાયેલું હશે.* દ્વારકાનો જે આછો ખ્યાલ મહાભારતમાં મળે છે તે અત્યારે સમુદ્રમાંથી શોધાયેલા અવશેષોને સમર્થન આપે છે. આમ, 'સમુદ્રમાં દ્વારકા ગરકાવ થઈ ગઈ હતી' તેવા ડૉ. રાવના મતને આ ઉત્ખનનોથી સમર્થન મળ્યું છે. આથી, ઉત્ખનનના થયેલા આ પ્રયાસોને આપણે આપણી વિચારધારાની બહાર ન રાખી શકીએ.

આવું જ એક અન્ય સ્થાન કે નામ દ્વારકા જોડે પ્રાચીનકાળથી જોડાયેલું છે અને તે છે રૈવતક. આ નામને નીચેના મુદ્દા દ્વારા ચર્ચી શકાય.

રૈવતક વિશે


જે રીતે દ્વારકા વિશે આધારભૂત અને આધ્યાત્મિક લખાણો મળે છે, તે રીતે અનેક ઉલ્લેખો રૈવતકના સ્થાન વિશે ભિન્ન ભિન્ન મતમતાંતરો આપે છે અને રૈવતક દ્વારકા સાથે જોડાયેલું એક સ્થાન હતું એટલે આ ભિન્ન ભિન્ન માહિતીઓ આપણને દ્વારકાના સ્થાન વિશે વિચારતા કરી મૂકે છે. **રૈવતક કે જેને બરડો તરીકે અત્યારે ઓળખવામાં આવે છે તે હાલમાં ઊભેલી દ્વારકાની નજીક છે અને દ્વારકાની નજીક આવેલા પોરબંદરથી બરડો જેટલું અંતર ધરાવે છે તેટલે અંતરે જ દ્વારકાનું સ્થાન મોટા ભાગે વાસ્તવિક લાગે છે.**

પણ રૈવતક માટે બીજું નામ જૂનાગઢ પાસેના ગિરનારનું પણ આપવામાં આવે છે. તેનાથી હાલમાંનાં દ્વારકા અને સમુદ્ર પણ દૂર છે. એટલે ગિરનારના નામ વિશે વિચાર કરવાનો તો પ્રશ્ન જ ઉપસ્થિત થતો હોય તેમ લાગતું નથી. છતાં પણ જ્યાં સુધી નિષ્કર્ષ ન નીકળે ત્યાં સુધી સચોટ ઉત્તર આપી નથી શકાતો. વળી, ભૌગોલિક સ્થિતિ પણ વિચારવી જોઈએ. **એ દૃષ્ટિએ ગિરનાર રૈવતક હોવા વિશે શંકા જાય છે.**

અહીં એક બાબત તરફ નજર કરીએ કે જે કાંઈ ઉત્ખનનો થયાં છે તે **સમુદ્રનારાયણ મંદિરની પાસે થયાં છે અને એ મંદિરની નજીક જ કાળી ટેકરીઓ પણ આવેલી છે. કદાચ શક્ય છે કે જે સમયે દ્વારકા સમુદ્રમાં ગરકાવ થઈ ગઈ તે સમયે જ રૈવતક પણ સમુદ્રમાં ડૂબી ગયો હોય. એટલે કુદરતના ક્રમ 'સ્થળ ત્યાં જળ અને જળ ત્યાં સ્થળ' જેવી સ્થિતિ સર્જાઈ હોય અને વિશાળ પર્વતના અવશેષરૂપી ટેકરીઓ જ રહી હોય.**

* Dr. S. R. Rao : 'Recent Advances in Marine Archeology', Pg. No. 57

આ વાતનો ઉલ્લેખ એટલા માટે જરૂરી બને છે કે જે કાંઈ સામુદ્રિક ખોદકામો ડૉ. રાવ દ્વારા કરવામાં આવ્યાં તેમાં આ મંદિરની પાસે આવેલી ટેકરીઓની નજીક જ સમુદ્રમાંથી સખત પથ્થરોની દીવાલ મળી આવી છે. આથી લાગે છે કે રૈવતક હશે તો હાલની દ્વારકાની નજીક જ હશે. તેથી દ્વારકાના સ્થાનની સાથે રૈવતકનું સ્થાન નિશ્ચિત કરવું પણ જરૂરી લાગે છે. પણ અહીં આપણી ચર્ચાનો પ્રશ્ન રૈવતકનાં સ્થાન કે હોવા - ન હોવા વિશે નથી. એટલે એટલું જ નિવેદન કરી શકાય કે મોટે ભાગે રૈવતક હોય તો હાલની દ્વારકાની આસપાસ જ હોઈ શકે. તેથી પ્રાચીન દ્વારકા પણ હાલની દ્વારકા આસપાસ હશે.



ડૉ. હસમુખ સાંકળિયા દ્વારા પ્રાચીન દ્વારકા માટે થયેલા ખોદકામનું સ્થિતિચિત્ર.

પ્રથમ કક્ષાનાં સાધનો તરીકે શિલાલેખો અને તામ્રપત્રો

ઉપરોક્ત મુદ્દાઓ દ્વારા થયેલી ચર્ચા પરથી એ બાબત યોગ્ય લાગે છે કે હાલની દ્વારકા આપણા ઉત્ખનનના સ્થાન માટે સ્પષ્ટ અને યોગ્ય સ્થાન છે. વળી, ઇતિહાસ પોતે કોઈ નિશ્ચિત પુરાવા કે માત્ર આધારો ઉપર રચાતો નથી, પણ તે એક સામાજિક વિજ્ઞાન પણ છે. તેથી સ્થળોની પ્રાચીનતા વિશે આધારભૂત તથ્યો સાથે, કે જેમાં શિલાલેખો-તામ્રપત્રો વગેરે દ્વારા અનુમાન કે દલીલ કરવામાં આવે તો, નિશ્ચિતપણે કોઈ એક સર્વસામાન્ય નિષ્કર્ષ પર આવી શકાય. આ રીતે દ્વારકા અંગે સંશોધનો દરમ્યાન શિલાલેખો અને તામ્રપત્રો દ્વારા સંશોધન કરવાનો સતત પ્રયત્ન થતો રહ્યો છે.

આમ, શિલાલેખો દ્વારા જે કંઈ નિષ્કર્ષ કાઢવામાં આવ્યું તે એટલું જ નીકળ્યું કે **શિલાલેખોની લિપિ અને અક્ષરોના મરોડ દ્વારકાને પ્રાચીન ગણાવે છે, પણ શ્રીકૃષ્ણના સમયની પ્રાચીનતા સાથે હજુ તેને સાબિત કરી શકાતું નથી.**

આ સિવાય **આ પ્રદેશમાંથી ઘણાં તામ્રપત્રો પણ મળી આવ્યાં છે, જે સુવાચ્ય પણ છે. તેના આધારે એટલું જ સ્પષ્ટ થાય છે કે ઓખામંડળની દ્વારકા ઈ.સ.ના પ્રારંભ જેટલી જ પ્રાચીનતા ધરાવે છે. પણ કૃષ્ણની દ્વારકા સાથે આજની દ્વારકાની પ્રાચીનતાનો કોઈ જ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી.**

દરિયાઈ સંશોધન : અત્યંત મહત્ત્વના સંશોધન તરીકે

ભૂમિનાં ઉત્ખનનોની સાથે દ્વારકા વિશે દરિયાઈ સંશોધન પણ ચાલી રહ્યું છે.

આમાંથી પ્રાપ્ત થતા અવશેષો જેવા કે મુદ્રકો, શિલાલેખો, પથ્થરોનાં લંગરો, માટીકામના અવશેષો અને અન્ય વસ્તુઓ એવું સિદ્ધ કરે છે કે આ બધી જ વસ્તુઓ ૩૫૦૦ વર્ષ જૂની છે. જ્યારે દ્વારકા દરિયામાં ડૂબી ગઈ ત્યારે કદાચ આ બધું પણ ભૂગર્ભમાં સમાઈ ગયું હશે. પણ જે અવશેષો પ્રાપ્ત થયા છે, એમાં ખાસ કરીને લંગરો એવું સિદ્ધ કરે છે કે દ્વારકાને ઈ.સ. પૂ. ૧૪૦૦થી ઈ.સ. પૂ. ૧૨૦૦ની વચ્ચે સાયપ્રસ અને સિરિયા સાથે સંબંધો હતા અને દરિયાઈ મુસાફરી પણ સુલભ હતી. આથી દરિયાની અંદરની દીવાલના જે થર છે તે એવું સ્પષ્ટપણે દર્શાવે છે કે દરિયાથી દ્વારકાને સુરક્ષિત રાખવા માટે જ આવી દીવાલો તે સમયે રચાઈ હશે.


પ્રો. વેંકટ સુબૈયાહ માને છે કે, 'ડૉ. રાવ દ્વારા થયેલાં સંશોધનો આ પ્રાચીન દ્વારકાને મહાભારતના શ્રીકૃષ્ણ સાથે સાંકળી શકાય તે રીતે ગોઠવે છે. વળી, આ વાતને સમર્થન આપે તેવી અહીંની વિશેષતા એ છે કે લોખંડનાં લંગર અને તાંબા-કાંસાની જે વસ્તુઓ મળી છે, તે રથમાં વપરાતી હોય તેવું લાગે છે.

સમુદ્રનારાયણ મંદિરની નજીક સમુદ્રકિનારે થયેલાં દરિયાઈ સંશોધનો પણ એ ખ્યાલ આપે છે કે, આજની દ્વારકા ભલે શ્રીકૃષ્ણની દ્વારકા ન હોય તો પણ શ્રીકૃષ્ણની દ્વારકાથી દૂર ન હતી.

હાલની દ્વારકાની પ્રાચીનતા વિશે મંતવ્યો અને પ્રાચીન દ્વારકા વિશે હાલની દ્વારકાનું મહત્ત્વ

દ્વારકાના હાલના સ્થળની પ્રાચીનતા વિશે વિચારીએ તો, સાહિત્યો, આધારભૂત લખાણો વગેરે તમામ દસ્તાવેજો આપણને દ્વારકાની ઉપસ્થિતિ વિશે પ્રામાણિકપણે માહિતી આપે છે. પણ હાલની દ્વારકા એ પ્રાચીન દ્વારકા નથી' અને પ્રાચીન દ્વારકાનું ઉત્ખનનકાર્ય ચાલી રહ્યું છે. એટલે સામુદ્રિક સંશોધન અને જમીન પરનાં ઉત્ખનનોમાં જે કાંઈ અવશેષો મળે છે, તે આપણને

સમુદ્રતળમાંથી મળી આવેલા ખીલા, ઘંટ, કમાન વગેરેના અવશેષો.



દ્વારકાની નિશ્ચિત હાજરી વિશે સ્પષ્ટપણે મળતા નથી. આથી જ આપણે હાલમાં મળેલી દ્વારકાને કૃષ્ણની દ્વારકા તરીકે નિશ્ચિતપણે સ્વીકારી શકતા નથી.

પુરાતત્ત્વની દૃષ્ટિએ ડૉ. સાંકળિયા માને છે તે મુજબ ડૉ. જયંતીલાલ ઠાકરને જે અવશેષો મળ્યા છે તેને આધારે હાલની દ્વારકા આશરે ૧૮૦૦ વર્ષ જૂની ગણી શકાય. આ મતના અનુસંધાનમાં તેમણે મંદિરની બાજુમાં એક ઘર ખરીદીને ૨૦ ફૂટ × ૨૦ ફૂટની જગ્યામાં ઉત્ખનન કાર્ય શરૂ કર્યું, જેના ફળ સ્વરૂપ હાલની દ્વારકાની નીચે બીજી છ દ્વારકા ક્રમિક રીતે વસેલી હોય તેવું અનુમાન શક્ય બન્યું.

ચોથી દ્વારકામાંથી પત્થરના મંદિરનું જે શિખર આમલક સાથે મળી આવ્યું તે દર્શાવે છે કે **સૌરાષ્ટ્રમાં દક્ષિણ-પશ્ચિમ કિનારા ઉપર આવેલાં આવાં મંદિરો દ્વારકામાં પણ બંધાયાં હતાં.** વાસ્તવમાં અતિશય પ્રાચીન મંદિરના અવશેષો હજુ પ્રાપ્ત થયા નથી. આના અનુસંધાનમાં સંશોધન ચાલુ રાખતાં બીજી અને પહેલી દ્વારકાના જે અવશેષો પ્રાપ્ત થયા તેમાંનાં ઠીકરાં **'એમ્ફોરા'** નામની માટીના કુંભનાં હતાં. તેનો સમય ઈ.સ. પૂ.ના ત્રીજા શતકનો હશે. આ શતકમાં દ્વારકાનો કેટલોક ભાગ સમુદ્રમાં ડૂબી ગયો હોય તેવા રેતીના પથ્થરના ખડકો અને તેની નીચેથી પાણી પણ મળી આવ્યું. એટલે આવા જ બીજા અવશેષોના આધારે એ અનુમાન શક્ય બન્યું છે કે **સૌથી પહેલી દ્વારકાના પ્રાપ્ત અવશેષો આ દ્વારકાને ઈ.સ. પૂર્વેના બીજા શતકથી ઈ.સ.ના પ્રથમ શતક સુધીમાં મૂકવાને યોગ્ય પુરાવા રજૂ કરે છે. અહીં પ્રાપ્ત થયેલો છ ફૂટ જેટલો રેતીનો થર પુરાતત્ત્વની દૃષ્ટિએ એ પણ સિદ્ધ કરે છે કે આ દ્વારકા સમુદ્રમાં ડૂબી ગઈ હતી.**

આ રીતે, પહેલી અને બીજી દ્વારકાનો સમુદ્રમાં નાશ થયો હશે તે સંશોધનથી સિદ્ધ થયું છે. એ જ નાશ પામેલી દ્વારકા પર ચોથી, પાંચમી અને છઠ્ઠી દ્વારકા વસતાં આ ઊંચાઈવાળો ભાગ હશે. એટલે આ દ્વારકાને સમુદ્ર અડી શક્યો નહીં હોય, એટલે જ પ્રાચીન દ્વારકા કૃષ્ણના દેહોત્સર્ગની સાથે સાથે સમુદ્રમાં ડૂબી ગઈ હતી. તેથી પ્રચલિત માન્યતાને આ પુરાતત્ત્વીય સંશોધન દ્વારા પણ સમર્થન પ્રાપ્ત થાય છે.

સમાપન

આ બધી જ ચર્ચાનું તાત્પર્ય એટલું જ થાય કે હાલની દ્વારકા એ કૃષ્ણની દ્વારકા નથી. પણ સમુદ્રમાં થયેલાં પુરાતત્ત્વીય ઉત્ખનનો આ દ્વારકાની નજીક જ બેટદ્વારકાના નજીકના વિસ્તારમાં જ મહાભારતકાળનું દ્વારકા હશે તથા સંશોધનો દરમ્યાન પ્રાપ્ત થયેલાં પ્રવેશદ્વારો પણ એટલાં પ્રાચીન હોય તેવું પ્રતીત થાય છે. સખત પથ્થરોની બનેલી દીવાલ પણ ભરતી સામે

(અનુસંધાન પૃ. ૬૫૭ પર)

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૪)



જયન્તીલાલ મહેતા

હાઈકોર્ટમાં ઍડ્વોકેટ તરીકે સફળ થવાની અને સર ચીમનલાલ સેતલવાડ જેવા મહાન માણસ થવાની તથા અઢળક નાણાં કમાવાની મુનશીને હવે તલપ લાગી હતી. જિંદગીના પ્રત્યેક તબક્કાને તેમણે નવી લડાઈના તબક્કારૂપે ગણી, જવાંમર્દીથી ઝંઝાવાતો સામે ઝઝૂમી, પડકારો ઝીલવાના હતા. એટલે 'સીધાં ચઢાણ'ની કપરી ટૂક ચડતા સ્વાનુભવી કથાનો તબક્કો શરૂ થતાં મુનશી લખે છે : 'માર્ચની ૧૫મીએ સવારે સાડા અગિયાર વાગે હું કોઈનો ઝબ્બો ને કોઈનાં ફરફરિયાં (બૅરિસ્ટરો કોલર પર બે નાની પટ્ટીઓ બાંધે છે તે 'બેન્ડ્સ'ને આ નામ મેં આપ્યું હતું) પહેરી કોર્ટમાં ન્યાયમૂર્તિ સામે હાથ મિલાવી ઍડ્વોકેટની પંક્તિમાં આવ્યો. ત્યાં મારી નાનમ અને અપૂર્ણતાથી ગભરાયેલો હું બૅરિસ્ટરો વચ્ચે જઈ બેઠો અને જાણે ડૂબતો હોઉં તેવો ભાસ થયો. શાલરાવ, મિનોચહેર ને હીરાલાલ સોલિસિટરો તરફથી મને ત્યાં જ બ્રીફ મળી. સામાન્ય રીતે એડ્વોકેટને વર્ષો સુધી ભાગ્યે જ બ્રીફ મળતી. આ બ્રીફ મને નરૂભાઈની સિફારસથી મળી હતી... જમિયતરામકાકાએ પોતાની ઑફિસની પાસેની સૉલિસિટરની ઑફિસમાં મહિને પંદર રૂપિયા ભાડાની એક ચૅમ્બર મને અપાવી. હું બીજાપુર જેલની ખોલીમાં (પાછળથી) રહ્યો તેનાથી પણ આ ચૅમ્બર ભૂંડી હતી. આ ગુફામાં મારાં આકરાં વર્ષોની વિકટ તપશ્ચર્યા હું કરતો ને તેમાંથી ભૂખ્યા વરુની માફક બ્રીફોની શોધમાં નીકળતો.

'સરસ બોલવાની મારી અશક્તિનું ભાન મને બહુ સાલવા લાગ્યું. તાલિયારખાન, ઝીણા અને સ્ટ્રૉંગમૅન જેવા બૅરિસ્ટરો પાછળ ઊભો રહી હું તેમના અંગ્રેજી શબ્દોના ઉચ્ચારણ ધ્યાનમાં લેતો ને નોંધ કરતો... અંગ્રેજી ભાષા આપણી પરાધીનતાની સખતમાં સખત બેડી છે. દુર્દૈવે સ્વભૂમિમાં પણ પરભાષા વિના પ્રતિષ્ઠા નથી મળતી. અને એ બેડી બંધબેસતી કરવા માટે મારા જીવનમાં સારામાં સારાં વર્ષો મેં ગાળ્યાં છે. આથી મને એક લાભ પણ થયો. એ પરભાષા શીખતાં શૈલી ને સાહિત્યરચના, વાક્પટુતા અને વાર્તાલાપનાં કેટલાંક સનાતન રહસ્યોની મને કંઈક સમજ પડી અને જગતના સાહિત્યસ્વામીઓનો પરિચય કેળવ્યો.'

૧૯૧૨-૧૩માં 'યુનિયન'માં ભવભૂતિ પર વિવાદ હતો ત્યારે મુનશીએ અંગ્રેજીમાં જે વક્તવ્ય આપેલ તે વાંચતાં લાગે છે કે મુનશીને માટે પરદેશી ભાષા બેડી મટી આભૂષણ બની ગઈ હતી. તેમનું વક્તવ્ય ઊંડા અભ્યાસથી શોભતું, સૂત્રાત્મક વાણીથી વિદ્વત્તાસભર, સટિક અને ખૂબ સચોટ હતું. તેમાંનાં કેટલાંક વિધાનો તો યાદગાર છે : 'લિટરેચર બિગિન્સ વિથ ધી એપિક ઍન્ડ એન્ડ્ઝ વિથ ધ ટ્રૅજડિ,' 'ધ વિગરસ મેજિસ્ટિ ઑફ વ્યાસ ઍન્ડ વાલ્મીકિ સો ઇટ્સ કલ્મિનેશન ઇન ધ સ્વીટ ઍન્ડ ઇનેફેબલ પોઇટ્રિ ઑફ ભવભૂતિ.'

'સીધાં ચઢાણ' આગળ વધે છે : ''મંદનશંકરકાકા તો મારામાં પહેલેથી રસ લઈ રહ્યા હતા. હવે જમિયતરામકાકા પણ લેવા લાગ્યા... એમણે ને નરૂભાઈએ નાની નાની બ્રીફો મોકલવા માંડી અને ભૂલાભાઈ જીવણજી દેસાઈની ચેમ્બરમાં મારે વાંચવું એવો નિર્ણય થયો. કાકા મને મૂકીને ચાલ્યા ગયા. જુઓ લાઉન્ડ્સેએ (ભૂલાભાઈ સર જ્યોર્જ લાઉન્ડ્સના શિષ્ય હતા) મને પહેલે દિવસે કહ્યું હતું તે હું તમને કહું છું : 'જો તમે મને ઉપયોગી થશો તો હું તમને ઉપયોગી થઈ પડીશ.' રાત્રે સવા આઠે હું ટાવર આગળથી ટ્રામ પકડું અને થાક્યો હાર્યો બ્રીફની વાટ જોઈ જોઈ અકળાયેલો, ઘવાયેલો, અભિમાનથી રડું રડું થઈ ગયેલો ઘેર આવું. રોજ ને રોજ આ જાતના અનુભવોથી હું રહેંસાતો. હાઈકોર્ટના ક્ષિતિજ પર ભૂલાભાઈ નવા ઊગેલા સૂર્યની ભભકથી ચમકતા હતા. મોટા બૅરિસ્ટરો તેમની અદેખાઈ કરતા. ગુજરાતના સૉલિસિટરો તો એમના સિવાય બીજા કોઈને જોઈ શકતા નહીં. પારસીઓમાં એ પારસીશાહી બની ગયા હતા, 'ભૂલા'નું વહાલસોયું ઉપનામ પામ્યા હતા. ન્યાયાધીશો પણ એમની મીઠી વકાલતથી પાણી પાણી થઈ જતા. ભૂલાભાઈની સ્વાભાવિક કથનશક્તિ શબ્દવૈભવ પર રચાયેલી હતી. એ બોલવા ઊભા થાય ત્યારે શબ્દોનો સ્રોત વહે. ધીમે ધીમે વાક્યો ઘૂંટતા ઘૂંટતા તેમની શક્તિ સ્થિર બને, તેના પર પૃથક્કરણ શક્તિ કાબૂ મેળવે તે પછી એમની વકીલાત ખીલે. ભૂલાભાઈના નિકટના સહવાસથી એમના સ્વભાવનાં જુદાં જુદાં પાસાંઓમાંથી નીકળતા રંગો હું પ્રશંસામુગ્ધ બની જોઈ રહેતો.''

એ જમાનાની મુંબઈની હાઈકોર્ટના માંધાતાઓના યુરોપીય રહેણીકરણી વર્ણવતાં મુનશી 'સીધાં ચઢાણ'માં લખે છે :





ચીમનલાલ સેતલવાડ
← ભૂલાભાઈ દેસાઈ

'યુરોપીય સંસ્કારનું એક મુખ્ય લક્ષણ દારૂ પીવો એ છે. એના વિના અતિથિનો સત્કાર, સત્કાર જ ન લેખાય, ગૃહસ્થમાં સ્થાન ન જ પમાય, ફક્કડાઈની આબરૂ ન મળે, એ ન પીઓ તો તમે 'જોલી ગૂડ ફેલો' તો નહીં જ, તો તમે મુંજી, નાલાયક, વેદિયા, અસંસ્કારી ઢોરમાં જ ખપો. મોન્જીની ક્લબમાં હું જવા માંડ્યો એટલે પાશ્ચાત્ય સંસ્કૃતિના મહાવિધિનાં દર્શન કરવાની મને તક મળી. હું બ્રાહ્મણનો દીકરો, દારૂને કદી સ્પર્શેલો નહીં. જીવનભર ભાવનાશીલતાને ધર્મ માનેલો. 'હું અધમ થતો જાઉં છું, મારે દારૂ પીવો પડ્યો..' સુરાપાનને મેં શિષ્ટતાનું લક્ષણ માની અપનાવી લીધું. જ્યારે કોઈ દબાણ કરે કે બે ચમચી લઉં... દારૂ પીવો ને પાવો મેં ગૃહસ્થનાં લક્ષણ તરીકે અપનાવ્યું.

પરંતુ માંસભક્ષણ અને બ્રીજ રમવાની મુનશીએ વકીલ મિત્રોના આગ્રહ છતાં છેવટ સુધી ના જ પાડી અને એટલા વેદિયા બ્રાહ્મણ રહી ગયા!


''૧૯૧૭ના મે માસમાં ભૂલાભાઈ અને ઇચ્છાબહેન મને દાર્જીલિંગ લઈ ગયાં. એ વખતે સર જગદીશચંદ્ર બોઝે અમને ચા પીવા નિમંત્ર્યા. સર જગદીશ અમને એક વૃક્ષ પાસે લઈ ગયા અને તેની નીચે બાંકડો હતો તે દેખાડ્યો : 'આ ઝાડ નીચે બેસી ઋષિઓની વિશ્વબંધુત્વની ભાવનાનું સ્મરણ કરતાં મને સત્યનું ભાન થયું તે આ શોધ કરવાનો માર્ગ જડ્યો. એ જ વખતે શંકરલાલ બેન્કર ત્યાં આવ્યા. શંકરલાલે એક નવું ટીખળ કાઢ્યું. અમે બંગાળીઓને મળીએ ત્યારે તેમાંનો કોઈ ને કોઈ દુનિયાનું કંઈ ને કંઈ મહાન કાર્ય કરતો હોય એમ અમને કહેવામાં આવતું : 'આ દુનિયાના પ્રખર અર્થસાસ્ત્રી', 'આ ભાઈ જગવિખ્યાત ઇતિહાસકાર', 'આ બંગાળના કવિશિરોમણિ.'''

આજે ૮૦ વર્ષ બાદ ઈ.સ. ૧૯૯૭માં પણ બંગાળીઓ આવી જ ગુરુતા ગ્રંથિથી પીડાય છે અને પરિણામે હકીકતમાં ભારતના બીજા પ્રદેશો કરતાં તે ઘણા પાછા પડતા જાય છે તે મારા ૫૦ વર્ષના બંગાળના વસવાટે અમને સમજાવ્યું છે. પડી કુટેવ તે કેમ ટળે?

'સીધાં ચઢાણ' આગળ ચાલે છે : ''દાર્જીલિંગ જગતનાં રમણીય સ્થળોમાં અદ્‌ભુત છે. એના સ્વચ્છ રસ્તાઓ, ઘાટીલા બંગલાઓ, ગુલાબો રચેલી ચારે તરફ પ્રસરતી વાડો, પ્રશાંત પણ ચેતનપ્રદ હતાં અને ક્ષિતિજ પર રચાયેલાં હિમાલયનાં શિખરોની મેખલા, એ બધાંને ઓપાવતી સનાતન હિમે ભવ્ય કંચનગંગાની શિખરાવલિ - જાણે ભગવાન શંકર આડા પડી જગતને પોતાના સ્મિતથી જ કલ્યાણમય કરતા હોય! હું આખો દિવસ કાલિદાસના 'કુમારસંભવ'માંથી 'અસ્ત્યુત્તરસ્યાં દિશિ દેવતાત્મા હિમાલયો નામ નગાધિરાજઃ' રટ્યા કરતો. હિમાલયે આપણું સ્થૂલ, ને સૂક્ષ્મ જીવન કેમ રચ્યું, કેળવ્યું, વિકસાવ્યું ને અભેદ્ય કર્યું તેનો કંઈક ખ્યાલ આવ્યો. હિમાલય શંભુનો સ્થૂલ દેહ છે. શંભુ હિમાલયના અધિષ્ઠાતા છે અને એ બન્નેના સંકલનથી જગદુદ્ધારિણી આર્યત્વની ભાવના વહે છે. પાછળથી વિકસેલી આ મારી વિચારસરણીનાં મૂળ એ દાર્જિલિંગના દર્શનમાં છે.''

મુનશી 'સીધાં ચઢાણ'માં કેટલાક જેમણે તેમના જીવન પર સીધી કે આડકતરી, ઓછી કે વત્તી પણ અસર પાડી હોય તેમનાં રેખાચિત્રો દોરે છે. તેમાંથી થોડી પ્રસાદી લેતાં તે કાળના ભારતના આ મહાનગર મુંબઈના મહારથીઓ વિષે આછોપાતળો ખ્યાલ પણ આવશે : ''મુંબઈની હાઈકોર્ટના જ્હોન ડંકન ઇન્વેરારીટિનું નામ તો પુરાણના મહાપુરુષ જેવું છે. સદાય સ્મરણીય ને પૂજનીય નહીં તો પ્રશસ્ય તો ખરું જ. મુંબઈના ધારાશાસ્ત્રીઓના મંડળના તે નેતા હતા. ઇન્વેરારિટીએ સહેજે એકાદ કરોડ રૂપિયા ભેગા કર્યા હતા. પણ ભાયખાલા ક્લબની એક નાની ઓરડીમાં તે પડી રહેતા... કોઈની સાથે હિંદમાં એણે સ્નેહસંબંધ આદર્યો હોય એવું જાણમાં નથી... છ મહિના મુંબઈમાં વકાલત કરવી, પાંચ મહિના સ્કોટલૅન્ડમાં શિકાર કરવો - એ સિવાય જીવનમાં એમને બીજી કોઈ આકાંક્ષા ન હતી... હિન્દને તો એણે પૈસા લૂંટવાનું ક્ષેત્ર માન્યું હતું.''

''...ઇન્વરેરિટી પછી મુંબઈની હાઈકોર્ટના મહાન ધારાશાસ્ત્રી ચીમનભાઈ - ચીમનલાલ હરિલાલ સેતલવાડ. આ સમયે તેમને માટે સેવેલા માનની અને તેમના સમાગમની મારા પણ ઘણી અસર થઈ. તલવારની ધાર જેવું ચાતુર્ય, સ્પષ્ટદર્શી બુદ્ધિ, ન્યાયવાદી વાક્‌પાટવ, ને અખૂટ આત્મશ્રદ્ધાથી એ તરત અગ્રસ્થાન પામ્યા. મિજાજી ન્યાયમૂર્તિ કેન્ડી જોડે તે આથડી પડ્યા. એ ન્યાયમૂર્તિ હાઈકોર્ટમાં આવ્યા. એક અગત્યની અરજી




તમિળનાડના પલની ખાતે સુબ્રહ્મણ્ય સ્વામી (કાર્તિકેય)ના મંદિરના ગભારા ઉપરનું સુવર્ણમંડિત શિખર

ફોટો] [પ્રતાપકુમાર કટ્રેચા



ફોટો] ગંગોત્રીની સવાર [પ્રતાપકુમાર કટ્રેચા



ચિત્ર] રેતમધ્યે કૂબા [દેવજીભાઈ વાજા



ચિત્રકાર] કુક્કુટ [શૅગલ



પશ્ચિમ આફ્રિકાની ખિસકોલી



કર્ણાટકની લોકકલામાં ઉપયોગાતી ચર્મપૂતળી (પપેટ)



[ચિત્રકાર] પશુરાજ્ય [યામિની રૉય

કરવા ચીમનભાઈ તેમની ચેમ્બરમાં ગયા. ન્યાયધીશ તરત જમીને ઊઠ્યા હતા અને ઊભા ઊભા સિગાર ફૂંકતા હતા. ઓરિજીનલ સાઈડના વિનયથી કેન્ડી અજાણ હતા. ન પોતે બેઠા કે ન ચીમનભાઈને તેમણે બેસવાનું કહ્યું. ચીમનભાઈ સ્વસ્થતાથી ખુરશી પર બેસી ગયા.

ન્યાયમૂર્તિએ ગુસ્સે થઈ અપમાનપૂર્વક પૂછ્યું : 'હું ઊભો છું ને તમે કેમ બેસી ગયા?'

આંખની એક પલક પણ ફરકી નહીં. ને ચીમનભાઈએ કહ્યું : 'હું બહુ દિલગીર છું. પણ મને એમ કે તમે બેસી જશો. હવે તમે બેસી જઈ શકો છો.'

ન્યાયમૂર્તિ કેન્ડી બેસી ગયા ને અરજી સાંભળી.

'એક વખત મુખ્ય ન્યાયમૂર્તિ મેકલાઉડે એ બોલતા હતા તેનાથી બીજા જુદા મુદ્દા પર આવવા કહ્યું.

'નામદાર થોભો, હું મારા ક્રમ પ્રમાણે એ મુદ્દા પર આવું છું.'

'પણ એ મુદ્દા પર તમારે શું કહેવું છે?' મેકલાઉડે પૂછ્યું.

'દરેક મુદ્દા એના ક્રમ પ્રમાણે.' કહી ચીમનભાઈએ એમની ગોઠવેલી રીતે જ પોતાના મુદ્દાઓ રજૂ કર્યા.

'મેં જોયેલા ધારાશાસ્ત્રીઓમાં ખરું શાસ્ત્રીય ગૌરવ ને અદાલતને યોગ્ય વાક્પાટવ તો ચીમનભાઈનું જ. કેટલાક મોટા મુકદમાઓમાં એ મારા સિનિયર હતા અને સિનિયર તરીકે એ હંમેશાં પ્રોત્સાહક તેમજ વિશ્વાસુ અને વિશ્વસનીય બનતા. એ ન્યાયાસને બેઠા ત્યારે એમનો સત્કાર કરવા થયેલા વ્યાખ્યાનના જવાબમાં એમણે સૂત્ર ઉચ્ચાર્યું : 'ન્યાય કરવો એટલું પૂરતું નથી, જગતે જાણવું જોઈએ કે ન્યાય મળે છે. (આ સૂત્ર આપણું ન્યાયતંત્ર હમણાં હમણાં ઈ.સ. ૧૯૯૬થી ફરી અમલમાં મૂકવા લાગ્યું છે તે રીઢા રાજકારણીઓને ખૂંચવા લાગ્યું છે.) ચીમનભાઈનો સ્વભાવ સદાય રંગીલો, ભરૂચી. એંશી વર્ષે આજે (૧૯૪૩)માં પણ એમનો આત્મા જુવાન છે. હાઈકોર્ટની લાયબ્રેરીમાં બેસી નવા ધારાશાસ્ત્રીના ઉત્સાહથી એ ગપ્પાં મારી શકે છે. ટુચકાઓ કહી સંભળાવે, મશ્કરી ચાલતી હોય તો તેમાં પણ રસ લે; પોતે મશ્કરીના વિષય બનતા હોય તો પણ આનંદ લે; ધારાશાસ્ત્રીઓની પ્રતિષ્ઠાની વાત આવતી હોય તો હજુ પણ લડે. મુંબઈ ધારાશાસ્ત્રી મંડળના એ ભીષ્મપિતામહ. બધાની પ્રશંસા, માન અને સદ્ભાવના ધણી - ભૂલાભાઈ પણ એમને ગુરુ માનતા, એટલે મારે મન તો ગુરુણાં ગુરુ:. ગાંધીજી અને ચીમનભાઈ છેલ્લાં ત્રીસ વર્ષના મોટામાં મોટા ગુજરાતીઓ. બંનેના સ્વભાવ વચ્ચે મૂળભૂત વિસંવાદ. ગાંધીજીની વ્યાવહારિકતા એમની જ્વલંત ભાવનાશીલતાની દાસી છે, જ્યારે ચીમનભાઈનું વ્યાવહારિકપણું એકચક્રે રાજ્ય કરતી સામ્રાજ્ઞી છે. ચીમનભાઈ જાણે છે કે હું ગાંધીજીનો ભક્ત છું. ગાંધીજી જાણે છે કે ચીમનભાઈ મારે મન કુટુંબી વડીલસમાં પૂજ્ય છે. અંગત સ્નેહસંબંધો હું તોડી શકતો નથી. સ્નેહસંબંધો એ તો જીવનની સુવાસ છે - પૈસાથી, વિવેકથી અને પક્ષાપક્ષીથી પર મારા આ સિદ્ધાંતથી કેટલાકને મારામાં અસંતોષ ને અવિશ્વાસ ઊપજ્યો છે. પણ તેનું મને દુઃખ નથી.''

અને હવે વાંચીએ ભારતમાતાના ભાગલા પડાવનાર અને પાકિસ્તાનના સ્થાપક કાયદેઆઝમ મહમ્મદઅલી ઝીણા વિષે : ''મહમ્મદઅલી ઝીણા ને હું અત્યારે એકબીજાથી જુદી જ દુનિયામાં ફરીએ છીએ. એક વખતે અમે ખૂબ નિકટ હતા. ઝીણાનો તાપ ભારે હતો. એ ફક્કડ પણ ખરા ને અક્કડ પણ ખરા. એના અભિનય નાટકી ને રોફીલા. એની અંગ્રેજી બોલવાની રીત ફક્કડ અને સચોટ. એમાં તોર પણ ખરો. ઝીણા કાયદા કરતાં સામાની ત્રુટિ પકડી પાડવામાં વધારે નિપુણ. છટાથી, હસીને કે આંજીને ન્યાયાધીશ પાસે ધાર્યું કામ કરાવી લે.

'મારા પર એમનો ઘણો સદ્ભાવ હતો. પછી તો હું હોમરૂપ લીગનો મંત્રી થયો ત્યારે એ પ્રમુખ હતા. આથી અમારો સંબંધ વધુ ગાઢ થયો. મૈત્રીમાંથી અંગત સંબંધનાં તત્ત્વો એ નિતારી નાખતા. એક દહાડો કૉન્ફરન્સ પછી અમે બંને આડીતેડી વાતો કરતા બેઠા હતા. એ વખતે એમના પર કૌટુંબિક આફતનાં વાદળ ઝઝૂમતાં હતાં. મેં પૂછ્યું : 'ઝીણા, તમારી તબિયત ઠીક નથી?' એમણે એમની છટાભરી ટેવથી કપાળ પર આવેલ વાળ ઊંચા કર્યા ને કહ્યું, 'મુનશી, તમને ખબર નથી કે મારા પર શી વીતે છે.' પછી એણે હોઠ બીડી દીધા ને અંતરની વ્યથા પર તરત પડદો પાડી દીધો.''

એકબે વધુ ચરિત્રરેખાઓ માણીએ : ''મંગળની ને મારી ઓળખાણ વધારે જૂની. ૧૯૧૧-૧૨માં કપોળ છાત્રાલયના ગૃહપતિ ને મારા મિત્ર ખુશાલદાસ પારેખ મને છાત્રાલયના વાદમંડળમાં ભાષણ કરવા બોલાવી ગયા. ત્યાં મંગળ અને એના મોટાભાઈ મને મળ્યા. મંગળનું મને કોઈએ ઓળખાણ આપ્યું : 'આ વિલ્સન કોલેજના ઍડમન્ડ બર્ક પ્રથમ દર્શને પ્રેમ થાય એમ અમારી મૈત્રી થઈ. ૧૯૧૪માં મંગળ બૅરિસ્ટર થઈને આવ્યો. ને ભૂલાભાઈના ગુરુકુળમાં જોડાયો. અમે રોજ ચિંતા કરતા કે પેટ પૂરતી કમાણી થઈ શકશે કે નહીં? મંગળ મારી માફક ધનહીન નહોતો. એનાં સગાંવહાલાં પૈસાપાત્ર હતાં. અમારા ગુરુ તરફથી કંઈક ઓછું, આવે તો મંગળ એક ટકોરામાં ગુસ્સો ઉતારી દે. એ મજાકમાં એક તુક્કો એને કહેતો : 'મંગળ દસ વર્ષ હું ગમે તેમ ખેંચીશ. પ્રાણ પટકીને મહેનત કરીશ. ૧૫મી માર્ચ ૧૯૨૩ને દિવસે મને લાગશે કે હું હારી ગયો ત્યારે મારા સૉલિસિટર મિત્રોને

જમવા તેડીશ. બીજે દહાડે મારું મુડદું મારી સાક્ષી પૂરશે.' મંગળ હંમેશાં કહે : 'જો જે, તે દહાડે મને બોલાવ્યો છે તો.''

આખરે ફરી એક વાર ભૂલાભાઈ દેસાઈ વિષે : 'ભૂલાભાઈએ હોમરૂલ લીગમાંથી રાજીનામું આપ્યું. અમારો અંગત અને ધંધાનો સંબંધ જોતાં મારે પણ રાજીનામું આપવું જોઈએ એમ એમને સ્વાભાવિક રીતે લાગ્યું. હું મારા રાજકીય આચારને અને અંગત કે ધંધાના સંબંધને પરાસ્પરાવલંબી બનાવવા માગતો ન હતો. ડિસેમ્બરની છેલ્લી તારીખોમાં કોર્ટ બંધ થવાની હતી ત્યારે ભૂલાભાઈએ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો : લીગમાં અને એમના ગુરુકુળમાં એકી વખતે મારું સ્થાન નહોતું. ગુસ્સાના ઉદ્વેગથી ભર્યો હું ઘેર ગયો. ઘવાયેલા સ્વમાનથી મારો પિત્તો ઊકળેલો હતો. ભૂલાભાઈના વિશ્વાસુ 'ભૂત'માંથી પદભ્રષ્ટ થતાં મારી થોડી કમાણી ચાલી જશે એ વિચારે હું કાંપતો હતો. આવો વિષાદયોગ આવે છે ત્યારે મારું મન છટકી જાય છે. ત્રણ દહાડાથી વધારે અન્ન જે બ્રાહ્મણ રાખે એનું આયાવર્તમાં સ્થાન નથી એ સૂત્ર યાદ આવે છે. નાતાલની રજા પછી કોર્ટ ખૂલી ને તે જ દહાડે ઝીણાને ખબર પડી : 'મુનશી તમને નોટિસ ટુ ક્વિટ મળી છે. આજ સાંજથી મારો ચેમ્બર તમારા માટે ખુલ્લો છે.' મેં ઉપકાર માન્યો ને ના કહી : 'એ તો ધંધામાં મારા ગુરુ છે. એમના જ ચેમ્બરમાં મારું સ્થાન છે.' ૧૯૨૨ના ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બરની મારી આવક વિશુદ્ધ બ્રાહ્મણને તો રૌરવ નરકના અધિકારી બનાવે એટલી મોટી હતી.''

પરંતુ મુનશી રૌરવ નરકને બદલે ત્યારે પોતાને લાગતા સૃષ્ટિ પરની સ્વર્ગભૂમિ સમાન માથેરાન ઉર્ફે 'મધ્યરણ્ય'માં બંગલો લઈ હવાફેર કરવા વરસમાં બે ત્રણ વાર જઈ રહેવા લાગ્યા. આ 'મધ્વરણ્ય'નું વર્ણન 'સીધાં ચઢાણ' આમ કરે છે : ''...જે રમણીય ગિરિગ્રામ પરથી સાગર અને સહ્યાદ્રિ બન્નેના સુભગ દર્શન થાય છે. અલકાપુરીથી પણ રમ્ય એવી મુમ્બાપુરીથી એ ઘણું પાસે છે; અને જે આર્ત હોય, જિજ્ઞાસુ હોય અને અર્થાર્થી હોય - એવા ત્રણ પ્રકારના લોકો એનો આશ્રય લે છે. આ અરણ્યમાં મધ કહેતાં મધુ ઘણું થાય છે. ચારુલતા નામની અપ્સરાના સ્નાનથી સુંદર થયેલું ત્યાંના સરોવરનું પાણી છે, સમીરની લહેર ત્યાં મીઠી આવે છે. ત્યાં વૃક્ષોએ લીલા મોટા ચંદરવા રચ્યા છે. ત્યાં ડોલતા કુસુમથી ભરચક ઝાડીઓ વચ્ચે વનદેવીઓના સુકુમાર પાદસ્પર્શો માટે અસ્પષ્ટ પગથીઓ છે. ત્યાં સુમધુર પંખીઓ વિરહી હૃદયમાં રસટહુકારના પડઘા પાડે છે, ત્યાં મરુતો ગહ્વરોમાં મૃદુ સંગીત રેલાવે છે અને આખી સૃષ્ટિ ત્યાં ગાનમુગ્ધ થઈ ડોલે છે. ત્યાં કોઈક વાર નીચે ખીણમાં ગોવાળિયાની વાંસળી જમુનાને પેલે તીર વાજતી, રાધારીઝવતા નટવરની બંસરી શી પોતાના મોહક ધ્વનિથી સંધ્યાની આહ્લાદકતા ઉત્તેજે છે...''

માથેરાનમાં મુનશી જીવનમાં પ્રથમ વાર પર્વત જુએ છે અને પર્વતીય પ્રકૃતિની રમણીયતાના પ્રેમમાં પડી તેમની કલમ ન્હાનાલાલીય શબ્દલાલિત્યથી લસે છે તેનો આ નાનકડો નમૂનો છે. આ માથેરાનમાં ગળાતા વેકેશનોમાં જ મુનશીની સાહિત્યિક સર્જકતા ખીલે છે, ઊભરે છે. ૧૯૧૪માં 'વેરની વસૂલાત', ૧૯૧૫માં 'કોનો વાંક' અને 'પાટણની પ્રભુતા', ૧૯૧૬માં 'ગુજરાતનો નાથ' અને ૧૯૧૯માં 'પૃથિવીવલ્લભ' માથેરાનમાં જ લખાયાં તેમ 'સીધાં ચઢાણ' નોંધે છે. ૧૯૨૨ના ઓક્ટોબરમાં મુનશી ભાવનાત્મક અપૂર્વતા ને જીવનનો સિદ્ધાંત પણ માથેરાનના બલવર્ધન (બોલ્વેડિઅર પોઈન્ટ) શૃંગ પર બેસી લે છે અને આ સીલસીલો ૧૯૪૨ સુધી ચાલે છે. જ્યારે તેમની આત્મકથાના અમુક ભાગો પણ માથેરાનમાં જ લખાય છે. આમ, માથેરાન મુનશીનાં જીવન અને કવનનો એક અંતરંગ હિસ્સો બની જાય છે. એટલો ગાઢ સ્નેહનાતો તેમને માથેરાન સાથે જોડતો રહે છે. જોકે આજે મુનશીના કાળનું એ માથેરાન સૌંદર્યધામ રહ્યું નથી. ટૂરિસ્ટ સેન્ટર બની ત્યાં માણસ નામનું પ્રદૂષણ ભરપૂર પ્રકોપ્યું છે. (ક્રમશઃ)

સંગીતશાસ્ત્ર-૯

હસુ યાજ્ઞિક

સ્વરના શણગાર

આપણી એક જાણીતી કહેણી છે :

એક નૂર આદમી, હજાર નૂર કપડાં
લાખ નૂર ટાપટીપ, કરોડ નૂર નખરાં !

માણસનું પોતાનું જે દેહસૌષ્ઠવ છે, બાહ્ય એવું શરીરનું સૌન્દર્ય છે, એનું નૂર એટલે કે તેજ છે, તે તો વ્યક્તિના સૌન્દર્યનો પ્રભાવ જન્માવવામાં એક ટકો જ ભાગ ભજવે છે. ગમે એટલું આકર્ષક શરીર-સૌષ્ઠવ હોય, એનું સૌન્દર્ય હોય, પરંતુ એ શરીરને અનુરૂપ એવાં વસ્ત્રો ન હોય એ સૌષ્ઠવ-સૌન્દર્યનો કોઈ પ્રભાવ રહેતો નથી. શરીર-સૌન્દર્ય-સૌષ્ઠવ કરતાં હજાર ગણું મૂલ્ય પ્રભાવ જન્માવવામાં યોગ્ય પરિધાન છે. પરંતુ સૌષ્ઠવ-સૌન્દર્ય સારાં; કપડાં સારાં, પણ પહેરતાં ન આવડ્યું હોય તો? ધોતી-સાડી કલાત્મક રીતે પહેરાતી એ જમાનાની આ વાત છે. સૌષ્ઠવ-સૌન્દર્ય સારાં હોય, કપડાં સારાં હોય, પહેર્યાં પણ ઉચિત રીતે હોય પરંતુ જો વાંકાટેઢા ઊભા રહો, કઢંગી ચાલ હોય, વાણી-વર્તન અનુચિત હોય તો એ ત્રણે પાણીનાં મૂલનાં. એ દીપે છે ઉચિત એવી ઊભા રહેવા, ચાલવા, બોલવાની રીત હોય તો. આ જ વાત સ્વરને લાગુ પડે છે. સ્વર તો છે માત્ર બાર : સા, <u>રે</u>, રે, <u>ગ</u>, ગ, મ, મા, પ, <u>ધ</u>, ધ, <u>નિ</u>, નિ. આ બાર સ્વરોનું ખરું સૌન્દર્ય તો એના લગાવમાં છે. કયો સ્વર ક્યાં કેવી રીતે લેવો, એ બરાબર જાણો તો જ એ સ્વરૂપને એની રંજકતાના સૌન્દર્ય સાથે પ્રયોજી શકાય.

કોઈ કહેશે - ભાઈ, સ્વર એટલે સ્વર. એને એની નિશ્ચિત ઊંચાઈ છે, એ રીતે એને લેવાનો. હા, ભાઈ તમે કહ્યું તે સાચું છે, પરંતુ એ ઊંચાઈ પર સીધો કૂદકો મારવાનો નથી. જરાય થડકો ન આવે ને ઝડપથી, નિશ્ચિતથી ગતિ થતી રહે એવી આ વાત છે - અશ્વની રેવાલ ચાલ જેવી. હંસગામિની અને ગજગામિની પોતપોતાની રીતે સુંદર છે. સિંહની ડાંફ અને મોરની ચાલ પોતપોતાની રીતે ગૌરવ અને ગરવાઈનાં ઘર માંડતાં હોય છે એ જાણો છો? સાહિત્યકલા માટે કહેવાય છે : શું કહ્યું એ મહત્ત્વનું નથી, જેટલું કેવી રીતે કહ્યું મહત્ત્વનું હોય છે. રીતિ: આત્મા કાવ્યસ્ય. આ કથન સ્વરને પણ લાગુ પડે છે. કયો સ્વર લેવો એ મહત્ત્વનું છે તેથી વિશેષ તો એ કેવી રીતે લેવો એનું મહત્ત્વ છે. કેમ કે સ્વરનો એ પ્રવાસ જ સ્વરના સૌન્દર્યને ઘડે છે. જેમ શિલ્પકાર ટાંકણા વડે પથ્થર કંડારી મૂર્તિ બનાવે છે તેમ શુષ્ક એવા સ્વરને સજીવ બનાવવાનો છે. શબ્દ એટલે સાહિત્યકલામાં અર્થવહનના માત્ર સિક્કા નથી. અર્થ, અવાજ અને ઔચિત્ય ત્રણેની કસોટીએ ચઢી શબ્દ પ્રયોજાય. કાલિદાસના કાવ્યની મલ્લિનાથીય ટીકા વાંચો કે કોઈ શૈલીવિજ્ઞાનની દૃષ્ટિએ કોમલ-કાંતપદાવલી કેમ રચાય છે, એનો વિચાર કરો. શબ્દ એ સાહિત્યનું સર્વાત્મ સામર્થ્ય પ્રયોજાતું સજીવ ઉપકરણ છે. સ્વર એવું જ, કદાચ એથી પણ આદકેરું ઉપકરણ છે. શબ્દની પાસે તો પરંપરાએ, પ્રયોગોએ, શબ્દકોશોએ નિશ્ચિત કરેલો અર્થ પણ હોય છે અને એનો લાભ સાહિત્યકલાના સર્જકને મળતો હોય છે. સંગીતકારને આ લાભ મળતો નથી. અર્થ તો એણે ઉમેરવાનો છે સ્વરને ભાવવાહક બનાવીને.

આ દૃષ્ટિએ કોઈ પણ સ્વર મુખ્ય બે પ્રકારના લખાય છે. અર્થાત્ બે રીતે સ્વર લઈ શકો. સીધો અને સૌન્દર્યમંડિત, અલંકૃત an embellishing note. સીધો સ્વર કે ખડો સ્વર તો સીધી જ રેખાનો પ્રવાસ છે. જે સ્વર છે એ સ્વર પર જ પહોંચવાનું. આ તો સીધો મુકામ. પરંતુ અલંકારમંડિત સ્વર લેવાનો પ્રવાસમાર્ગ સીધો નથી - દ્વારા દ્વારા કે વાયા વાયા જવાનો મુકામ છે. લેવો છે ધૈવત ધ. આ 'ધ' પર 'પ' પરથી 'ધ' પર જઈ શકાય. 'નિ' પરથી 'ધ' પર જઈ શકાય. એટલે કે નીચેના સ્વરથી આરંભ કરીને મુકામે પહોંચો. અથવા ઉપરના સ્વરોથી આરંભ કરીને પહોંચો. આ ક્રિયા તે ઘસીટ અને મીંડ. આમ બધી જ વખતે ન થાય. જ્યારે જે જરૂરી હોય તે પ્રમાણે થાય. એનો કોઈ નિયમ ખરો? ના. દેખીતો, કહી શકાય, દેખાડી શકાય એવો કોઈ નિયમ નહીં. છતાં જેમ વ્યાકરણના પ્રકટ જ્ઞાન વગર પણ માણસ સાચી ભાષા, શુદ્ધ ભાષા બોલી શકે છે તેમ કેળવાયેલા કાનની આંતરસૂઝથી કલાકાર અસંપ્રજ્ઞાત રીતે જ સ્વર લે છે. રાગનું સ્વરૂપ એને માર્ગદર્શન આપે છે. 'રે' પછી 'પ' લો તો મલ્હાર ન લાગે. 'રે'થી મીંડ લઈને 'પ' પર પહોંચે ત્યારે શ્રાવણ ખડો થાય. અને 'પ' પર થોડું શ્વાસ ખાવા રોકાઈને મીંડનો પ્રવાસ પાછો નીચે ઊતરે અને કોમળ ગાંધાર સુધી પહોંચે ત્યારે જ એ ઝરમરતા શ્રાવણ વચ્ચે 'આયી બરખા' પરંતુ 'પિયા બિદેશી'નો ભાવ આકાર લેવા લાગે; અને ગાંધારથી ફરી 'મ' આવી 'રે' પર ઊતરે કે વરસતા શ્રાવણ વચ્ચે દઝાડતી વિરહની વેદના

મૂર્તરૂપ લે. રે...પ...ગ...મ...રે આ કામ કરે, આ લગાવ સાથેની સ્વર-ક્રિયા થાય તો. સીધા એ સ્વર લો, વચ્ચેની શ્રુતિના સ્વરોના મુકામ વટાવી જાવ તો હરણું કૂદતું હોવાનો ભાસ થાય. સ્વર એ જ, પરંતુ એક નૂર આદમી...

સમજાય એવું દૃષ્ટાંત લઈએ. ક્યારેક ભાવાનુરૂપ સ્વર લગાવવા રાગના સ્વરૂપને ભૂલીને ખડા સ્વર પણ લેવા પડે. બધે જ કંઈ અલંકૃત મંડિત સ્વર ન ચાલે. ક્યાંક તો સ્વભાવોક્તિ જ જોઈએ. તલવાર ન કરે તે કામ સોય કરે, એના જેવું. રાગ માલકૌંસ. બધાંને નહીં તો મોટાભાગને પરિચિત. યાદ કરો ફિલ્મ 'બૈજુ-બાવરા'નું અદ્‌ભુત ગીત : 'મન તડપત હરિદર્શનકો આજ.' આ રાગ જ મીંડયુક્ત સ્વરોનો. ગમક એનો પ્રાણ. કોઈ સ્વર ખડો ન લાગે. સા ગ મ ધ નિ ગમક સાથે લેવાય તો જ માલકૌંસ. એમ ન લો તો... યાદ કરો પંડિત ૐકારનાથ ઠાકુર 'પીર ન જાની' વિલંબિત એકતાલની રચના. 'પગ ઘુંઘર બાંધ મીરાં નાચી રે' ત્રિતાલની રચના. ગમક એટલે શું, એનો પ્રકટ સાક્ષાત્કાર ૐકારનાથ કરાવે છે. કોઈ ગીત માલકૌંસનું, કોઈ ચીજ, કોઈ ગત આ રાગરાજની ગમક વગર ન જ હોય. હા, યાદ છે મિત્ર! 'યે કહાની હૈ દિયે કી ઔર તુફ઼ાનકી?' એ ખરેખર નિર્બલકી લડાઈ બલવાનસે કરી ગયું સફળતાથી. રાગ માલકૌંસના જ સ્વરો. પરંતુ ગમક નહીં. ખડા સ્વરો? શા માટે? ગીતનો ભાવ જ ઉદ્‌બોધન છે, કૂચગીત જેવો. તુફાન સામે લડવાનું છે નાનકડા દીવાને! નિર્બળને બળવાન સામે. છતાં એ કાયર નથી. હિમ્મતથી હામ ભીડે છે અને એ જે વીરત્વ છે તે ખડા સ્વરો જ સિદ્ધ કરી શકે. અહીં ગમક ન ચાલે. એટલે જ કહ્યું, સાહિત્ય શું, સંગીત શું, અલંકાર જરૂરી જ નહીં અનિવાર્ય હોય તો જ સૌન્દર્યવર્ધક બને અન્યથા મૂળ સૌન્દર્યને પણ હાનિ પહોંચાડતા થપેડા. અલંકાર હોવાથી જે થાય એ ક્વચિત્ અલંકાર ન હોવાથી જ નીપજે, એનું આ ઉદાહરણ. એટલે તો નિરાભરણ મોટું આભૂષણ. સ્વભાવોક્તિ આ રીતે જ અલંકાર નહીં હોવાનો અલંકાર. આ દૃષ્ટિએ ખડો સ્વર અને અલંકૃત Embellishing બન્ને યથાસ્થાને પ્રયોજાય છે. બન્ને ક્ષેત્રો સૌન્દર્યને નિખારવાનું કામ કરે છે.

સ્વરને અલંકૃત લેવા માટેની જે ભિન્ન ભિન્ન પદ્ધતિઓ છે તેમાં ઝમઝમા, કણ, મીંડ, ઘસીટ, ખટકા, ઝટકા, સૂત, ગમક, મૂરકી મુખ્ય છે. એ વિશે વિગતે જાણીએ. સ્વરના આ પ્રકારના લગાવ માટેના લિપિચિહ્નો નિશ્ચિત થયાં છે, પરંતુ કોઈ સ્વર એના આગળના કે પાછળના સ્વરની શ્રુતિ પરથી લેવો હોય, કે કોઈ સ્વર લઈને આછી અપ્રકટ કે અમુખરિત અનાયાસ એવી મીંડ લઈને એ સ્વર નીચેના પંચમ, મધ્યમ કે ષડ્જ પર ઊતરી જવું હોય, તો તે માટેના નિશ્ચિત થયેલા ચિહ્નો નથી. 'My Music My Life'માં પંડિત રવિશંકરે સપાટ અને મૂર્ચ્છનામાં સ્વરને અલંકૃત રીતે લેવાની પદ્ધતિ સમજાવી છે, તે છે તો સિતારના સંદર્ભમાં પરંતુ ઉપયોગી સર્વ ગાયક-વાદકને બને તેવી છે. આ માટેની ટાઈપોગ્રાફી પણ તેમાં પ્રયોજાઈ છે તે સહુ કોઈ સંગીતજ્ઞે અપનાવવા જેવી છે. જો નિ઼ પરથી સા લેવો હોય તો મુખ્ય સ્વર જે 'સા' છે તેની જમણી બાજુ ઉપર બતાવ્યો છે અને જો 'સા' લઈને 'રે' પર ઊતરીને તે શ્રુતિના લાભ સાથે તે સ્વર અલંકૃત કરવાનો હોય તો તેને સ્વરની ડાબી બાજુ ઉપર દર્શાવ્યો છે. કણસ્વરને તો મુખ્યસ્વરની બરાબર ઉપર જ રાખવાનું પ્રચલિત છે. અહીં સ્વરાંકનના મુદ્રણની દૃષ્ટિએ એક ઉપયોગી સૂચન કરવાનું કે સામાન્ય લખાણ - રનિંગ મેટરનું લખાણ - ટાઈપ કમ્પોઝ કરીએ છીએ એ રીતે સ્વરાંકન કમ્પોઝ ન કરવું જોઈએ. સ્વરાંકનમાં સ્વરની ઉપર તથા સ્વરની નીચે નાના ટાઈપનો પણ બીજો સ્વર મૂકવાનું ક્વચિત જરૂરી બનતું હોય છે, સ્વર ઉપર અને નીચે માત્ર – (ડેશ) ` (માત્રા) . (બિંદુ) એટલાં ચિહ્નો જેટલી જગ્યા પૂરતી નથી. આથી મુદ્રણ માટે કમ્પોઝ કરાતા સ્વરાંકનમાં બે લીટી વચ્ચે વિશેષ જગ્યા છોડવી જોઈએ. ત્રણ માળ છે, એમ ધારીને કમ્પોઝ કરતાં ઉપર તથા નીચે સામાન્ય રનિંગ મેટર કરતાં વિશેષ જગ્યા છોડવી જોઈએ. આટલી વાત સમજાયા પછી હવે નીચેની ટાઈપોગ્રાફી અને તેના અર્થ જાણો :

ગ
રે અહીં મુખ્ય સ્વર 'રે' છે, 'ગ'નો કણ લેવાનો છે.

ધ
પ અહીં મુખ્ય સ્વર 'પ' છે, 'ધ' પરથી 'પ' લેવાનો છે.

મ
ગ અહીં મુખ્ય સ્વર 'ગ' છે, તે લઈ 'મ' પર શ્રુતિ પૂર્ણ કરવાની છે.

હવે સ્વરલગાવના, સ્વરને અન્ય સ્વરોની સહાયે અલંકૃત રીતે લેવાની જે વિવિધ રીત છે, તેના જે ભિન્ન ભિન્ન પ્રકારો છે તે જાણીએ :

(૧) ઝમઝમા : સ્વરને ખડો લેવાને બદલે આંદોલન કે કંપન સાથે લેવામાં આવે છે ત્યારે એને ઝમઝમા કહેવામાં આવે છે. સ્વરનું ગુંજન એકધારું સતત થવાને બદલે એ સ્વરની શ્રુતિ વચ્ચે વચ્ચે બંધ થઈ જાય છે આથી તે સ્વરની શ્રુતિના ત્રણ, ચાર કે વિશેષ ભાગ પડે છે. વાદક આંગળીના દબાણની વધઘટ કરીને અને ગાયક સ્વરતંતુની આછી ધ્રુજારીથી ઝમઝમાની ક્રિયા કરે છે. અલંકૃત સ્વરલગાવનો આ પાયો છે. એના પર કાબૂ આવ્યા પછી જ ઘસીટ, મીંડ, કણ, મુરકી વગેરે બરાબર લઈ શકાય છે. ગમકના પાયામાં પણ આ સ્વરનો ઝમઝમાયુક્ત લગાવ છે. બધામાં મુખ્ય સ્વરની શ્રુતિ વચ્ચે અટકે છે. સ્વરના સૂક્ષ્મ ખંડ કે વિભાગો પાડે છે. ઝમઝમા

બીજા પ્રકારોથી ભિન્ન એ રીતે છે કે મુખ્ય સ્વરની શ્રુતિ અટકે છે ત્યારે વચ્ચે બીજી કોઈ સ્વરની શ્રુતિ પરોવાતી નથી. કણ લઈએ ત્યારે મુખ્ય સ્વરની શ્રુતિ અટકે છે તે ખાલી જગ્યામાં કણના સ્વરની શ્રુતિ પ્રવેશે છે. ઘસીટ-મીંડમાં એ મુખ્ય સ્વરની શ્રુતિ પરથી જ બીજી શ્રુતિ પર જવાનું હોય છે. આથી કણ, ઘસીટ-મીંડ-સૂત, ગમક વગેરેમાં એક શ્રુતિ પરથી બીજી શ્રુતિ પર જવાનું હોય છે. શ્રુતિઓની કર્ણરંજક માળા રચવાની હોય છે. શ્રુતિ અટકતી નથી, પ્રવાસ કરે છે. એમાં બીજી શ્રુતિ ઉમેરાય છે.

(૨) કણ : કોઈ સ્વર ગાતાં કે વગાડતાં તેના આગળના કે પાછળના કોઈ સ્વરની શ્રુતિ લેવામાં આવે છે, તેને તે સ્વરનો કણ કહેવામાં આવે છે. વાદક ઈષત્ સ્પર્શથી આ શ્રુતિ સમાવે છે. ગાયક મુખ્યસ્વરની શ્રુતિને ઉપર કે નીચે લઈ જઈને ઈષત્ સ્પર્શે તે ઉપર કે નીચેની શ્રુતિને મુખ્ય સ્વર સાથે જોડે છે અને એ રીતે જ મુખ્ય સ્વરને અલંકૃત કરી તેનું માધુર્ય સિદ્ધ કરે છે.

(૩) મીંડ : કોઈ મુખ્ય સ્વરની શ્રુતિને ઉપર કે નીચેના સ્વરની શ્રુતિ સાથે સાંકળવાનું કામ કરતી ક્રિયાને મીંડ કહવામાં આવે છે. આ પણ મુખ્ય બે સ્વરો વચ્ચેની શ્રુતિની યાત્રા છે. અહીં શ્રુતિને લયયુક્ત નિશ્ચિત ગતિએ એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવામાં આવે છે. સામાન્ય રીતે જો નીચેના સ્વરથી આરંભ કરીને ઉપરના સ્વરે પહોંચાડવાનું હોય તો જ એ ક્રિયાને મીંડ કહી શકાય. 'રે'થી 'પ' પહોંચીએ અને 'રે'ની શ્રુતિ પરથી સીધી 'પ'ના શ્રુતિસ્થાન પર પહોંચવાને બદલે વચ્ચેની શ્રુતિઓનો પણ નાદ ધ્વનિમાં લઈને 'પ' પર પહોંચીએ તો રીષભથી પંચમ સ્વરની મીંડ લીધી, એમ કહેવાય. આ ક્રિયામાં બે મુખ્યસ્વરો વચ્ચેની શ્રુતિઓનો નાદ પણ ભળે છે તેથી ઘૂંટાઈને પુષ્ટ થયેલો નાદ અહીં સંભળાય છે અને ખડા સ્વરો કરતાં જુદો એવો ઘૂંટાયેલો કર્ણપ્રિય લાગે એવો ધ્વનિ પેદા થાય છે. આમ, તાત્ત્વિક રીતે નીચેના સ્વરથી ઉપરના સ્વરને વચ્ચેની શ્રુતિઓના લાભ સાથેનો ધ્વનિ પ્રાપ્ત કરવા માટેની સ્વર લગાવની પ્રક્રિયા તે મીંડ છે.

પ ધ નિ સાં – એ રીતે મીંડ દર્શાવી શકાય.

રે પ એ રીતે પણ મીંડ દર્શાવી શકાય. જ્યાં વચ્ચેના સ્વરો દર્શાવ્યા હોય ત્યાં તે તે સ્વરોની શ્રુતિને પ્રકટ રીતે લઈને છેલ્લા સ્વરની શ્રુતિ સુધી પહોંચવાનું હોય છે. પરંતુ જ્યાં વચ્ચેના સ્વરો દર્શાવ્યા ન હોય ત્યાં વચ્ચેના રાગવાચક સ્વરોની શ્રુતિને પ્રચ્છન્ન રીતે લેવાની છે. રાગ મીયાંમલ્હાર હોય અને 'રે'થી 'પ'ની મીંડ હોય તો એ મીંડમાં કોમળ ગાંધાર અને મધ્યમની શ્રુતિઓ પ્રચ્છન્ન રૂપમાં આવશે. પરંતુ શ્રુતિને નીચેથી ઉપર ખેંચીએ છીએ એટલે વચ્ચેના મુકામમાં શુદ્ધ ગાંધાર અને તીવ્ર મધ્યમ તો આવવાના છે, પરંતુ એ સ્થાનોની શ્રુતિઓ સીધી જ ઓળંગી જવાની છે. આ બધું કોઈ પ્રકટ ખ્યાલ કે નિયમથી નથી થતું, પરંતુ રાગના સ્વરૂપના ચિત્ત પર દૃઢ સંસ્કાર પડેલા હોય છે. આથી અસંપ્રજ્ઞાત રીતે જ ગળું કે વાદ્ય એ પ્રકારની જ શ્રુતિઓ લેતું આગળના મુકામે સરતું જાય છે. કોઈ પણ ભાવને સઘન કરવામાં, મીંડ જ મુખ્ય ભાગ ભજવે છે. કોમળ <u>રે</u> ને પોતાનો નાદ છે. એની નિશ્ચિત શ્રુતિ છે. પરંતુ સીધો કોમળ રીષભ લેવાને બદલે મધ્યમથી ઘસીટ લઈને રીષભ પર પહોંચીએ છીએ ત્યારે એની શ્રુતિને ઘનતાથી, અન્ય શ્રુતિઓના સાહચર્યની સહાયે નવું જ સૌન્દર્ય મળે છે.

(૪) ઘસીટ : જ્યારે કોઈ ઉપલા સ્વરથી વચ્ચેના સ્વરોની શ્રુતિઓ લઈને નીચેના સ્વર સુધી પહોંચવાનું હોય છે ત્યારે એને ઘસીટ કહે છે. આ ક્રિયા પણ મીંડ જેવી જ છે. પરંતુ નીચેના સ્વરથી ઉપરનો સ્વર લેવો તે મીંડ અને ઉપરના સ્વરથી નીચેના સ્વરને લેવો, તે ઘસીટ - આવો સૂક્ષ્મ ભેદ છે. પરંતુ સામાન્ય રીતે ઘસીટને બદલે મીંડ એવો પર્યાય જ ઉપયોગમાં લેવાતો હોય છે. 'રે' થી 'પ' મીંડ છે, પરંતુ 'પ' થી 'રે' ઘસીટ છે. ક્યારેક મુરકીની જેમ ઉપરથી નીચે જઈ ફરી ઉપર કે નીચેથી ઉપર જઈ ફરી નીચે મીંડ અને ઘસીટથી જવાનું હોય છે.

નિ ધ નિ સાં – એ મલ્હાર પ્રકાર રાગવાચક છૂટા સ્વરોથી ન લઈ મીંડ ઘસીટથી લેવાતો હોય છે. આમાં કોમળ '<u>નિ</u>' પરથી શુદ્ધ 'ધ' પર નીચે ઊતરવાનું છે અને તે પછી 'ધ' પરથી જ સીધા શુદ્ધ 'નિ' પર પકૉસાં તાર - ષડજ લેવાય છે. આ ક્રિયામાં પહેલાં ઘસીટ છે અને પછી મીંડ છે. આમ, જેમાં ઘસીટ અને મીંડ બન્ને છે એવા લગાવને સંકુલ મીંડ કહેવી હોય તો કહી શકાય. <u>નિ</u>ધનિસાં સ્વર તો બહારમાં પણ છે. પરંતુ તે બહારમાં છૂટા અને ખડા લેવાય છે. પરંતુ મલ્હાર પ્રકારમાં એ જ સ્વરો આવી સંકુલ મીંડથી જ લેવાય છે. આમ, સ્વરજૂથો એક જ હોય, સમાન હોય, પરંતુ આવી સ્વરલગાવની ભિન્નતાને કારણે તે સમાન સ્વરોમાંથી જન્મતા ધ્વનિઓનું સ્વરૂપ પણ ભિન્ન લાગે છે અને તે રાગ-વાચક છે. અનેક રાગો એવા છે જેમાં મોટા ભાગના સ્વરો સમાન હોય, સ્વરજૂથો સમાન હોય, આવા સ્વરજૂથો જ તે રાગના રાગવાચક ધ્વનિવિશેષો કે પકડસ્વર હોય, આવા સ્વરજુથો જ તે રાગના રાગવાચક ધ્વનિવિશેષો કે પકડસ્વર હોય, પરંતુ એ સ્વરો લેવાની કિયાની ભિન્નતાને કારણે તેનું ધ્વનિગત સ્વરૂપ જુદું લાગે છે, અને આ જુદાપણું જ રાગવાચક સ્વરજૂથ બને છે. **(ક્રમશઃ)**

પુરાતત્ત્વશાસ્ત્ર (૪)

સુરેન્દ્રનાથ નિફાડકર

આગ્નેય એશિયામાં થાઈલૅન્ડ ખાતે ગોરમન નામના સંશોધકે પુરાતત્ત્વ સંશોધન કર્યું, ત્યારે તેને સ્પિરિટ કેવ્ઝ નામની ગુફાઓમાં ત્યાંના માનવીના આઠનવ હજાર વર્ષ પહેલાં સ્થિર જીવન અંગેના કેટલાક પુરાવા સાંપડ્યા. નોન-નોક-થા ગામે ઉત્ખનન કરતાં ત્યાં આશરે સાડાપાંચ હજાર વર્ષ પહેલાં બીબાંમાં ઢાળેલી બ્રોન્ઝની અનેક વસ્તુઓ મળી આવી. આ વસ્તુઓને અતિપ્રાચીન પુરાવા તરીકે માનવામાં આવે છે.

૧૯૭૦થી ૮૦ દરમ્યાન જપાનમાં વિશાળ પાયે ઉત્ખનન કરતાં ત્યાંના દસ-અગિયાર હજાર વર્ષ પહેલાંના ખેડૂતોએ બનાવેલાં માટીનાં વાસણો મળી આવ્યાં. આ ખેડૂતો 'જોમેન' નામની સંસ્કૃતિના હતા એવું સંશોધકોનું અનુમાન છે. જપાનમાં થતા વારંવારના ધરતીકંપથી ત્યાં ઉત્ખનન કરતી વેળા ક્યારેક અનેક વિઘ્નો આવે છે. તેમ છતાં એ દેશમાં કેટલાયે પ્રાચીન અવશેષો ધરતીના ગર્ભમાં દટાયેલા હશે એવું સંશોધકો માને છે.

ચીનના પ્રાગૈતિહાસિક કાળનાં સંશોધનનું શ્રેય ગુન્નર એંડરસન નામના સ્વિડિશ સંશોધકના ફાળે જાય છે. આ ભૂસ્તરશાસ્ત્રીએ ચીનમાં રહી પુરાપાષાણ અને નવપાષાણ યુગનાં અનેક સંશોધનો કર્યાં. ચીનના અન્યાંગ ગામે કરેલું ઉત્ખનન ત્યાંનું સૌથી વિશાળ ઉત્ખનન ગણાય છે. અન્યાંગ એક સમયે મોટામાં મોટું શહેર અને શાંગ રાજવંશનું પાટનગર હતું.

ચીનમાં છેલ્લાં ૩૦-૩૫ વર્ષોથી પુરાતત્ત્વ સંશોધન થતું હોવા છતાં એ દેશની સામ્યવાદી રાજનીતિના કારણે તેની માહિતી બહાર આવતી નથી. તેમ છતાં વિસ્વપર્યટક અને 'કુમાર'માં 'સ્થિર નદી, સરતાં નીર' શીર્ષક ધરાવતી પ્રવાસ અંગેની લેખમાળાનાં લેખિકા પ્રીતિ સેનગુપ્તાએ ચીનના ૧૩ સમ્રાટોનાં કબરની, ભવ્ય મહેલની અને અન્ય માહિતી આપેલ છે જેનું સ્મરણ તાજું થાય છે.

આફ્રિકા ખંડમાં ઈજિપ્ત દેશની પ્રાચીન વૈભવશાળી સંસ્કૃતિ અગ્રેસર હોવાથી અને નેપોલિઅન બોનાપાર્ટની જિજ્ઞાસુ વૃત્તિના કારણે પુરાતત્ત્વ સંશોધકોએ 'ઈજિપ્ત'ને પોતાનું લક્ષ બનાવ્યું. નેપોલિઅને ઇજિપ્તના યુદ્ધ વખતે પોતાની સાથે કેટલાક સંશોધકો પણ રાખ્યા હતા. તેમને એલેક્ઝાંડ્રિયા પાસેના રોઝેટા ગામે એક શિલાલેખ મળી આવ્યો. તેના પર પ્રાચીન ઇજિપ્શન, ડેમોટિક અને ગ્રીક ભાષાના લેખ કોતર્યા હતા. ભાષા ભલે જુદી જુદી હતી, પરંતુ લેખનો આશય એક જ હોવાની સંશોધકોની ખાતરી થઈ. ૧૮૨૨માં એ ત્રણે લિપી ઉકેલવાના પ્રયત્ન શરૂ થયા. આ પ્રયત્નોને ઠેઠ એકસો વર્ષ બાદ એટલે કે ૧૯૨૨માં યશ મળ્યો. શાંપોલિઓ નામના ફ્રેંચ સંશોધકે રોઝેટાના શિલાલેખ પરની લિપીઓ ઉકેલી આપ્યા બાદ ઇજિપ્તની પ્રાચીન સંસ્કૃતિ પર પ્રકાશ પડ્યો અને ઇજિપ્તની સંસ્કૃતિ અતિપ્રાચીન હોવા બાબતે નિષ્ણાતો એકમત થયા.

૧૮૨૮માં ફ્રાન્સની બીજી ટુકડી ઇજિપ્તમાં ગઈ. એ ટુકડીએ ન્યૂબિયા ગામના ઉત્ખનનમાં મળી આવેલા અવશેષોના અભ્યાસના આધારે મેંઝિસ ગામે ઉત્ખનન કર્યું. પ્રાચીન ઇજિપ્શન લિપીનો ઉકેલ આવવાથી એ દેશના ઉત્ખનન-કાર્યને ખૂબ જ ગતિ મળી. ટુકડીએ ૧૮૫૦ સુધી ઘણાં ઉત્ખનનો કરી ઇજિપ્તના મૂલ્યવાન અવશેષો બહાર કાઢ્યા. પરંતુ આ સંશોધન પાછળ તેમનો લૂંટનો જ હેતુ હતો. ક્યારેક તો સંશોધકો જ એકબીજા સાથે બાખડી પડતા, મારામારી કરતા. તેમાં બેલઝોની નામનો એક પુરાતત્ત્વવિદ 'દાદા' ગણાતો! તેમ છતાં સંશોધન પાછળની તેની લગની અજબની હતી! મજૂરો સાથે બારબાર કલાક તે જાતે ખોદકામ કરતો. મેળવેલ અવશેષોનો અભ્યાસ કરતો અને પછી જ સ્વદેશ મોકલતો.

પરંતુ આ લૂંટ વધુ ન ચાલી. ૧૮૫૮માં મેરિએટ નામના પુરાતત્ત્વ સંશોધકની ઇજિપ્તની પુરાતત્ત્વ સંસ્થાના વડા તરીકે નિમણૂક થતાં જ તેણે ઇજિપ્તના અવશેષો ઇજિપ્તમાં રહે તે માટે કાયદો ઘડી તેનો કડક અમલ કરાવ્યો. તેણે પોતાના નેતૃત્વ હેઠળ ગિઝે, સક્કારા અને એબિડોસ ખાતે ઉત્ખનન કરાવી ઇજિપ્તની પ્રાચીન સંસ્કૃતિનો પરિચય કરાવતા બહુમૂલ્ય અવશેષો શોધી કાઢ્યા. ઇજિપ્તના પ્રાચીન વૈભવની સ્વદેશની પ્રજાને ઝાંખી કરાવવા મેરિએટે પૅરિસમાં જ ઇજિપ્તના અવશેષોનું ભવ્ય પ્રદર્શન આયોજિત કર્યું. એ વર્ષ ૧૮૬૭નું હતું. ઇજિપ્તના પ્રાચીન અવશેષો ઇજિપ્તમાં જ રહે તે માટે તેણે કાયરો ખાતે રાષ્ટ્રિય સંગ્રહાલયની સ્થાપના કરી. તેની આ કામગીરી બિરદાવી ઇજિપ્તના લોકો તેને સ્વદેશના પુરાતત્ત્વ સંશોધનના પિતા માનવા લાગ્યા.

ઈ.સ. ૧૮૧૧માં ગેસ્ટન મૅચપેરો નામનો સંશોધક મેરિએટનો અનુગામી બન્યો. તેણે ખાનગી ઉત્ખનકોને કામ કરવાની અનુમતિ આપી. સાથે સાથે મળેલ અવશેષો ઇજિપ્ત બહાર ન જાય તેની પાકી તકેદારી સુધ્ધાં રાખી. તેણે પોતે સક્કારા ખાતે વધુ ઉત્ખનન કરતાં પ્રસિદ્ધ એવાં 'પિરામિડ લેખ' (Pyramid Texts) મળી આવ્યા. ઇજિપ્તનો દટાયેલો ભવ્ય ભૂતકાળ બહાર આવવાથી જર્મન, સ્વીસ અને અમેરિકન સંશોધકોએ કાયરો ખાતે પુરાતત્ત્વ સંશોધન અંગેની સંસ્થાઓની

સ્થાપના કરી. ઇજિપ્તમાં પગલે પગલે પ્રાચીન અવશેષો દટાયેલા હોવાનું જોઈને ઇંગ્લંડ અને ફ્રાન્સમાં ઇજિપ્તની પુરાતન સંસ્કૃતિનો અભ્યાસ કરવા સંસ્થાઓ સ્થપાઈ. બ્રિટિશરોના વતી ફ્લિન્ડર્સ પેટ્રી નામના સંશોધકે ઇજિપ્તમાં સતત ૪૦ વર્ષ સુધી પુરાતત્ત્વ સંશોધન કરી અવશેષોના ક્રમ-કાળની (Sequence Dating) પદ્ધતિ શોધી. માનવ સંસ્કૃતિની ઉત્ક્રાંતિના અભ્યાસ માટે અવશેષરૂપે મળેલ નાનામાં નાની વસ્તુઓ, હથિયારો, હાડકાં, ઠીકરાં વગેરેનું કેટલું મહત્ત્વ હોય છે તે ફ્લિન્ડર્સ પેટ્રીએ સાબિત કર્યું. અભ્યાસનો નિચોડ કાઢી પેટ્રીએ ઇજિપ્તના પ્રાચીન અવશેષો પર અનેક ગ્રંથો લખ્યા.

આફ્રિકાના અન્ય દેશોમાં પુરાતત્ત્વ સંશોધનો થઈ રહ્યાં છે. ડૉ. લીકો નામના સંશોધકે કેન્યા અને ટાંઝાનિયા ખાતે ઉત્ખનન કરતા ત્યાં પાષાણયુગના કેટલાક અવશેષો મળી આવ્યા. તેમણે લેક વિક્ટોરિયા ખાતે વાનરની એક ખોપરી મળી આવી, જે માનવ-ઉત્ક્રાંતિના અભ્યાસ માટે ઘણું જ મહત્ત્વ ધરાવે છે. પ્રાચીન સમયના વાનરનો ચહેરો હાઈડેલબર્ગ માનવના ચહેરા સાથે સામ્ય ધરાવે છે.

ડૉ. લીકોને ૧૯૫૨-૫૩માં ઓલ્ડુવાય નદીના ખીણ-પ્રદેશમાં પુરાશ્મયુગના માનવીનું શિકારનું એક સ્થળ મળી આવ્યું. એ સ્થળે સેંકડો હથિયારો ઉપરાંત કેટલાંયે જાનવરોનાં હાડકાં સુધ્ધાં પ્રાપ્ત થયાં. વધુ અભ્યાસ બાદ ડૉ. લીકોએ એવો નિષ્કર્ષ કાઢ્યો કે તે વખતનો જંગલી માનવી જંગલી ઘેટાં, જંગલી બળદ અને ડુક્કરોને નદી તરફના કીચડવાળા પ્રદેશ તરફ હાંકી જતો, અને દલદલમાં બરાબરના ફસાયા બાદ તેનો શિકાર કરતો. તે વખતનો માનવી કાચું જ માંસ આરોગી જતો તે પણ ડૉ. લીકોએ સિદ્ધ કરેલ છે. તેમ છતાં એ માનવી ચિત્રકળામાં રસ ધરાવતો એવું પણ ડૉ. લીકોનું અનુમાન છે. અર્થાત્ આ ચિત્રકળા તે વખતના માનવીએ પોતાના શરીર રંગવા પૂરતી જ સીમિત રાખી એવું ડૉ. લીકો કહે છે. તેમણે દલદલ પાસેની માનવ-વસતીના જે અવશેષો મળ્યા ત્યાંથી પચાસ માઈલ દૂર ગેરુના કેટલાક ટુકડા સુધ્ધાં મળી આવ્યા. ત્યાંથી એ ટુકડા રંગવા માટે લવાતા હશે એવું તેમનું અનુમાન છે. ઓલ્ડુવાય નદીના ખીણ-પ્રદેશમાં ડૉ. લીકોએ કરેલા વધુ સંશોધનમાં તેમને જે હથિયારો મળ્યાં તે પુરાશ્મયુગનાં હોવાથી પાંચ લાખ વર્ષ પહેલાં ત્યાં માનવ વસતિ હોવાનું મનાય છે. હથિયારોમાં ગેંડાના દાંતની બનાવેલી કુહાડી ધ્યાન ખેંચે તેવી છે. આ ઉપરાંત તેમને ૨ા થી ૩ વર્ષના એક બાળકના દાંત મળી આવ્યા. વધુ સંશોધન કરતાં બે દાંત આજના બાળકના દાંત કરતાં ચાર ગણા મોટા છે તે સાબિત થયું. એ હિસાબે તે વખતનો પુખ્ત માનવી કેવો પ્રચંડ હશે તેનું અનુમાન કરી શકાય છે.

ઓલ્ડુવાય નદીના ખીણપ્રદેશમાં ડૉ. લીકોએ અતિમહત્ત્વ ધરાવતાં સંશોધનો કર્યાં છે, જેમાંનું એક છે તે વખતના આદિમાનવની ખોપરી! ખોપરીમાં રહેલા જડબાના આધારે તે સાડા છ લાખ વર્ષ પહેલાના માનવની હશે એવું પ્રાથમિક તારણ નીકળ્યું. ત્યારબાદ 'પોટાશિઅમ અરગોન' પદ્ધતિના આધારે સૂક્ષ્મ અભ્યાસ કરતાં એ જડબું સાડા સત્તર લાખ વર્ષ પહેલાંના માનવીનું હોવાનું સિદ્ધ થયું! આના પરથી અશ્મયુગના માનવીનું મૂળ વસતિસ્થાન આફ્રિકા જ હોવાનો નિષ્કર્ષ નીકળે છે. તાજેતરના ઉત્ખનનમાં મળી આવેલ માનવી શરીરના અવશેષો ૨૭ લાખ વર્ષ પહેલાંના હોવાનું સિદ્ધ થવાથી પાષાણયુગની શરૂઆત કેટલી પ્રાચીન છે તેનું અનુમાન કરી શકાય છે.

આજથી બસો-અઢીસો વર્ષ પહેલાં ઓસ્ટ્રેલિયા ખંડમાં ગોરાઓની વસાહતો વસવા લાગી તે વખતે એ ભૂખંડમાં જંગલી માનવટોળીઓ વિચરતી હતી! આ ખંડમાં ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં પુરાતત્ત્વ સંશોધન શરૂ થયું. અત્યાર સુધીનાં ઉત્ખનનોમાં ત્યાં, પથ્થરનાં અનેકવિધ હથિયારો અને તત્કાલીન પ્રાણીઓનાં હાડકાં મળી આવ્યાં છે. અહીં મળેલ માનવ હાડકાંની 'કાર્બન-૧૪' મુજબ તપાસણી કરતાં તે સાડા આઠ હજાર વર્ષ પહેલાંનાં હોવાનું ફલિત થયેલ છે.

એડિલેડ ગામે ઉત્ખનન કરાતા ત્યાં અશ્મયુગના થોડાક અવશેષ મળેલ છે. 'ડિવોન્સ હાઉસ' પાસેના ઉત્ખનનના કારણે ત્યાંની ઈ.સ. પૂર્વે ૪૩૦૦ વર્ષ પહેલાંની સંસ્કૃતિ પ્રકાશમાં આવી છે. અહીં કાંગારું, પ્રચંડ કાચબા અને માનવીનાં હાડકાં મળી આવેલ છે.

તાજેતરના એક સંશોધન મુજબ આગ્નેય ઓસ્ટ્રેલિયાના ઈ.સ. પૂર્વેનાં ૨૫૦૦ વર્ષ પહેલાંના માનવીનાં પથ્થરનાં નાનાં (Microliths) હથિયારો મળી આવ્યાં. એ હથિયારો અર્ધચંદ્રાકારી ચતુષ્કોણી, ત્રિકોણી જેવા ભૌમિતિક આકારનાં હતાં. ત્યાર બાદ ઈ.સ. પૂર્વે ૧૩૦૦ વર્ષ પહેલાંના માનવી હાડકાંનાં હથિયાર વાપરવા લાગ્યા હોવાનું એક ઉત્ખનન પરથી જાણવા મળ્યું. એ ખંડમાં હાડકાંનાં હથિયારો બનાવવાની કળા ઇંડોનેશિયામાંથી આવી હશે એવું મનાય છે. આમ તો ઓસ્ટ્રેલિયાનો જંગલી માનવી (હવે આદિવાસી) આજે પણ પથ્થરનાં જ હથિયારો વાપરે છે અને તેનાં નામ સુધ્ધાં વૈવિધ્ય ધરાવે છે.

ઓસ્ટ્રેલિયાના ડુંગરાળ પ્રદેશની કેટલીક પ્રચંડ શિલાઓ પર બેઢબ આકારે કોતરેલાં પ્રાચીન ચિત્રો મળી આવ્યાં છે. પરંતુ તે કેટલાં પ્રાચીન હશે તે અંગેના સંશોધનમાં હજુ એકવાક્યતા નથી.

(ક્રમશઃ)

આવો, શીખીએ અંગ્રેજી (૩)

ધનુભાઈ મહેતા

તમારો પોતાનો શબ્દકોશ બનાવી દીધો હશે. તેમાં ઠીક ઠીક પ્રમાણમાં શબ્દો નોંધાયા હશે, નોંધાતા જતા હશે. એ બધા શબ્દોની જોડણી, ઉચ્ચાર અને અર્થ બરાબર યાદ કરતા જજો. શબ્દમૂડી વગર આપણને નહિ ચાલે. ગયા પાઠમાં આપણે 'કૅપિટલ' અને 'આર્ટિકલ' વિશે શીખ્યા. આગળના પાઠમાં નામ, જાતિવાચક નામ, સંજ્ઞાવાચક નામ - એમ 'નામ' વિશેનો અવારનવાર ઉલ્લેખ આવ્યો. તો આ પાઠમાં આપણે નામ, તેના પ્રકાર અને તેના વચન વિશે શીખીશું.

નામ એટલે શું? કોઈ પ્રાણી, પદાર્થ, સ્થળ કે આપણ અંતરમાં ઊઠતી લાગણીઓ કે ભાવને જે 'શબ્દ'થી આપણે ઓળખીએ છીએ તેને નામ કહેવાય. જેમ કે – 'અચલા', 'શશાંક', 'પુસ્તક', 'હિમાલય', 'ગાય', 'સોનું', 'દૂધ', 'પ્રેમ', 'દયા' વગેરે. નામના પાંચ પ્રકાર છે.

(૧) સંજ્ઞાવાચક અથવા વિશેષ નામ 'The Proper noun-પ્રૉપર નાઉન. 'Proper-પ્રૉપર-વિશેષ' 'Noun-નાઉન-નામ'. વિશેષ અથવા સંજ્ઞાવાચક નામ એટલે કોઈ વ્યક્તિ, પશુ, પંખી, પર્વત નદી, દેશ, શહેર કે ગામને અન્ય વ્યક્તિ, પશુ, પંખી વગેરેથી જુદા પાડીને ઓળખવા માટે આપેલી કોઈ ચોક્કસ સંજ્ઞા. જેમ કે 'Ramesh', 'Lata', 'Tomy' (કૂતરાનું નામ), 'Jimmy' (બિલાડીનું નામ), 'The Himalayas', 'Totaram' (પોપટનું નામ), 'The Narmada', 'Bhavnagar', 'Paris', 'America', 'India'.

સંજ્ઞાવાચક નામ વાક્યમાં ગમે ત્યાં આવે તો પણ તેનો પ્રથમાક્ષર 'કૅપિટલ' જ કરવો. આ પ્રકારના નામનું બહુવચન થાય નહિ.

(૨) જાતિવાચક નામ અથવા સામાન્ય નામ : 'The Common noun', 'Common-કૉમન-સામાન્ય'. પ્રાણી, પદાર્થ કે સ્થળની સમગ્ર જાતિને જે નામ આપવામાં આવ્યું હોય તેને જાતિવાચક નામ અથવા સામાન્ય નામ કહેવાય. જેમ કે 'a man'-મેન-પુરુષ', 'a chair-ચેર-ખુરસી', 'an elephant', 'a village-વિલેજ-ગામ', 'a river-રિવર-નદી'. - જાતિવાચક નામ વાક્યના પ્રારંભે આવ્યાં હોય તો તેનો પહેલો અક્ષર 'કૅપિટલ' લખાવો - વચ્ચે આવે ત્યાં તેના બધા અક્ષરો નાના લખાય. તેનો ઉચ્ચાર વ્યંજનથી થતો હોય તો તેના અનિશ્ચિત એકવચનની આગળ 'a' અને સ્વરથી થતો હોય તો 'an' આર્ટિકલ લગાડવો. જાતિવાચક નામ એક હોય તો તેનું એકવચનનું રૂપ વાપરવું અને એક કરતાં વધારે હોય તો બહુવચનનું રૂપ. જેમ કે 'A girl-girls.' 'A bench-benches', 'a child-children'.

(૩) દ્રવ્યવાચક નામ : The Material noun 'Material-મટીરિઅલ-દ્રવ્ય'

ધાતુ, અનાજ, પ્રવાહી, વાયુ, ખાંડ, ચા, કોલસો, રૂ - આ બધાં દ્રવ્યવાચક નામ કહેવાય. જેમ કે 'Gold-ગોલ્ડ-સોનું', 'Wheat-વ્હીટ-ઘઉં', 'Water-વૉટર-પાણી', 'Honey-હનિ-મધ', 'Oxygen-ઑક્સિજન', 'Sugar-શ્યુગર-ખાંડ', 'Tea-ટી-ચા', 'Coal-કોલ-કોલસો', 'Cotton-કૉટન-રૂ', 'Silk-સીલ્ક-રેશમ', 'Earth-અર્થ-માટી', 'Wood-વૂડ-લાકડું'. દ્રવ્યવાચક નામ વાક્યની શરૂઆતમાં આવ્યું હોય તો જ તેનો પ્રથમ અક્ષર 'કૅપિટલ' કરવો. વાક્યમાં બીજે ગમે ત્યાં આવે ત્યાં નહીં જ. આ પ્રકારના નામની આગળ કોઈ 'આર્ટિકલ' લગાડવો નહિ. વળી, આ પ્રકારના નામનું બહુવચનનું રૂપ પણ થતું નથી. એક-વચન અને બહુવચન બન્નેમાં એક જ રૂપ વપરાય છે. જેમ કે 'Gold is a precious metai'. 'Precious-પ્રેશસ-કીમતી', 'Metal-મેટલ-ધાતુ', 'સોનું કીમતી ધાતુ છે, અને તેની પછીનું ક્રિયાપદ પણ એક વચન પ્રમાણે જ વપરાય છે.

(૪) સમૂહવાચક નામ - 'The collective noun'. 'Collective-કલેક્ટિવ-સમૂહવાચક'. જૂથ કે સમૂહમાં દર્શાવવામાં આવતાં પ્રાણી, પદાર્થ કે સ્થળ માટે વાપરવામાં આવતા શબ્દને સમૂહવાચક નામ કહેવામાં આવે છે. જેમ કે 'an army-આર્મિ-લશ્કર', 'cattle-કૅટલ-ઢોર-ઢાંખર', 'a bunch-બન્ચ-ઝૂડો કે લૂમ', 'a bunch of grapes-ગ્રેપ્સ-દ્રાક્ષ', 'a buch of keys--કીઝ-ચાવીનો ઝૂડો' તારાઓનું ઝૂમખું 'a cluster a stars', 'a cluster-ક્લસ્ટર-ઝૂમખું', 'a library-લાઈબ્રેરી-પુસ્તકાલય', 'a fleet-ફ્લીટ-વહાણોનો કાફલો', 'a committee-કમિટિ-સમિતિ'. સમૂહવાચક નામની આગળ સંદર્ભ પ્રમાણે 'a' 'an' 'the' માંથી યોગ્ય આર્ટિકલ વપરાય છે. સમૂહમાં એક તરીકે વપરાયું હોય ત્યારે તેનું બહુવચનનું રૂપ ન થાય જેમ કે 'It is a bunch of keys' - તે ચાવીનો ઝૂડો છે. પણ 'There are different committees' જુદી જુદી સમિતિઓ. They are cattle. તે ઢોર છે.

૫. ભાવવાચક નામ The abstract noun-ઍબ્સ્ટ્રેક્ટ-ઇન્દ્રિયગ્રાહ્ય નહિ પણ અનુભવ કરી શકાય તેવું. આંખ દ્વારા જોઈ ન શકાય કે સ્પર્શ દ્વારા જેને પામી ન શકાય એવી લાગણી કે ભાવોને જે નામ દ્વારા આપણે ઓળખીએ છીએ તેને ભાવવાચક નામ કહેવામાં આવે છે. ગુણ, સ્થિતિ કે ક્રિયાદર્શક આ ભાવો હોય છે. જેમ કે 'goodness-ગુડનેસ-સારપ કે ભલાઈ' - સારાપણાનો ભાવ દર્શાવે છે અથવા તો 'idleness is illness.' જુઓ આ વાક્યમાં 'Idleness-આઇડલનેસ-આળસ.' એ ગુણદર્શક ભાવવાચક નામ છે તો 'illness-ઇલનેસ-માંદગી' - એ સ્થિતિદર્શક ભાવ છે. આળસ એટલે જ માંદગી. તો 'Service to humanity is service to god.' એ વાક્યમાં 'Service-સર્વિસ-સેવા' - એ ક્રિયાદર્શક ભાવ છે તો 'humanity-હ્યુમેનિટી-માનવતા' - એ ગુણદર્શક ભાવ છે. જનસેવા એ જ પ્રભુસેવા - ભાવવાચક નામને સામાન્ય રીતે કોઈ 'આર્ટિકલ' લાગતો નથી, પણ જો લાગે તો જાતિવાચક નામ બની જાય જેમ કે 'Helen is a beauty'. 'Helen-હેલન-એક અત્યંત સુંદર સ્ત્રીનું નામ.' 'a beauty-બ્યુટી-સુંદરતા'. ભાવવાચક નામ એક વચનમાં જ વપરાય અને તેની પછી જે ક્રિયાપદ આવે તે એકવચનના સંદર્ભમાં આવે.

નામ અને તેના પ્રકાર વિશે શીખ્યા પછી હવે આગળ નામના વચન વિશે શીખીએ. વચનને અંગ્રેજીમાં 'Number-નમ્બર' - વચન - અથવા સંખ્યા) કહેવામાં આવે છે, અંગ્રેજીમાં પણ ગુજરાતીની માફક વચન બે છે (૧) એકવચન - સિન્ગ્યુલર. (૨) બહુવચન-plural-પ્લુરલ. પ્રાણી, પદાર્ત કે સ્થળ એક હોય તો તે એકવચન અને એક કરતાં વધારે હોય તો બહુવચન. ગુજરાતીમાં સામાન્ય રીતે પ્રાણી, પદાર્થ કે સ્થળના નામના એકવચનના રૂપની પાછળ 'ઓ' મૂકવાથી તેનું બહુવચન બને છે. જેમ કે 'પુરુષ-પુરુષો', 'નદી-નદીઓ', 'પુસ્તક-પુસ્તકો'. અંગ્રેજીમાં આ નામોનું બહુવચન કરવા માટે તેની પાછળ 'S' લગાડવામાં આવે છે. જેમ કે 'A boy-boys', 'A book-books', 'A chair-chairs.' પણ જે નામની પાછળ 'sh', 'ch', 'ss', 'x' કે 'o' આવ્યા હોય તો 's'ને બદલે 'es' પ્રત્યય લગાડવો. જેમ કે -

A dish-ડિશ-રકાબી - 'dishes-ડિશીઝ

A bench-બેન્ચ-પાટલી - benches-બેન્ચીઝ

A class-ક્લાસ - classes-ક્લાસીઝ

A box-બૉક્સ-ખોખું - boxes-બૉક્સીઝ

A mango-મેન્ગો-કેરી - mangoes-મેન્ગોઝ

પણ જો નામની જોડણીમાં અંતે આવેલ 'O'ની આગળ સ્વર કે સ્વરો આવ્યા હોય તો ફક્ત 's' જ લગાડવો. જેમ કે-

A radioa-રેડિયો-Radios-રેડિયોઝ

A zoo-ઝૂ-પ્રાણીસંગ્રહાલય-zoos-ઝૂઝ

નામની જોડણીને છેડે 'y' આવ્યો હોય અને તેની પૂર્વે વ્યંજન આવ્યો હોય તો 'y' નો 'i' કરીને 'es' લગાડવો. જેમ કે

A story-સ્ટોરી-વાર્તા - stories-સ્ટોરીઝ

A city-સિટી-શહેર - cities-સિટીઝ

A lady-લેડી-બાનુ - ladies-લેડીઝ

જુઓ A play - 'y'ની પૂર્વે સ્વર છે તેથી માત્ર 's' લગાડવો - 'plays.' કેટલાંક નામો એવાં છે કે જેની પાછળ 'f' કે 'fe' આવ્યા હોય ત્યારે 'f-કે fe' કાઢી નાંખીને તેને બદલે 'ves' મૂકવાથી તેનું બહુવચન થાય છે. જેમ કે -

A leaf-લીફ-પાંદડું - leaves-લીવ્ઝ

A wife-વાઇફ-wives-વાઇવ્ઝ

A life-લાઇફ-જિંદગી - lives-લાઇવ્ઝ

A knife-નાઇફ-છરી, ચપ્પુ - Knives-નાઇવ્ઝ

self-સેલ્ફ-જાત - selves-સેલ્વ્ઝ

A wolf-વુલ્ફ-વરુ - wolves-વુલ્વ્ઝ

A Shelf-શેલ્ફ-છાજલી - Shelves-શેલ્વ્ઝ

Half-હાફ-અર્ધું - Halves-હાલ્વ્ઝ

A calf-કાફ-વાછરડું - Calves-કાલ્વ્ઝ

પણ નીચેના નામો આ નિયમમાં અપવાદરૂપ છે. તેનું બહુવચન ફક્ત 's' લગાડવાથી જ થાય છે. A roof-રુફ-છાપરું - Roofs, A chief-ચીફ-વડો, સરદાર - chiefs-ચીફસ.

A handkerchief-હેન્ડકરચીફ-હાથરૂમાલ - hendkerchiefs-હેન્ડકરચીફ્સ

A proof-પ્રફૂ - proofs-પ્રુફ્સ

A safe-સેઈફ - safes-સેફ્ઝ

નીચેનાં નામોનું બહુવચન કરવા માટે તેની પાછળ 'ren' કે 'en' લગાડવામાં આવે છે.

An ox-ઑક્સ-બળદ - oxen-ઑક્સન

A child-ચાઈલ્ડ-બાળક - children-ચિલ્ડ્રન

A brother-બ્રધર-ભાઈ - brothren-બ્રધરન

કેટલાંક નામોનું બહુવચન તદ્દન અનિયમિત રીતે બને છે. ઉપરોક્ત કોઈ નિયમને તેઓ વશવર્તી નથી. દા.ત.

A tooth-ટૂથ-દાંત - teeth-ટીથ

A foot-ફુટ-પગ, માપપટ્ટી - feet-ફીટ

A man-મૅન-પુરુષ - men-મેન

A woman-વુમન-સ્ત્રી - women-વિમિન

A mouse-માઉસ-ઉંદર - Mice-માઇસ

A louse-લાઉસ-જૂ - Lice-લાઇસ

A goose-ગૂઝ-હંસ - geese-ગીઝ

સંસ્કૃત અને ગુજરાતીની જેમ અંગ્રેજીમાં સામાસિક શબ્દો છે. આવાં સામાસિક નામનું બહુવચન કરવા માટે મુખ્ય પદને 's' લગાડવામાં આવે છે. જેમ કે A father-in-law-ફાધર ઈન લૉ-સસરો - Fathers-in-law.

A step-son--સ્ટેપ સન-ઓરમાન પુત્ર - step-sons

A passer by-પાસર બાઈ-વટેમાર્ગુ - passers by

નામને છેડે 'ful' આવ્યું હોય ત્યારે પાછળ 's' મૂકવાથી તેનું બહુવચન બને છે. જેમ કે :

A Handful-હેન્ડફુલ-મુઠ્ઠીભર - Handfuls

A basketful-બાસ્કેટફુલ - ટોપલી ભરીને - Basketfuls

કેટલાંક નામોનાં એકવચન અને બહુવચનનાં રૂપ એક જ છે. જેમ કે :

A sheep-શીપ-ઘેટું, sheep

A deer-ડિઅર-હરણ, deer

A fish-ફિશ-માછલી, fish. (જુદા જુદા રંગની કે જુદા જુદા પ્રકારની માછલીઓનો અર્થ દર્શાવવા fishes થાય.)

A dozen-ડઝન-બાર નંગ, dozen

A gross-ગ્રોસ-બાર ડઝન, gross

કેટલાંક નામોનાં એકવચનનાં રૂપ થતાં નથી. બહુવચનમાં જ વપરાય છે અને તેના પછીનું ક્રિયાપદ બહુવચનના સંદર્ભમાં જ વપરાય છે. જેમ કે -

people-પીપલ-લોકો

spectcles-સ્પેક્ટેકલ્સ-ચશ્માં

scissors-સીઝર્સ-કાતર

cattle - કેટલ-ઢોર

trousers-ટ્રાઉઝર્સ-લેંઘો

forceps-ફોરસેપ્સ-ચીપિયો

આ બધાં જાતિવાચક નામો બહુવચન જ દર્શાવે છે. તેની આગળ 'a' - આર્ટિકલ મૂકવામાં આવ્યો નથી.

હવે નીચેનાં નામો જુઓ. તે એકવચનમાં વપરાય ત્યારે એક અર્થ થાય અને બહુવચનમાં વપરાય ત્યારે બીજો અર્થ થાય. જેમ કે :

Effect-ઈફેક્ટ-અસર/પરિણામ - Effects-ઈફેક્ટસ-માલમત્તા

Physic-ફિઝિક-ઔષધવિદ્યા કે વ્યવસાય, શરીર

Physics-ફિઝિક્સ-પદાર્થવિજ્ઞાન

Air-એૅર-હવા - Airs-એૅર્સ-અકડાઈ

Iron-આયર્ન-લોખંડ - Irons-હાથકડી

quarter-ક્વૉર્ટર-પા - quarters-ક્વૉર્ટર્સ-રહેઠાણ

Return-રીટર્ન-પાછા ફરવું - returns-રીટનર્સ-હિસાબી આંકડા

વાક્યમાં નામ કર્તા કે કર્મને સ્થાને આવે છે. આમ, આ પાઠમાં આપણે નામ વિશે શીખ્યા. તે બરાબર સમજજો કારણ કે વ્યવહારમાં શું કે વ્યાકરણમાં શું નામ વગર ચાલે તેમ નથી. કારણ કે શેક્સપિયરે તેના એક નાટકનાં એક પાત્રના મોંમાં મૂકેલા શબ્દો 'What is there in a name!' પ્રત્યુત્તરમાં કહી શકાય કે 'There is everything in a name.' (ક્રમશઃ)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

બનારસની જૂની યાદ

તા. ૭-૧૧-૮૬. આ કાગળ બનારસથી લખાય છે. કાશીના પંડિત કમળાપતિ ત્રિપાઠી રેલવે મિનિસ્ટર હતા ત્યારે ભારતના જુદાં જુદાં શહેરોથી બનારસ આવે તેવી અનેક ટ્રેનો તેમણે શરૂ કરી. તેમાં અમદાવાદથી બનારસની સાબરમતી એક્સપ્રેસ પણ આવી જાય. નાનીમોટી કેટલીયે બ્રાન્ચ લાઈન ઉપરથી આ ટ્રેન જાય. અમદાવાદથી કલકત્તા ૧૮૦૦ કિ.મી. છે. અને ટ્રેનને ૪૨ કલાક લાગે; પણ અમદાવાદથી બનારસ ૧૬૦૦ કિ.મી. તો પણ ટ્રેનને ૪૨ કલાક લાગે! અને બન્ને એક્સપ્રેસ ગાડીઓ!! વળી, ઉત્તરપ્રદેશમાં તો ગાડી સ્ટીમ એન્જિનથી ચાલે! ગુજરાતમાંથી તો સ્ટીમ એન્જિન સાવ ગયાં છે. અમારી ધંધૂકા લાઈનની મીટરગેજ ગાડીને પણ ડિઝલ એન્જિન લગાડાય છે. સ્ટીમ એન્જિન તો બાળકોને રાત્રે કહેવાની વાર્તામાં જ હવે આવે છે. પણ તે તો ગુજરાતની વાત. અહીં ઉત્તર રેલવેમાં ફૈઝાબાદથી બનારસ અમારી ગાડીને પીઇ... ઝુકભુક-ઝુકભુક કરતું સ્ટીમ એન્જિન લગાડ્યું હતું! અને કેટલાંયે જૂનાં સંસ્મરણો તાજાં થયાં. અમે નાના હતા ત્યારે મોટા સ્ટેશને ગાડી ઊભી રહે પછી થોડી વારે થોડીક આગળ કે પાછળ ચાલે. ગાડી ઊભી રહે ત્યારે એન્જિન બરાબર પાણી ભરવાના બંબા નીચે આવે તેવું થોડું જ બને. એટલે પછી ફાયરમૅન નીચે ઊતરે અને સૂચના આપે તે પ્રમાણે એન્જિન આગળ પાછળ જાય જેથી પાણી ભરી શકાય. એન્જિન આગળ પાછળ જાય તેની સાથે આખી ગાડી આગળ પાછળ જાય! અને ફૈઝાબાદથી બનારસ જતાં જૌનપુર જંકશને આ જૂનો બાપુની ગાડીના જમાનાનો અનુભવ તાજો થયો.

આમ બનારસ પહોંચ્યા પહેલાં જ માનસિક તૈયારી થઈ ચૂકી હતી કે ૧૯૪૨નું બનારસ અને ૧૯૮૬ના બનારસમાં સરખામણીના મુદ્દા ઘણા મળી રહેશે. ૧૯૪૩નો તો આઝાદી પહેલાંનો સમય એટલે કેટલાક ફેરફાર તો તરત જ નજરે ચડે. હવે દસ-અગિયાર વાગે, રિક્ષાવાળા 'કચહરી, કચહરી' બૂમ મારતા સાંભળવા ન મળે. બનારસના કેન્ટ વિસ્તારમાં અને બધાને ત્યાં જવું હોય એટલે સાઈકલ-રિક્ષાવાળા કચેરી જવાના પેસેન્જર ભેગા કરવા બૂમ પાડતા હોય. હવે સાઈકલ-રિક્ષા તો છે જ, પણ સાથે ઑટોરિક્ષાઓ પણ આવી ગઈ છે. અને હવે કચેરીના આંટાફેરા તો રહ્યા નથી તેથી ઑટોરિક્ષાવાળા 'ગોદૌલિયા, ગોદૌલિયા' બૂમ પાડે છે. યુનિવર્સિટી ગેટથી શહેરમાં ગોદૌલિયા સુધી જવાના છડિયાં દીઠ બે રૂપિયા! ગુલામીના પ્રતીક 'કચહરી'ને સ્થાને હવે ભૌગોલિક - અથવા એમ કહો કે નાગરિક મહત્ત્વનું પ્રતીક 'ગોદૌલિયા' આવી ગયું છે.

બીજો ફેરફાર વસ્તીવધારાને કારણે થયો છે. ૧૯૪૨-૪૩માં અમે રોજ સાંજે દશાશ્વમેધ ઘાટ પર જતાં. ત્યારે અઘાટ ફરવા જવાની જગ્યા હતો. પત્ની નાની દીકરી કુમુદને લઈને ઘાટ ઉપરના કઠેડાવાળા ઓટલા ઉપર બેસે, કુમુદ હોડી જુએ, પંખી જુએ અને ખુશીથી 'માં માં' એમ પુકારે અને હું નિરાંતે ગંગામાં તરતો હોઉં. કાલે અમે દશાશ્વમેધ ઘાટ પર ગયાં તો ત્યાં હવે ઠેર ઠેર પંડાઓ બેસી ગયા છે. પૂજા-વિધિ થાય છે અને લોકો સ્નાન કરે છે અને ગંગા ગંદી થાય છે. પહેલા મણિકર્ણિકા ઘાટ ધાર્મિક વિધિ માટે હતો. હવે તે ઘાટ ટૂંકો પડે છે અને ગંગાના બીજા ઘાટોની જેમ દશાશ્વમેધ ઉપર પણ પંડાઓ આવી ગયા છે. કુમુદ કઠેડો ઝાલીને 'માં...માં...' કરતી તે કઠેડાઓ આગળ મોટી છત્રી લગાવીને પંડા બેઠા હોય છે. અમે પંદરવીસ મિનિટ ઘાટ ઉપર આમતેમ ફર્યાં ત્યાં સુધીમાં પંદરવીસ પંડા પૂછી ગયા અને અમે અમારો ખોવાયેલો દશાશ્વમેધ શોધી ન શક્યાં. છેવટે ન બદલાયેલી એવી એક પાનની દુકાનેથી બનારસી પાન ખાઈ મન મનાવી લીધું.

હા, કાશી-વિશ્વનાથ એવા ને એવા જ છે. મંદિરે પહોંચવાની ગલી પણ એ જ છે. એ જ કચૌડી ગલી, એ જ ઠઠેરી બજાર...

આન્દોલનનો મહિનો

તા. ૧૨-૧૨-૮૬. સામાન્ય રીતે ઑગસ્ટનો મહિનો એ આન્દોલનોનો મહિનો ગણાય. પણ હમણાં હમણાં ગુજરાતમાં શૈક્ષણિક વર્ષ ત્રણચાર માસ પાછું હડસેલાયું છે. ઉપરાઉપરી બે વર્ષ આન્દોલનો થયાં અને પરીક્ષાઓ મે-જૂન ને બદલે સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં થઈ એટલે દેખીતી રીતે જ આન્દોલનોનો મહિનો ઑગસ્ટથી હઠીને ડિસેમ્બરમાં આવ્યો છે. આજકાલ પોલિટેક્નિકના વિદ્યાર્થીઓનું પરીક્ષા-બહિષ્કારનું આન્દોલન ચાલે છે. આ પરીક્ષાઓ રાજ્ય સરકાર લે છે. સરકાર સામાન્ય રીતે આન્દોલન સામે નમતું જોખે છે. પણ આ વખતે કોણ જાણે કેમ પણ સરકાર મક્કમ રહી છે. અને ૬ઠ્ઠી તારીખથી પરીક્ષાઓ શરૂ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓ કહે છે કે પરીક્ષામાં કોઈ બેઠું નથી. સરકાર કહે છે કે કુલ ૪,૫૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે!

બીજું આન્દોલન જૂનિઅર ડૉક્ટરોનું ચાલે છે. આન્દોલનનું કારણ જાણવા જેવું છે. ગુજરાત સરકારના કર્મચારીઓએ બેત્રણ

માસ પહેલાં આંદોલન કર્યું એટલે સરકાર નિયમ પ્રમાણે ઝૂકી પડી અને રાજ્યના કર્મચારીઓને કેન્દ્રના કર્મચારીઓ પ્રમાણે પગારભથ્થા આપવાનું સ્વીકાર્યું. એટલે હવે હૉસ્પિટલના હાઉસમેન, રજિસ્ટ્રાર વગેરે જૂનિઅર ડૉક્ટરો કહે છે કે અમને પણ કેન્દ્રને ધોરણે સ્ટાઈપન્ડ આપો! પાંચ દિવસથી બધી મોટી હૉસ્પિટલોમાં કામકાજ બંધ છે. હજુ સુધી તો સરકાર મક્કમ રહી છે, પણ જે આન્દોલનોનાં મૂળ જ સરકારના ઢીલાપણામાં છે તેની સામે સરકાર ક્યાં સુધી મક્કમ રહેશે તે જોવાનું છે. આજકાલ તો હડતાળિયાને સ્થાને નવા ડૉક્ટરો નીમવા માટેની છાપાંમાં જાહેરખબરો આપવા માંડી છે. તાલ જોવા જેવો થયો છે!

અને એથીયે વધુ જોવા જેવો તાલ તો રાજ્યના વકીલોનાં આન્દોલનનો છે. આજ પંદર દિવસથી ગુજરાતની સઘળી કોર્ટોમાં કામકાજ બંધ છે. ગયે સોમવારે તો જિલ્લા-ન્યાયધીશોના મંડળે પણ એક દિવસની સમૂહરજા (Mass Casual Leare) લીધી! ગુજરાતની હાઈ કોર્ટમાં ચાર ન્યાયાધીશોની જગ્યા ખાલી છે. તે માટે ગુણવત્તાક્રમ પ્રમાણે ચાર નામ ગુજરાત હાઈ કોર્ટ, ગુજરાત સરકાર અને સુપ્રિમ કોર્ટે સહમત થઈને મોકલ્યાં, પણ તેમાંથી ભારત સરકારે છેક છેલ્લા નામને મંજૂર કર્યું અને તેને હાઈ કોર્ટનો જજ નીમી દીધો. તે સમાચાર આવ્યા તે દિવસથી વકીલોએ કોર્ટનું કામકાજ ઠપ કરી દીધું છે. તેમનું કહેવું છે કે રાજીનામું આપેલા જૂના મુખ્ય પ્રધાનની મંડળી તેને અનુકૂળ હોય તેવાને જ જજ નીમવા લાગવગ લગાવે છે અને ભારત સરકાર પણ હાલના ગુજરાતના મુખ્ય પ્રધાનની ઉપરવટ થઈ જૂના મુખ્ય પ્રધાનના ગોઠીઓને નિમણૂક આપે છે. આ રીતે વકીલોએ રાજ્ય સરકારની અને જનતાની પણ થોડી સહાનુભૂતિ મેળવી છે. આ આન્દોલનનું પરિણામ શું હોઈ શકે? પેલો લાગવગીઓ હાઈ કોર્ટ જજ નિમાઈ ગયો તે તો નિમાઈ ગયો. કદાચ બાકી રહેલા ત્રણમાંથી એકાદ બેની નિમણૂક સરકાર કરે. અત્યારે તો આન્દોલન ચાલે છે. રાજ્યભરની કોર્ટો બંધ છે. જોકે કહેવાવાળા તો કહે છે કે જે અસીલોના પૈસા વકીલોને મળી ગયા છે તેના કેસ કોર્ટમાં ચાલતા નથી અને વકીલો નવા અસીલો પાસેથી પૈસા લીધે જ રાખે છે. તેમની ઓફિસ બંધ નથી. તેમને તો લીલા લ્હેર જ છે!

દિવાળીની ગિરદી

તા. ૩૧-૧૦-૮૬. અમદાવાદમાં દિવાળી બરાબર જામી છે. શિયાળામાં પંખીઓ ઉત્તરના ઠંડા પ્રદેશોમાંથી ગુજરાતનાં મેદાનો અને જળાશયોમાં આવે છે એ તો જાણીતી વાત છે. એવી જ જાણીતી વાત છે કે શિયાળામાં નેપાળ અને તિબેટથી નરનારીઓ ઊનનાં ભરેલાં સ્વેટરો અને શાલના ગાંસડા બાંધી બાંધીને અમદાવાદ ઊતરી આવે છે અને ભદ્રથી માંડીને પાનકોરનાકા સુધી ફુટપાથ અને હવે તો રસ્તાના પહેલા ત્રણ ચાર ફૂટ રોકીને વેચવા બેસી જાય છે. એમાં આ વખતે દિવાળી જરા મોડી છે. એટલે આ બધાં નેપાળી-તિબેટી લોકો અને દિવાળીની ઘરાકીનો લાભ ઊઠાવવા માગતા સ્થાનિક ફેરિયાઓ બધા ભેગા થઈ ગયા છે. એટલે આજકાલ તો ભદ્રથી ફુવારા સુદી ચાલતા જવું હોય તો ખાસ્સી ૧૨, ૧૫ મિનિટ થાય અને જો બસમાં, રિક્ષામાં કે સ્કૂટર, સાઈકલ ઉપર જવું હોય તો તે એથી યે વધુ વખત લાગે. એક જમાનામાં આપણે એમ કહેતાં કે 'હૈયે હૈયું દળાય' એવી ગિરદી છે. પણ હું બે દિવસ આ ગિરદીમાં જઈ આવ્યો અને મારો અનુભવ એવો છે કે હવે હૈયે હૈયાં દબાતાં નથી પણ પીંડીએ પૈડાં દળાય તેવી ગિરદી છે - રાહદારીના પગની પીંડી અને સાઈકલ-સ્કૂટરનાં ટાયર - આજકાલની ગિરદી માનવી માનવીથી નથી થતી, માનવી સાઈકલ-સ્કૂટર-રિક્ષાથી થાય છે. બે દિવસ આ ગિરદીમાં ગયો ત્યારે ટેરેલિનના રંગીન પાટલૂન કેમ વધુ વપરાશમાં છે તેનો ભેદ સમજાયો. મારો ખાદીનો સફેદ લેંઘો તો ત્રણ દરવાજાથી ફુવારા સુધીમાં ટેકનીકલર થઈ ગયો. અમદાવાદમાં સાઈકલ અને સ્કૂટરનાં ટાયરોની જે પ્રચલિત જાતો છે તે તમામની ભાત લેંઘા ઉપર ઊપસી આવી હતી!

એમાંયે એક દિવસ વળી નવું જ આકર્ષણ ઉમેરાયું હતું. પાનકોરનાકા પાસે આ ગિરદીમાં બે ગાય પણ ભળી. જરા જગ્યા થાય અને તમે આગળ ચાલો ત્યાં સામેથી બસ આવે અને તમે ઊભા રહો ત્યાં વાંસામાં પેલી ગાયનું શીંગડું ઘસાય. આમ હૈયે હૈયું દળાય, પીંડીએ પૈડું દળાય તો પછી વાંસે શીંગડું શું કામ ન દળાય! આવો ને આવા વિચારોમાં ૧૨-૧૫ મિનિટ નીકળી જાય અને તમે ફુવારા પહોંચી જાઓ અને ગિરદી ગાંધી રોડ પરથી ગાયબ! એ તો પહોંચી માણેકચોક અને કંદોઈ ઓળમાં –

હા, આ વર્ષની બીજી પણ એક વિશેષતા છે. શહેરના કહેવાતા ભદ્ર લોકોના વિસ્તારોમાં ગિરદી નથી. ત્યાંના શોપિંગ સેન્ટરોમાં ગિરદી નથી. સાડીઓના સેલ ગોઠવનારની દુકાને ગિરદી નથી. બસ, બધી જ ખરીદી ભદ્રકાળી, માણેકચોક વિસ્તારમાં જ થાય છે અને તે પણ બહારગામથી આવેલા ખેડૂત અને ગ્રામજનો જ કરે છે.

આ તો મારે મારી ઘડિયાળ રિપેર કરવા આપવી પડી એટલે ગાંધી રોડ પર જવાનું થયું, નહિતર એલિસબ્રિજમાં રહે કાળાબજારીઆ હજારો રૂપિયાનું દારૂખાનું ફોડે તે સિવાય દિવાળીનાં કોઈ ચિહ્નો તમને જોવા ન મળે અને એ ગાંધીરોડ પરના મારા ઘડિયાળીની વૉચ કંપનીને ત્યાં પણ ઘરાકોની એટલી ભીડ છે કે મારી ઘડિયાળ હજી રિપેર થઈ નથી અને પાછું કાલે પીંડીએ પૈડાં દળાય તેવી ગિરદીમાં ઘડિયાળ લેવા જવું બાકી છે! ☐

લઘુકથા

।। હાંસિયો ।।

ભગીરથ બ્રહ્મભટ્ટ

આમ તો મને ક્યાં બીજા છોકરા નહોતા મળતા? મમ્મીએ તો કહેલું પણ ખરું કે તું એ વેવલા છોકરાને છોડ, તને જ્ઞાતિનો અપ-ટુ-ડેટ છોકરો બતાવીએ... પણ હું મક્કમ હતી. મારે મન રમેશ સર્વસ્વ હતો. ત્યારે તો હું રમેશથી ખૂબ પ્રભાવિત પણ હતી.

રમેશ ઊંચો-દેખાવડો, ભણવામાં હોંશિયાર, ખૂબ સંવેદનશીલ. જ્યારે જ્યારે મને કંઈ પણ તકલીફ રહેતી, એને ખબર પડી જતી. કોલેજમાં કવિતા-વાર્તાની ચર્ચામાં અવ્વલ રહેતો. નાનામાં નાના સંવેદનને ઓળખી શકતો. કોઈ એક ક્ષણે એનો પ્રભાવ મારા ચિત્તમાં ભાવ બની ગયો, ને મેં મારું નવું જીવન શરૂ કર્યું એની સાથે.

શરૂશરૂમાં તો એણે સારું રાખ્યું, પણ વખત જતાં એ અને એનાં પુસ્તકો, લખવું અને વાંચવું. પછી તો ખાસ વાતેય નહિ. વિચારતો ને લખતો, વાંચતો... હું તો કંટાળી ગઈ. રગશિયું ગાડું... જીવનમાં એકધારાપણું. કોક કોક વાર હું એના સર્જનને ચોરીછૂપીથી વાંચી પણ લેતી.

એક વાર મેં એને કહેલું – 'રમેશ, તું મારી વાર્તા ન લખે?' ત્યારે તો એણે મને અને મારી વાતને હસી કાઢેલાં, પણ એક સામયિકમાં એ વાર્તા મોકલવાનો હતો - 'પર્ણવિચ્છેદ' શીર્ષક હતું - સવારે ફૅર કોપિ કરી એ પોસ્ટ કરશે એમ લાગતું હતું. વાર્તા આ પ્રમાણે હતી –

વાર્તાની નાયિકા રેશમાને આદત પડેલી, ડાળી પરનાં પાંદડાં તોડવાની. પાંદડાં જુએ એટલે તોડે જ. નાયકે પૂછેલું – 'તારી આ આદતના મૂળમાં શું છે?' ત્યારે નાયિકાએ ઉત્તર આપેલો – 'શું ડાળી ઉપરનાં પાંદડાં તૂટેલાં નથી હોતાં એવું તમે માનો છો?'

મેં એ વાર્તાની નાયિકાના નામ ઉપર છેકો માર્યો હતો અને હાંસિયામાં મારું નામ લખી દીધેલું.

રમેશ સવારે મને કહેવા લાગ્યો – ''ખરેખર 'લીલી' નામ લખવાથી વાર્તાને પાંદડાં સાથેનો વધુ નજીકનો અર્થ મળે છે.'' □

સંપુટ - ૨

સંપુટ - ૨ના ત્રણ ચયન ગ્રંથોના આગોતરા નોંધાયેલા ગ્રાહકોને તે સંપુટ ડિસેમ્બરના પ્રથમ સમાહમાં રવાના થશે તેની નોંધ લેવા વિનંતી છે.

લઘુકથા

કમ્યુનિકેશન ગૅપ

બહાદુરભાઈ જ. વાંક

એક દિવસ ગુરુ બજુવાના આદેશ પ્રમાણે તેમનું વ્યાખ્યાન સાંભળવા બગીચામાં આવીને શિષ્યો ગુરુની પ્રતીક્ષા કરતાં બેસી ગયા. થોડી વાર પછી ગુરુ વ્યાખ્યાન આપવા માટે બગીચામાં આવ્યા. વૃક્ષો ઉપરનાં પંખીઓનો કલરવ સાંભળતાં સાંભળતાં તેઓ ચૂપચાપ શિષ્યો સામે બેસી ગયા, ને અચાનક તેમની આંખો બંધ થઈ ગઈ. શિષ્યોને આશ્ચર્ય થયું, ગુરુ વ્યાખ્યાન આપવાને બદલે શું ધ્યાનમાં ઊતરી ગયા હશે કે પછી વ્યાખ્યાન આપવાનું જ ભૂલી ગયા હશે?

શિષ્યોએ થોડી વાર પ્રતીક્ષા કરી છતાં ગુરુ જાગૃત થયા નહીં. એટલે એક શિષ્યે તેમને ધીમેથી ઢંઢોળતાં પૂછ્યું : 'ગુરુદેવ! શું આપ ધ્યાનમાં છો?'

ગુરુએ આંખો ખોલી શિષ્યો સામે જોયું. એટલે કેટલાક શિષ્યો બોલ્યા : 'અમે આપનું વ્યાખ્યાન સાંભળવાની પ્રતીક્ષા કરતા બેઠા છીએ.'

'હા, પંખીઓનો કલશોર સાંભળવામાં હું એટલો બધો ડૂબી ગયો હતો કે આજે મારે વ્યાખ્યાન આપવાનું છે, એ વાત જ સાવ ભૂલી ગયો.' ગુરુ બોલ્યા.

'કોઈ હરકત નહીં, હવે આપ વ્યાખ્યાન સંભળાવો.' બધા શિષ્યોએ ગુરુને અનુરોધ કર્યો.

'પણ, હવે મારે શું વ્યાખ્યાન આપવાનું છે એ જ ભૂલી ગયો છું.' જરા હસીને ગુરુએ કહ્યું.

'ખેર, તો બીજા કોઈ પણ વિષય ઉપર આપ વ્યાખ્યાન આપો. અત્યારે આપને સાંભળવાની અમને બહુ ઉત્કંઠા છે.' શિષ્યોએ વિનંતી કરી.

અચાનક ગુરુએ બધાને પ્રશ્ન કર્યો, 'અત્યારે પંખીઓના કલરવને કે હું જે કંઈ બોલી રહ્યો છું તેને તમે સાંભળો છો ખરા?'

'કેમ આપે આવો પ્રશ્ન કર્યો?'

'એટલા માટે કે વ્યાખ્યાન સાંભળવાની તમારા ચિત્તમાં જે ઉત્કંઠા ઘુમરાઈ રહી છે, એના વ્યામોહમાં તમે પંખીઓનો કલરવ કે મારી વાત પણ સાંભળી શકતા નથી, તો પછી મારું વ્યાખ્યાન કેવી રીતે સાંભળી શકશો?'

'પણ અમે તો આપને સાંભળી રહ્યા છીએ; એટલે જ તો આપની સાથે વાતો કરી રહ્યા છીએ.' બધા શિષ્યોએ એકસાથે કહ્યું.

ગુરુ બોલ્યા : 'ના, મિત્રો, વાત આથી સાવ ઊલટી જ છે - તમે વાતો કરો છો, એટલે જ તો પંખીઓના કલશોરને કે મને પણ તમે લોકો સાંભળી શકતા નથી!!' ને જરા રહી ધીમેથી ગુરુ પાછા બોલ્યા : 'આ જ તો માનવજાતની મોટી કરુણતા છે, ને આ જ તો છે આપણી વચ્ચેનો કમ્યુનિકેશન ગૅપ!!' □

ગુજરાતની રમતગમતની સૌપ્રથમ ક્લબ

ગુજરાત ક્લબ

ડૉ. મકરન્દ મહેતા

આજે તો 'હેલ્થ ક્લબો' સહિત વિવિધ પ્રકારની ક્લબોએ ગુજરાતમાં પોતાનું સ્થાન જમાવી દીધું છે અને તે 'ટી.વી. કલ્ચર'ને અનુરૂપ પણ છે. પરંતુ આપણા પરંપરાગત અખાડાઓને બાદ કરતાં આઝાદી પહેલાં રમતગમતની ક્લબો આંગળીને વેઢે ગણાય તેટલી જ હતી. ક્રિકેટ, ટેનિસ, બેડમિંટન અને ચેસ જેવી ક્લબો સૌપ્રથમ કલકત્તા અને મુંબઈ જેવા અંગ્રેજોએ વિકસાવેલાં પચરંગી મહાનગરોમાં થઈ હતી અને તે 'ખાણીપીણી' માટે પણ મશહૂર હતી. અમદાવાદમાં તો દેશીય (indigenous) પરંપરાઓનાં મૂળિયાં ઊંડાં તેથી તેણે પોતાની આગવી રીતે પશ્ચિમની અસરો ઝીલી ૧૮૮૮માં અમદાવાદીઓએ સ્થાપેલી ગુજરાત ક્લબનું કલેવર કૉઝમપૉલિટન ખરું, પણ ચા-ફરસાણ સિવાય બીજું કાંઈ જ 'આડુંઅવળું' નહીં. આ પરંપરા આજે પણ અકબંધ જળવાઈ રહી છે.

ગુજરાત ક્લબની સ્થાપના થઈ તે સમયે અમદાવાદ કોટવિસ્તારના મહોલ્લાઓ અને પોળોમાં વસતું હતું. નગરની વસ્તી ૧.૨૨ લાખ. મિલ-ઉદ્યોગ શરૂ થઈ ચૂક્યો હતો, તથા વકીલો અને ડૉક્ટરોની સંખ્યા વધી હતી. શેઠિયા અને મધ્યમવર્ગી બૌદ્ધિકો પૈસા અને 'સ્ટેટસ' પાછળ દોડધામ કરતા, પણ રમતગમત દ્વારા મન અને શરીરને તાઝગી આપવાનું શીખેલા નહીં.

આવા સંજોગોમાં નાગરજી ડાહ્યાભાઈ દેસાઈ નામના, સરકારી હાઈ સ્કૂલના એક શિક્ષકને વિચાર આવ્યો કે 'પૈસો અને વિદ્યા હોવા છતાં અમદાવાદીઓ સૂકા બાવળ જેવા શુષ્ક છે, એક ક્લબ શરૂ કરીએ તો કેવું?' નાગરજી 'માસ્તર' સુરતી હતા અને તે જ નામથી તે ઓળખાતા. માસ્તરનો વિચાર નવાચારી (innovative) અને સર્જનાત્મક હતો. તેમણે આ વિચાર સૌપ્રથમ ડાહ્યાભાઈ નાણાવટી અને વાવાભાઈ મહેતા જેવા પોતાના સુરતી મિત્રો સમક્ષ રજૂ કર્યો. તેમણે શેઠિયાઓ અને વગદાર વ્યવસાયીઓ સમક્ષ પ્રસ્તાવ મૂક્યો. સૌને તે જચી ગયો અને આ રીતે ક્લબની સ્થાપના થઈ. જોગાનુજોગ ગુજરાતની સૌપ્રથમ મહિલા ક્લબ 'ગુજરાત લેડીઝ ક્લબ' પણ અમદાવાદમાં જ (ખમાસા ગેટ પાસે) ૧૮૮૮માં શરૂ થઈ હતી. વડોદરા-નરેશ સયાજીરાવ ગાયકવાડ અને ચીનુભાઈ બેરોનેટ ગુજરાત ક્લબના પેટ્રન હતા. ગુજરાત ક્લબને 'મૉડેલ' ગણીને સયાજીરાવે વડોદરામાં ૧૯૦૩માં 'સયાજી વિહાર' ક્લબ સ્થાપી હતી. ડૉ. સુમન્ત મહેતા ત્યાં રમવા જતા.

ગુજરાત ક્લબનું ઉદ્ઘાટન અંગ્રેજી બેન્ડવાજાંના નાદ વચ્ચે તા. ૧૪ જુલાઈ ૧૮૮૮માં થયું. કોર્ટ અને સરકારી ઑફિસોની નજીક પાનકોર નાકે પાનવાલાંના ડહેલામાં ક્લબનું સૌપ્રથમ મકાન હતું. આ ઈમારત 'સનમિયાંની હવેલી' તેમજ 'સીદી સાહેબની હવેલી' તરીકે લોકજીભે ચડી ગઈ હતી. મોગલ સમયમાં તે બંધાઈ હતી, પણ કાળક્રમે જર્જરિત થઈ ગઈ હતી. તેનું સમારકામ થયું અને ટેબાખુરશી ગોઠવાઈ ગયાં! આ રીતે થઈ ક્લબની શરૂઆત.

ગુજરાત ક્લબની સ્થાપના પહેલાં 'ગુજરાત સભા' નામની સંસ્થા વકીલો અને શેઠિયાઓએ ૧૮૮૪માં સ્થાપી હતી. તેનો હેતુ રાજકીય અધિકારોની માગણીઓની સાથે સાથે મિલ-ઉદ્યોગની વિરુદ્ધ પસાર થતા કાયદાઓનો વિરોધ કરવાનો હતો. ગુજરાત ક્લબના મેડા ઉપર તેની ભાડાની ઑફિસ હતી. વિદેશી શાસકો ઘણી વાર નામની બાબતમાં ગોટાળો કરી બેસતા.

આ ક્લબની શરૂઆત ૩૦ સભ્યોથી થઈ. રા. બ. મહીપતરામ રૂપરામ, કૃષ્ણમુખરામ મહેતા (સ્મૉલ કૉઝ કૉર્ટના જજ) અને દીવાન બહાદુર અંબાલાલ સાકરલાલ દેસાઈ રમતગમતનો મહિમા જાણે. પણ તેનો સ્પર્શ તેમને થયેલો નહીં. આમ છતાં તેઓ સમાજસુધારક અને કેળવણીકાર તરીકે પંકાયેલા. વળી 'રાજા અને પ્રજા'માં તેમનું માન. તેથી ક્લબના પ્રમુખ તરીકે સર્વસંમતિથી તેમની વરણી કરવામાં આવી હતી. ક્લબની શરૂઆતનાં વર્ષો દરમ્યાન ગુજરાત ક્લબનું સભ્યપદ ધરાવનાર માણસો વિવિધ વ્યવસાયના હતા : આબાજી કાથવટે, પેસ્તનજી પાદશાહ અને આનંદશંકર બાપુભાઈ ધ્રુવ જેવા ગુજરાત કૉલેજના પ્રોફેસરો, ગોવિંદરાવ આપાજી પાટીલ, લલ્લુભાઈ આશારામ શાહ, ચિમનલાલ નરભેરામ ઠાકોર અને મગનભાઈ ચતુરભાઈ પટેલ જેવા વકીલો, રણછોડલાલ ગીરધરલાલ મણકીવાલા, અબ્દુલ તૈયબ ઈસ્માઈલજી, ચીનુભાઈ બેરોનેટ અને મંગળદાસ ગિરધરદાસ જેવા મિલમાલિકો અને વેપારીઓ તથા નીલકંઠરાય છત્રપતિ, જોસેફ બેન્જામીન (દેશી

યહૂદી), પીતાંબરદાસ કુબેરદાસ પટેલ અને વૈદ જટાશંકર લીલાધર જેવા તબીબો. થોડાં વર્ષો બાદ હરસિદ્ધભાઈ દિવેટિયા તેના સભ્ય થયા હતા.

ક્લબની શરૂઆત શેતરંજ, સોગટાબાજી અને ગંજીફાથી થઈ. ૧૮૬૩માં અમદાવાદમાં ફોટોગ્રાફી આવી ગઈ હતી. કમાણી કરવા મુંબઈથી 'કવડે બંધુઓ' અમદાવાદ આવ્યા હતા. તેઓ 'છબી પાડવાના સંચા'થી ફોટોગ્રાફ આબેહૂબ રીતે પાડી લેતા. તેમણે તા. ૨ ડિસેમ્બર ૧૮૮૮ના રોજ એક તસવીર ખેંચી, જેમાં ભોંય પર બેસીને ગંજીફો ખેલતા પ્રોફેસર બાલકૃષ્ણ દલાલ, નાગરજી માસ્તર, રણછોડલાલ ખંભાતી, વામનરાવ કપિલરામ મહેતા અને અમીધર રણછોડજી દેસાઈ ચમકી ઊઠ્યા! ૧૮૯૨માં ગ્રૂપ ફોટોગ્રાફ પડ્યો. રમતગમતની ક્લબના તમામ સભ્યો ધોતિયું અને પાઘડી ધારણ કરીને ફોટો પડાવવા ગયા હતા! આર્ટ હિસ્ટોરિઅન અને સાંસ્કૃતિક ઇતિહાસના અભ્યાસીઓ માટે આ વિરલ ફોટોગ્રાફો મહત્ત્વના ગણાય.

૧૯૦૫માં ગુજરાત ક્લબનો નવો તબક્કો શરૂ થયો. ક્લબના સંચાલકોએ જોયું કે સભ્યસંખ્યા ૩૦થી વધીને ૧૧૩ સુધી પહોંચી ગઈ છે અને નાના મકાનમાં તેમનો સમાવેશ થઈ શકે તેમ નથી. વળી, તેમને થયું કે ''શતરંજ-ચોપાટ અને બ્રીજ ક્યાં સુધી રમ્યા કરવી? ટેનિસ અને ક્રિકેટ જેવી મરદાનગીભરી 'આઉટડોર' રમત ગુજરાતીઓએ શરૂ કરવી જોઈએ.'' તે વખતે ક્લબના પ્રમુખ દી. બ. અંબાલાલ દેસાઈ હતા. તેમણે કલેક્ટર ડેડરેટને આ વાત કરી. ઉદાર અંગ્રેજે તરત વિશાળ જમીન ફાળવી આપી - ભદ્ર પાછળ આજે જ્યાં કૉન્ગ્રેસ ભવન છે તેની નજીક. આ રીતે ક્લબ નવપલ્લવિત થઈ.

ગુજરાત ક્લબના નવા મકાનનું ઉદ્‌ઘાટન તા. ૨૯ જૂન ૧૯૦૬ના રોજ થયું. ક્લબના મંત્રી તરીકે વકીલ ચિમનલાલ નરભેરામ ઠાકોરે ક્લબનો અહેવાલ 'પ્રજાબંધુ'માં મોકલાવ્યો અને તે તા. ૨ જુલાઈ ૧૯૦૫ના રોજ પ્રસિદ્ધ થયો. તેમાં તેમણે ક્લબનો ઇતિહાસ આલેખતાં કહ્યું કે 'ક્લબના સભ્યોના ઉચ્ચ સંસ્કાર, રમતગમત માટેનો વધતો જતો પ્રેમ અને કરકસરભર્યા વહીવટને લીધે ગુજરાત ક્લબ સમગ્ર દેશમાં પંકાઈ છે.' કલેક્ટરે રૂપાના લેલાથી તાળીઓ અને હુ..ર્રાના પોકારો વચ્ચે ઉદ્‌ઘાટન કર્યું ત્યારે માનવમેદની ભાવવિભોર બની ગઈ હતી.


૧૯૦૭માં ટેનિસ કોર્ટ તૈયાર થયો, પણ તે લીંપણનો! આમ છતાં મણિભાઈ ભગુભાઈ, બૅરિસ્ટર જીવણલાલ વ્રજરાય દેસાઈ અને ચિમનલાલ નરભેરામ ઠાકોર ટેનિસ રમતા. ગણેશ વાસુદેવ માવળંકર (દાદાસાહેબ) ૨૦મે વર્ષે ૧૯૦૮માં બી.એ. પાસ થઈને ક્લબમાં જોડાયા ત્યાં સુધીમાં ટેનિસ કોર્ટ પાકો થઈ ગયો હતો. દાદાસાહેબ વયમાં સૌથી નાના અને રૂપાળા, તેથી સૌકોઈ એમને 'બેબી' કહીને બોલાવતું. પણ ટેનિસ એવું ફાંકડું રમે કે વડીલો તેમની તરફ માનની નજરથી જોવા લાગ્યા. તેમની તથા મણિભાઈ ભગુભાઈ અને ચિમનલાલ ઠાકોરની સર્વિસ ઘણી વખણાતી. તે વખતે હારજીતની શરતો થતી હોવાથી પ્રેક્ષકોમાં પણ 'ઉત્તેજના' આવતી.

૧૯૧૪માં સોગટાંબાજી બંધ થઈ અને તેનું સ્થાન



હાલનું મકાન ગુજરાત ક્લબ

૧૯૩૮માંનું જૂનું મકાન









ગુજરાત ક્લબના પ્રમુખો :

અમૃતલાલ હરગોવિંદદાસ — અંબાલાલ સારાભાઈ — કસ્તૂરભાઈ લાલભાઈ

બિલિયર્ડ અને ટેબલટેનિસે લીધું. તેના નિષ્ણાતો ચિમનલાલ ઠાકોર, સી. સી. દલાલ અને દાદીબા મહેતા હતા. ચિમનલાલ જ્ઞાતિએ બ્રહ્મક્ષત્રીય અને વ્યવસાયે વકીલ, ગુજરાત સભા અને કૉન્ગ્રેસનાં નેતા આનંદી સ્વભાવનાં, મળતાવડા અને વાતોડિયા. ચાપાણીના ટેબલ પર છાપાં-મૅગેઝીનો વાંચતા વાંચતા દેશવિદેશના રાજકારણની ચર્ચાઓ કરે. ૧૮૯૭થી ૧૯૧૭માં મૃત્યુ પર્યંત તે ક્લબનાં સેક્રેટરી હતા. તેમનું મૃત્યુ પણ ક્લબમાં જ થયું! બેરિસ્ટર વલ્લભભાઈ પટેલ સાથે તેઓ બ્રીજ રમી રહ્યા હતા અને ત્યાં જ અચાનક પક્ષાઘાતનો હુમલો થતાં ઢળી પડ્યા. ભાનમાં આવ્યા બાદ કહ્યું : 'હવે તો હું ક્લબમાં રહેવા માગું છું.' ત્રણ-ચાર દિવસ બાદ ક્લબમાં જ અવસાન પામ્યા. દાદાસાહેબના શબ્દોમાં : 'ગુજરાત ક્લબ એટલે ચિમનભાઈ અને ચિમનભાઈ એટલે ગુજરાત ક્લબ. એ અજોડ વ્યક્તિ ક્લબના પ્રાણસમી હતી.'

ડૉ. નીકલકંઠરાય છત્રપતિને પણ ક્લબ સાથે આવો જ લગાવ હતો. ૧૮૯૪માં અમદાવાદમાં ફેલાયેલા એક રોગચાળાથી ઘણાં માણસોની આંખો ગઈ હતી. નીલકંઠરાયની પણ આંખો ગઈ. તે બ્રેઈલ લિપી શીખ્યા અને અંધજનોને શીખવી. તેઓ અંધ હોવા છતાં દરરોજ ગુજરાત ક્લબમાં જતા. ત્યાં ચાપાણી પીએ. મિત્રો તેમને ભાવપૂર્વક છાપાં વાંચી સંભળાવતા. ક્લબમાં ડૉક્ટરને ઘણી હૂંફ મળતી.

ગુજરાત ક્લબનું એક મોટું આકર્ષણ તે દિવાળીના તહેવારની ભવ્ય ઉજવણી. ધનતેરસનો દિવસ ખાસ બાળકો અને મહિલાઓનો દિવસ. હજાર દોઢ હજારની સંખ્યામાં તેઓ ઊમટી પડતાં અને ભોજન સહિત નાટક, ડાયરો અને ગરબા-રાસ માણતાં. વિદ્યાબહેન નીલકંઠ અને શારદાબહેન મહેતા તો ૧૯૦૧માં ગ્રૅડ્યુએટ થયાં. પણ તે પહેલાં ૧૮૯૭થી તેઓ કોક વાર નવરાત્રીને પ્રસંગે તો કોક વખત દિવાળીના તહેવારો દરમિયાન ગુજરાત ક્લબ તેમજ લેડીજ ક્લબમાં ગરબા ગવડાવતાં. વિદ્યાબહેન તો ખૂબ મધુર અવાજે ગરબા ગવડાવતાં અને તેમની સહિયરો તે ઝીલતી. વિદ્યાબહેન અને શારદાબહેન ગુજરાતની સૌપ્રથમ મહિલા ગ્રૅડ્યુએટો હતી. તેમના માનમાં ગુજરાત ક્લબે દબદબાભર્યો મેળાવડો યોજીને મહિલાઓની સાથે સાથે ક્લબનું પણ ગૌરવ વધાર્યું.

ગુજરાત ક્લબની શાન વધારનાર બે વ્યક્તિઓ હતી, પ્રત્યક્ષ રીતે અંબાલાલ સારાભાઈ અને પરોક્ષ રીતે ગાંધીજી. અંબાલાલ કેલિકો મિલના માલિક ખરા, પણ ચીનુભાઈ બૅરોનેટની જેમ રમતગમત અને કલા તથા સાહિત્યના ભારે શોખીન હતા. સને ૧૯૧૬થી ૧૯૩૮-૩૯ લગભગ એક પેઢી જેટલા સમય સુધી તેમણે અત્યંત સફળતાથી ક્લબનું સુકાનીપદ સંભાળ્યું અને 'આઉટડોર ગેમ્સ'ને એવું તો ઉત્તેજન આપ્યું કે ગુજરાત ક્લબની સમગ્ર ભારતમાં ગણના થવા લાગી. અંબાલાલ ઘણી વાર કહેતા કે 'ઉત્તમ ખેલાડીઓ માત્ર પૈસા ખર્ચવાથી જ તૈયાર નથી થતા. જ્યાં સુધી રમત પ્રત્યેનો વળગાડ, પ્રજા તરીકેનું આત્મગૌરવ અને ટીમસ્પિરિટ ના હોય ત્યાં સુધી પૈસા ખરચવા છતાં ધાર્યું પરિણામ આવતું નથી.'

ગાંધીજીને લીધે રમતગમતમાં કોઈ જ ફેર ન પડ્યો. પણ ચર્ચાઓના વિષયમાં અને તેની તીવ્રતામાં જરૂર ફેર પડ્યો. સ્થૂળ દૃષ્ટિએ જોઈએ તો ગુજરાત ક્લબમાં સભ્યોનાં માથાં પરથી

પાઘડી અને મિલોમાં તૈયાર થયેલી ધોતી ગઈ. તેની જગાએ ખાદીનો કોટ, ધોતિયું તથા પેન્ટ દાખલ થયા. તેની સાથેસાથે હિંસા-અહિંસા, સત્યાગ્રહ અને આઝાદીની ચર્ચાઓ થવા માંડી. જો કે શરૂશરૂમાં તો ક્લબનો કોઈ પણ સભ્ય ગાંધીજીને 'ગણતો' નહોતો. આમ છતાં 'મિસ્ટર ગાંધી' ક્લબનું મહત્ત્વ પિછાનીને તેના સભ્યોનો સંપર્ક કરવા ૧૯૧૫થી અવારનવાર ત્યાં જતા. પણ બ્રીજ કે ચેસમાં મશગૂલ રમનારને ઊંચું જોવામાં શી રીતે રસ પડે? ૧૯૧૬માં જ્યારે કાઠિયાવાડી અંગરખું અને ફાળિયું પહેરીને મોહનદાસ ગાંધી ગુજરાત ક્લબમાં ગયા ત્યારે બૅરિસ્ટર વલ્લભભાઈ તેમના મિત્ર ચિમનલાલ નરભેરામ ઠાકોર સાથે કેવી રીતે બ્રીજ રમી રહ્યા હતા અને વલ્લભભાઈએ તેમની સામે સાશંક નજરે જોઈને કેવું મોં ફેરવી લીધું હતું તે વાત તો હવે વિશ્વભરમાં દંતકથારૂપ બની ગઈ છે. આ ઐતિહાસિક પ્રસંગનું સ્થળ ગુજરાત ક્લબ હતું. સમય જતાં તો ક્લબના ઘણાખરા સભ્યો ગાંધીવાદી બની ગયા.

સામાજિક-સાંસ્કૃતિક દૃષ્ટિએ ગુજરાત ક્લબ સ્થિર નહીં, પરિવર્તનશીલ રહી હતી. તેનું મહત્ત્વ પિછાનીને વીર સાવરકર, ગોપાલકૃષ્ણ ગોખલે, ડૉ. સફુદ્દીન કીચલુ, ડૉ. સી. વી. રામન અને ડૉ. ભટનાગર જેવા મહાપુરુષોએ તેની મુલાકાત લઈને વાર્તાલાપો આપ્યા હતા. પોણી સદી વટાવી ચૂકેલા જે. આર. દસ્તુર આ સદીની ચાલીસીથી ગુજરાત ક્લબમા જ તૈયાર થયા હતા. તેમણે પ્રાપ્ત કરેલા ચંદ્રકો જોનારને તેમની શક્તિઓનો સહેજે ખ્યાલ આવી શકે તેમ છે. તેમના શબ્દોમાં 'ટેનિસ, બિલિયર્ડ, ક્રિકેટ અને ટેબલ ટેનિસ જેવી આઉટડોર રમતોનાં પારણાંરૂપ જો કોઈ સંસ્થા હોય તો તે અમારી ગુજરાત ક્લબ છે. શરૂશરૂમાં મારા લેસનો હું અહીં જ શીખ્યો હતો.' વિશ્વવિક્રમ સર્જનાર ગીત શેઠી બિલિયર્ડ આ ક્લબમાં શીખ્યા હતા.

કોઈ પણ વ્યક્તિ, સંસ્થા કે સમાજ 'ચડતી-પડતી'ના વર્તુલમાંથી પસાર થાય છે. તે મુજબ થોડાં વર્ષ પહેલાં ગુજરાત ક્લબને છેલ્લા શ્વાસ ખેંચવાનો વારો આવ્યો હતો. પણ વિપિન પરીખ (પ્રમુખ) અને એ.ટી. પુરોહિત (ઓનરરી સેક્રેટરી)ના ભગીરથ પ્રયાસોને લીધે ક્લબ 'બેઠી થઈ છે.' પહેલાંનું તે જ, શક્તિ અને નૈતિક તાકાત તે ગુમાવી બેઠી છે. કાયાકલ્પ દ્વારા 'નવજોબન' પ્રાપ્ત કરે તે દુષ્કર છે, અશક્ય નથી. આ તો સૌકોઈ સંવેદનશીલ નાગરિકની ફિકરનો વિષય છે. અમદાવાદ અને ગુજરાતમાં ઝાકઝમાળવાળી ક્લબો તો અનેક છે અને તે ફૂલતીફાલતી જાય છે. આમ છતાં વૃદ્ધ થયેલી આ ક્લબ અર્વાચીન ગુજરાતની ક્લબોની જનની છે! □

શૅડો પપેટ્રિ



દક્ષિણ ભારતની લોકકલા

... શ્રુતિ ત્રિવેદી ...

કઠપૂતળીનો ખેલ આપણે ત્યાં પ્રચલિત છે. પરંતુ એને મળતા આવતા પણ અલગ કૌશલ્ય માગી લેતા છાયાખેલ અથવા ચર્મપૂતળીઓના ખેલથી લોકો અજાણ છે. આ ખેલ દક્ષિણ ભારતની મહત્ત્વની લોકકલા છે.

એક જમાનામાં ચર્મપૂતળીઓ બનાવવાનો હસ્તોદ્યોગ કર્ણાટકમાં પૂર્ણ કળાએ ખીલ્યો હતો. રાજ્યના જુદા જુદા ભાગમાં બનતી પૂતળીઓની જુદી જુદી ખાસિયત હોય છે. કર્ણાટકની પૂતળીઓમાં ખાસ કરીને દરેક આકૃતિમાં બે આંખ મૂકવામાં આવે છે. સાઈડ ફેસની આકૃતિઓમાં આ ઘણું વિચિત્ર લાગે છે છતાં આ એક પરંપરા છે.

કારીગર પૌરાણિક કથાઓ, લોકકથાઓ વગેરેનો આધાર લઈને પોતાની કલ્પના અને કૌશલનું મિશ્રણ કરીને ચામડામાંથી અવનવા આકારોનું સર્જન કરે છે અને તેમાં રંગ ભરે છે. આ માટે ચામડાને બરાબર સાફ કરીને કેળવવામાં આવે છે. પછી એના ઉપર નખથી સ્રીઓ, પુરુષો, પ્રાણીઓ, પક્ષીઓ, વૃક્ષો અને અન્ય આકારો ઉપસાવવામાં આવે છે. જોકે અત્યારના ઘણાખરા કારીગરો મહેનતની ઝંઝટ ટાળે છે અને જૂના આકારોની આઉટલાઈનને ટ્રેસ કરી લે છે. એ પછી આકારોને કાપી લઈને તેમાં રંગો પૂરવામાં આવે છે. રંગ પૂરતી વખતે વસ્રો, આભૂષણો વગેરેનો ખ્યાલ રાખવામાં આવે છે.

રંગ ભરવાનો તબક્કો ખૂબ મહત્ત્વનો છે. મોટે ભાગે લાલ, લીલા, કાળા, વાદળી અને બદામી રંગોના શેડનો વધુ ઉપયોગ થાય છે. જૂના વખતમાં વનસ્પતિનાં પાંદડાંના રસનો ઉપયોગ રંગો તરીકે થતો. એ રંગોની ચમક લાંબા સમય સુધી ટકી રહેતી.

આ પૂતળીઓની મદદથી છાયાખેલ દર્શાવવા માટે એક મંચ ઊભો કરવામાં આવે છે. મંચની આગળ ઝીણું સફેદ કપડું (મોટે ભાગે ધોતી) પ્રેક્ષકો તરફ ઢળતું રહે તે રીતે લટકાવીને મંચનો આગળનો ભાગ ઢાંકી દેવામાં આવે છે. અંદરની બાજુએ બીજું જાડું કાપડ લટકાવવામાં આવે છે. બાકીની ત્રણ બાજુઓ અને મંચનો ઉપરનો ભાગ જાડા કાપડથી બંધ કરી દેવામાં આવે છે. એ પછી મંચમાં તેલનો દીવો પેટાવવામાં આવે છે.

(અનુસંધાન પૃ. ૬૫૭ પર)

ઈતિહાસધારા

મેવાડના સિસોદિયા વંશના શાસક મહારાણા સંગ્રામસિંહ અથવા સાંગા વિષે ઈતિહાસકાર કર્નલ ટૉડે લખ્યું છે કે તે હમીરની તાકાત તથા લાખાની સૂઝ ધરાવતો હતો. એની અને બાબરની વચ્ચે ખાનવાર નામના નાનકડા ગામે થયેલા યુદ્ધે ભારતીય ઈતિહાસને એક નવો જ વળાંક આપ્યો. આ દેશ પર મુગલ સત્તાની સ્થાપના સાથે ઈતિહાસના એક નવા જ અધ્યાયનો આરંભ થયો. એના સમયના ભારતના એ સૌથી શક્તિશાળી રાજવીને ખુદ બાબરે પણ તેનાં સંસ્મરણોમાં મુક્તમને બિરદાવેલ છે.

રાણા કુંભાના આ પૌત્રથી ગુજરાત અને માળવાના સુલતાનો સદા ભયભીત રહેતા. ગાદીએ આવતાવેંત તેણે દિલ્હીની લોદી સલ્તનતનો કેટલોય હિસ્સો પોતાના રાજ્યમાં મેળવી દીધેલો. તે દિલ્હીની આ લોદી સલ્તનતનો અંત આણી દેવા ઉદ્યુક્ત થયો ત્યાં તો બાબરે કાબૂલની ગાદી હાથ કરી હિન્દુસ્તાન તરફ નજર દોડાવી. આથી તેણે બાબર સાથે એવી સમજૂતી કરી કે બાબર દિલ્હી પર આક્રમણ કરે તે સાથે રાણો આગ્રા હાથ કરીને પછી બાબરને આવી મળે. રાણાનો વ્યૂહ બાબરને પરાજિત કરીને દિલ્હી હાથ કરવાનો હતો, પરંતુ બાબર સાથેના પાણીપતના યુદ્ધમાં દિલ્હીનો સુલતાન ઈબ્રાહીમ લોદી માર્યો જતાં તેનો ભાઈ મોહમ્મદ લોદી સહાય માટે રાણાને આવી મળ્યો. મેવાતનો હસનખાં પણ મુગલોને સાથ ન આપતાં રાણાને આવી મળ્યો. આ ઉપરાંત અન્ય કેટલાક રાજવીઓ અને સામંતોનો સાથ મેળવી તે સીકરીમાં પડાવ નાખી પડેલી મુગલ ફોજ સામે ઊપડ્યો.

બાબરે સીકરી મુકામેની તેની ફોજની એક ટુકડીને નિયાના મુકામે રાણાનો સામનો કરવા મોકલી, જેને સખત પરાજય મળતાં બીજી ટુકડી અબ્દુલ અઝીઝની સરદારી નીચે મોકલી. આ ટુકડી છેક ખાનવાહ સુધી આવી પહોંચતા રાણાએ ૫૦,૦૦૦ની સેના તેના સામના માટે મોકલી આપી. રાણા સામે સીકરીથી બીજી મદદ આવી પહોંચે તે પહેલાં મુગલ સેનાનો મોટો ભાગ કત્લ થઈ ચૂક્યો, કેટલાય સરદારો કેદ પકડાયા. જેમાં મુલ્લા નિયામત અને મુલ્યા દાઉદનાં નામ ઉલ્લેખનીય છે.

આ બે પરાજયોએ બાબરની ફોજને ભયભીત બનાવી દીધી અને તે બાબરને અફઘાનિસ્તાન પાછા ફરવાનું દબાણ કરવા લાગી, જે રીતે સિકંદરની ફોજે તેના પર દબાણ આપી તેને ભારતમાંથી પાછા ફરવાની ફરજ પાડેલી. બાબરે એ સમયે શરાબ કે બીજો કોઈ નશો ન કરવાની પ્રતિજ્ઞા લઈ પોતાના સરદારો પાસે પણ એવી પ્રતિજ્ઞા લેવડાવી અને ખુદા એથી મહેરબાન બન્યો હોવાનું જોરદાર ભાષણ સૈનિકો સમક્ષ કરતાં સૈનિકો ઉત્સાહમાં આવી ગયા અને કુરાન હાથમાં લઈ મરતાં સુધી બાબરનો સાથ ન છોડવાના કસમ ખાધા.


બંને ફોજોનો ખાનવાહ મુકામે સામસામો ભેટો થયા છતાં મુગલ ફોજ આક્રમણની હિંમત ન કરી શકી. બે દિવસ એમ ને એમ વીતી જતાં છેવટે રાણાએ તા. ૧૬મી માર્ચ ૧૫૨૭ની સવારે મુગલ સેનાની ડાબી પાંખ પર આક્રમણ શરૂ કરી દીધું. બાબરે તેની તોપખાનાની ટુકડી એ બાજુ મોકલી આપી. આમ છતાં આગળ વધતી રાણાની ફોજ પાસે તોપમારાનો જવાબ આપવાનું કોઈ સાધન ન હોઈને તેની ફોજની લાશો પર લાશો ઢળવા માંડી.

મુગલ ફોજની તોપની તાકત રજપૂતોએ ગણતરીમાં જ નહોતી લીધી. યુદ્ધનો પાસો પલટાતો જોઈ રાણો આક્રમણના નવા વ્યૂહ માટે નજીકના પહાડોમાં પહોંચી ગયેલો, જ્યારે હસનખાં મેવાતી અને ડુંગરપુરના ઉદયસિંહ યુદ્ધમાં મંડ્યા રહેલા. ખાનવાહના આ યુદ્ધમાં રાણાને સાંપડેલા આ પરાજય બદલ કેટલાક એવો તર્ક દોડાવે છે કે રાણાનો કોઈ મહત્ત્વનો સેનાનાયક બાબરને મળી ગયો હશે, પરંતુ તેનું કોઈ ઐતિહાસિક પ્રમાણ મળતું નથી. □

અશોક હર્ષ

લેનિનગ્રાડનું 'ધ હરમિટેજ' મ્યૂઝીઅમ

હેમેન્દ્ર એ. શાહ



લેનિનગ્રાડ રશિયાનું પાટનગર બે વખત બન્યું હતું, પરંતુ વહીવટી અને બીજા કારણોસર તેને પાછું મૉસ્કો લઈ જવામાં આવ્યું. જોકે મારી દૃષ્ટિએ લેનિનગ્રાડ હજુ પણ કલા-સંસ્કાર, વૈભવશાળી મહેલો, ભવ્ય નૃત્યનાટિકાઓ, સ્થાપત્ય અને કલા-વારસાને ધ્યાનમાં લઈએ તો તે રશિયાનું કલાનું પાટનગર હતું અને હજુ પણ અકબંધ રહ્યું છે.

અતિ પ્રસિદ્ધ નૃત્યનાટિકાઓ, બે-અઢી કલાકના પ્રશિષ્ટ નાટકોમાં સરકતા-ફરકતા મંચોમાં એક સેકંડ માટે પણ અંધારપટ કર્યા વગર ઘડીકમાં જંગલો, ઘડીકમાં પાણીથી ભરપૂર તળાવો, ફરતી હોડીઓ વગેરે પ્રભાવશાળી દૃશ્યો આપણી સમક્ષ પળવારમાં બદલાયા કરે ત્યારે આપણાથી દિગ્મૂઢ થયા વગર રહી શકાય નહીં. ઉચ્ચ કક્ષાનું સ્થાપત્ય દર્શાવતાં અનેક બિલ્ડિંગો, દેવળો પણ લેનિનગ્રાડનાં ઘરેણાં સમાન છે.

લેનિનગ્રાડ ઉત્તર ધ્રુવની નજીક હોવાથી મે મહિનામાં રાત્રિના ૧૨ા વાગે અમે ફરવા નીકળ્યા ત્યારે આપણે ત્યાં શિયાળામાં સાંજે ૬-૦૦ વાગે પ્રકાશ હોય એટલો બધો પ્રકાશ હતો.

રશિયાનું અને લેનિનગ્રાડનું અતિ મહત્ત્વપૂર્ણ અને કીમતી ઘરેણું હોય તો તે છે 'ધ હરમિટેજ' મ્યૂઝીઅમ.

ઝાર રાજાઓના વિન્ટર પેલેસને મ્યૂઝીઅમમાં ફેરવી નાખવામાં આવેલ છે. 'ધ હરમિટેજ' મ્યૂઝીઅમને આટલું બધું સમૃદ્ધ બનાવવામાં - ખાસ કરીને ક્લાસિકલ પેઈન્ટિંગના આટલા મોટા સંગ્રહ માટે ઘણો બધો યશ પ્રિન્સેસ ઝરીના બીજાંને જાય છે. તેણે પોતાના કલાપારખુ એલચીઓને યૂરોપમાં મોકલ્યા અને વહાણો ભરીને તેઓ ક્લાસિકલ પેઈન્ટરોના પેઈન્ટિંગ્ઝ ખરીદી લાવ્યાં.

'ધ હરમિટેજ' મ્યૂઝીઅમમાં લગભગ ૧૮૦૦ ઓરડાઓ છે, જેમાં ૧૨૦૦ ઓરડાઓમાં પેઈન્ટિંગ્ઝ, શિલ્પ અને બીજી અનેક કીમતી કલા-કારીગરીના નમૂનાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. હરમિટેજમાં લિયોનાર્ડો વિન્સીનાં ઘણાં પેઈન્ટિંગ્ઝ છે. 'મોનાલિસા' અને 'લાસ્ટ સપર' પછી અતિ મહત્ત્વપૂર્ણ ગણાતું 'મેડાના લિટ્ટા' (મધર ઍન્ડ ચાઈલ્ડ) પણ ત્યાં પ્રદર્શિત કરવામાં આવેલું છે.

ગુફાકાળના આદિ માનવથી માંડીને ૨૦મી સદી સુધીનાં સોનાનાં કલાત્મક ઘરેણાંઓનો સંગ્રહ પણ આ જ મ્યૂઝીઅમમાં છે. સોનાના આ નમૂનાઓનું કુલ વજન એક ટનથી પણ વધારે થાય છે.


હરમિટેઈજમાં ભારતના વણાટકામ, કલા-કારીગરીના નમૂના, યુદ્ધસમયનાં વિવિધ શસ્ત્રો તથા વિવિધ કલા દર્શાવતા નમૂના પણ પ્રદર્શિત થયેલા છે.

રશિયાની સરકાર અને કલા-કારીગરીના પુનર્નિર્માણ અને સમારકામના નિષ્ણાત વિજ્ઞાનીઓ જૂનાં શિલ્પ-સ્થાપત્યો અને પેઈન્ટિંગ્ઝની સંભાળ માટે ઘણા પૈસા તથા સમયનો ભોગ આપે છે.

મારી મુલાકાત દરમ્યાન (મે ૧૯૬૪) હરમિટેજમાં ઘણાં જૂનાં પેઈન્ટિંગ્ઝનું પુનર્નિર્માણનું કામ થતું મેં જોયું. સમરકંદની ઐતિહાસિક ઇમારતો પાછળ અત્યંત શ્રમપૂર્વક સમારકામ થતું જોયું.

મોસ્કો અને અન્ય શહેરોમાં અનેક મોટાં મ્યૂઝીઅમો છે, પરંતુ 'ધ હરમિટેજ'નું સ્થાન અતિ વિશેષ છે.

રશિયાનો સંપર્ક અમેરિકા-યુરોપના દેશો સાથે ગાઢ ન હોવાથી યુરોપનાં કલાવિષયક પુસ્તકોમાં તેના કલાવારસા વિશે



મધર મેરી અને શિશુ



'ધ હરમિટેજ' મ્યૂઝીયમમાં રાખવામાં આવેલી એક પ્રશિષ્ટ કલાકૃતિ

ખાસ વિગતો વાંચવા મળતી નથી, તેના પેઈન્ટિંગ્ઝનાં રિ-પ્રોડક્શન જોવા મળતાં નથી, પરંતુ જેઓને નૃત્ય-નાટિકાઓ તથા જૂના ક્લાસિકલ પેઈન્ટિંગ્ઝમાં રસ છે તેઓએ થોડા દિવસ માટે પણ લેનિનગ્રાડ જવું જ જોઈએ. □

અનુસંધાન] **સાહિત્યસંપર્ક** [પૃ. ૬૭૧થી

વૈદ્ય', 'દંડ રાક્ષસ અને ગોટુ' તથા 'તતખેવ મહારાજ' : પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, ક્રાઉન પૃ. ૯૬, કાચું પૂંઠું, રૂ. ૩૬ (આખા સેટના રૂ. ૧૮૦), રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

કર્ણિકા : લે. પીયૂષ પંડ્યા 'જ્યોતિ', (પ્રકા. : પ્રવીણ પુસ્તક ભંડાર, લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ) પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, ક્રાઉન, પૃ. ૧૩૫, કાચું પૂંઠું, રૂ. ૬૦, ઊર્મિપ્રધાન ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. 'એક ખાલી ચિત્ર' અને 'સુખનો દિવસ' બે નોંધપાત્ર વાર્તાઓ છે.

યોગ અને સાચું પર્યાવરણ વિજ્ઞાન : સંપાદક : ગોપાળદાસ જીવાભાઈ પટેલ, (પ્રકા : નવજીવન ટ્રસ્ટ, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪), પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭, ક્રાઉન પૃ. ૪૦, કાચું પૂઠું, રૂ. ૧૦. ડૉ. એમ. એમ. ભમગરાએ યોગનું તત્ત્વ અને સાચું પર્યાવરણ વિજ્ઞાન વિશે જે વ્યાખ્યાનો આપેલાં તેનું લેખકે સુંદર સંપાદન કરીને લોકોપયોગી પુસ્તક બનાવ્યું છે.

મયૂરપિચ્છની રાખ : લે. સુશીલા ઝવેરી, (પ્રકા. : શ્રી હરિહર પુસ્તકાલય, ટાવર રોડ, સુરત) પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭, ક્રાઉન, પૃ. ૧૬૦, પાકું પૂંઠું, રૂ. ૫૦. પાગલખાનાથી આરંભાતી નવલકથા. એનાં પાત્રો પાગલ નથી. આંતરિક અનુભૂતિની નવલકથા.

આખી પૃથ્વી તારો પ્રેમપત્ર છે...! લે. ડૉ. યશવંત ત્રિવેદી, (નવભારત સાહિત્ય મંદિર, દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧), પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, ડિમાઈ, પૃ. ૫૫, કાચું પૂંઠું, રૂ. ૫૦. વિષાદયુક્ત કાવ્યોનો આલાપ છેડતો કાવ્યસંગ્રહ. પ્રેમનો રંગ ઊર્મિ અને વિષાદ આ એકાવન કાવ્યોમાંથી પ્રગટે છે. પ્રિયાતિપ્રિય સખા શ્યામસુંદરનો શણગાર અને તાજી સંવેદનાનાં કાવ્યો.

જીવનનાં વિવિધ ક્ષેત્રોની સિદ્ધ-પ્રસિદ્ધ

મહિલાઓની મુલાકાત

લેનાર
અવંતિકા ગુણવંત



ડૉ. વિલાસબહેન મહેતા

[પ્રખ્યાત સ્ત્રીરોગ નિષ્ણાત ડૉ. વિલાસબહેન એમ.ડી. છે અને વૉશિંગ્ટન યુનિવર્સિટીમાંથી સુપર સ્પેશિયલાઈઝેશન મેળવ્યું છે; અમદાવાદની વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલનાં સફળ સુપરિન્ટેન્ડેન્ટ. ૧૯-૧૨-૩૨ ખંભાતમાં જન્મ. પિતા ઍડ્વોકેટ મગનલાલ સી. મહેતા અને માતા માણેકબહેનનું બીજા નંબરનું સંતાન.]

પ્ર. મેડિકલમાં ગયાં તે આપની પોતાની પસંદગી કે વડીલોનું સૂચન? ક્યાં અભ્યાસ કર્યો? કોઈ મુશ્કેલી?

ઉ. મને પોતાને આ લાઈન ગમતી હતી તેથી લીધી. અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં અભ્યાસ કર્યો. પહેલાં સિવિલ હૉસ્પિટલ ઘીકાંટા હતી, ખાડિયામાં રહેતી તેથી ચાલીને જતી. નવી સિવિલ હૉસ્પિટલ દૂર, તો બસમાં જતી. હા, બસની ફ્રિક્વન્સી ઓછી તેથી રાહ જોવી પડે, પણ એ સમય દરમિયાન વાંચતી; તેથી સમય બગડે છે એવો કચવાટ ન રહેતો.

પ્ર. વાંચવામાં ખલેલ ન પડે?

ઉ. ના, એકાગ્ર ચિત્તે વાંચીએ તો કોઈ ખલેલ ન પડે.

પ્ર. કોઈ પોતાના સાધનની જોગવાઈ ન કરી?

ઉ. પિતા તો સાધનસંપન્ન હતા – એ જમાનો સાદાઈનો હતો, ભણવું હોય તો ભણો, ઘરમાંથી ફી મળે, ચોપડી લાવી આપે, પણ કપડાંલત્તાં પાછળ કે બીજી કોઈ સગવડ માટે પૈસા ન મળે. ગુજરાત કૉલેજમાં ભણતી હતી ત્યારે બસ ન મળે તો ચાલી નાખવાનું. એની કોઈ ફરિયાદ નહિ, કંટાળો નહિ.

પ્ર. આપના પર કોની અસર, માતા કે પિતાની?

ઉ. મારાં બા તો ચાર ચોપડી ભણેલાં, નરમ પ્રકૃતિનાં. એમની કોઈ ખાસ અસર નહીં, પણ પિતાજી મક્કમ મનોબળવાળાં. મારું બોલવું, ચાલવું, વિચારવું બધું એમના જેવું છે એમ બધાં કહે છે. એમની જેમ કાર્યરત રહું છું.

પ્ર. આપ સ્ત્રીરોગ-નિષ્ણાત કેમ બન્યાં?

ઉ. એ સમયે ગાઈજિક સિવાય પૅથોલૉજિ અને એનેસ્થેસિયામાં લેડીઝ જતી હતી. પણ એ બેઉમાં રોગી સાથે સીધો સંપર્ક ન થાય. જ્યારે ગાઈનેકમાં રોગી સાથે સીધા સંપર્કમાં અવાય. રોગીને સીધી સારવાર કરવામાં સંતોષ મળે, ને બહુ રોગીઓની સારવાર કરી શકાય. માટે હું સાર્વજનિક હૉસ્પિટલમાં જોડાઈ ગઈ.

પ્ર. કઈ હૉસ્પિટલ?

ઉ. શેઠ વી. એસ. હૉસ્પિટલમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાઈ. પછી ડેપ્યુટિ સુપરિન્ટેન્ડન્ટ લિબિયા ગયા ત્યારે એમનું કામ કર્યું ને પછી હું સુપરિન્ટેન્ડન્ટ બની.

પ્ર. વહીવટી કામ ગમતું હતું? ખટપટનો સામનો કરવો પડ્યો હતો?

ઉ. ગમતું ન હતું, પણ પડકાર તરીકે આવ્યું એટલે સ્વીકાર્યું અને સારી રીતે કરી બતાવ્યું. જીવનમાં જે પડકાર આવે તે હું ઝીલી જ લઉં. કોઈ ખાસ ખટપટનો સામનો નથી કરવો પડ્યો. મારા સદ્ભાગ્યે પુરોગામીઓએ એવી સારી કાર્યપદ્ધતિ નક્કી કરેલી કે બધાએ અનુસરવાની રહે. ક્યારેક કૂચ પેદા થાય તો બધા બેસીને ઉકેલે. ખટપટને લગભગ ટાળવામાં જ આવતી.

પ્ર. તમે કેવા પ્રકારના કેસ હાથમાં લો, કરો?

ઉ. બધા જ પ્રકારના સ્ત્રીરોગો '૭૩, '૭૪ સુધી તો કેન્સરનાં ઓપરેશન પણ કરતી હતી, પણ કેન્સર હૉસ્પિટલ થઈ પછી એડવાન્સ કેન્સરના કેસ ત્યાં મોકલીએ છીએ. જુવાનીમાં તો ગામડે ગામડે કેમ્પ પણ બહુ કર્યા. લેપ્રોસ્કોપી બહુ કરી. હવે થાક લાગે છે તેથી કેમ્પમાં નથી જતી.

પ્ર. આપના વ્યવસાયમાં આપના ગુરુ કોણ?

ઉ. મિસ પંડ્યા ને નાડકર્ણીસાહેબ. અમારા વ્યવસાયમાં ગુરુને ખૂબ માન અપાય. એમના માર્ગદર્શન નીચે અમે હાથમાં છરી પકડીએ - કોઈ એક રોગીને રોગમુક્ત કરવા. એને નવજીવન આપવા. આ એક પવિત્ર ગંભીરતમ કાર્ય છે. હૈયે હિંમત જોઈએ, જાતમાં શ્રદ્ધા જોઈએ, હાથ જરાય ધ્રૂજવો ન જોઈએ. આ માટે સમર્થ ગુરુ જોઈએ, જેનામાં છેલ્લામાં છેલ્લું જ્ઞાન હોય અને હાથમાં છરી પકડવાની કળા હોય. મૅડમ પંડ્યા ઍંસી વરસની ઉંમરે ય ઓપરેશન કરે છે, પૂરા આત્મવિશ્વાસથી. એમની પાસેથી હું શીખી. હું બેસતા વરસના દિવસે પહેલાં મિસ પંડ્યાને પ્રણામ કરવા જાઉં છું,

પછી દેવદર્શને.

પ્ર. ઈશ્વરમાં માનો?

ઉ. હા. રોજ સવારે હું પ્રાર્થના કરું છું, રવિવારે મંદિરે જાઉં છું. મારા ઑપરેશન થીએટર અને ઓ.પી.ડી.માં ભગવાન કૃષ્ણની મૂર્તિઓ છે. ભગવાનનો અનુગ્રહ હોય તો જ સફળ થવાય.

પ્ર. કોઈ ગંભીર કેસ સુધરી જાય તો તમે પોતે જશ ન લો?

ઉ. ના કદીય નહીં. એવું હોત તો અમે બધા દર્દીઓને સાજા ન કરત? અમે બધાંને સાજા નથી કરી શકતાં એટલે એવો ગર્વ ન કરાય. અમે તો કોઈ ગંભીર કેસ હોય તો એને પણ કહીએ કે જે ભગવાનમાં માનતા હો તેનાં દર્શન કરી આવો. અમે તો અમારી આવડત, જ્ઞાનનો ઉપયોગ કરીએ છીએ - ખૂબ નિષ્ઠાથી, ઈશ્વરનું નામ લઈને.

પ્ર. નિષ્ઠાથી એટલે?

ઉ. કોઈ ગંભીર કેસ હોય તો એને લગતું બધું સાહિત્ય વાંચું, ઑપરેશન માટે શરીર ખોલ્યું ને રોગ વધી ગયેલો જોઈને બંધ ન કરી દઉં કે એને અડધેથી મૂકી ન દઉં. ધૈર્યથી એને પૂરું કરું, જોઈએ તો બીજા નિષ્ણાતોને બોલાવું, પણ છેક સુધી પ્રયત્ન કરું.

દર્દી ગંભીર હોય તો રાતભર હૉસ્પિટલમાં રહું, જૂનિઅર ડૉક્ટરોને સોંપીને ઘેર ન જાઉં. અમારામાં લોહીની બહુ જરૂર પડે. ઈમરજન્સી હોય તો મારું લોહી પણ આપું. મારું 'ઓ' નેગેટિવ ગ્રૂપ છે, જે બધાને આપી શકાય. એને મૅચ ન કરવું પડે. આવું તો અનેક વાર મેં લોહી - રક્તદાન કર્યું છે. દર્દીને બચાવવા બધું જ કરી છૂટું. એ તો મારા જીવનનું કર્તવ્ય છે.

પ્ર. છતાંય દર્દી ન બચે તો?

ઉ. તો ખૂબ દુઃખ થાય, અમારા દર્દીઓ મોટા ભાગે યુવાન હોય, પાછળ નાનાં બાળકો હોય, તેથી બહુ કરુણ લાગે.

દૂર ગામડાંના કેસ હોય, અજ્ઞાન અને ગરીબાઈના લીધે વિલંબથી કેસ લઈ આવે, ક્યાંક તો સ્ત્રીઓનું મહત્ત્વ ન હોય, આ બધું ટ્રેજિક છે.

પ્ર. ખૂબ સીરિઅસ કેસનું ઑપરેશન કરવાનું આવે તો ગભરામણ થાય?

ઉ. ના, જરાય ગભરાટ ન થાય કે હાથ ન ધ્રૂજે. પૂરી આત્મશ્રદ્ધા સાથે અને હિંમતથી ઑપરેશન કરું છું.

પ્ર. નિવૃત્ત થયા પછી આપે સ્વતંત્ર દવાખાનું ખોલ્યું છે, ત્યાં બીજા ગાઈનેકોલૉજિસ્ટ કરતાં તમારી ફી કેમ ઓછી છે?

ઉ. માંદગીમાં માણસને એક્સપ્લોઈટ ન કરાય. અને ગરીબોના ઓછા ને પૈસાપાત્રના વધારે એવું વર્ગીકરણ મને નથી ફાવતું, નથી ગમતું. વી.એસ.માં નિયત પગાર જ મળતો હતો ને બાકી બધું મરજિયાત કરતી હતી. પૈસા મારું લક્ષ્ય નથી.

પ્ર. આપે સેવા કરી કહેવાય?

ઉ. સેવા શબ્દમાં મને તો આડંબર લાગે છે, માટે સેવા શબ્દ હું કદી નથી વાપરતી. દર્દીને સારવાર આપવાની મારી ફરજ છે. ફરજ બજાવી એને સેવા ન કહેવાય. મેં મને તક મળી છે ત્યારે આવડતનો સંપૂર્ણપણે ઉપયોગ કર્યો છે. 'કામેશ્વર મેડિકલ સેન્ટર'માં હું જાઉં છું. ત્યાંથી કશું લેતી નથી, પણ એને સેવા નથી કહેતી, ડૉક્ટર તરીકેની ફરજ છે.

પ્ર. આજકાલ ડૉક્ટરોના ચાર્જીસ ફેન્ટૅસ્ટિક થઈ ગયા છે તેને કઈ રીતે વાજબી ગણાવી શકાય?

ઉ. આઈ ડોન્ટ નો. (હું જાણતી નથી.)

પ્ર. સામાન્ય સ્થિતિના દર્દીઓ એવી મોંઘી સારવાર કેવી રીતે લઈ શકે?

ઉ. લોકો લગ્નપ્રસંગે કે બીજા પ્રસંગે માત્ર સમાજમાં મોભો બતાવવા ઘણા મોટા ખર્ચા કરે છે, દેવું કરીને ખર્ચા કરે છે, પણ ડૉક્ટરને આપવાના આવે ત્યારે ઝઘડા કરે છે.


પ્ર. આપણે ત્યાં લોકો ડૉક્ટરને ભગવાન માને છે, દર્દી સાજો થાય તો જશ ડૉક્ટરને આપે છે, બરાબર છે?

ઉ. હવે એવું નથી રહ્યું. છેલ્લાં થોડાં વરસોમાં બધું બદલાઈ ગયું છે, ગ્રાહકસુરક્ષા ધારો આવતાં જનસમુદાયમાં જાગૃતિ આવી છે. ડૉક્ટરની બેકાળજી, તુમાખી કે પૂરો સહકાર ન મળે તો કોર્ટમાં ઢસડી જાય છે. આવા કેસનો ગણતરીના દિવસોમાં નિકાલ આવવો જોઈએ, ચાર-પાંચ વરસ સુધી કેસ કોર્ટમાં પડી રહે એમાં નુકસાન છે.


પ્ર. આપે લગ્ન નથી કર્યાં, આપનાં માતાનો એ માટે કેવો અભિગમ? જીવનમાં કંઈ ખૂટતું હોય તેવું લાગે?

ઉ. મેડિકલમાં દાખલ થઈ ત્યારથી નક્કી કર્યું જ હતું કે હું લગ્ન નહિ કરું, કારણ કે આજથી પાંત્રીસ-ચાળીસ વર્ષ પહેલાં સ્ત્રી પાસેથી બહુ અપેક્ષા રખાતી હતી, ઘર ને દવાખાનું બેઉ મનને સંતોષ થાય એ રીતે ન સંભાળી શકાત. મેં લગ્ન કર્યાં હોત તો હું આટલું ન કરી શકી હોત. મારાં માતાપિતાએ મને આ નિર્ણયમાં પૂરી સંમતિ આપી હતી. અને એ વખતે નહીં પણ પછી કમભાગ્યે મારો નાનો ભાઈ ભરજુવાનીમાં મૃત્યુ પામ્યો. ભાભી તથા ત્રણ બાળકોની જવાબદારી સંભાળવાની આવી, આજે પણ અમે બધાં સાથે રહીએ છીએ.


દવાખાનું એનો વહીવટ અને દરદીઓ ઉપરાંત કૉન્ફરન્સો હોય, મેડિકલ કૉલેજમાં ગ્રેડ્યુએશન અને પોસ્ટ ગ્રેડ્યુએશન સ્તર પર તથા નર્સિંગ કોર્સમાં ભણાવવાનું : આ સારી રીતે




'રૂપસંહિતા' - બીજી આવૃત્તિ]   સાથિયા   [વાસુદેવ સ્માર્ત



'રૂપસંહિતા' - બીજી આવૃત્તિ] મંડલ [વાસુદેવ સ્માર્ત



'રૂપસંહિતા' - બીજી આવૃત્તિ]　　જરીબુટ્ટીનું ભરતકામ　　[વાસુદેવ સ્માર્ત



'રૂપસંહિતા' - બીજી આવૃત્તિ] દક્ષિણ ભારતનું છાપેલું કપડું [વાસુદેવ સ્માર્ત

થઈ શકે તેથી અપ-ટુ-ડેટ નોલેજ માટે છેલ્લામાં છેલ્લું સાહિત્ય વાંચવું પડે, દેશમાં અને પરદેશ જઈને નવા નવા કોર્સ કરવા પડે. આમ, શીખવું અને શીખવવાની પ્રક્રિયા જિંદગીમાં ચાલુ જ રહી. સાથે સાથે ડ્રગ્ઝ અને ડિઝીઝ પર સંશોધન થાય - આવી કાર્યરત જિંદગીમાં કશું ખૂટે છે એવું વિચારવાનો વખત જ નથી આવ્યો.

પ્ર. જીવનમાં સંતોષ?

ઉ. એકદમ સંતોષ.

પ્ર. આપના ક્ષેત્રમાંથી નિવૃત્ત થવાનું વિચારો છો?

ઉ. કામથી કદી નિવૃત્તિ નહિ, હજી તો કામ કરવું છે માટે તો બાઈપાસ સર્જરી કરાવી. મેં કદી વેકેશન નથી લીધું.

પ્ર. બીજા શોખ ખરા?

ઉ. ફરવાનો શોખ છે. બાઈનોક્યુલર લઈને ફરું, ભારત આખું જોઈ લીધું છે, ઉપરાંત નેપાળ, થાઈલેન્ડ, હૉંગકૉંગ, સિંગાપોર, યુરોપ, અમેરિકા ફરી છું. કોન્ફરન્સો અને શૈક્ષણિક કાર્યક્રમ નિમિત્તે આ બને.

સંગીતનો શોખ છે. નાનપણથી સુગમ સંગીત અને ગરબા ગાતી, હાર્મોનિયમ વગાડતી. છેલ્લા દસ વરસથી શાસ્ત્રીય સંગીતના શિક્ષક આવે છે. રાગ શીખું છું. 'સપ્તક'ની સભ્ય છું. સંગીતના કાર્યક્રમોમાં જાઉં છું.

ચિંતનાત્મક સાહિત્ય વાંચવું ગમે. હરીન્દ્ર દવે, સુરેશ દલાલ, ગુણવંત શાહ સારા પ્રિય લેખકો છે. સારા શબ્દો અને ભાવવાળી કવિતાઓ ગમે, અનિલ જોશી, મનોજ ખંડેરિયાનાં કાવ્યો બહુ ગમે છે.

પ્ર. આપને દાન કરવાનું હોય તો શેમાં કરો?

ઉ. મેડિસિન્સમાં જ કરું. □

અનુસંધાન] દ્વારકાઃ ગઈ કાલ આજ આવતી કાલ [પૃ. ૬૩૦થી

ઝીંક ઝીલવાની જ ગણતરીએ બનાવવામાં આવી હશે. જે રીતે આ દીવાલ બની છે તે પદ્ધતિ પણ દરિયો પૂરીને બનાવવામાં આવતાં નગરોને મળતી આવે છે, તથા આજના મહાનગર મુંબઈમાં બેકબેરેકલેમેશન ઉપર આ જ પદ્ધતિ માલૂમ પડે છે. એટલે કે આ સંશોધન પણ સિદ્ધ કરે છે કે હાલની દ્વારકા એ કૃષ્ણની દ્વારકા લાગતી નથી. છતાં વધુ ખોદકામ થાય અને વધારે પુરાવા દ્વારા એક બીજી વાતને સમર્થન પ્રાપ્ત થાય ત્યારે એ કથન સત્ય નીવડે કે હાલની દ્વારકા શ્રીકૃષ્ણની જ દ્વારકા છે અને તેની પ્રાચીનતા છેક મહાભારતકાળ સુધી જાય છે.

ટૂંકમાં, એટલો જ નિષ્કર્ષ આ ચર્ચાને અંતે આપી શકાય કે **કૃષ્ણનો સમય અંદાજે ઈ.સ. પૂ. ૧૪૯૭ની આસપાસનો છે અને તેથી જ દ્વારકાનો સમય પણ અંદાજે ઈ.સ. પૂ. ૧૪૭૩ની આસપાસનો ગણી શકાય, અને રૈવતક તથા સમુદ્ર દ્વારકાની પાસે જ હતા. માટે જ રૈવતકનું સ્થાન નિશ્ચિત કરવું અતિઆવશ્યક છે, જેથી પ્રાચીન દ્વારકાનું સ્થાન આપણને મળી શકે.** □

અનુસંધાન] શૅડો પપેટ્રિ - દક્ષિણ ભારતની લોકકલા [પૃ. ૬૫૦થી

છાયાખેલના કસબીઓ વાંસડાથી ચામડાની પૂતળીઓને હલાવીને પ્રસંગો વર્ણવે છે. કસબીઓ એ રીતે બેસે છે જેથી પ્રેક્ષકો એમને જોઈ શકે નહિ. દીવાના આછા અજવાળામાં પૂતળીઓના રંગીન ઓળા પડે છે. ખેલ દરમ્યાન મોટે ભાગે રામાયણ, મહાભારતના પ્રસંગો બતાવાય છે. એની સાથે સાથે પ્રસંગને અનુરૂપ સંગીત પણ અપાય છે. આ સંગીત મોટે ભાગે મંચની બહાર બાજુમાં બેઠેલી સ્ત્રીઓ (સામાન્ય રીતે ખેલ રજૂ કરનારના કુટુંબીઓ) આપે છે. આ માટે તેઓ ધાતુના સળિયા વગેરેનો ઉપયોગ કરે છે. કેટલાક ખમતીધર વાયોલિન, ડ્રમ જેવાં વાદ્યો પણ રાખે છે.

પ્રેક્ષકોની સમજ માટે ખેલ શરૂ થતાં પહેલાં પ્રસંગ અને તેના પૂર્વાપર સંબંધનો ખ્યાલ આપવામાં આવે છે. મહત્ત્વનાં પાત્રોની પૂતળીઓનું કદ મોટું અને ગૌણ પાત્રોની પૂતળીઓનું કદ નાનું હોય છે જેથી દર્શકને આપોઆપ પાત્રની મહત્તાનો ખ્યાલ આવી જાય. મોડી રાત્રે શરૂ થયેલો આવો ખેલ છેક સવાર સુધી ચાલે છે.

ઘણી વખત રાજદરબાર, રાણીવાસ, જંગલ વગેરેનાં દશ્યો પણ મંચ ઉપર ઊભાં કરવામાં આવે છે.

કેરળમાં આવા પપેટ શો મોટે ભાગે મંદિરોમાં યોજાય છે.

કલાક્ષેત્રે પાયાનું કામ કરતી સંસ્થા 'કર્ણાટક ચિત્રકલા પરિષદ' પાસે જુદા જુદા પ્રકારની બે હજાર જેટલી ચર્મપૂતળીઓનો સંગ્રહ છે.

ચર્મપૂતળીના કલાકારો મૂળ મહારાષ્ટ્રની ભટકતી જાતિના હોવાનું અને વર્ષો પહેલાં દક્ષિણમાં જઈને સ્થાયી થયા હોવાનું મનાય છે. વિજયનગર અને મૈસૂરના રાજવીઓ તરફથી આ કલાકારોને રાજ્યાશ્રય મળ્યો હતો અને ભેટ-સોગાદમાં વિશાળ જમીન મળી હતી.

ગ્રામપરિવેશ, લોકબોલી અને રહેણીકરણીની પરંપરાઓમાંથી જન્મેલી આ મનમોહક લોકકલા એના વતન દક્ષિણ ભારતમાંથી પણ હવે વિસરાતી જાય છે; એ દુઃખની વાત છે. □

ઘરગથ્થુ આવિષ્કાર


રેફ્રિજરેટર-કમ-વૉટર કુલર

રવીન્દ્ર યાદવ

રેફ્રિજરેટરની શરૂઆત તેમજ તેની રચનામાં ઉત્તરોત્તર વિકાસ પશ્ચિમના દેશોમાં થયેલો છે. એટલે તેની પ્રવર્તમાન રચના, સવલતોનું વૈવિધ્ય તે દેશના લોકોની જીવનશૈલી, ટેવો, જરૂરિયાત અને આબોહવાને અનુરૂપ હોય તે સ્વાભાવિક છે. ઠંડું પ્રદેશના લોકોને ઠંડા પાણી પીવાની ખાસ આવશ્યકતા હોતી નથી. જ્યારે ભારત જેવા ગરમ પ્રદેશમાં પીવા માટે ઠંડા પાણીની જરૂરિયાત મુખ્ય રહે છે. સરેરાશ વ્યક્તિદીઠ દિવસમાં ત્રણેક લીટર જેટલું ઠંડું પાણી પીવું જરૂરી લાગે છે. પાંચ વ્યક્તિના કુટુમ્બને સરેરાશ ત્રીસથી ચાલીસ વાર રેફ્રિજરેટરનું બારણું પીવાનું પાણી લેવા ખોલવાનું થાય છે. બારણું ખોલતાં, બહારની ગરમ અને ભેજવાળી હવા તેમાં દાખલ થાય છે અને અંદરનો ઉષ્ણતામાન આંક વધે છે. પરિણામે કોમ્પ્રેસર વધુ સમય ચાલુ રહે ને ૨૦ ટકા વીજળી બીલ વધે.

તેથી ભારત તેમજ વિષુવવૃત્તની આસપાસના પ્રદેશો કે જ્યાં ૪૦° સેન્ટિગ્રેડ જેટલી અસહ્ય ગરમી પડે છે તેવા પ્રદેશો માટે રેફ્રિજરેટનું બારણું ખોલ્યા સિવાય સતત વહેતું ઠંડું પાણી મળી રહે એની તાતી જરૂરિયાત છે. જરૂરિયાત એ આવિષ્કારની જનેતા છે, એ અંગ્રેજી કહેવતના સંદર્ભમાં આ દિશામાં બુદ્ધિ-સૂઝ ચલાવીને ખૂબ જ પરિશ્રમને અન્તે રેફ્રિજરેટર-કમ-વૉટર કુલરનો આ લખનારે આવિષ્કાર સાકાર કર્યો અને તેને માટે પેટન્ટ ક્રમાંક ૧,૬૮,૭૧૧ પણ મેળવ્યો.

ઉપરોક્ત આવિષ્કાર અનુસાર પ્રણાલીગત રેફ્રિજરેટરની રચનામાં સ્હેજ ફેરફાર કરવાથી બહુ જ ઓછા ખર્ચે રેફ્રિજરેટર-કમ-વૉટર કુલરનું ઉત્પાદન કરી શકાય તેમ છે. નીચેની આકૃતિ જોતાં જણાશે કે આવિષ્કારમાંની સૂચિત રચના સાદી હોઈને, તે સરળ રીતે કોઈ પણ રેફ્રિજરેટરમાં આમેજ કરી શકાય તેમ છે.



સામાન્યતઃ દરેક પ્રકારના રેફ્રિજરેટરમાં ફ્રીજર બોક્ષ હોય છે. જેની આસપાસ ઓછેવત્તે અંશે ખાલી જગા રહે છે. અહીં આકૃતિમાં દર્શાવ્યા મુજબ યોગ્ય વ્યાસની ધાતુની નળી એવી રીતે ગોઠવવી કે જેનો ઉપલો છેડો રેફ્રિજરેટરની પાછલી દીવાલમાંથી બહાર રહે અને બીજો છેડો વાંકીચૂકી ગોઠવણી. કર્યા બાદ નીચે લંબાઈને રેફ્રિજરેટરના પડખામાંથી બહાર નીકળે ને તેના છેડે નળ અપાય. નળીની વાંકીચૂકી ગોઠવણીનો હેતુ નળીની લંબાઈ વધારીને વધુ પાણીનો જથ્થો વહન કરવાનો છે. તેમજ પાણી-વહન માટે અંતર અને સમય લંબાય જેથી કરીને ૩૦° સેન્ટિગ્રેડ ઉષ્ણતાવાળું પાણી, ઉપરના છેડાથી નળીમાં દાખલ થઈ ફ્રીજર બોક્ષની આસપાસની હિમાંક જેટલી ઠંડકમાંથી પસાર થતું થતું નીચે નળ પર આવે ત્યારે ૧૦° સેન્ટિગ્રેડ જેટલું ઠંડું પીવાલાયક બની રહે.

તદ્ઉપરાંત આકૃતિમાં જણાવ્યા પ્રમાણે ઠંડા પાણીને અન્ય જગ્યાએ (જેવી કે રસોડું, પાણિયારુ વગેરે) લઈ જવા માટે વધારાના જોડાણનો વિકલ્પ પણ આપેલ છે. તેમજ જરૂર જણાય તો ઠંડા પાણીનો વધુ જથ્થો મેળવવા નળીને ચપટા આકારની સંગ્રાહક ટાંકી સાથે જોડવાની પણ વૈકલ્પિક વ્યવસ્થા આવિષ્કારમાં સૂચવાયેલ છે. સૂચિત રેફ્રિજરેટર-કમ-વૉટર કુલરના આગમનથી નીચે મુજબ વ્યક્તિગત તેમજ સામાજિક લાભો પ્રાપ્ત થઈ શકશે :

(૧) બારણું ખોલ્યા વગર જોઈએ તેટલું ઠંડું ગાળેલું ચોખ્ખું પાણી સીધેસીધું નળમાંથી મળી શકશે. વારંવાર પાણી ભરીને શીશા, જગ કે અન્ય વાસણો રેફ્રિજરેટરમાં મૂકવાની કડાકૂટથી છુટકારો થશે.

(૨) પાણી લેવા માટે રેફ્રિજરેટરનું બારણું વારંવાર ઉઘાડવાસ નહીં કરવું પડે, પરિણામે ગરમ અને ભેજવાળી હવા તેમાં દાખલ થશે નહીં અને તેને લઈને વીજળીનું બિલ આશરે ૨૦ ટકા જેટલું ઓછું થઈ શકશે.

(૩) ડિફ્રોસ્ટિંગ કરવાનો સમય લંબાશે અને પરિણામે રેફ્રિજરેટરની ક્ષમતામાં વધારો થશે.

(૪) ઠંડા પાણીના શીશા, જગ વગેરે મૂકવાનું બંધ થતાં રેફ્રિજરેટરમાં તેટલી જગાનો વધારો થશે. ખાસ કરીને બારણાની છાજલીમાં મોકળાશ થશે, જે આડકતરી રીતે સંગ્રાહક-ક્ષમતામાં પાંચેક લીટર જેટલો વધારો ગણી શકાય.

(૫) પાણીનાં વાસણોને ઠંડાં કરવા વપરાતી વિજ-શક્તિ બચશે.

(૬) જ્યારે દેશ વીજળીની કારમી તંગી સહન કરી રહ્યો છે અને તેનો ઉત્પાદનખર્ચ રોજબરોજ વધતો જાય છે ત્યારે વિજબચત કરવાની તાતી જરૂર છે. એના સંદર્ભમાં સૂચિત આવિષ્કાર સામાજિક દૃષ્ટિએ ખૂબ જ મૂલ્યવાન પુરવાર થાય તેમ છે. □

એકુપંક્ચરની ચિકિત્સાપદ્ધતિ

ઊર્મિ પરીખ



એકુપંક્ચરની ચિકિત્સામાં કાર્યરત ડૉ. કલ્પના પરીખ

એકુપંકચરના મહર્ષિ કહી શકાય એવું જ્ઞાન ધરાવતા સ્વ. શ્યામૂ સંન્યાસી હિન્દી સાહિત્યના જાણીતા લેખક હતા. શ્રી શ્યામૂ સંન્યાસી સ્વ. રવિશંકર રાવળ સાથે ગાઢ સંબંધ ધરાવતા હતા. ૧૯૭૩ની સાલમાં પૂ. રવિભાઈએ મારા પિતા રસિકભાઈની અને મારી તેમની સાથે ઓળખ કરાવી ત્યારથી તેઓ મારા અંગત સ્નેહી ડૉક્ટર બની ગયા હતા. પછી અસાધ્ય મસક્યુલર ડિસ્ટ્રોફીની બીમારીનો ઇલાજ શોધવો તે તેમના જીવનનું લક્ષ્ય બની ગયેલું. તેમાં બીજી કોઈ થેરાપી કામયાબ ન થતા એકુપંક્ચર નામની અદ્ભુત ચિકિત્સા પદ્ધતિ વિશે સાંભળેલું તે વિદ્યાનો અભ્યાસ કરી તેમાં શોધખોળ કરવાની તેમને ઇચ્છા જાગી. પણ જાપાન જઈને એ શીખવાનું બહુ કપરું અને ખર્ચાળ કામ કેવી રીતે પાર પડે? આ મૂંઝવણમાંથી ઓચિંતો રાજમાર્ગ મળી આવ્યો. એમને હિન્દી ભાષાના અધ્યાપક તરીકે જાપાનની ટોકિયો યુનિવર્સિટીનું આમંત્રણ મળ્યું. ૧૯૭૬માં ૬૮ વર્ષની ઉમ્મરે તેઓ જાપાન ગયા. ત્યાં યુનિવર્સિટીમાં અધ્યાપન ઉપરાંત એકુપંક્ચરના શાસ્ત્રને આત્મસાત પણ કરવું હતું. પરંતુ આ પદ્ધતિમાં પ્રવેશ મેળવવા માટે ખૂબ સંઘર્ષ કરવો પડ્યો. એક તો ચીન-જાપાન અને પોતાની સાંસ્કૃતિક પરંપરાની બાબતમાં ચૂસ્ત રૂઢિવાદી અને બીજું મંતવ્ય એવું છે કે 'તમે અહીંથી આછું-પાતળું શીખીને જાવ પછી ભારતમાં આ પદ્ધતિને અણઘડ રીતે રજૂ કરો તો અમારી પરંપરાને હાનિ પહોંચે.' પણ શ્રી શ્યામૂ સંન્યાસીએ આ મહાન પરંપરાને પૂરી પચાવ્યા વિના કોઈની પણ સારવાર ન કરવાનું વચન આપ્યું. એમની ધગશ અને સાચી તત્પરતા જોઈને તેમને ટોકિયોની 'શાસ્ત્રીય એકુપંક્ચર ચિકિત્સા પ્રશિક્ષણ સંસ્થા'માં પ્રવેશ આપવામાં આવ્યો.


પ્રવેશ મળ્યા પછી ક્લાસિકલ અકુપંક્ચરનો સાત સાત વર્ષનો અભ્યાસક્રમ તેમણે માત્ર ત્રણ વર્ષમાં પૂરો કર્યો. એકુપંક્ચરની હજારો વર્ષની ઉજ્જ્વળ સારવાર પદ્ધતિને તેઓએ એટલી હદે આત્મસાત્ કરી હતી કે ત્યાં ટોકિયોમાં ભરાતી આંતરરાષ્ટ્રિય એકુપંક્ચરની કૉન્ફરન્સમાં તેઓને ભારતના પ્રતિનિધિ તરીકે નિમંત્રણ મળતું હતું. અનેક વખત તેમણે કૉન્ફરન્સના પ્રમુખનું સન્માનનીય સ્થાન પણ શોભાવ્યું હતું. જપાનના ટોકિયો અને હિરોશિમા શહેરોમાં તેમણે એકુપંક્ચર સારવારની બે સંસ્થાઓ સ્થાપી છે.

અઢાર વર્ષના જપાનના નિવાસ દરમ્યાન નિયમિત રીતે તેઓ ભારતના સંપર્કમાં રહ્યા. અહીં અમદાવાદમાં અને વડોદરામાં પણ તેઓ વર્ષમાં એક વાર અચૂક આવતા હતા. અનેક દર્દીઓને તેમની સારવારનો લાભ મળ્યો છે.


આપણા દેશમાં એક ફૂલફલેજ એકુપંકચર ઇન્સ્ટિટ્યૂટ સ્થાપવાની તેમની ઇચ્છા અધૂરી જ રહી. તા. ૨ ઑગસ્ટ ૧૯૯૫માં તેમનું અવસાન થયું. અહીં અમદાવાદમાં તેમની સાથે રહીને એકુપંકચરની તાલીમ લેનાર મારી બહેન ડૉ. કલ્પના પરીખ અને જિગીષા વ્યાસ આજે એમની જેમ જ મૂળ પ્રાચીન પરંપરા અનુસાર એકુપંકચર સારવાર આપે છે.

ડૉ. કલ્પના પરીખ એક નિષ્ઠાવાન એકુપંકચરિસ્ટ છે. તેઓ જાણીતા ચિત્રકાર શ્રી રસિકલાલ પરીખનાં પુત્રી, ડૉ. દિનેશ પરીખનાં પત્ની તથા બે સંતાનોની માતા છે. B.Sc.ના અભ્યાસ પછી ઘરગૃહસ્થી સંભાળતાં તેમણે સીવણ, શિલ્પકળા, સિતારવાદન, કપડા અને ફેવિક્રિલ કલરથી ડિઝાઈનવર્ક તથા એકુપ્રેશર વગેરે નાની-મોટી પ્રવૃત્તિઓ કરી. પણ તેમના જિજ્ઞાસુ હૃદયને હજી સંતોષ થતો નહિ.

કલ્પનાબહેનના સદ્ભાગ્યે એકુપંક્ચરવિદ્યાના પ્રખર જ્ઞાની ગુરુ શ્રી શ્યામૂ સંન્યાસી તેમને મળ્યા. ગુરુજીએ તેમનામાં યોગ્યતા જોઈ અને ૧૯૮૬ની સાલની એક શુભ ઘડીએ તેમણે કલ્પનાના હાથમાં સોય પકડાવી તેને એકુપંક્ચરવિદ્યાની દીક્ષા આપી. અનન્ય શ્રદ્ધા અને સમર્પણભાવે કલ્પનાબહેને તેનું અનુગ્રહણ કર્યું.



(જમણેથી) રસિકલાલ પરીખ, ઊર્મિ પરીખ, શ્યામૂ સન્યાસી અને તેમનાં ધર્મપત્ની



શ્યામૂ સંન્યાસી

આજે ૪૭ વર્ષની વયે ડૉ. કલ્પના ગૃહિણીધર્મની ફરજ બજાવવા ઉપરાંત નિયમિતપણે સવારે ૯ થી ૧૨ અને સાંજે ૪ થી ૭નો સમય એકુપંક્ચરના અભ્યાસમાં, ચિંતન-મનનમાં અને દર્દીઓની સારવારમાં આપે છે. ઉત્કટ જિજ્ઞાસાભાવે ઊંડો રસ લઈ તેઓ આ કાર્ય કરી રહ્યાં છે. એકુપંક્ચરમાં તેમના ચિત્તની એકાગ્રતા મહાભારતના અર્જુનની યાદ અપાવી દે છે. તેમના ઘણા દર્દીઓ પોતાના દર્દમાંથી મુક્તિ પામ્યા છે અને શાંત થયા છે. તેમને સુખ આપ્યાનો કલ્પનાબહેનને ઊંડો સંતોષ હોય છે.

૧૯૯૫માં દશેરાના દિવસે અમદાવાદના પાલડી વિસ્તારમાં પોતાના નવા એકુપંક્ચર ક્લિનીકના ઉદ્‌ઘાટન પ્રસંગે ખૂબ આનંદ અને પ્રસન્નતાથી ડૉ. કલ્પના કહે છે, 'આ ક્લિનિક મારા ગુરુજીનું મંદિર છે. દર્દી મારો ભગવાન છે અને તેની સારવાર મારી પૂજા છે.'

એકુપંક્ચર થેરાપી વિશે વાત કરતાં ડૉ. કલ્પના કહે છે કે, આ પદ્ધતિમાં રોગના નામ સાથે નિસબત નથી હોતી. પરંતુ રોગીને શું તકલીફ છે તે જાણીને દર્દીની નાડી તપાસીને નક્કી કરવામાં આવે છે કે ઊર્જાનું અસમતોલન ક્યાં છે. પછી શરીર અને મનનો ઉપચાર કરવામાં આવે છે. **આ થેરાપીમાં રોગને નહિ, રોગીને સારો કરાતો હોય છે.**

ડૉ. કલ્પના દર્દીઓના અનુભવો જણાવતાં કહે છે : 'કોઈ માણસને વધુ જ્વર હોય તો સોય નાખવાથી તરત જ જ્વર ઊતરી જાય છે. તો ઘણા માણસોનું શરીર હંમેશાં ગરમ રહેતું હોય છે તેમને પણ આ ટ્રીટમેંન્ટ પછી શરીર હરહંમેશ જેવું સામાન્ય થતું અનુભવાય હોય છે.

- પગની પાનીની જલન અને દુઃખાવો તથા પીંડીના કે સાંધાના દુખાવામાં પણ પૂર્ણ રાહત મળી છે.

- એક ભાઈને ઘૂંટણમાં સખત દુખાવો હતો. એકુપંક્ચરથી તે મટી ગયો. પછી સૂચના મુજબ તે ભાઈએ કસરત ચાલુ રાખી તો તેમને ફરી કદી દુઃખાવો થયો નથી.

આ ઉપરાંત ગૅસ, એસિડિટી, માઈગ્રેન, સ્પોન્ડિલાઈટીઝ, બૅક પેઈન, ખભાનો દુખાવો વગેરે તકલીફોમાં ખૂબ સારાં પરિણામ જોવા મળ્યાં છે.

કુ. જિગીષા વ્યાસ, અમદાવાદ AEC કંપનીમાં વર્ષો સુધી પ્રોજેક્ટ મેનેજરની કામગીરી બજાવનાર શ્રી યોગેન્દ્ર વ્યાસનાં દીકરી છે. સી.એન. કલાવિદ્યાલયમાં કૉમર્શિયલ આર્ટ અને પેઇન્ટિંગનો ડિપ્લોમા પાસ કર્યા બાદ તેઓ કમર્શલ આર્ટિસ્ટ તરીકે કામ કરતાં હતાં. પરંતુ ૧૯૯૨માં એક દિવસ શ્રી શ્યામૂ સંન્યાસીએ તેમના હાથમાં સોય પકડાવી પછી તેઓ બધું છોડી એકુપંક્ચરમાં જ ડૂબી ગયાં. ૪૨ વર્ષનાં જિગીષાબહેન આજે ખૂબ ધગશથી દર્દીઓની સારવાર કરી રહ્યાં છે.

ઈન્દુબેન સંઘવી પારિતોષિક

અમરેલીના વિખ્યાત શિક્ષણસંકુલ સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ (રૂપાયતન) દ્વારા અપાતું ઈન્દુબેન સંઘવી બાળસાહિત્ય પારિતોષિક યશવન્ત મહેતાને એમની કૃતિ 'ગાંધી જીવનગાથા' માટે અપાયું છે.

સ્થિર નદી, સરતાં નીર

ઘંટારવમાંથી ઘોષિત શબ્દ

પ્રીતિ સેનગુપ્તા

લાંબા સમય પહેલાં, જ્યારે ઘડિયાળો હજી શોધાઈ ન હતી ત્યારે ચીનનાં નાનાં-મોટાં બધાં શહેરોમાં 'ડ્રમ-ટાવર' - એમને 'મૃદંગ-મિનાર' કહીએ તો? - બનાવાતા. રોજ સાંજે સાત વાગ્યે મહા-મૃદંગો વગાડીને નાગરિકોને સમયની જાણ કરવામાં આવતી. બેજિન્ગ તો પાટનગર હતું, એટલે બીજાં ગામો ને શહેરો કરતાં બેજિન્ગમાંનો મૃદંગ-મિનાર તો ઘણો વધારે મોટો, સરસ ને ઊંચો જ હોય. ૧૨૭૦ના અરસામાં યુઆન રાજવંશના એક મહારાજાને મન થયું કે આ મિનારની સાથે શોભે એવો એક ઘંટા મિનાર - 'બેલ-ટાવર' - બાંધવો. એમણે બાંધકામ ખાતાના મંત્રીને બોલાવ્યા અને એક ઉત્તમ મિનાર બાંધવા તથાદસ ટનના વજનનો એક ઘંટ ઢાળવા હુકમ કર્યો.

મંત્રીએ જરા પણ સમય બગાડ્યા વિના આસપાસનાં પરગણાંમાંથી સારામાં સારા ધાતુ-કારીગરોને હાજર કર્યા, અને કઈ રીતે એ મહા-ઘંટ ઢાળવો એની ચર્ચા શરૂ કરી. સૌથી વિખ્યાત કારીગર માસ્ટર ડેન્ગને એમણે આગેવાન નીમ્યા. પહેલાં તો, મૃદંગ-મિનારની થોડે પશ્ચિમે એક મોટું કારખાનું ઊભું કરવામાં આવ્યું અને બધા કારીગરો, કુટુંબ સાથે, નજીકમાં રહેવા લાગ્યા.

માસ્ટર ડેન્ગને ત્યાં પત્ની અને એક સુંદર દીકરી હતાં. દીકરી ખૂબ હોશિયાર હતી, લખી ને વાંચી પણ શકતી. એ ત્રણે પૈસેટકે સુખી હતાં. કારખાનાથી થોડે જ દૂર એ રહેતાં હતાં, ને રોજ સાંજે સાથે બેસીને આનંદથી જાતજાતની વાતો કરતાં. દીકરી માસ્ટર ડેન્ગને રોજ પૂછતી, 'બાપુ, ઘંટ ઢળાઈ ગયો?' એ હસીને જવાબ આપતા, 'ઢળાશે. હવે બહુ વાર નથી.'

સમય પસાર થતો ગયો. વીસ દિવસ વીતતાં એક ખૂબ મોટો લોખંડી ઘંટ તૈયાર થયો. માસ્ટર ડેન્ગે મંત્રીને જણાવ્યું. મંત્રીએ મહારાજાને પરીક્ષણ કરવા પધારવા વિનંતી કરી. મંત્રીને ખાતરી હતી કે મહાઘંટાનો રવ સાંભળ્યા પછી મહારાજા એને ઇનામ આપશે. પણ ઘંટને જોતાં જ મહારાજાના મુખ પર રોષ છવાયો. 'તાંબાનો ઘંટ કેમ ના ઢાળ્યો—' એમણે પૃચ્છા કરી, 'આવા કદરૂપા કાળા આકારને બદલે?'

જ્યારે ઘંટ વગાડવામાં આવ્યો ત્યારે તો એમના ગુસ્સાનો પાર ના રહ્યો. 'આ કેવો અવાજ છે?' એમણે બરાડો પાડ્યો. 'એના તરડાયેલા સ્વર મારા પ્રાસાદ સુધી પણ નહીં પહોંચે, તો આખા શહેરની તો વાત જ ક્યાં?' એમણે મંત્રીને જ ધમકાવ્યા, ને કહ્યું, 'દસ ટન વજનનો, તાંબાનો ઘંટ ઢાળવા માટે હું તમને ત્રણ મહિના આપું છું - વધારે નહીં. સરસ, શાંત ઋતુ દરમ્યાન એનો રવ ચારે બાજુ દૂર દૂર સુધી પ્રસરવો જોઈએ, અને ખૂબ પવનવાળા દિવસે એથી પણ વધારે દૂર. જો આવો ઘંટ બનાવવામાં તમે નિષ્ફળ જશો તો હું તમારું માથું કાપી નાખીશ.' પછી, ધૂઆપૂંઆ થતા થતા મહારાજા પોતાના પ્રાસાદમાં પાછા પધાર્યા.

મંત્રી બિચારા સાવ ગભરાઈ ગયા. એમણે માસ્ટર ડેન્ગ પર ઘાંટા પાડ્યા. 'મારું આટલું અપમાન કરાવ્યું. મહારાજાને જોઈએ છે તેવો ઘંટ બનાવવા માટે હું તમને બે મહિના આપું છું - વધારે નહીં. જો તમે નિષ્ફળ જશો તો તમારું માથું સૌથી પહેલું કપાશે અને પછી બીજા કારીગરોને પણ હું નહીં છોડું.' આટલું કહીને મંત્રી જતા રહ્યા.

માસ્ટર ડેન્ગ અને કારીગરો ખૂબ અકળાયા. 'એમણે આપણને કહ્યું જ નહોતું કે તાંબાનો ઘંટ જોઈએ છે,' એક બોલ્યો.

'એમણે આપણને લોખંડ આપ્યું, તાંબું નહીં.' બીજાએ કહ્યું.

ગુસ્સામાં એ બધાએ લોખંડનો ઘંટ નીચે ઉતારીને જમીન પર પડતો મૂક્યો અને તાંબાનો ઘંટ ઢાળવા વિષે થોડી ચર્ચા કરી. માસ્ટર ડેન્ગ ધૂંધવાતા ઘેર ગયા. એમને જોઈને એમની દીકરીએ પૂછ્યું, 'બાપુ, તમે ઘંટ પૂરો નથી કર્યો? કેમ આમ ગુસ્સામાં છો?'

પિતાની બધી વાત સાંભળીને એ પણ ચિડાઈ, પણ સાંત્વન આપતાં આટલું જ કહ્યું, 'ખૈર, તાંબાનો ઘંટ કેવી રીતે ઢાળવો એનો રસ્તો તમે જરૂર શોધી કાઢશો.'

એ પછી માસ્ટર ડેન્ગ રોજ સવારે કારખાના પર જતા, ને સાંજે ઘેર પાછા આવતા. છએક અઠવાડિયાં તો આમ બધું ઠીક ચાલ્યું, પણ પછીથી એ ઉદાસ રહેવા લાગ્યા, ને નિસાસા નાખવા લાગ્યા. પત્નીએ કારણ પૂછ્યું તો એમણે કાંઈ ના કહ્યું. દીકરીએ પૂછ્યું તો આટલું જ કહ્યું, 'બધું બરાબર છે.' હોશિયાર દીકરીને ખ્યાલ આવ્યો કે તાંબાનો ઘંટ બનાવવામાં એ લોકો હજી સફળ થયા નહોતા. પીગળેલું તાંબું ક્યાં તો પૂરતું થીજતું નહોતું, અથવા એ ખોટા આકારમાં થીજતું હતું. કેટલાક દિવસથી તો માસ્ટર ડેન્ગનું ખાવા-પીવાનું બંધ થઈ ગયું હતું. બધા કારીગરો ખૂબ ચિંતામાં હતા.

'આપણું આવી બન્યું છે,' એ કહેતા હતા. 'બે મહિના પૂરા થતાં જ આપણી જાન જવાની.'

ડેન્ગની દીકરી રોજ પિતાની ચિંતા કરતી હતી. એ ઘેર આવતા ત્યારે એ આશ્વાસન આપતી, ને એ બહાર જતા ત્યારે માની સાથે રડ્યા કરતી. સમય પૂરો થવામાં હતો. દીકરીને સમજાતું નહોતું કે શું કરવું.

છેવટે ઘંટ ઢાળવા માટેનો છેલ્લો દિવસ આવી લાગ્યો.

આગલી સાંજે ડેન્ગ ઘેર ગયા નહોતા, ને એનાં પત્ની તથા દીકરી મૂંઝવણમાં હતાં. તેથી સવારે દીકરીએ માને કહ્યું કે એ કારખાને જવા માગતી હતી.

માતાને એનો વાંધો હતો. 'એક છોકરી થઈને તું કારખાને કઈ રીતે જઈ શકે?' એણે કહ્યું. પણ દીકરીએ બહુ જ આગ્રહ કર્યો ત્યારે માતાએ નમતું મૂક્યું, ને બોલી, 'સારું ત્યારે. પણ તરત ઘેર પાછી આવજે, નહીં તો મને તારી ચિંતા થયા કરશે.'

છોકરીએ ચોખ્ખાં કપડાં પહેર્યાં, સુંદર ભરેલી નવી મોજડી પહેરી, અને કારખાને ગઈ. સવારનો પહોર હતો, પણ માસ્ટર ડેન્ગ અને બધા કારીગરો પરસેવે રેબઝેબ થઈ, પીગળતી ધાતુના મહા-પાત્રની આસપાસ ઊભા હતા. એમનાં મોઢાં ચીકણાં ને કાળાં થયેલાં હતાં.

દીકરીનું 'હું આવી છું, બાપુ,' સાંભળીને માસ્ટર ડેન્ગ એની તરફ ફર્યા, ને એને જોઈને એમનું દિલ દુઃખી આવ્યું. 'તું અહીં શું કરે છે?' એમણે પૂછ્યું.

'તમે ઘેર ના આવ્યા, એટલે માએ મને પૂછવા મોકલી કે ઘંટનું કામ કેટલે આવ્યું?'

ડેન્ગ કશું કહે એ પહેલાં એક કારીગર બોલી ઊઠ્યો, 'ઓહ, એ ઘંટ? એ સરખો બનતો નથી, ને આજનો આ છેલ્લો દિવસ છે. સાંજ પડતાં અમે બધા મરવાના. તું તારે ઘેર જતી રહે, છોકરી.'

આ સાંભળીને, અને બાપુ તથા કારીગરો તરફ જોઈને છોકરીનું હૃદય દ્રવી ઊઠ્યું. એણે વિચાર્યું, જો એક ઘંટને કારણે બાપુ અને આ બધા કાકા જીવ ગુમાવવાના હોય, તો મારે જીવતાં નથી રહેવું. એમનાં મોત જોવા કરતાં હું જ પહેલી મરી જઈશ. એણે દાંત ભીડ્યા, અને એ મહા-પાત્ર તરફ દોડી ગઈ. એ એમાં કૂદી પડી, અને પીગળેલી ધાતુ બધી બાજુ છલકાઈ પડી.

એને એ તરફ ધસી જતી જોઈને એક કારીગર બૂમ પાડી ઊઠેલો, 'અરે, જુઓ! એને રોકો.'

ડેન્ગ સ્તબ્ધ થઈ ગયેલા. આ બૂમ સાંભળી તરત એ દીકરીની પાછળ દોડ્યા, પણ એને અટકાવી ના શક્યા. એની ભરેલી એક મોજડી જ એમના હાથમાં આવી. એને પકડીને એ ધ્રુસકાં ભરવા લાગ્યા. દીકરી તો ધુમાડાની એક સેર બનીને રહી ગઈ હતી. બધા કારીગરો પણ આંસુ સારવા માંડ્યા. ત્યાં એક જણે બધાંનું ધ્યાન દોર્યું, 'અરે, રડો નહીં. જુઓ. પીગળેલું તાંબુ બદલાઈ ગયું છે.'

બધા એ પાત્ર તરફ જોવા લાગ્યા અને સાચે જ, ધાતુમાંથી અસાધારણ ઉજ્જ્વળ પ્રકાશ રેલાતો હતો. હવે ખરેખર એમાંથી ઘંટ ઢાળી શકાય તેમ હતું. આંખો લૂછીને બધાએ કામ શરૂ કર્યું. સૂર્ય પશ્ચિમમાં નમતો જતો હતો ત્યારે આઠ ઇંચ જાડો, નવો, તાંબાનો ઘંટ ઢળાઈ ચૂક્યો હતો. માસ્ટર ડેન્ગ અને કારીગરોએ છેવટે મહારાજાએ એમને સોંપેલું કામ પૂરું કર્યું હતું.

આ સુંદર નવો ઘંટ 'ઘંટા-મિનાર'માં લટકાવવામાં આવ્યો. રોજ સાંજે સાત વાગ્યે એના પર શીઘ્ર-અશીઘ્ર રીતે કુલ એકસો આઠ ડંકા મારવામાં આવતા. મૃદુ નિઃશ્વાસ જવો, 'શિએ, શિએ, શિએ' જેવો ઘોષ એમાંથી નીકળતો રહેતો. (ચીની ભાષામાં 'શિએ' (Xie)નો અર્થ મોજડી-એટલે કે 'સ્લિપર' થાય છે.) એ સાંભળીને દૂર દૂર સુદીના પરિસરમાંની માતાઓ ઉદાસ ભાવે કહેતી, 'જુઓ, ઘંટમાંની દેવી એની મોજડી માગી રહી છે.' પછી બાળકોને આદેશ આપતી, 'સૂવાનો સમય થયો. જઈને સૂઈ જાઓ હવે ચૂપચાપ. ઘંટમાંની દેવીની શાંતિમાં ભંગ ના કરો.' જો બાળક ઘંટમાંની દેવી અને એની મોજડી વિષે પૂછતું તો માતા એને ઉપરની વાર્તા સંભળાવતી.

લગભગ ૧૯૨૪ સુધી આ ઘંટ વાગતો રહ્યો. પછી તો કારખાનું કાઢી નાખવામાં આવ્યું, અને ઘંટારવની દૈનિક પ્રથા નીકળી ગઈ. પણ ત્યાં કોઈએ 'ઘંટની દેવી' માટે એક મંદિર બાંધ્યું. કોઈ કહે છે, મહારાજાએ બંધાવ્યું, કોઈ કહે છે, કારીગરોએ બંધાવ્યું. એ તો જે હોય તે, પણ 'ઘંટની દેવી'ની કથા લોક-વાયકા બનીને પ્રચલિત રહેલી છે. □

અનુસંધાન] **વાચકો લખે છે.** [પૃ. ૬૧૦થી

'કુમાર' ઓગસ્ટ ૧૯૯૭નો આખો અંક ગમ્યો. તમે દરેક પાસું આવરી લીધું છે. ખાસ તો 'આઝાદીની અર્ધ શતાબ્દીએ ઉદ્બોધન' એ તમારું કાવ્ય ખૂબ જ પસંદ પડ્યું. આ દાયકાની આખી વાચા એ કાવ્યમાં વણાઈ છે. એકેએક શબ્દ અર્થસભર બન્યો છે. તમને અભિનંદન -પ્રફુલ્લ રાવલ (વીરમગામ)

*

'કુમાર'નો સળંગ અંક ૮૩૫ ''સ્વાતંત્ર્યની સુવર્ણજયંન્તી'' વાળો અંક ગમ્યો. એમાં ''સ્વાતંત્ર્યોત્તર ગુજરાતનો કલાપ્રવાહ'' પર શ્રી નટુભાઈ પરીખ વાળો લેખ માહિતીથી ભરપૂર અને ચિત્ર જગતનો સરસ ખ્યાલ આપે છે.

લેખમાં એક દોષ છે, જે વાચકો અને લેખકની જાણ ખાતર આ સાથે લખી મોકલું છું. ગુજરાત રાજ્યના - સરકાર તરફથી રાજ્ય લલિતકલા અકાદમીના સર્વપ્રથમ સચિવ સ્વર્ગસ્થ ચિત્રકાર યજ્ઞેશ્વર શુક્લ હતા. કાર્તિક શુક્લ (અમદાવાદ)

અક્કો દક્કો

રશિયન લોકકથાનું રૂપાંતર

નતાશા ને સાવકી મા

શ્રદ્ધા ત્રિવેદી

બહુ જૂના જમાનાની વાત છે. એક ગામમાં એક ખેડૂત રહેતો હતો. તેનું નામ ઈવાન. તેની પત્ની નાનકડી નતાશાને મૂકી મૃત્યુ પામી. નતાશાને સૌ નતુ કહેતા. નતાશા પિતાના કામમાં મદદ કરે. પણ તે તો નાની હતી. મદદ કરી કરીનેય કેટલી કરે? તેમની પાડોશમાં એક વિધવા સ્ત્રી રહેતી હતી. તેનું નામ હતું ફ્યોકલા. તેનેય એક દીકરી હતી. તેનું નામ માશા. નતાશા ને માશા બેઉ છોકરીઓ સાથે રમે. આથી ઈવાનને થયું: 'જો હું ફ્યોકલા સાથે પરણું તો મારેય શાંતિ ને તેનેય સારું રહે.' તેણે ફ્યોકલા સાથે વાત કરી. તેણે હા પાડી, અને તેમનાં લગ્ન થયાં.

પણ ફ્યોકલાને ઈવાનની દીકરી નતાશા માટે અણગમો રહે. તે તેના પર ખિજાયા જ કરે. ઘરમાં કામ હોય તે બધાં તે નતાશા પાસે જ કરાવે. તે પોતાની દીકરી પાસે કોઈ કામ કરાવે નહીં. સારું સારું ખાવાનું બનાવે તો પહેલાં પોતાની દીકરીને પેટ ભરીને ખવડાવે. નતાશાને તો વધ્યુંઘટ્યું આપે ને તેય છણકા સાથે. ઈવાન બિચારો આ જોઈ બહુ દુઃખી થાય. પણ ફ્યોકલાનો સ્વભાવ ભારે તીખો, તેથી કાંઈ બોલે નહીં.

એક વાર ફ્યોકલાએ કહ્યું : 'આ તમારી લાડલી દીકરી નતાશાને જંગલમાં મૂકી આવો. તે આખા દિવસમાં કેટલું ઓછું સૂતર કાંતે છે? આમ તે કાંઈ ચાલે? તેને ત્યાં એક ઝૂંપડીમાં રાખો. ત્યાં એકલી રહી આખો દિવસ ને રાત કાંતશે તો જ વધારે સૂતર કંતાશે. જાઓ, મૂકી આવો એને જંગલમાં.'

ફ્યોકલાને નતાશા આંખમાં કણાની જેમ ખૂંચતી હતી. તેથી તેને દૂર કરવા તેણે આવી યુક્તિ કરી. ઈવાન તો મૂંઝાયો. માસૂમ દીકરીને એમ જંગલમાં મૂકવાનો તેનો જીવ ના ચાલ્યો. પણ ફ્યોકલાનો એવો તો પ્રભાવ કે તે ના ન પાડી શક્યો. પોતાની દીકરીને લઈ તે ગયો જંગલમાં. ત્યાં એક ઝૂંપડી બાંધી દીવાસળીની પેટી, ઈંટ, લાકડાં ને અનાજની કોથળી આપી. ને ગળગળા અવાજે કહ્યું : 'બેટા, આ અનાજ ને આ દેવતા પેટાવવાની ચીજો. ખીચડી બનાવજે ને ખાજે. સૂતર કાંતજે. ને જો ઝૂંપડી બંધ રાખજે. ભગવાન તારું ભલું કરે.' ને ભારે હૃદયે તે પાછો વળ્યો.

રાત પડી. નતાશાને તો ખૂબ ભૂખ લાગી. તેને પિતાની વાત યાદ આવી. એટલે તેણે ચૂલો સળગાવ્યો ને ખીચડી બનાવી ખાવા બેઠી.

કોણ જાણે ક્યાંકથી એક ઊંદરડી ત્યાં આવી. નતાશા સામે જોઈને કહે : 'મને ખૂબ ભૂખ લાગી છે. મને થોડી ખીચડી ન આપે?'

નતાશા કહે : 'અરે, થોડી ખીચડી શું કામ? તારું પેટ ભરાય તેટલી ખાને બાઈ. આમેય મને એકલા એકલા ખાવું ગમતું જ નહોતું. સારું થયું કે તું આવી. લે આ ચમચી ને પેટ ભરીને ખા.' ને ઊંદરડીએ તો પેટ ભરીને ખીચડી ખાધી. બાકીની ખીચડી નતાશાએ ખાધી. ઊંદરડી ખૂણામાં ભરાઈ ગઈ. નતાશા તો કાંતવા બેઠી. કાંતતાં કાંતતાં ઊંઘી ગઈ.

મધરાત થઈ હશે ને ઝૂંપડીમાં ભયંકર અવાજ થયો. ગભરાઈને નતાશાએ જોયું તો કાળું કાળું એક રીંછ બારણામાંથી ઝૂંપડીમાં ઘૂસતું હતું. નતાશા તો ગભરાઈ ગઈ.

રીંછ કહે : 'એય છોકરી! તારો ચૂલો ઠારી દે ને ચાલ, મારી સાથે આંધળી ખિસકોલી રમ.' નતાશા તો બીકની મારી કંઈ બોલી જ નહીં. પણ એટલામાં ખૂણામાં ભરાયેલી પેલી ઊંદરડી કૂદતીકને તેની પાસે આવી. તેના ખભા ઉપર ચઢી ને તેના કાનમાં ગુસપુસ કરતી કહે : 'અરે મારી વ્હાલુડી બેન, ગભરાઈશ નહીં. રીંછને કહે : ચાલ, રમું છું. ને જો, પછી તું ચૂલો ઠારી દેજે ને ચૂલા પાસે જ, રહેજે. તારે બદલે હું દોડીશ ને ઘંટડી વગાડીશ.' તેની વાત સાંભળી નતાશા કહે : 'ચાલ રમીએ. હું ઘંટડી વગાડું. એટલે તું મને પકડવા આવ.' ને તે ચૂલા પાસે ગઈ. એમાંનો દેવતા ઠારી દીધો. ને બાજુમાં ઊભી રહી ગઈ. ને તુરત પેલી ઊંદરડી ઘંટડી વગાડતી વગાડતી દોડવા લાગી. રીંછ પણ તેને પકડવા દોડવા લાગ્યું. ઘંટડીના અવાજ પાછળ રીંછ દોડતું રહ્યું. ઊંદરડી ઘડીકમાં ગોળ-ગોળ તો ઘડીકમાં વાંકીચૂકી દોડતી. દોડતાં દોડતાં રીંછ તો થાક્યું. પણ તેનાથી છોકરી પકડાઈ જ નહીં. તેથી તે ગુસ્સે ભરાયું. તેના

હાથમાં લાકડાનાં નાનાં નાનાં ગચિયાં આવ્યાં, તે તેણે મારવા માટે ફેંક્યાં. પણ તે કટકા તો પછડાયા ઝૂંપડીની ભીંત સાથે. આખરે તે થાકીને ઠૂસ થઈ ગયું ને બોલ્યું : 'અરે છોકરી, હવે દોડવાનું બંધ કર. ખરેખર તને આંધળી ખિસકોલી રમતાં બહુ સરસ આવડે છે. હું તારા ઉપર ખૂબ ખુશ છું. આ માટે તને એક મોટું ઇનામ આપીશ. જો, તારે માટે કાલે સવારે હું ગાયોનું ધણ અને ખજાનો ભરીને ગાડી મોકલીશ. બસ, હું જાઉં છું. આવજે.' ને તે ચાલી ગયું.

નતાશા ને પેલી ઊંદરડી તો આ બધું સાંભળી ખુશ ખુશ થઈ ગયાં. ને પાછાં ઊંઘી ગયાં. સવાર પડી. ફ્યોકલા જાગી ને તેણે ઇવાનને જગાડ્યો. એને કહે : 'જાઓ, જંગલમાં. જોઈ આવો કે પેલી તમારી લાડકુંવરીએ કેટલું સૂતર કાંત્યું છે?' ઇવાન તો ગયો જંગલમાં. તેના મનમાં તો હતું કે જંગલમાં તો પ્રાણી હોય તે દીકરી ક્યાંથી મળવાની છે? ઘેર તો ફ્યોકલા ખુશ થતી થતી બારણા પર બેઠી, ને માશાને કહે : 'હમણાં નતાશાના બાપુ આવશે. ટોપલો ભરીને સૂતર નહીં, તેનાં હાડકાં જ લાવશે. જંગલમાં પશુઓએ કંઈ એને ઓછી જીવતી રાખી હોય? પછી તો આપણે હંમેશની શાંતિ. એમ જ સમજને કે ટાઢે પાણીએ ખસ ગઈ.' આમ, નતાશાનાં હાડકાંની રાહ જોતી તે બેઠી. ત્યાં રસ્તા પર દૂર ગાડી દેખાઈ. ને ખડખડાટ સંભળાયો.

થોડી વારે બારણા પાસે ઊભેલો કૂતરો બોલ્યો :

'હાઉ...હાઉ...હાઉ...
ઘરડો ખેડૂ આવે છે,
સાથે નતુને લાવે છે,
ગાયોનું ધણ સાથે છે,
ગાડી ભરી ખજાનો છે,
એ સૌને હું ભાળું છું,
હાઉ...હાઉ...હાઉ...હાઉ...'

આ સાંભળી ફ્યોકલા તો રાતીપીળી થઈ ગઈ. તે કૂતરા પર ગુસ્સે ભરાઈ. 'જુઠ્ઠા! આ બધો ખખડાટ છે ને તે તો તારી વાલેશરીનાં હાડકાંનો છે. તને રોજ એ રોટલો આપતી તેથી તને ખજાના ભરેલું ગાડું ને ગાયનું ધણ દેખાય છે. જા, ખસ અહીંથી, નહીં તો તારા જ રામ રમાડી દઈશ.'ને કૂતરાને મારવા તેણે છુટ્ટો ધોકો ફેંક્યો. પેલો કૂતરો તો ચીસ પાડીને જાય ભાગ્યો. લંગડાતો લંગડાતો તે તો પહોંચ્યો નતાશા પાસે. નતાશા અને ઇવાન ગાડીમાં બેઠાં હતાં. નતાશા નીચે ઊતરી. કૂતરાને લઈ લીધો હાથમાં ને ઘર પાસે આવી. ઝાંપો ખોલ્યો ને ગાયોનું ધણ અંદર ગયું. ગાડીમાં ખજાનો હતો. આ જોઈ ફ્યોકલાની આંખો તો ચાર થઈ ગઈ! 'ઓ બાપ રે! આટલું બધું ધન! ને આટલી બધી ગાયો!' એ તો લાલચભરી નજરે ખજાના સામું જોઈ જ રહી. મનમાં ને મનમાં ઈર્ષ્યાથી સળગી ગઈ. પણ પલકવારમાં જ તેણે કંઈક વિચારી લીધું ને તેણે નતાશાને વહાલથી પોતાની પાસે બોલાવી. કહ્યું : 'શાબાશ બેટા! તેં તો ગજબ કરી! ટોપલો સૂતરને બદલે ગાડી ભરી ખજાનો લાવી ને વળી આટલી બધી ગાયો! જા બેટા, અંદર રસોડામાં જા. ખૂબ ભૂખી થઈ હોઈશ. જે ખાવું હોય તે ખા, હોં!' ને નતાશાને અંદર મોકલી પછી તેણે ઇવાનને કહ્યું :

'સાંભળો! આ તમારી દીકરી તો એક ગાડી ખજાનો લાવી છે. પણ આજે રાત્રે મારી દીકરી માશાને તમે જંગલમાં લઈ જજો. ને ત્યાં ઝૂંપડીમાં રાખજો. કાલ સવારે જો જો કે મારી દીકરી એક નહીં પણ બે ગાડી ખજાનો લાવશે. ને આનાથી બમણી ગાયો લાવશે.' ઇવાન તો આ સાંભળી જ રહ્યો!

સાંજ પડી. ખેડૂત માશાને લઈને ગયો જંગલમાં. ઝૂંપડીમાં લઈ ગયો. ને દેવતા સળગાવવાની ચીજવસ્તુઓ અને રસોઈની સામગ્રી આપી. પોતે સવારે લેવા આવશે તેવું કહી તે પાછો ઘેર ગયો.

રાત પડી. માશાને લાગી ભૂખ. તેથી તેણે ખીચડી બનાવી. ખીચડી થઈ ગઈ કે તે ખાવા બેઠી. ત્યાં જ પેલી ઊંદરડી આવી ને બોલી : 'મને ખૂબ ભૂખ લાગી છે. મને થોડું ખાવાનું ન આપે?' માશાને ચઢી ચીઢ.

'આ ખાતી વખતે જ વળી તું ક્યાંથી ટપકી? જા, ખસ આઘી.' ને તેણે પાસે પડેલી ચમચી જોરથી તેના તરફ ફેંકી. બિચારી ઊંદરડી! ગભરાઈને ભાગી જ ગઈ. પછી માશાએ એકલા બધી ખીચડી ખાધી. ને એનો એવો તો આફરો ચઢ્યો કે ઊંઘી જ ગઈ.

દરમિયાન મધરાત થતાં પેલું કાળું રીંછ ઝાંપો તોડીને ઝૂંપડીમાં ઘૂસી આવ્યું ને બોલ્યું : 'એય છોકરી! તું ક્યાં છે? ચાલ, મારી સાથે આંધળી ખિસકોલી રમ.' માશા તો રીંછને જોઈ ફફડી ઊઠી. કશું બોલી જ ના શકી. બીકના માર્યા તેના દાંત કડકડવા લાગ્યા. તેના કડકડતા દાંતનો અવાજ સાંભળીને રીંછ કહે : 'તો તું અહીં છે! લે, પકડ ઘંટડી ને દોડ. હું તને પકડી પાડું.' ગભરાતાં ગભરાતાં માશાએ ઘંટડી

પકડી. પણ તે એટલી બધી બી ગયેલી કે આખી જ ધ્રૂજવા લાગી. હાથ ધ્રૂજે ને ઘંટડી વાગે. ને એમ ઘંટડી વાગ્યા જ કરે. રીંછને ખ્યાલ આવી જ ગયો કે છોકરી અહીં જ છે ને તેણે એક જ પંજો તેના પર માર્યો. પોતાને ખાવાનું નહોતું આપ્યું તેથી ઊંદરડીનેય તેના પર દાઝ ચઢેલી. ખૂણામાં રહ્યે રહ્યે દાંત કચકચાવી બોલી : 'જો જે હોં, એ નિષ્ઠુર છોકરી જીવતી ના રહેવી જોઈએ. એ જ લાગની છે.' ને રીંછે તેને તરત જ પૂરી કરી નાખી.

સવાર પડી. ફયોકલા તો વહેલી વહેલી જાગી ને ઇવાનને કહેવા લાગી : 'ઝટ જાઓ જંગલમાં ને મારી દીકરીને લઈ આવો. બે ગાડી હશે તેથી એકમાં તમે બેસજો ને બીજામાં માશા બેસશે. ને ખાસ્સી ગાયો હશે. તે સાચવીને લાવજો. હવે ઝટ જાઓ. એ રાહ જોતી હશે.'

ઈવાન તો ચાલ્યો ને પહોંચ્યો જંગલમાં. પણ આ શું? ન તો ગાયો મળે કે ન તો ગાડી! એણે ઝૂંપડીમાં જઈને જોયું. 'અરરર! આ શું? માશાની આ દશા!' ઝૂંપડીમાં માશાને બદલે તેનાં માત્ર હાડકાં જ રહ્યાં હતાં. તેને ખૂબ જ દુઃખ થયું. દુઃખી હૃદયે આંસુ સારતો તે એનાં અસ્થિનો ટોપલો લઈ ઘેર આવ્યો.

ફયોકલા બારણા પાસે જ ઊભી હતી. ક્યારની રાહ જોતી હતી. તે નતાશાને કહે : 'હમણાં માશા આવશે ને બે ગાડી ભરી ખજાનો લાવશે. જો જે ને તું.'

પણ ત્યાં તો ઝાંપા પાસે ઊભેલો કૂતરો કહે :

'હાઉ...હાઉ...હાઉ..
નતુના બાપુ આવે
માશાના હાડ લાવે.'

આ સાંભળી ફયોકલાને ભારે ખીજ ચઢી. તે બોલી : 'અરે જુઠ્ઠાબોલા કૂતરા! આઘો ખસ. નહીં તો તારાં જ હાડકાંથી ટોપલો ભરી દઈશ, હા.!'

પણ ત્યાં તો ઝાંપા પાસે ઇવાન ટોપલો લઈને આવ્યો. તેની આંખો આંસુથી ભરેલી હતી. ધીમે રહી તે ફયોકલા પાસે આવ્યો. તેની આગળ ટોપલો મૂક્યો. ટોપલામાં અસ્થિ જોઈ ફયોકલા તો અવાચક જ થઈ ગઈ. ને 'હે ઈશ્વર! તેં આ શું કર્યું? મારાં કર્યાંની મને આવી સજા.' તેને પોતાની દીકરીના મૃત્યુથી એટલો બધો આઘાત લાગ્યો કે તેય ત્યાં ને ત્યાં જ ખલાસ થઈ ગઈ. એક સાથે બે મૃત્યુ! નતાશા ને ઇવાન ખૂબ દુઃખી થયાં. પણ કરી શું શકે? દુઃખનું ઓસડ દહાડા! સમય પસાર થતાં તેઓ સ્વસ્થ થયાં. અને શાંતિ તથા આનંદથી રહેવા લાગ્યાં. હવે તો તેમની પાસે ખૂબ ધન હતું.

વર્ષો વીત્યાં. નતાશા યુવાન થઈ. ને તેના જેવા જ ગુણવાન યુવાન સાથે તેનાં લગ્ન થયાં. બધે આનંદ આનંદ થઈ રહ્યો. □

અનુસંધાન] મધર ટેરીઝા [પૃ. ૬૧૬થી

આપણે કરી શકીયે તેમ છીએ.

મૃત્યુની આગાહી થઈ હોય તેમ ૧૯૯૭ના માર્ચ મહિનામાં તેમણે મિશનરીઝ ઑવ્ ચેરિટીનો ચાર્જ ૬૪ વર્ષીય સાધ્વી નિર્મલાને સોંપ્યો. અને ૧૯૯૭ના સપ્ટેમ્બર માસની પાંચમી તારીખે તેમનું રાત્રે ૯-૩૦ કલાકે અવસાન થયું. તે રાત્રે તેમણે હળવું ભોજન લીધું, પ્રભુપ્રાર્થના કરી, થોડીક સાધ્વીઓ સાથે વાતો કરી અને પાણીનો પ્યાલો હોઠે અડાડ્યો ત્યાં તો હાથમાંથી તે સરકી ગયો અને તેઓ ચિરનિદ્રામાં પોઢી ગયાં. છાતી પર હાથ મૂકી તેઓ છેલ્લે બોલ્યાં હતાં કે, તેમનાથી શ્વાસ લેવાતો નથી. તેમના અવસાનના સમાચારથી સારું વિશ્વ સ્તબ્ધ થઈ ગયું. જાણે કે એક સોપો પડી ગયો. 'જાનાર તો જાતાં રહ્યાં સદ્‌ગુણ એના સાંભરે.'

એમના માનમાં ભારત સરકારે રાષ્ટ્રિય શોક જાહેર કર્યો. રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરક્યો, ત્રિરંગામાં લપેટાયેલા તેમના મૃતદેહનાં દર્શન લાખો લોકોએ ટી.વી. પર અને પ્રત્યક્ષ કર્યાં, ૭૦ જેટલા દેશોએ શ્રદ્ધાંજલિ અર્પી. કલકત્તા શહેર જાણે નમાયું બની ગયું! પેલાં ગરીબો, અનાથો, દર્દીઓ, તરછોડાયેલાં વૃદ્ધો આ બધાંની સાચી માતા ધરતીના ખોળેથી સ્વર્ગના દ્વારે પહોંચી ગઈ. તેઓ સંદેશો મૂકતાં ગયાં છે કે,

પ્રાર્થનાથી આસ્થા, આસ્થાથી પ્રેમ, પ્રેમથી સેવા અને સેવાથી શાંતિ પ્રાપ્ત થાય છે. માનવસેવા એ પ્રભુસેવા છે તે તેમનો જીવનમંત્ર આપણે અપનાવવો રહ્યો. વિશ્વવિભૂતિ. પ્રેમ, કરુણા, શાંતિ દયા અને સેવાની હે દેવી, તમારાં જેવી જનનીની જોડ ફરી વિશ્વને મળશે ખરી?

એમની મિલકતમાં શું સાંપડ્યું? ત્રણ સાડી, એક ડોલ, એક બાઈબલ અને પ્રભુનામસ્મરણ કરવાની માળા. તેમની મિલકત તો દીનદુઃખિયાં હતાં, જેમની સેવા અહર્નિશ તેમણે કરી હતી. □

કલાવાર્તા



વિદ્વાન કલાકાર


હકુ શાહ

સૂરત જિલ્લાના વાલોડ ગામમાં જન્મેલા હકુભાઈ સાઠ વર્ષ વતાવી ચૂક્યા હોવાથી અને તેમણે લોકકલાઓ તથા આદિવાસી કલાઓના ક્ષેત્રમાં કરેલા સંશોધનાત્મક ઉત્તમ કાર્યને લીધે 'હોમેજ ટુ હકુ શાહ' નામનું એક પુસ્તક તૈયાર થઈ રહ્યું છે. આ પુસ્તક માટે વિશ્વના આઠ દેશોમાંથી સિત્તેર વિદ્વાનોના લેખો પ્રાપ્ત થયા છે. થોડા સમય પૂર્વે મૃત્યુ પામેલા વિશ્વવિખ્યાત કલાવિદ વિદુષી સ્ટેલા ક્રેમરિશે હકુભાઈના કાર્ય અને લેખોને જોઈને 'અન્નોન ઇન્ડિયા' નામના વિશિષ્ટ પ્રદર્શન માટે અમેરિકામાં આમંત્ર્યા હતા. આ પ્રદર્શનમાં પસંદ કરાયેલી ભારતની લોકકલા તથા આદિવાસીકલાની કૃતિઓ રજૂ થઈ હતી.



સાખીઓ

હકુભાઈને સ્ટેલા ક્રેમરિશે 'અમેરિકા માટે ભારતના સાચા સાંસ્કૃતિક એમ્બેસડર' તરીકે ઓળખાવ્યા હતા. તદુપરાંત ભારતના જ ખૂબ જાણીતા કલાવિવેચકો તથા વિદુષીઓ શ્રીમતી કપિલા વાત્સાયન તથા પુપુલ જયકર વર્ષોથી હકુભાઈના જીવનકાર્ય માટે પ્રશંસકો રહ્યાં છે. હકુભાઈના ગુરુ જાણીતા ભારતીય આધુનિક કલાકાર અને વિદ્વાન કે.જી. સુબ્રહ્મણ્યન તો હકુભાઈને માટે હંમેશાં પ્રેરણારૂપ રહ્યા છે. તદુપરાંત સ્વિત્ઝરલૅન્ડના વિશ્વવિખ્યાત વિદ્વાન પ્રોફેસર બ્યુહ્લર તથા 'ભારતીય કલાના જર્મનીના જાણીતા વિદ્વાન ડૉ. ફિશર પણ હકુભાઈના કાર્યસાથીઓ તથા તેમના મહત્ત્વપૂર્ણ સંશોધનાત્મક કામના સાક્ષીઓ રહ્યા છે.



વાંસળીવાદક અને ગાયો

વળી, ઉદેપુરમાં ૧૪૦ વીઘા જમીન પર તૈયાર થયેલા જાણીતા 'શિલ્પગ્રામ'ના હકુભાઈ સર્જક છે. હકુભાઈએ અમેરિકામાં, જર્મનીમાં, જપાનમાં 'લોકકલા તથા આદિવાસી' કલાઓ પર પ્રવચનો તથા સ્લાઈડ શૉઝ કર્યાં છે. ખાસ તો તેમણે

સ્કેચબુકમાંનો એક સ્કેચ






બીજના ચંદ્રકલાની આભા



સંવાદિતા



ફળ વેચનારીઓ

અમેરિકાની કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં ડેવિસમાં એન્વાઈરનમૅન્ટલ ડિઝાઈનની કૉલેજમાં રિજેન્ટ પ્રોફેસર તરીકે કામ કર્યું હતું. તેમનાં અર્ધાંગિની વિલુબહેને તેમના લેખનકાર્યમાં તથા તેમની અન્ય સગવડો સાચવવામાં હંમેશાં મદદ કરી છે.


હકુભાઈનું વ્યક્તિત્વ ગાંધીજીની જીવનશૈલીને અનુરૂપ સાદગીભર્યું છતાં સ્વચ્છ, પારદર્શી અને નિર્દંભી રહ્યું છે. તેઓ કદમાં નાના હોવા છતાં તેમનો ખાદીની કફની અને પાયજામા-વાળી સાદો પહેરવેશ તથા ચહેરા પરનું હંમેશનું મંદ હાસ્ય સામી વ્યક્તિને આકર્ષી રહે છે.

તેમના નિવાસસ્થાનમાં તેમની કલાદૃષ્ટિએ મુકાવેલી લોકકલાની કૃતિઓ તથા વિશાળ પુસ્તકોનો સંગ્રહ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. તે સમગ્ર નિવા-સસ્થાનને એક આગવું કલા-ત્મક વાતાવરણ અર્પે છે. અહીં ભીંત પર છાણથી લીંપેલી સપાટી પર લોકકલાની આકૃતિઓ જોઈ શકાય છે. કેટલી બધી જીવંત અને સરળ! કલા અને જીવન તેમને માટે અભિન્ન બન્યાં છે. 'કલા ખાતર કલા, તેઓ સ્વીકારી શકતા

'જુઓ' (કૅનવાસ પર તૈલરંગી)



વાંસળીવાદક (તૈલરંગી)



નથી. તેમની પોતાની કલાકૃતિઓમાં માનવજીવનનું દર્શન છે, માનવાકૃતિઓ છે, તેમની ક્રિયાઓ છે અને તે પણ રંગો-રેખા, સંયોજન, પોત, પ્રકાશ, રંગરૂપો, અવકાશ-આયોજન જેવાં સંપૂર્ણ કલાતત્ત્વોથી સભર.

હકુભાઈની વિદ્વત્તાની જેટલી છાપ લોકોમાં ઊભી થઈ છે તેટલી તેમની ચિત્રકાર તરીકેની ઊભી થઈ શકી નથી એ વાત સાચી હોવા છતાં હકુભાઈ વડોદરાની ફાઈન આર્ટ્સ ફેકલ્ટિમાં તેમના અભ્યાસકાળથી અત્યાર સુધી સતત ચિત્રસર્જન કરતા આવ્યા છે અને ઘણા કલારસિકોને પણ ખબર ન હોય એ રીતે વૈયક્તિક પ્રદર્શનનો મુંબઈ, દિલ્હી, કલકત્તા, મદ્રાસ, જેવાં શહેરોમાં કરતા આવ્યા છે. અમેરિકામાં પણ તેમણે તેમનાં ચિત્રોનાં પ્રદર્શનો કર્યાં છે અને ત્યાં પણ તેમણે ત્યાંના-કલા વિવેચકોની પ્રશંસા મેળવી છે. અમદાવાદમાં પણ પ્રદર્શનો કર્યાં છે.

તેમને અનેક ઇનામો અને માનપત્રો પ્રાપ્ત થયાં છે. તેમાં મુખ્યત્વે રોકફેલર ગ્રાન્ટ, અમેરિકા, નેહરુ ફેલોશિપ' : ભારત સરકારનો પદ્મશ્રી ખિતાબ મુખ્ય છે. જેટલી કદર તેમની વિશ્વના અન્ય દેશોમાં તથા દિલ્હીમાં થઈ છે તેટલી કમનસીબે માતૃભૂમિ ગુજરાતમાં થઈ નથી.

૧૯૫૯માં મ.સ. યુનિવર્સિટીમાંથી ફાઈન આર્ટ્સમાં એમ.એ.ની પદવી મેળવ્યા પછી, ત્યાં ફેલો રહ્યા. તેમણે ૧૯૫૯-૬૨ સુધી વીવર્સ સર્વિસ સેન્ટરમાં સેવાઓ આપી. અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા હોવા છતાં તેઓ ગુજરાત વિદ્યાપીઠના આદિવાસી મ્યૂઝીઅમ ક્યુરેટર તરીકે ૧૯૬૯ થી તેમની સેવાઓ આપી રહ્યા છે અને આ મ્યૂઝીઅમને દેશના એક અગ્રિમ મ્યૂઝીઅમ તરીકે વિકસાવવામાં તેમનો મુખ્ય ફાળો રહ્યો છે.

કલાકાર તરીકે હકુભાઈનાં ચિત્રોમાં ખાસ ધ્યાન ખેંચે છે તેમની ઊંચી ડોકવાળી માનવાકૃતિઓ અને ઇંડાના આકારની તેમના સર્જેલાં માનવચહેરાઓ સરલીકૃત છે, અને તેમાં ખાસ ધ્યાન ખેંચે છે અનિમેષ રીતી જોઈ રહેલી આંખો નાક અને હોઠ. વળી, ધ્યાનપાત્ર છે તેમનાં પાત્રોના લાંબા હસ્ત અને ભાવવાહી મોટી આંગળીઓ. માનવાકૃતિઓની ભાવ-ભંગિઓ ખૂબ જ અભિવ્યક્તિસભર છે. આ આકૃતિઓ શિલ્પાકૃતિઓની માફક લાકડાના નક્કર સ્તંભ જેવી છે. આમ પણ હકુભાઈ લોકકલાના નમૂનાઓમાંથી સીધી પ્રેરણા પામ્યા છે. એટલે તેમની આકૃતિઓના માળખાગત શિલ્પવિધાનમાં લોકકલાની કૃતિઓનાં સરલીકૃત લક્ષણો દેખાઈ આવે છે છતાં તેમની રંગયોજનામાં, આકૃતિશિલ્પવિધાનમાં યુરોપીઅન ચિત્રકારો ગોગાઁ, મોદિગ્લિયાની તથા ખાસ તો ભારતીય જાણીતી ચિત્રકાર અમૃતા શેરગિલની અસર આત્મસાત્ થયેલી જોવા મળે છે. ચિત્ર-અવકાશને જે રીતે હકુભાઈ માનવાકૃતિઓ, પ્રાણીઓ, પક્ષીઓ તથા અન્ય કુદરતી પદાર્થોથી આયોજિત કરે છે તેમાં ખાસ તો ઊંચાં-ઊંભાં રંગરૂપો સવિશેષ જોવા મળે છે; પરંતુ સમતોલન કરવા તેમણે આડા રંગરૂપો પણ મૂક્યાં છે. તેથી તેમનાં ચિત્રો સમગ્ર રીતે સુંદર સંવાદિતવાળાં બન્યાં છે.

તેમની આકૃતિઓની કાયમી ટકી રહેનારી અસર પેદા કરે છે. ટૂંકમાં, હકુભાઈનાં ચિત્રોની અસર સમયાતીત છે. તેમના ચહેરાઓ આધુનિક માનવીય ચહેરાઓ હોવા છતાં સમયાતીત ચહેરાઓ છે.

હકુભાઈએ બાળપુસ્તકો માટે સુંદર દૃષ્ટાંતચિત્ર પણ કર્યાં છે. હકુભાઈનાં ડ્રૉઈંગ્સ પણ સ્વતંત્ર કલાકૃતિઓ તરીકે ગણાવી શકાય. આમ, હકુભાઈ ભારતીય આધુનિક ચિત્રકલાના ઇતિહાસની ચળવળના એક મહત્ત્વની કડી છે.

- બંસીલાલ દલાલ

છબીકાર પ્રતાપકુમાર કટ્રેચા

કદાચ નવું લાગશે આ નામ, પણ એમણે ધર્મસ્થાનો અને પ્રાકૃતિક દૃશ્યોનાં અનેક સુંદર ફોટાઓ લીધા છે, રજૂ કર્યા છે અને સ્લાઈડ શો દ્વારા પોતાની કેફિયતો પણ આપી છે. વ્યવસાયે તેઓ તબીબ, પણ ફોટોગ્રાફીનો શોખ એમને ગળથૂથીમાં મળેલો. પિતાજી પણ વ્યવસાયે તબીબ. તેમણે ભારતવર્ષની તીર્થયાત્રા દરમિયાન પત્ની સાથે અનેક છબીઓ પાડેલી. જાતે જ ડાર્કરૂમમાં ડેવેલપ કરે. પિતાનો આ શોખવારસો પુત્ર પ્રતાપકુમારને મળ્યો. એમનાં માતા પણ ફોટોગ્રાફી કરી જાણે.

૧૯૩૩માં શ્રી પ્રતાપકુમારનો જન્મ. તેમની ૧૦ વર્ષની ઉંમરે પિતાજીએ તેમના હાથમાં કોડાક બ્રાઉન કેમેરા મૂકી દીધો. ત્યારે ઘરમાં 'કુમાર' આવે. તેણે પણ તેમના આ શોખને પોષ્યો. પછીથી પિતાજીનો વ્હાઈટ લેન્ડર નામનો જર્મન કેમેરા પણ વાપરતા. ૧૯૫૪માં મુંબઈની નાયર હૉસ્પિટલમાં અભ્યાસ માટે પ્રવેશ્યા ત્યારે પિતાજીએ Airesflex નામનો કેમેરા આપ્યો. ૧૯૬૨ બાદ Leica M-3 અને વાઈડ ઍન્ગલ લેન્સ પણ પિતાજીએ લઈ આપ્યા.

પિતાજીની રાહે તેમણે પણ ભારતનું તીર્થાટન શરૂ કર્યું. તે દરમિયાન ભારતનાં બધાં જ તીર્થસ્થલોનાં ફોટા લેવાની મનીષા હતી. પરંતુ અનેક ફોટોગ્રાફ લેવા છતાં ડૉ. કટ્રેચા માને છે કે હજુ તો તેમણે ભારતનાં તીર્થસ્થાનોની અર્ધો ટકો જ

ફોટોગ્રાફી કરી છે. જે તીર્થસ્થળની યાત્રાએ જાય તે વિશે પહેલાં પુસ્તકોમાંથી પૂરતી જાણકારી મેળવી લે. એમનો શોખ, આમ, કલા અને ભક્તિપ્રેર્યો છે. એમણે પોતાના વ્યવસાયને પણ માનવતાની રાહે અપનાવ્યો છે, અને આર્થિક રીતે અશક્તિમાનોની તેઓ વિનાપૈસો સારવાર કરે છે.

એમણે લગભગ ૩૪ વર્ષ સુધી ભારતયાત્રા કરી વિવિધ ધર્મસ્થાનોનાં ૨૨,૦૦૦ ફોટાઓ અને ૬૫૦૦૦ રંગીન પારદર્શિકાઓનો અમૂલ્ય સંગ્રહ કર્યો છે. તેમની તસવીરોમાં ફોટો-કલાનો કીમિયો તો જોવા મળે છે જ છે, પરંતુ સાથેસાથે શિલ્પસ્થાપત્યોનો અદ્ભુત અને અલ્પજાણીતો ઇતિહાસ પણ તેમણે તૈયાર કર્યો છે. તીર્થસ્થાનોના ગભારામાં છબી ખેંચવાની વધુમાં વધુ મુશ્કેલીઓ વચ્ચે પણ એમણે પોતાની વ્યવહારદક્ષતા અને ભક્તિભાવથી અલભ્ય તસવીરો ખેંચી છે. તેઓ માને છે કે કૃત્રિમ પ્રકાશ કરતાં પ્રાપ્ય એવા નૈસર્ગિક પ્રકાશમાંની છબીઓ વધુ સારી હોય છે. આથી તો ફ્લૅશ ગનનો ક્વચિત જ ઉપયોગ કરે છે.

એમની આ ફોટોસાધના એમની રીતે એક પ્રકારની પ્રભુસાધના જ છે. ભક્તિભાવપૂર્ણ મનોદશામાં આ તસવીરોને વધુ માણી શકાય તેવો તેમનો દૃઢ ખ્યાલ છે. કોઈ સંસ્થા કે સરકારની સહાય વગર કેવળ સ્વખર્ચે અને સ્વપ્રયત્ને એમણે સિદ્ધ કરેલી આ કલા દાદ માગી લે તેવી છે. તેમની છબીકલાની કેટલીક ઉત્કૃષ્ટ સામગ્રી આ અંકમાં રજૂ કરી છે. - ધી.પ.

ભારતીય-ઉપખંડની કલા બર્લિનમાં

બર્લિન-ડાહલેનના મ્યૂઝીઅમમાં ભારતીય કલાકૃતિઓ માત્ર પ્રદર્શિત થતી નથી, તેને નાટ્યાત્મક પરિમાણો સાંપડે છે. મુલાકાતીઓનું સ્વાગત એક વૃક્ષદેવી દ્વારા કરાય છે. ખંડમાં દાખલ થતાંની સાથે જ નજર એક ભૂરા પથ્થરના શિલ્પ પર પડે છે. આંખોમાં સમાઈ જાય તેમ એક નારીની વક્ષઃસ્થળ સુધીની દેહાકૃતિ મુકાયેલી છે. તેને અવગણીને આગળ વધી શકાય નહિ. તેના પૂર્વાઅધરોષ્ઠ, લીસા અંગો અને મૈત્રીપૂર્ણ સ્ત્રીત્વ છલકાવનારા ભાવાવેશો સાંચી-મધ્યભારતની - એક દેવીને મૂર્તિમંત કરે છે. પહેલી સદીની શરૂઆતમાં કોઈક કલાકારના કુશળ હસ્તોએ પથ્થર કંડારીને આ શિલ્પ ઘડી કાઢ્યું છે. લગભગ બે હજાર વર્ષોથી ઝળકી રહેલી તેની સુંદરતા જરાય ઝાંખી પડી નથી.

પ્રથમ મોટા ખંડમાં દાખલ થતાં જ જાણે કે જ્ઞાનેન્દ્રિયોનો ઉત્સવ શરૂ થઈ જાય છે. આજુબાજુનાં અંધારામાંથી કલાકૃતિઓ પ્રકટી રહી છે. તેની ગોઠવણીમાંથી નાટ્યાત્મક પરિમાણો સાંપડી રહે છે. દરેકેદરેક શિલ્પને ચારેબાજુથી જોઈ શકાય તેમ છે. અરિસાઓ અને સૂક્ષ્મદર્શક કાચો ઝીણી ઝીણી રેખાઓ બતાવે છે. આથી ભારતના ભવ્ય કલાવારસાની ૬૦૦ કૃતિઓને પ્રેક્ષકો વ્યક્તિગત રીતે માણી શકે છે.

ભારતીય ફિલોસોફી અને શાસ્ત્રોને સમજવાની ઇચ્છા જર્મનીમાં પરંપરા બની ગઈ છે. તેમાં બર્લિને મુખ્ય ભૂમિકા ભજવી છે. ૧૯મી સદીની શરૂઆતમાં જ ભારતીય કલાકૃતિઓ રૉયલ પ્રુશિયન કલાગારન ખાતે પ્રદર્શિત કરાઈ હતી. ભારતીય કલાના પ્રદર્શન માટે અહીં હવે એક ખાસ જગા છે. ભારતીય કલા મ્યૂઝીઅમ, બર્લિન-ડાહલેમ.

માટીની પ્રતિમાઓ, પૂર્વહરાપ્પાકાળના સમાજની પ્રાગૈતિહાસિક મુદ્રાઓ, ૧૮મી સદીની કાંસાની કલાકૃતિઓ - વગેરેમાંથી ૪૦૦૦ વર્ષોનો અતિત ડોકિયાં કરે છે. અહીં બુદ્ધનાં ભવ્ય પૂતળાં છે તો બે હજાર વર્ષ અગાઉનાં ગાંધારનાં ચિત્રો પણ છે. એક કાળે મેડિટેરેનિયમ અને એશિયન સંસ્કૃતિઓ, ધર્મ અને કલાનો સમન્વય સાધતી તે સાબિત થાય છે. લઘુચિત્રોનો વિભાગ ચક્ષુઓ માટે મિજબાની સમાન છે. દેશ અને દરબારનાં આ ખાસ ચિત્રો ધ્યાનાકર્ષક છે. ૧૨મીથી માંડીને ૧૯મી સદી સુધીની ચિત્રશૈલીઓ ઝળકાવતાં લઘુચિત્રો પરીઓની દુનિયામાં સફર કરાવે છે. કાપડ પર અંકિત હોય કે ભીંત પર, કાગળ પર ચિત્રિત હોય કે ફૂલદાની પર, શેતરંજી પર રેખરેખાઓ હોય કે કોઈ દેવળનો શણગાર... અહીં દરેક પ્રેક્ષકને ગમી જાય એવું નજરાણું છે. ભારતીય ઉપખંડની કલા હજારો વર્ષોથી આમ દેશ-પરદેશના સીમાડા ઓળંગતી રહી છે. (વૃતશકુન)

કુંકાવટી

લેફ્ટનન્ટ કર્નલ (ડૉ.) લક્ષ્મી સહગલ



કાનપુરના સિવિલ લાઈન્સ વિસ્તારમાંના તેમના નિવાસસ્થાને રહેતાં ડૉ. લક્ષ્મી રાહગલ આજે ૮૪ વર્ષે પણ કરચલી વિનાનો ચમકદાર ચહેરો ધરાવે છે, અને નેતાજી સુભાષચન્દ્ર બોઝની આઝાદ હિંદ ફોજનું રાષ્ટ્રિય ગીત જુસ્સાભેર લલકારતાં તેમનો ચહેરો મધ્યાહ્નના સૂરજની જેમ ઝગારા મારે છે. અને આટલાં વર્ષે પણ અડીખમ રહેલાં શ્રી લક્ષ્મી સગલ છેલ્લાં પચાસ વર્ષથી કાનપુરમાં સેવાભાવે ડૉક્ટરી પ્રૅક્ટિસ કરી રહ્યાં છે.

આઝાદ હિન્દ ફોજ માટેનાં ગીતોની પસંદગીમાં નેતાજી સક્રિય રસ લેતા હતા અને જ્યારે બંગાળી ગીતો આવે ત્યારે નેતાજી કહેતા કે, 'એ ગીતોમાં જુસ્સો હોતો નથી, અને જાણે રોવાની જ વાત આવે છે. આપણે તો જોશીલાં ગીત જોઈએ.' ભારતમાં ત્યારે 'વંદેમાતરમ્'ને રાષ્ટ્રિય ગીત તરીકે ગાવાનું ચલણ હતું પણ નેતાજીએ 'જનગણમન' અપનાવ્યું હતું. અને એ બંને ગીતો તે સમયે ડૉ. લક્ષ્મી ઘણાં જ જુસ્સાભેર ગાતાં અને આજે પણ આટલી જૈફ વયે ય એટલી જ તાજગીથી, શિસ્તબદ્ધ રીતે સ્ફુર્તિથી ઊભાં થઈને, ટટ્ટાર દેહ અને સ્પષ્ટ કંઠે લલકારી શકે છે. ઉંમરની અસરથી એમના અવાજમાં થોડું ભારેપણું આવ્યું છે, પરંતુ અવાજની ધાર અકબંધ છે.

ડૉ. લક્ષ્મી સહગલ આઝાદ હિંદુ ફોજની 'રાણી ઝાંસી રેજિમેન્ટ'નાં તેજસ્વી લેફ્ટનન્ટ કર્નલ હતાં. ઈ. ૧૯૪૩ના ઓક્ટોબરની ૨૧મીએ સીંગાપુરના ખીચોખીચ ભરેલા કેથે ચાઈના હૉલનું વાતાવરણ પણ આવું જ પ્રાણવાન હતું. નેતાજીએ અનેક સ્થાનિક લોકો અને દક્ષિણ-પૂર્વ એશિયાના ભારતીય પ્રતિનિધિઓની હાજરીમાં આઝાદ હિંદની આરઝી (કામચલાઉ) હકૂમતની ઘોષણા કરી હતી. કાનપુરના અને સીંગાપુરના ચેતનવંતા વાતાવરણને જોડતી કડી જેવાં કેપ્ટન લક્ષ્મી સહગલ આઝાદ હિંદ સરકારના સ્ત્રી-સંગઠન મંત્રી તરીકે ગૌરવભેર એ સમારંભમાં ઉપસ્થિત રહ્યાં હતાં. એ પહેલાંના ૪ જુલાઈના એક સમારંભમાં લક્ષ્મી કેપ્ટન તરીકે નહીં, પણ ડૉ. લક્ષ્મી તરીકે ગયાં હતાં.

આઝાદ હિંદ ફોજના સરસેનાપતિ તરીકે મોહનસિંહ હતા ત્યારે, મદ્રાસ, યુનિવર્સિટીમાંથી એમ.બી.બી.એસ. થઈને સીંગાપુરમાં ડૉક્ટરી પ્રૅક્ટિસ કરતાં યુવાન ડૉ. લક્ષ્મી સ્વામીનાથને પોતાની સેવાઓ આપવાની ઑફર કરી હતી. અને જ્યારે નેતાજી આઝાદ હિંદ ફોજના સરસેનાપતિ બન્યા તે પછી ડૉ. લક્ષ્મી સહગલ આઝાદ હિંદ ફોજની 'રાણી ઝાંસી રેજિમેન્ટ'નાં કેપ્ટન નિમાયાં હતાં. સેનાનાયિકા શ્રી લક્ષ્મીનું શેષ આયુષ્ય સ્વાસ્થ્યપૂર્ણ નીવડે એવી શુભ કામના! - **કાન્તિલાલ વ. રામી**

વેજિટેબલ સલાડ

સામગ્રી : ૫૦ ગ્રામ વટાણા, ૧૦૦ ગ્રામ ફણસી, ૧૦૦ ગ્રામ ફ્લાવર, ૧૦૦ ગ્રામ કૉબીજ, ૨ નાનાં ગાજર, ૧ નાનું બટાકું અને દૂધીનો ૧ નાનો કકડો, ૫૦૦ ગ્રામ દહીં, સાકર ૪-૫ ચમચી, દોઢ ચમચી રાઈનો ભૂકો, અડધી ચમચી ખાવાનો સોડા.

પ્રથમ વટાણા ફોલીને રાખો. બધાં શાક સાધારણ ઝીણાં સમારીને ફણસી અને કૉબીજ સિવાય બધાં મિક્સ કરો. જરૂર પ્રમાણે પાણી ગરમ કરી તેમાં મીઠું અને ખાવાનો સોડા નાખો. ત્યાર બાદ તેમાં ફણીસી અને વટાણા નાખો, અડધાં ચડી જાય એટલે તેમાં કૉબીજ સિવાય બધાં શાક નાખો. બધું ચડી જાય એટલે ગૅસ બંધ કરી તેમાં સમારેલી કૉબીજ નાખો. થોડી વાર ઢાંકી રાખો. પછી શાકમાંથી પાણી નિતારી લો. દહીંમાંથી પાણી નિતારી તેમાં મીઠું, સાકર, રાઈનો ભૂકો નાખી એ દહીં અને બધાં શાક ભેગાં કરી બરાબર હલાવી મિશ્રણ તૈયાર કરો અને થોડી વાર ફ્રિઝમાં મૂકી પછી ખાવાના ઉપયોગમાં લો.

પરવાળું

પરવાળું શુદ્ધ મોતીની જેમ પ્રાણિજ રત્ન છે અને તે સાગરમાંથી જ ઉત્પન્ન થાય છે. મોતી અને રત્નોમાં કેલ્સિઅમ કાર્બોનેટ હોય છે. સાગરમાં પરવાળાના ખડકો થાય છે. બહુસંખ્ય પરવાળાના ખડકો સફેદ અથવા કાળાશ પડતા સફેદ રંગના હોય છે. સફેદ પરવાળું આયુર્વેદની દૃષ્ટિએ બહુમૂલ્ય ગણાય છે અને કાળાશ પડતું પરવાળું ઊતરતી કક્ષાનું ગણાય છે. આછા લાલ-ગુલાબી રંગની ઝાંય ધરાવતું પરવાળું શુદ્ધ રત્ન તરીકે માન્યતા પામેલ છે. જ્યોતિષશાસ્ત્ર મુજબ પરવાળાને વીંટીમાં જડીને પહેરવામાં આવે છે અને માનસિક તથા શારીરિક શાંતિ મેળવ્યાનો સંતોષ લેવાય છે.

નવરત્નના હારમાં પરવાળાનું સ્થાન પણ છે. તેની આભા આકર્ષક છે. પરવાળું ઉષ્ણતાશોષક હોવાથી તે શરીરમાં રહેલી વધારાની ગરમી શોષી લે છે અને તન-મનને પ્રફુલ્લિત રાખે છે. ભારતમાં અને અન્ય કેટલાય દેશોની મહિલાઓ મોતી અને પરવાળાનાં આભૂષણો વધુ પસંદ કરે છે. પરવાળાના ઉષ્ણતા-રોધક ગુણથી આયુર્વેદ તેની માળા ડોકમાં પહેરવાનું જણાવે છે. □

સાહિત્યસંપર્ક

ડૉ. ધર્મવીર ભારતી, સ્વ.



એક સર્જક પ્રતિભા જ્યારે પત્રકારત્વ-ક્ષેત્રને અપનાવે ત્યારે એ ક્ષેત્રે પણ નવીન પ્રકાશ પથરાય એ સ્વાભાવિક છે. ડૉ. ભારતીએ 'ધર્મયુગ' સાપ્તાહિકનું સંપાદન કરેલું અને તેમના આદર્શ તંત્રીપણાને કારણે ધર્મયુગ માત્ર હિન્દી ભાષામાં જ નહીં ભારતની અન્ય ભાષાઓમાં પણ આદર પામેલું. ડૉ. ધર્મવીરે ૭૧ વર્ષની વયે ૪થી સપ્ટેમ્બરે દૈહિક વિદાય લીધી છે.

ડૉ. ધર્મવીર ભારતીની ગણના આઝાદી પછીના હિન્દીના મોટા લેખકોમાં થાય છે. વિખ્યાત શાયર મજરૂહ સુલતાનપુરીએ તેમના માટે કહ્યું કે, 'એમને મન હિન્દી-ઉર્દૂનો ભેદ ન હતો. તેઓ હિન્દીના મોટા લેખક હતા. સાથે સાથે તેઓ મોટા પત્રકાર પણ હતા.'

ડૉ. ધર્મવીરનો જન્મ પ્રયાગમાં ૨૫મી ડિસેમ્બર ૧૯૨૬ના રોજ થયેલો. ૧૯૬૦ સુધી તેમણે ત્યાં જ રહી વિદ્યાભ્યાસ કરેલો. સાથે સાથે સાહિત્યસર્જન પણ. વળી, ૧૯૬૦ સુધી તેઓ એક સાહિત્યિક તોફાન સમાન હતા અને ત્યાર પછી સતત ત્રણેક દસકા સુધી તેઓ પત્રકારીય આંધી તરીકે ખ્યાતનામ બનેલા.

યુગસંદર્ભ અને પુરાકલ્પનાના પ્રયોગની દૃષ્ટિએ મહાવ્યોચિત ગરિમાવાળી કૃતિ 'અન્ધા યુગ' (૧૯૫૪) હિન્દી સાહિત્યમાં પ્રશસ્ય રચના છે. આમાં દ્વિતીય મહાયુદ્ધના પરિણામે રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સ્તરે વ્યાપ્ત સંશય, ગ્લાનિ, જંગાલિયત તથા સામાજિક મૂલ્યોનો હ્રાસ આ કૃતિમાં પ્રત્યક્ષ-પરોક્ષ પ્રકારે નિરૂપાયાં છે. 'અન્ધા યુગ'માં મહાભારતની કથા વણી લેવામાં આવી છે. યુધિષ્ઠિર કહેવાય ધર્મનિષ્ઠ છતાં તેમના અર્ધસત્યે પિતાની દગાથી હત્યા કરવામાં આવી તે કક્ષા પુત્રને ન હચમચાવે?

'ભૂલ નહીં પાતા હૂં
મેરે પિતા થે અપરાજેય
અર્ધ સત્ય સે હી
યુધિષ્ઠિર ને ઉનકા
વધ કર ડાલા

(પૃ. ૪૬)

'કનુપ્રિયા' (૧૯૫૯) એમનું પ્રબંધ-કાવ્ય છે, જેમાં યુદ્ધ-સમસ્યા, વિશ્વમાં નૈતિક સંઘર્ષોની સાંપ્રત સ્થિતિ આસ્થા-અનાસ્થા તથા સાથે સાથે રાધાકૃષ્ણના પ્રેમની કથા કંડારવામાં આવી છે. કનુપ્રિયા એટલે રાધા. 'સાતગીત વર્ષ'માં પણ વિષય-વૈવિધ્ય સમેત કાવ્યો સંકલિત છે.

'એક્થી સુધા, એક થા ચંદર'ના નામે એક અધૂરી ફિલ્મ ઊતરેલી તે ડૉ. ધર્મવીર ભારતીની વિખ્યાત નવલકથા 'ગુનાહોં કે દેવતા'ના આધારે જ. ઉપરાંત 'સૂરજ કા સાતવાં ઘોડા' પણ તેમની સાર્થક નવલકથા છે.

ડૉ. ભારતીએ થોડીક વાર્તાઓ પણ આપી છે, જે 'બંદગલી કા આખિરી મકાન,' 'ગુલ કી બન્નો,' 'આશ્રમ' અને 'દૂસરી સાવિત્રી' સંગ્રહોમાં સમાવિષ્ટ છે.

હિન્દી સાહિત્ય અને પત્રકારત્વની તેમની સેવાઓને કારણે તેમને ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને બિહારની સરકારોએ સન્માનેલા. ભારત સરકારે તેમને પદ્મશ્રીનો ખિતાબ પત્રકારત્વના અદ્‌ભુત સાહસ બદલ આપેલો. બાંગ્લાદેશના યુદ્ધવેળાએ ડૉ. ધર્મવીરે યુદ્ધસ્થાને પહોંચી આંખે દેખ્યો હેવાલ પોતાના વાચકોને આપેલો. હિન્દીના સમર્થ એવા આ કવિ અને પત્રકારના ગદ્યનો આનંદ આપણને 'યાત્રાચક્ર', 'શબ્દિતા' અને 'કુછ ચેહરે, કુછ ચિંતન' જેવા પ્રવાસ - વર્ણનો તથા નિબંધસંગ્રહોમાંથી માણવા મળશે.

એક સાહિત્યકાર તરીકે ડૉ. ધર્મવીર ભારતીએ હિન્દીના સાંસ્કૃતિક પત્રકારત્વને અદ્‌ભુત મિજાજ આપી જાણ્યો. પોતાના જીવનકાળની શ્રેષ્ઠ કૃતિઓ ૧૯૬૦ સુધીમાં ૩૪ વર્ષના આયુકાળમાં અલ્હાબાદમાં રહી તેમણે આપેલી. તે પછી ૩૬ વર્ષોનો ગાળો મુંબઈ નગરીમાં વીત્યો ને ત્યાં જ તેઓ વિરમ્યા.

હિન્દીના આ મહાન સર્જકને તેમની રચના 'નિવેદન'ની આ પંક્તિઓ દ્વારા શ્રદ્ધાંજલિ આપીએ :

'યે કવિતાએં,
યહ કથા-કહાની, ઉપન્યાસ
ઈસ કે અંદર તુમ નાહક મુઝકો ઢૂંઢ રહે
યે ગલિયાઁ થીં,
ઈન સે હોકર, મૈં ગુજર ચુકા
યહ કેંચુલ હૈ, જો ધીરે-ધીરે છૂટ રહી...'


- ડૉ. રજનીકાન્ત જોશી

પ્રાપ્ત પ્રકાશનો

નખદર્પણ : ભગવતીકુમાર શર્મા. પ્રકાશક : સાહિત્ય સંકુલ, ચૌટા બજાર, સુરત. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ: ૧૨૮, ડીમાઈ, કાચું પૂંઠું, મૂલ્ય: રૂ. ૬૦. નવીન ગઝલસંગ્રહ.

વિષ્ણુકુમાર બારોટની **બાળવાર્તા શ્રેણી ભાગ-૧થી ૫** અનુક્રમે 'સુખરામ ગધેડો', 'દગડુ ધોબી', 'આંગળી અડાડુ

(અનુસંધાન પૃ. ૬૫૪ પર)



અમને નાખો જિંદગીની આગમાં,
ફેરવીશું આગને પણ બાગમાં,
સર કરીશું આખરે સૌ મોરચા,
મોતને પણ આવવા દો લાગમાં.
શેખાદમ આબુવાલા

સદ્ગત રતુભાઈ અદાણી

(જન્મ : ૧૩-૪-૧૯૧૪ - દેહવિલાસ : ૫-૯-૧૯૯૭)



માત્ર ૧૬ વરસની ઉંમરે મીઠાના સત્યાગ્રહમાં ભાગ લઈ કાઠિયાવાડના આટકોટ (જિ. રાજકોટ)માં જન્મેલા આ કિશોરે વાતાવરણની અસર અને મહાન-વિરલ વિભૂતિઓના સંપર્ક તથા સાન્નિધ્યથી કેવું ઉમદા જીવન જીવી શકાય, તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

દાંડીકૂચની, મીઠાના સત્યાગ્રહની લડતોમાં ભાગ લેતાં જ તેમનું દૃઢ મનોબળ અને સહનશક્તિ કેળવાયાં હતાં. ધોલેરા, ધ્રોળ અને ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લીધો, અસહ્ય જુલ્મ પણ વેઠ્યો. બે વખત જેલવાસ પણ ભોગવ્યો. લડતમોકૂફી દરમિયાન ભાલનાં ગામડાંઓમાં બેસીને લોકજાગૃતિનું કામ કર્યું અને ત્યાર પછી તો સતત ગાંધીજીએ ચીંધેલી રચનાત્મક પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહ્યા.

આ સમયે અમરેલી પ્રાંતનું તરવડા રચનાત્મક પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર હતું. ત્યાં તેઓએ મિત્રો સાથે સર્વોદય આશ્રમની સ્થાપના કરી અને શેત્રુંજીના ટીંબા ઉપર એક માટીની ઝૂંપડીમાં રહી ચર્મઉદ્યોગનો વિકાસ કરવા ચમારનું કામ શરૂ કર્યું. ચંપલ બનાવતાં શીખ્યા અને તેને વેચવા માટે બે મણ વજનનું ખોખું લઈ ચાર માઈલ દૂર પાર્સલ કરવા પણ જાતે જતા.

એક જૈન યુવક આવું કાર્ય કરે એ તે સમયના સમાજમાં અને કાઠિયાવાડમાં કપરું હતું, છતાં તેઓ ડગ્યા નહીં એટલું જ નહીં, પણ રૂઢિચુસ્ત સમાજે કરેલો તેમનો બહિષ્કાર પણ અડગ રહીને સ્વીકારી લીધો, જ્યાં તેમનું દૃઢ મનોબળ અને ગાંધીમૂલ્યો તેમજ કાર્યો પ્રત્યેની નિષ્ઠા જોવા મળે છે.

ત્યાર બાદ ૧૯૪૨ની 'ભારત છોડો'ની ચળવળમાં પણ જાહેરમાં તેમજ ભૂગર્ભમાં કામ કરી પોતાનું રાષ્ટ્રવાદી વલણ અભિવ્યક્ત કર્યું હતું.

૧૯૪૭માં જ્યારે બ્રિટિશ સરકારે હિંદના ભાગલા દ્વારા ભારત અને પાકિસ્તાનનાં બે રાજ્યો રચી સ્વતંત્રતા આપવાની જાહેરાત કરી ત્યારે દેશી રાજ્યોએ બેમાંથી એક રાષ્ટ્રમાં જોડાવાનું હતું, પણ જૂનાગઢ રાજ્યે તેના સાથી સરદારગઢ, બાંટવા, માણાવદર, બાબરિયાવાડ, માંગરોલ સાથે પાકિસ્તાનમાં જોડાવાનો નિર્ણય કર્યો. મુંબઈમાં આની વિરુદ્ધ શામળદાસ ગાંધીના નેતૃત્વ નીચે આરઝી હકૂમત (જૂનાગઢની કામચલાઉ સરકાર)ની સ્થાપના થઈ તેમાં અગ્રણી તરીકે રતુભાઈ પણ હતા.

આઝાદી પછી પણ અમરેલી જિલ્લાનાં નાનાં દેશી રાજ્યો ડેડાણ, ખિજડિયા વગેરેની જોડાણમાં સહીઓ લેવાની કામગીરી તેમણે જ બજાવી હતી. આ કાર્ય પૂર્ણ થતાં જ તેમણે જૂનાગઢ પાસેના શાપુર ગામમાં સર્વોદય આશ્રમની સ્થાપના દ્વારા રચનાત્મક પ્રવૃત્તિઓનો પ્રારંભ કર્યો. યુવાનોને તાલીમ આપવાનું કાર્ય પણ શરૂ કર્યું. ૧૯૪૯માં સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિની રચનામાં સ્થાપક સભ્ય બન્યા અને સંસ્થાના મંત્રી તરીકે તેઓએ સમગ્ર સૌરાષ્ટ્રમાં વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનો પ્રારંભ કર્યો. સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ખાદીચલણ વધારવામાં તેમનો સિંહફાળો હતો.

૧૯૫૨થી તેમની રાજકીય પ્રવૃત્તિઓનો પ્રારંભ થયો. સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતાં વિધાનસભામાં ચૂંટાયા, મંત્રીમંડળમાં જોડાયા. ૧૯૫૬માં સૌરાષ્ટ્ર મુંબઈ પ્રાંત સાથે જોડાતાં ત્યાં પણ મંત્રીમંડળમાં, અને ૧૯૬૦માં ગુજરાત રાજ્યની રચના થતાં ડૉ. જીવરાજ મહેતાના મંત્રીમંડળમાં કાર્ય કર્યું. આ કાર્ય દરમિયાન પંચાયત સહકારી ક્ષેત્ર, અને ગ્રામવિકાસનાં તેમનાં કાર્યો પ્રશંસનીય રહ્યાં છે. જ્યારે ૧૯૬૩માં રાજકારણમાં પલટો આવ્યો ત્યારે તેઓ પણ ડૉ. જીવરાજ મહેતા સાથે જ રાજકારણમાંથી નિવૃત્ત થયા. કામચલાઉ રાજકીય સંન્યાસ પછી ૧૯૭૧માં રચાયેલી ઘનશ્યામભાઈ ઓઝાની સરકારમાં મંત્રી તરીકે જોડાયા. છેવટે કુટિલ રાજકીય ગતિવિધમાં તેઓને ફાવ્યું નહીં અને હંમેશ માટે રાજકારણનો ત્યાગ કરી માત્ર રચનાત્મક, આરોગ્ય-વિષયક, અને સમાજ સેવાની પ્રવૃત્તિમાં જીવનની છેલ્લી પળ સુધી ઓતપ્રોત રહ્યા.

આ ગાળા દરમિયાન તેમનું મહત્ત્વનું કાર્ય જૂનાગઢમાં બાળકો માટેની નમૂનેદાર નિવાસી સંસ્થા, કેશાદની ટી.બી. હૉસ્પિટલનું સંકુલ, ડૉ. જીવરાજ મહેતાની સ્મૃતિમાં લાઠી તાલુકામાં ચાવંડ ગામે ટેકરી ઉપર કલ્યાણધામ અને અમદાવાદમાં ડૉ. જીવરાજ મહેતા હૉસ્પિટલ સંકુલ તેમની સમાજસેવાની પ્રવૃત્તિઓની યશોગાથા છે. આના અનુસંધાનમાં જ તેઓએ

અભયગઢમાં સ્થાપત્યના ઉમદા નમૂના જેવું અક્ષયનાથ મહાદેવનું મંદિર પણ બંધાવ્યું હતું. ખરેખર તો રાજસીતાપુરના એક મંદિરનો આ જીર્ણોદ્ધાર હતો.

ગ્રામજીવનના અનુભવો આલેખતું 'દીઠુ મેં ગામડું,' ૧૯૩૦ના અનુભવોનું 'સત્યાગ્રહના સંભારણા', '૧૯૪૨નું ૧૯૪૨નો આખરી સંગ્રામ,' જૂનાગઢની લડતનું' 'સોરઠની લોકક્રાંતિ' અને પૂ. દાદાના સંસ્મરણોનું 'વિરલ વિભૂતિ રવિશંકર મહારાજ' તેમનાં રચેલાં પુસ્તકો છે.

આવા રતુભાઈનું ૮૪ વર્ષનું જીવનકાર્ય એ દૃષ્ટાંત પૂરું પાડે છે કે જો યોગ્ય વાતાવરણમાં ઘડતર થયું હોય અને પારસ-પુરુષો અને પ્રવૃત્તિઓનો સ્પર્શ થયો હોય તો માનવજન્મ સફળ કરી શકાય છે.

- પ્રા. સુરેશ મ. શાહ

ધનજીભાઈ મેઘાણી



ભુજના પરા સમા માધાપરના વતની ધનજીભાઈ મેઘાણી હાલ લંડનમાં બાંધકામનો વ્યવસાય કરે છે. ૨૦મી જુલાઈ ૧૯૪૮માં 'કેનિયા'માં જન્મેલા ધનજીભાઈએ કેળવણી વતન કચ્છ માધાપરમાં મેળવી, ૨૦ વર્ષની વયે પિતા સાથે લંડન ગયા ત્યાં આરંભમાં કારખાનાંઓમાં બાંધકામમાં શ્રમજીવી તરીકે કામ કર્યું, એ પછી નિજી બાંધકામનો વ્યવસાય અપનાવ્યો. ધનજીભાઈને વાચનનો શોખ બાળપણથી જ હતો. લંડનની સમૃદ્ધ લાઈબ્રેરીઓએ એમના શોખને વિશાળ વાચનની તક આપી, પોષણ આપ્યું. વાચનથી એમની દૃષ્ટિની ક્ષિતિજને વિસ્તારી. એમાંથી વિવિધ દેશોનો પ્રવાસ કરવાની તેમને ઝંખના જાગી. એકધારા રગશિયા જીવનમાં બદલાવ લાવવા ધનજીભાઈએ વિશ્વપ્રવાસ ખેડવાનો મનસૂબો કર્યો.

વિશ્વપ્રવાસની શરૂઆત પોતાના જન્મસ્થાન કેનિયાથી કરી. કેનિયાથી પરત ફરતાં ઈજિપ્ત ગયા અને આમ શરૂ થઈ ગયો સિલસિલો પ્રવાસનો, જે આજ પર્યંત ચાલુ છે. અઢાર વર્ષમાં પિસ્તાલીસ દેશોનો પ્રવાસ કરી ચૂકેલા ધનજીભાઈ પ્રવાસની પૂર્વ-તૈયારી ખૂબ જ સુંદર રીતે કરે છે. વર્ષમાં ત્રણથી ચાર મહિના પ્રવાસ માટે અનામત રાખે છે. બાકીના આઠ મહિના બાંધકામનો વ્યવસાય કરે છે. બાંધકામો એ રીતે લે કે નિયત સમય પહેલાં કામ પૂર્ણ થઈ જાય. થયેલી આવકમાંથી કુટુંબનું ખર્ચ, આકસ્મિક ખર્ચ વગેરે મૂડી બાદ કરી વધેલ રકમમાંથી પ્રવાસ કરવા ઊપડી જાય. પ્રવાસે જતાં પહેલાં જે દેશનો પ્રવાસ કરવાનું નક્કી કરેલ હોય તેનું ભરપૂર વાચન કરે. પ્રવાસન કચેરીઓ, દૂતાવાસ વગેરે પાસેથી વિગતો એકઠી કરે. ત્યાંની ભાષા, રિવાજ, ભૌગોલિક સ્થિતિ વગેરેની સંપૂર્ણ જાણકારી મેળવી લે. જે તે દેશમાં જવા કયા પ્રકારનાં રોગપ્રતિકારક ઇંજેક્શન લેવાનાં છે, કયા પ્રકારની દવાઓ સાથે રાખવાની છે વગેરે સંપૂર્ણ તૈયારી કર્યા પછી જ પ્રવાસનો આરંભ કરે.

પ્રવાસ દરમ્યાન જ્યાં જ્યાં જાય ત્યાંના માનવીઓ સાથે સંપૂર્ણ આત્મીયતા કેળવવા, તેમના અંતરમાં ડોકિયું કરવા જે તે દેશનો આંતરિક પ્રવાસ બસ કે ટ્રેન જેવા ખાનગી વાહનના સામાન્ય વર્ગમાં કરે જેથી આર્થિક ફાયદો થવાની સાથે લોકોનો સંપર્ક કેળવી શકાય. વળી, તેઓ પ્રવાસ દરમ્યાન હોટેલમાં ઊતરે નહીં, અને ફરજિયાત ઊતરવાનું થાય તો સાદી હોટેલમાં ઊતરે જેથી હોટેલમાં ઊતરેલ સમોવડિયા અને સાદા માનવીઓથી

ગરમ પાણીના ઝરા



ઊકળતો જ્વાળામુખી



સંપર્ક થઈ શકે. કોઈ સારી જગ્યા પસંદ કરી સાથે રાખેલ તંબૂ તાણી રહેવા માંડે. રસોઈ, કપડાં બધું જાતે જ કરવાનું. ખોરાક ખૂબ જ સાદો અને ક્યારેક માત્ર ફળ પણ ચાલે. હાથે રાંધી ન શકાય ત્યારે નાની રેસ્ટોરાંમાં વિનંતિ કરી સાદો શાકાહારી ખોરાક તૈયાર કરાવી ભોજન કરી લે. સ્લીપિંગ બેડમાં રાતવાસો કરે. આમ, ખૂબ જ કરકસર અને સાદગીપૂર્વક રહીને વધુ ને વધુ દેશોનો પ્રવાસ ખેડવાની તેમની ખ્વાહિશ છે.

પ્રવાસમાં એકલતા લાગે ત્યારે વિદેશોમાં પ્રવાસીઓ માટે પ્રગટ થતાં ખાસ સામયિકોમાં છપાતી જાહેર ખબર પરથી કોઈ પ્રવાસી જૂથનો સંપર્ક કરી તેની સાથે જોડાઈ જાય. આવાં જૂથોમાં પુરુષો અને સ્ત્રીઓ બંને હોય.

ધનજીભાઈએ પ્રવાસ કરેલા દેશોમાં કેનિયા, ઇજિપ્ત, ફ્રાંસ, ગ્રીસ, ક્રિટ, ઇઝરાયલ, અમેરિકા કેનેડા, મૅક્સિકો, બેલ્જિયમ, હોલેન્ડ, જર્મની, ડેનમાર્ક, ચેકોસ્લોવેકિયા, ઓસ્ટ્રિયા, હંગેરી, યુગોસ્લોવિયા, સિંગાપોર, ટ્યુનિસિયા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, હવાઈ વગેરેનો સમાવેશ થાય છે.

વિશ્વના અનેક દેશોનો પ્રવાસ કર્યા પછી તેમણે અનુભવ્યું છે કે, વિશ્વના દરેક ગ્રામ વિસ્તારના લોકો પ્રામાણિક, ભલા અને ભોળા હોય છે. ધર્મ, જાતિવાદથી તદ્દન પર આ ગ્રામવાસીઓ માત્ર માનવ-માનવ પ્રત્યે આદર રાખતાં જ શીખ્યા છે.

બ્રાઝીલમાં ખુલ્લેઆમ લૂંટફાટ થતી પણ તેમણે જોઈ છે, 'રીઓડીઝનેરો' શહેરના બીચ ઉપર લૂંટારાઓ ગેંગ બનાવી ખુલ્લેઆમ લૂંટે છે તો બ્રાઝીલમાં અત્યંત ગરીબી અને વસ્તીવધારાને લીધે આપણે ત્યાં જેમ કૂતરાં અને ભૂંડ મરે તે રીતે ત્યાંની સડકો ઉપર નાનાં બાળકોના મૃતદેહો રઝળતા જોવા મળે છે. ગરીબી, વસ્તીવધારો અને શિક્ષણના અભાવે માતાપિતાઓ બાળકો જણી મોટાં થાય એટલે રસ્તે મૂકી દે છે આથી આવાં બાળકો કાં તો પોષણને અભાવે મોતને શરણ થાય છે અથવા તો ગુંડાગીરી, લૂંટફાટને રસ્તે ચડી જાય છે.

ધનજીભાઈએ ઊકળતા લાવારસવાળા જ્વાળામુખી પણ જોયા છે. દક્ષિણ અમેરિકાના ચીલી સ્ટેટના પુકોન નજીક માઉન્ટ વિલારિકા નામે સક્રિય જ્વાળામુખી આવેલ છે. આ જ્વાળામુખીના મુખના કિનારે ઊભા રહી કાન ફાડી નાખે તેવા ઘુઘવાટ કરતો ઊકળતો લાવા જોવો એ પણ જીવનનો અમૂલ્ય અવસર છે.

આ જ્વાળામુખી સુધી પહોંચવું સરળ નથી. માઉન્ટ વિલારિકા જ્વાળામુખીની તળેટી સુધી પહોંચવા પુકોનથી ૯ કિ.મી. બસનો પ્રવાસ કરવો પડે. તળેટીથી કેબલ કાર મારફત એક કિલોમીટર ઊંચે જવું પડે. ત્યાર બાદ દોઢ કિલોમીટરનું અંતર પગપાળા કાપ્યા પછી જામી ગયેલા લાવા પરના કઠણ કે નરમ બરફના થર પર ત્રણેક કિલોમીટર ચાલવું પડે. જ્વાળામુખીના કિનારા પર ઊભા રહીને પચાસેક ફૂટ ઊંડા મુખમાં ઊકળતો લાવા પંદર ફૂટ સુધી જોઈ શકાય છે. જ્વાળામુખીના મુખ સુધી જવા માટે ખાસ પ્રકારની જાકીટ, માસ્ક, ખીલા જડેલા બૂટ, કોદાળી વગેરે સાથે લઈને જવું પડે.

ધનજીભાઈએ પાણીના ધોધની પણ અનેક રસપ્રદ વાતો કરી. દક્ષિણ અમેરિકામાં બ્રાઝિલના 'ફોઝડુ ઇંગુઆશુ' શહેર નજીક નાનામોટા ત્રણસો ધોધ બે-અઢી કિલોમીટરમાં જોવા મળે છે. આમાંના એક મોટા ધોધની ટોચ પર સિમેન્ટ માર્ગ પર ચાલીને જઈ શકાય અને ટોચ પરથી ધોધ નીચે પડતો માણી શકાય. બ્રાઝીલ, પેરેગુઆ અને આર્જેન્ટિનાની સરહદ જ્યાં ભેગી થાય છે ત્યાં 'ઇંગુઆશુ' ધોધની સાથે જ તેની નીચેની સપાટી સુધી ધોધની સાથે જ ચાલીને જઈ શકાય.

દક્ષિણ અમેરિકાના પેરુમાં ટિટિકાકા નામનું ૧૭૦ કિલોમીટર લાંબું અને ૯૪ કિલોમીટર પહોળું વિરાટ સરોવર છે. આ સરોવરનાં પાણી જ્યાં જ્યાં છીછરાં છે ત્યાં ટોટોરા નામનું ઘાસ વિપુલ પ્રમાણમાં ઊગે છે. આ ઘાસની સળીઓ ખૂબ જ લાંબી હોવાથી તેને ગૂંથીને જાડા થરની પડથાર તૈયાર કરી તે પર ઝૂંપડાં બનાવી ઘણાં પરિવારો રહે છે. આને તરતો ટાપુ કહેવાય છે. આ રીતનો ટાપુ વિશ્વમાં આ એક જ છે. વળી, ટોટોરા ઘાસને ગૂંથીને હોડીઓ પણ બનાવવામાં આવે છે.

ધનજીભાઈના પ્રવાસોમાં સાહસ ભારોભાર સમાયેલું હોય છે. પોતાની રીતે જ પ્રવાસ કરતા હોવાથી ટિકિટ, આરક્ષણ આયોજન વગેરે તો પોતે કરવું જ પડે. સાથોસાથ પ્રવાસ દરમ્યાન ટ્રેકિંગ કરેલ છે. કેટલાય ઊંચા ઊંચા પહાડો, બર્ફીલી હવાઓનો સામનો કરેલ છે, તો બરફ ઉપર સ્કીઈંગ પણ કરેલ છે, ક્યાંક ક્યાંક બલુનિંગનો લહાવો પણ લીધેલ છે, હેન્ડા ગ્લાઇડિંગ કે પેરેશૂટનો અનુભવ પણ લીધેલ છે, ખુલ્લા મેદાનમાં આકાશ નીચે સ્લીપિંગ બેડમાં રાતો પસાર કરી છે, ભાષાની મુશ્કેલી વચ્ચે અનેક નગરો, શહેરોમાં ફર્યા છે.

આટલા દેશોન પ્રવાસો અને તેના નિચોડ રૂપે ધનજીભાઈ કહે છે કે, પ્રવાસ એ ગણતરીપૂર્વકનું જોખમ છે. જોખમ ખેડ્યા વિના સફળતા મળતી નથી. યુવાવસ્થામાં આવાં જોખમો ખેડવાં જોઈએ. માનસિક શારીરિક તંદુરસ્તી હોય તો બચતનો ઉપયોગ આવી તક માટે કરવો જોઈએ. - નરેશ પી. અંતાણી

ગુજરાત-કચ્છમાં કાર્યરત વૃદ્ધાશ્રમો

ગુજરાત રાજ્યમાં કયાં કયાં સ્થળોએ વૃદ્ધાશ્રમ આવેલા છે તેની માહિતી મળી રહે તે હેતુસર ભાવનગરના 'ફૂલછાબ'ના વાચક શ્રી યશસ્વીભાઈ મહેતા દ્વારા મળેલી વૃદ્ધાશ્રમોની નામાવલી અને સરનામાં અહીં પ્રસિદ્ધ કરીએ છીએ.

(૧) વાનપ્રસ્થ સેવા સમાજ જીવનસંધ્યા-ઘરડાઘર, શ્રી હરિપાર્ક સોસાયટી સામે, અંકુર ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ. પો.બો. નં. ૩૮૦૦૧૩ ફોન : ૭૪૭૫૫૨૧.

(૨) શાહ મનગલાલ ત્રિકમલાલ ટ્રસ્ટ અને શાહ ત્રિકમલાલ ટ્રસ્ટ સંચાલિત વૃદ્ધાશ્રમ, ઈન્કમ ટેક્ષ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

(૩) કીર્તનાચાર્ય વિજયશંકર મહારાજ વાનપ્રસ્થાશ્રમ, સોલા, અમાવાદ

(૪) વિકાસગૃહ સંચાલિત શ્રીમતી મણિબેન ત્રિભુવનદાસ માતૃગૃહ-(માત્ર બહેનનો માટે), ચંદ્રનગર બસ સ્ટેન્ડ પાસે, પાલડી અમદાવાદ ફોન : ૩૧૩૯૨૮.

(૫) મણિલાલ ગાંધી વાનપ્રસ્થાશ્રમ, કેડિલા ક્રોસિંગ પાસે, જશોદાનગર, જી.આઈ.ડી.સી., વટવા, અમદાવાદ-૩૮૨૪૪૫.

(૬) ભારતીબાપુ આશ્રમ (ઘરડાઘર), સરખેજ રેલવે સ્ટેશન પાસે, અમદાવાદ.

(૭) વૃદ્ધાશ્રમ, શોભેશ્વર રોડ, કલ્યાણ ગામ, મોરબી ૩૬૩૬૪૨.

(૮) અંબિકા નિકેતન (મોટા અંબાજીનું મંદિર), પૂ. ભારતમૈયા, અઠવા લાઈન્સ, સુરત ૩૯૫૦૦૧.

(૯) ઘરડાઘર, ઉત્કંઠેશ્વર-૩૮૭૪૧૧. (જિ. ખેડા).

(૧૦) રમણીકકુંવરબા વૃદ્ધાશ્રમ, અખિલ મહિલા પરિષદ, ગોંડલ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.

(૧૧) અશક્ત માતૃઆશ્રમ, રાજકોટ-૩૬૦૦૦૧.

(૧૨) જલારામ ટ્રસ્ટ સંચાલિત મહિલા વૃદ્ધાશ્રમ, માલવીઆ નગર, રાજકોટ ૩૬૦૦૦૧.

(૧૩) શ્રી અણદાબાવા સેવા સંસ્થા ટ્રસ્ટ સંચાલિત મહિલા વૃદ્ધાશ્રમ, લીમડાલેન, જામનગર-૩૬૧૦૦૧.

(૧૪) જામ રણજીતસિંહ નરેન્દ્ર દ્વારા સંચાલિત વૃદ્ધાશ્રમ, જામનગર-૩૬૧૦૦૧.

(૧૫) વૃદ્ધાશ્રમ, આંબાવાડી, ભાવનગર-૩૬૪૦૦૧.

(૧૬) વૃદ્ધાશ્રમ, મુ. મોટી મારડ ૩૬૦૪૨૧, (તા. ધોરાજી, જિ. રાજકોટ).

(૧૭) વૃદ્ધાનિકેતન, નરસિંહ મહેતાના ચોરા સામે, જૂનાગઢ-૩૬૨૦૦૧.

(૧૮) શાંતિલાલ મોહનલાલ અશકતાશ્રમ, સોસાયટી માર્કેટ યાર્ડ પાસે, ડાકોર ૩૮૮૨૨૫ (જિ. ખેડા).

(૧૯) ફકીરચંદ કોઠારી વાનપ્રસ્થાશ્રમ, નવા જંકશન સ્ટેશન પાસે, સુરેન્દ્રનગર ૩૬૩૦૦૧.

(૨૦) સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત વૃદ્ધા સાધનાશ્રમ, ભક્તિનગર, દંતાલી ૩૮૮૪૫૦ (તા. પેટલાદ, જિ. ખેડા).

(૨૧) વૃદ્ધાશ્રમ, મુ. પાડાસરા, રાજપીપળા, ૩૯૩૧૪૫ (જિ. ભરૂચ).

(૨૨) રૂદ્રમણિબેન દલીચંદ શ્રોફ ઘરડાઘર, રામપુરા, સુરત ૩૯૫૦૦૩.

(૨૩) વૃદ્ધાશ્રમ, મોરબી ૩૬૩૬૪૧ (જિ. રાજકોટ).

(૨૪) નગરપાલિકા સંચાલિત વૃદ્ધાશ્રમ, જામનગર ૩૬૧૦૦૧.

(૨૫) વૃદ્ધાશ્રમ માતૃછાયા, કમળાશંકર પંડ્યા કલામંદિરના ખાંચામાં, વડોદરા-૩૯૦૦૦૧.

(૨૬) નવચેતન અંધજન મંડળ સંચાલિત અંધજન વૃદ્ધાશ્રમ પો.બો. નં. ૩૦, કસ્ટમ ચેક પોસ્ટની સામે, નેશનલ હાઈવે ૮-એ, ભચાઉ ૩૭૦૧૪૦ (જિ. કચ્છ).

(૨૭) લોહાણા મહિલા આશ્રમ, ભુજ-૩૭૦૦૦૧ (જિ. કચ્છ)

(૨૮) માધાપર લેઉવા પટેલ સમાજ સંચાલિત 'આપણું ઘર' (લેઉઆ પટેલ જ્ઞાતિની ચોવીસીની વ્યક્તિ માટે), માધાપર ૩૭૦૦૨૦ (તા. ભુજ, જિ. કચ્છ).

(૨૯) મેઘજી સેજપાલ જૈન આશ્રમ, નાગજી અમરશીની વાડી, ભુજ રોડ, માંડવી ૩૭૦૦૨૦ (જિ. કચ્છ).

(૩૦) શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર જૈન ટ્રસ્ટ સંચાલિત વૃદ્ધાશ્રમ, શંખેશ્વર ૩૮૪૦૦૧ (જિ. મહેસાણા).

(૩૧) ગુરુદત્તાત્રેય વૃદ્ધાનિકેતન વૃદ્ધાશ્રમ (સૂચિત) અમરેલી ૩૬૪૬૦૧.

(૩૨) વડીલ વિશ્રાંતિગૃહ, પાલનપુર (જિ. બનાસકાંઠા).

(૩૩) જીવનસંધ્યા ચૅરિટી ટ્રસ્ટ સંચાલિત મુક્તિધામ વાનપ્રસ્થાશ્રમ, મુક્તિધામ પટાંગણ, પો. સેલાવી તા. ચાણસ્મા, જિ. મહેસાણા. (ઉ.ગુ.).

(૩૪) શ્રી હરિ ચૅરિટેબલ ટ્રસ્ટ સંચાલિત 'વૃદ્ધ મંદિર' (કામ ચાલુ છે.) પોસ્ટ - સચાણા ૩૬૩૦૦૧ (તા. વિરમગામ જિ. સુરેન્દ્રનગર).

(૩૫) અંધ વૃદ્ધાશ્રમ, સ્વામી વિવેકાનંદ હાઈવે મેદાનમાં, જૂનાગઢ ૩૬૨૦૦૧.

(૩૬) શ્રી શોભીઆ ગોગ મહારાજ સંચાલિત ઘરડાઘર, પાટણ રોડ, ઊંઝા ૩૮૪૧૭૦ (જિ. મહેસાણા, ઉ.ગુ.)

(૩૭) માનદ નિયામકશ્રી, ગુજરાત ટ્રસ્ટ સંચાલિત સ્વ. ચીમનભાઈ પટેલ વૃદ્ધાશ્રમ, મુ. બોડેલી, તા. સંખેડા, જિ. વડોદરા.

(૩૮) ડૉ. રતિલાલ શાહ, મચ્છુકાંઠા વૃદ્ધાશ્રમ, પ્રતાપ રોડ, વાંકાનેર.

(૩૯) ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશ્યલ વેલ્ફેર સંચાલિત, ઘરડાઘર, કાંતા કુંજ, ઓવન રોડ, પાલીતાણા.

(૪૦) દીકરાનું ઘર, વૃદ્ધાશ્રમ, પારેખ હરકીશનદાસ દામોદરદાસ, બ્રાહ્મણ સોસાયટી પાસે, મહિલા પોલિટેકનિક પાછળ, અમરેલી ૩૬૪૬૦૧.

(૪૧) માનદમંત્રી, વૃદ્ધાનિકેતન, નરસિંહ મહેતાના ચોરા પાસે, જેલ પાછળ, જૂનાગઢ ૩૬૨૦૦૧.

(૪૨) વ્યવસ્થાપકશ્રી, વાનપ્રસ્થાશ્રમ, શંકરાચાર્યના મઠની બાજુમાં, નફાબજાર, ડાકોર ૩૮૮૨૨૫.

(૪૩) પાલીતાણા પુણ્યાશ્રમ, નાની શાકમાર્કેટ, તળાવ વિસ્તાર, પોસ્ટ ઑફિસ સામે, ગૌશાળા પાસે, પાલીતાણા.

(૪૪) સહયોગ કષ્ટયજ્ઞ સંચાલિત અશક્તાશ્રમ-વૃદ્ધાશ્રમ, રાજેન્દ્રનગર (તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા).

(૪૫) શ્રમમંદિર ટ્રસ્ટ સંચાલિત અશક્તાશ્રમ, વડોદરા-૩૮૦ ૦૦૧

(૪૬) મહેસાણા જિલ્લા વિકાસગૃહ સંચાલિત સ્વર્ગાશ્રમ, વિસનગર (જિ. મહેસાણા).

(૪૭) ભરૂચ જિલ્લા આદિવાસી સેવાસંઘ રાજપીપળા સંચાલિત વૃદ્ધાશ્રમ, પિપલીઆ (જિ. ભરૂચ).

(૪૮) આણંદબાવા ટ્રસ્ટ સંચાલિત, સાકરબેન સુંદરજી અંજારિયા મહિલા વૃદ્ધાશ્રમ, આણંદ રોડ, જામનગર ૩૬૧૦૦૧.

(૪૯) સિંધુ સેવક સંઘ સંચાલિત વૃદ્ધાશ્રમ, વડોદરા-૩૯૦૦૦૧.

(૫૦) મહિલા વૃદ્ધાશ્રમ, વિરાણીનગર, રાજકોટ-૩૬૦૦૦૧.

(૫૧) વાનપ્રસ્થ વૃંદ, ઠે. 'માનું ઘર' ૧૭, બરોડા બૅન્ક કૉલોની, ૨૧૪૦ વાઘાવાડી રોડ, એન.સી.સી. નેવી સામે, ભાવનગર-૩૬૪૦૦૧. ('ફૂલછાબ'માંથી)

'વધારે પડતું' કરી નાખ્યું!

ટોફલર જણાવે છે કે, આપણે 'સુપર'-ઔદ્યોગિક ક્રાંતિનું પગલું ભર્યું, તેનાં જે પરિણામો નજર સામે આવીને ઊભાં રહ્યાં છે, તેથી ગભરાઈ જઈને અંધાર-યુગ તરફ પાછાં ડગલાં હરગિજ નથી ભરવાનાં; પણ ઊલટું વધુ આગળ ને આગળ જ પ્રગતિ કરવાની છે - 'પરા'- ટેકનોલૉજી ભણી જ!

અલબત્ત, ઉપભોગની ચીજોની વિવિધતા તથા મબલકપણાથી જેમ ઉપભોક્તાની પસંદગીનું એકધારાપણું - એકધોરણપણું તૂટી ગયું, તેમ પસંદગી કરનાર વ્યક્તિના ઘડતરનું પણ એકધારાપણું તૂટી જાય જ. પ્રાચીન કાળના સ્થિર - રૂઢિચુસ્ત જુનવાણી જમાનાઓમાં આચાર-વિચાર-ખાનપાન-પહેરવેશ તથા જીવનપદ્ધતિ અને જીવન-ફિલસૂફીનું એકધારાપણું લાંબો વખત પ્રવર્તતું રહે, એ સાચું. પણ તે સમાજમાં 'સુપર' ઔદ્યોગિક ક્રાંતિ દાખલ થાય, અને ઉપભોગ તથા ઉપભોક્તાની વસ્તુઓની વિવિધતા અને તેથી પસંદગીની બહુલતા શક્ય બને, ત્યાર પછી તે સમાજનું આચાર-વિચારનું એકધારાપણું ન જ ટકી રહે. ઊલટું, જેમ જેમ 'પરા' ટેકનોલૉજી વધુ મૂળ નાખતી જાય, અને ઉપભોગની વસ્તુઓની અને સમૃદ્ધિની બહુલતા ઉપલબ્ધ બને, તેમ તેમ ઉપભોક્તાઓના વર્ગો, વિભાગો અને પેટા-વિભાગો પણ અસ્તિત્વમાં આવે જ. પરિણામે ખાનપાનની, પહેરવેશની, અરે સંગીતના પ્રકારોની પસંદગીની - એમ દરેક બાબતની નાની-નાની, થોડી-થોડી, વિશિષ્ટતાઓથી જુદાં જુદાં મંડળો, મંડળોનાં પણ પેટામંડળો ઊભાં થઈ, જુદા જુદા પંથના આગ્રહ કે દુરાગ્રહનું રૂપ ધારણ કરતાં જાય.

અને એ બધાં જ મંડળો કે પેટા-મંડળો કોઈ સર્જનાત્મક કે પ્રગતિકારક કે જીવનોપયોગી તત્ત્વની આસપાસ જ ઊભાં થાય, એવું હરગિજ ન બને. કેટલીક વાર તો આ 'પરા' ટેકનોલૉજીવાળા દેશમાં પાટલૂનની બાંયોના સાંકડાપણાના વત્તા-ઓછા માપ ઉપર, અમુક ચીજો જ ખાવા - ન ખાવાના આગ્રહ ઉપર, કે અમુક 'મેક'નું જ ફર્નિચર વાપરવા - ન વાપરવાના, અથવા અમુક માદક દ્રવ્યોના સેવનના, અમુક રમતો પસંદ કરવાના કે અમુક ઉંમરના આગ્રહ ઉપર - એવી એવી ફુટકળ બાબતો ઉપર જ વર્ગો કે વિભાગો ઊભા થાય છે. અમેરિકામાં તો આજે ખ્રિસ્તી ધર્મના પેટાવિભાગો કરતાં આ કે તે 'સ્વામી'ના, 'યોગી'ના, 'પેગંબર-મેસિયા'ના, એમ જુદા જુદા મંડળ-પંથ-માર્ગ-વાદના અનુયાયી હોવાને નાતે પણ કેટલા બધા વાડા બંધાઈ ચૂક્યા છે. અને તમે એવા કોઈ પણ વાડાના ન ગણાતા હો, તો તમે 'પછાત,' 'જુનવાણી,' ધર્માંધ' કે 'મૂર્ખ' જ ગણાઓ! કેટલાંક મંડળો તો અમુક રીતે ખૂન કરવું, અમુક પ્રમાણમાં લૂંટ કરવી, કે અમુક રીતે કે અમુક સંખ્યાના બળાત્કાર કરવા એવા નિયમની આસપાસ પણ ઊભાં થયાં હોય છે અને એ ચોરી, ખૂન, બળાત્કાર કોઈ પ્રકારની આવશ્યક્તાને કારણે

નહિ, પણ અમુક મંડળના આચારોને વફાદાર રહેવા માટે જ આચરવામાં આવે છે.

અમુક જણને પોતાનો 'હીરો' - આદર્શ માનવો કે અમુક બદમાશને 'વિલન' માનવો, એ બાબતનાં પણ મંડળો અસ્તિત્વમાં છે.

'બિટ', 'બિટનિક,' 'હિપ્પી' વગેરે વર્ગો અમુક આચાર-વિચાર-સંગીત-ગરીબાઈ-ગાંજો-ચરસ હેરોઈન કે LSD વગેરે નશીલાં દ્રવ્યોનું સેવન - એવી એવી બાબતોના આગ્રહની આસપાસ ઊભા થયા છે.

અને અહીં આગળ જ 'સુપર' ઔદ્યોગિક ક્રાંતિનું મુખ્ય ભયસ્થાન પણ રહેલું છે. કારણ કે આ બધાં ચિહ્નો ક્યાંક ક્યાંક દેખાતાં ચાંદાં માત્ર નથી, પરંતુ આ તો આખા સમાજ-બંધારણના પાયામાં જ થયેલો વિસ્ફોટ કે ધરતીકંપ છે. કશું જ જૂનું કાયમ રહ્યું નથી. બધી બાબતોના ફુરચેફુરચા ઊડી ગયા છે. પણ એ વસ્તુ માનવે કશામાંથી મેળવેલી મુક્તિ કે સ્વતંત્રતા રૂપ નથી; પણ આખો પાયો ધરમૂળથી ધણધણી ઊઠ્યો હોય અને ઉપરની ઈમારતની 'રેવડી દાણાદાણ' થઈ જાય તેના ચિહ્ન રૂપ છે. પાયા વગરની કોઈ ઇમારત હોઈ શકે નહીં; અને 'પરા' ટેકનોલોજીએ જૂના બધા પાયા તોડી નાખીને જ થોભવાનું ન હોય. તેણે હવે પોતાને માટે આવશ્યક અને અનુરૂપ એવો માનવ-જીવનનો નવો પાયો નાખી આપવો જોઈએ. જેને આધારે માનવજીવન ભૌતિક બંધનો ઉપર વિજય મેળવ્યા બાદ પોતાની નવી સંસ્કૃતિનું નિર્માણ કરી શકે.

(ઑલ્વિન ટૉફલરના 'ફ્યૂચર શૉક'માંથી.
સંપા. ગોપાળદાસ પટેલ)

> ફૂલ અને ફોરમ જેવા છે સમરથ સતિયા લોક;
> ફૂલ જશે પણ ફોરમ રહેશે જગને મઘમઘ ચોક.
>
> — વેણીભાઈ પુરોહિત

સદ્ગત લાલબહાદુર શાસ્ત્રી જ્યારે વડાપ્રધાન હતા ત્યારે તેમના પુત્રે મોટર ખરીદવા કહ્યું. બૅન્કમાં અપૂરતા ભંડોળને કારણે શાસ્ત્રીજીએ સરકારી લોન લઈ મોટર ખરીદી. પછી થોડા વખતમાં તેમનું અકાળ અવસાન થયું. આથી સરકારે તેમની લોનનાં બાકી નીકળતાં નાણાં માંડી વાળવાનો નિશ્ચય કર્યો ત્યારે શાસ્ત્રીજીનાં પત્ની લલિતાદેવીએ તેમ ના કરવા જણાવ્યું, અને બાકીની રકમ શાસ્ત્રીજીના પેન્શનમાંથી પોતે ભરી દેશે તેમ જણાવ્યું!

★

જમ્યા પછી આરોગ્યને હાનિકારક મુખવાસ કે અન્ય વ્યસની ચીજોના સેવન કરતાં અજમો, સૂવા, વરિયાળી અને તલ જેવાં દ્રવ્યોનો મુખવાસ તરીકે ઉપયોગ કરવો. કબજિયાત ન થાય એ માટે પંદર દિવસે એકાદ ઉપવાસ કરવો. આથી સામાન્ય બીમારીથી બચી શકાશે.

★

ફ્રિજની દુર્ગંધ દૂર કરવા એક નાના વાસણમાં થોડો સોડા બાઈ કાર્બ ફ્રિજમાં મૂકવો કે એક-બે લીંબુ કાપીને મૂકવાં.

★

ઍન્ટોઈન ગ્લૅન્ડ નામના એક ફ્રેન્ચે યૂરોપમાં સૌથી પ્રથમ 'અરેબિયન નાઈટ્સ'ને ઈ.સ. ૧૭૦૪માં બાર ભાગમાં પ્રસિદ્ધ કર્યું હતું.

★

'કેમ શાન્તાબહેન, શું કરે છે આપના પતિશ્રી?

'અરે એ? એમના તકદીરની તો વાત જ ના પૂછો. ઘણા ભાગ્યશાળી છે. હજી ગઈ કાલે તો વીમો ઉતરાવ્યો છે ને આજે એમના માથે ઈંટ પણ પડી!'

★

ટમેટામાં છ માંથી પાંચ પ્રકારનાં વિટામિન રહેલાં છે, પરંતુ પથરી, સોજા, સંધિવા, આમવાત, અમ્લપિત્ત અને અલ્સર-વાળાને તે અપથ્ય છે તેથી ખાવાં નહીં.

★

કળીચૂના ઉપર ક્લોરિન વાયુ પસાર કરવાથી બ્લીચિંગ પાવડર બને છે.

★


હૉલેન્ડમાં એક વ્યક્તિએ એટલી મોટી દાઢી રાખી હતી કે તેને ચાલતી વખતે દાઢીને બેવડી વાળવી પડતી. એક વાર સીડીએથી ઊતરતાં દાઢી સંકેલવાનું એ ભૂલી ગયો. પરિણામે દાઢી પગમાં અટવાઈ ગઈ અને તે પડી ગયો ને મૃત્યુ પામ્યો. ૮૦ વર્ષની ઉંમરે તેની દાઢી ૨૭ ફૂટ લાંબી હતી.

★

પશ્ચિમ બંગાળના કલ્યાણી ગામમાં જીવનભર ચુસ્ત શાકાહારી એવા શ્રી શરદ શશી ગોસ્વામી રહે છે. તેમની ઉંમર ૧૨૧ વર્ષની છે અને આજે પણ તેઓ નીરોગી છે. તેમની દૃષ્ટિ અને યાદશક્તિ હજુ પણ તેજ છે અને માથાના કેટલાક વાળ કાળા પણ છે. તેમનો જન્મ ૧૮૭૬માં હિન્ગલગંજ નજીકના બરુનહાટ ગામે થયો હતો. ૧૯૦૯માં વિનાશક વાવાઝોડું આવ્યું હતું તે તેમને સંપૂર્ણ યાદ છે. તેઓ મર્યાદિત આહાર લે છે.

★


નાના ટેબલ પર કંકાવટી જેવું કોઈ રમકડું કે સોગઠું રાખો, બરાબર તેની ઉપર એક દોરી વતી વજનદાર ગોળો કે કોઈ ચીજ બાંધી તે એવી રીતે ઘુમાવો કે છૂટતી વખતે રમકડાને અડે નહીં અને પાછો વળતાં પણ ન ભટકાય. ડાબી કે જમણી બાજુ ઘુમાવતાં - હિલોળતાં ગોળ ચક્કર



લેશે અને રમકડાને ભટકાશે નહીં.

★

પ્રાચીન ગ્રીક સિક્કા : ઈ.સ. પૂર્વે પાંચસો વરસ પહેલાં ગ્રીક પ્રજાએ સિક્કા બનાવવાની શરૂઆત કરેલી. સિક્કાની એક બાજુ જ ચિત્ર છપાતું અને કેટલાકમાં દેવી-દેવતાઓનાં ચિત્ર દર્શાવાતાં તો




ઈ.સ. પૂર્વે ૪૧૨નો ચાંદીનો સિક્કો

કેટલાકમાં રથ, વહાણ કે પ્રાણીઓનાં ચિત્ર છપાતાં. આ સિક્કાઓ હથોડી અને એરણથી બનાવવામાં આવતા એટલે બધા સિક્કા એક સરખા સમાન બનતા નહીં.



કલાકણિકા • ૧૯૫૩માં ઍગ્નેતે હૉય દ્વારા જેની ડિઝાઈન કરવામાં આવી હતી તે ચળકતું અને કાંકરિયાળી માટીમાંથી બનાવેલું પાત્ર.



બિહારીની 'સતસઈ'માંથી કાંગડા શૈલીનું એક ચિત્ર